卐 શ્રી શંખેશ્વરજી પાર્શ્વનાથાય નમઃ 卐

સ...મા...ધિ...સ્થ...સ્વ...ર્ગ...ત

પૂ૦ સાધ્વીજી શ્રી અંજનાશ્રીજી સ્મારક

ગ્રંથમાળા નં. ૫

—: શ્રી :—

# રાસમાળા સંગ્રહ

ભાગ ૫ મો

શ્રી ઋષભદાસ કવિ કૃત

## શ્રી કુમારપાલ રાજાનો રાસ

—: સં...પા...દિ...કા :—

પરમ શાંતમૂર્તિ—અપ્રમત્ત સંયમમૂર્તિ—
પૂ. સાધ્વીજી શ્રીઅંજનાશ્રીજી મ. ના શિષ્યરત્ના
પૂ. વિદુષી સાધ્વીજી શ્રી વિદ્યાશ્રીજી મહારાજ

—: પ્રકાશક :—
પૂ. શ્રી શાસનકંટકોદ્ધારસૂરિજી જૈન જ્ઞાન મંદિર
જી. ભાવનગર, વાયા : તળાજા મુ. ઠળીયા ૩૬૪૧૪૫

—પૂ.—

# સાધ્વીજી શ્રી અંજનાશ્રીજી સ્મારક

## ગ્રંથમાલા સંયોજીત

69836

## શ્રી રાસમાળા સંગ્રહના પુસ્તકોનું

પ્રા...પ્તિ...સ્થા...ન

શ્રી શાસનકંટકોદ્ધારક સૂરિજી જૈન જ્ઞાનમંદિર-
વ્યવસ્થાપક-શા. લહેરચંદ મોતીચંદ
જી. ભાવનગર વાયા -તલાજા-મુ ઠળીયા ૩૬૪૧૪૫

વીર સં. ૨૫૧૫ વિ. સં. ૨૦૪૫

ચૈત્રશુદિ ૧૩ બુધ તા. ૧૧-૪-૧૯૮૯
શ્રી મહાવીર જન્મ કલ્યાણક દિન

卐 卐 卐 卐 卐 卐

( કિં. રૂા. ૨૦-૦૦ ) ( કોપી ૫૦૦ )

મુ...દ્ર...ક...

શ્રી પ્રવીણચંદ બી. શેઠ શ્રી વિશાલ પ્રિન્ટરી
ઠે. ટેલીફોન એક્ષચેંજ ઓફીસ સામે
જી. ભાવનગર મુ. સોનગઢ ૩૬૪૨૫૦

શ્રી રાસ માળા સંગ્રહ ભાગ ૫ મો

## સહાયકોની શુભ નામાવલી

સ્વ પૂ. સ્થવિર સાધ્વીજી શ્રી અંજનાશ્રીજીમ. ના શિષ્યા પૂ. વિદુષી સાધ્વીજી શ્રી વિદ્યાશ્રીજી મ. ના તથા તેઓશ્રીના શિષ્યા પ્રશિષ્યાઓના ઉપદેશથી

| રકમ | નામ | ગામ |
|---|---|---|
| રૂા. ૫૦૧ | કુંથુનાથજી મહિલા મંડળની બ્હેનો—સર્વોદય સોસાયટી | સુરેન્દ્રનગર |
| રૂા. ૫૦૧ | શેઠશ્રી જેઠાલાલ વીરજીભાઈ જૈન આરાધના ભુવનની બ્હેનોના જ્ઞાન ખાતેથી સર્વોદય સોસાયટી | સુરેન્દ્રનગર |
| રૂા. ૫૦૧ | ધર્મનિષ્ઠ એક શ્રાવિકાબહેન તરફથી | મુંબઈ |
| રૂા. ૨૫૧ | શ્રી હીરાકુંવરબહેન ગીરધરલાલ ભાવનગર વાળા | મુંબઈ |
| રૂા. ૨૫૧ | શ્રી માનકુંવરબહેન તલકચંદ | કલકત્તા |
| રૂા. ૨૫૧ | શ્રી. મણીલાલ ખોડીદાસ | ગોઘા |
| રૂા. ૨૫૧ | ધર્મનિષ્ઠ એક શ્રાવિકાબહેન તરફથી | ચોટીલા |
| રૂા. ૧૫૧ | શ્રી જૈ...ન...શ્રા...વિ....કા...સં...ઘ | જોરાવરનગર |
| રૂા. ૧૫૧ | શ્રી ભાવનાબહેન શાહ તરફથી | મુંબઈ |

રૂા. ૧૦૧ શાંતાબહેન નંદલાલ ચોટીલા

રૂા. ૧૦૧ શ્રી વિમળાબહેન વ્રજલાલ કપાસી જોરાવરનગર

રૂા. ૧૦૧ શ્રી પુરીબહેન શાંતિલાલ સોહર સર્વોદય સોસાયટી સુરેન્દ્રનગર

રૂા. ૧૦૧ શ્રી મધુબહેન રમણિકલાલ જોરાવરનગર

રૂા. ૨૫૧ પૂ. સા. શ્રી શીલવતાશ્રીજી મ. ના ઉપદેશથી શેઠ શ્રી લાભુલાલ ધનજીભાઈ ઘી=વાળા ચોટીલા

રૂા. ૨૫૧ પૂ. સા. શ્રી ગુણરત્નાશ્રીજી મ. ના ઉપદેશથી નાનપુરાના શ્રાવિકા બહેનો સુરત

**પરમ વિદુષી- પૂ. સાધ્વીજી શ્રી શીવ-તિલક હેમ તીર્થ-રંજનશ્રીજી મ. ના પરિવારના પૂ. સાધ્વીજી મહારાજોના ઉપદેશથી**

રૂા. ૫૦૧ પૂ. સા. શ્રી મનોગુપ્તાશ્રીજી મ. ના ઉપદેશથી જૈન સંઘ ગઢશીવાના

રૂા. ૫૦૧ પૂ. સા. શ્રી પૂર્ણાનંદશ્રીજી મ. ના ઉપદેશથી જૈન સંઘ વેજલપુર

રૂા. ૫૦૧ પૂ. સા. શ્રી વિનયધર્માશ્રીજી મ. ના ઉપદેશથી જૈન સંઘ હુબલી

રૂા. ૫૦૧ પૂ. સા. શ્રી વરધર્માશ્રીજી મ. ના ઉપદેશથી જૈન સંઘ બાલાપુર

રૂા. ૫૦૧ પૂ. સા. શ્રી મલય પ્રગુણાશ્રીજી શિશુ ચારૂશીલા શ્રીજી ના સ્મરણાર્થે તેમના શિષ્યા પૂ. સા. શ્રી દિવ્યપૂર્ણાશ્રીજી મ. ના ઉપદેશથી સંઘાણી ભૂરાલાલ ભૂખણદાસ માસ્તર તરફથી સુરત

રૂા. ૩૦૧ પૂ. સા. શ્રી મોક્ષાનંદશ્રીજી મ. ના ઉપદેશથી વલ્લભ વિહારની આરાધક બહેનો તરફથી પાલીતાણા

રૂ. ૨૫૧ પૂ. સા. શ્રી રત્નત્રયાશ્રીજી મ. ના ઉપદેશથી શ્રાવિકા જૈન સંઘના જ્ઞાનખાતેથી રાણપુર

રૂ. ૨૫૧ પૂ. સા. શ્રી સુશીમાશ્રીજી મ. ના ઉપદેશથી શ્રી જૈન શ્રાવિકા સંઘની બહેનો તરફથી અંધેરી પૂર્વ મુંબઇ

રૂ. ૨૫૧ પૂ. સા. શ્રી કરૂણાશ્રીજી મ. ના ઉપદેશથી ઢેબરીયા ગચ્છના ઉપાશ્રયની બહેનો તરફથી ધ્રાંગધ્રા

રૂ. ૨૫૧ પૂ. સા. શ્રી કલ્પજ્ઞાશ્રીજી મ. ના ઉપદેશથી જૈન શ્રાવિકા સંઘ બારડોલી

રૂ. ૨૫૧ પૂ. સા. શ્રી હેમ પ્રભાશ્રીજી મ. ઉપદેશથી રતલામ

રૂ. ૨૫૧ પૂ. સા. શ્રી હીતજ્ઞાશ્રીજી મ. ના ઉપદેશથી સર્વોદય સોસાયટી શ્રાવિકા બહેનો તરફથી સુરેન્દ્રનગર

રૂ. ૨૫૧ પૂ. સા. શ્રી નરેન્દ્રશ્રીજી મ. ના સ્મરણાર્થે પૂ. સા. શ્રી પ્રશમશીલાશ્રીજી મ. ના ઉપદેશથી તખતગઢ [redacted]ની આરાધક બહેનો પાલીતાણા

રૂ. ૨૫૧ પૂ. સા શ્રી ચંદ્રયશાશ્રીજી મ. ના ઉપદેશથી ખારા કુવા ઉપાશ્રયની શ્રાવિકા બહેનો તરફથી ઉજ્જૈન

રૂ. ૨૦૧ પૂ. સા શ્રી જીતેન્દ્રશ્રીજી મ. ના ઉપદેશથી દશા પોરવાડ સોસાયટીની શ્રાવિકા બહેનો તરફથી અમદાવાદ

રૂ. ૨૦૧ પૂ. સા. શ્રી સૌમ્યગુણાશ્રીજી મ. ના ઉપદેશથી નગરશેઠનો વંડો શ્રાવિકા બહેનો તરફથી અમદાવાદ

રૂ. ૧૦૧ પૂ. સા. શ્રી નિપુણાશ્રીજી મ. ના ઉપદેશથી જૈન સંઘ રામપુરા ભંકોડા

રૂા. ૧૦૧ પૂ. સા. શ્રી સુયશાશ્રીજી મ. ના ઉપદેશથી
શેઠ શ્રી ત્રિલોકચંદજી દેવચંદ તરફથી જાલના

રૂા. ૧૦૧ પૂ. સા. શ્રી શુભંકરાશ્રીજી મ. ના ઉપદેશથી
પારેખ બિપીનચંદ્ર ઉમેદચંદ તરફથી અમદાવાદ

રૂા. ૧૦૧ પૂ. સા. શ્રી શશીપ્રભાશ્રીજી મ. ના ઉપદેશથી
જૈન સંઘ આષ્ટા

રૂા. ૧૦૧ પૂ. સા. શ્રી પૂર્ણપ્રભાશ્રીજી મ. ના ઉપદેશથી
શ્રમણી વિહારની આરાધક બહેનો તરફથી
પાલીતાણા

રૂા. ૧૦૧ પૂ. સા. શ્રી શુભ્રયશાશ્રીજી મ. ના ઉપદેશથી
દોશી હિંમતલાલ ગુલાબચંદ તરફથી મુંબઈ

રૂા. ૧૦૧ પૂ. સા. શ્રી કલ્પગુણાશ્રીજી મ. ના ઉપદેશથી
જૈન સંઘ શીરપુર

પરમ શાંતમૂર્તિ-અપ્રમત્ત સંયમ મૂર્તિ-
પૂર્ણ સમાધિસ્થ સ્વર્ગત-સ્થવિર

# પૂ. સાધ્વીજીશ્રી અંજનાશ્રીજી મહારાજ



જન્મ :- વિ. સં. ૧૯૬૩ના પો. શુ. ૧૩ (ત્રાપજ)
દીક્ષા :- વિ. સં. ૧૯૯૧ ના ફા. વ. ૧૩ સોમ (ઠળીયા)
વડીદીક્ષા :- વિ. સં. ૧૯૯૧ના વૈ. શુ. ૬ (પાલીતાણા)
સ્વર્ગવાસ :- વિ. સં. ૨૦૪૧ના અ. શુ. ૫ રવિ (તળાજા)

# રાસ અને રાસકાર અંગે બે બોલ

કલિકાલસર્વજ્ઞ પૂ. આચાર્યદેવ શ્રી હેમચંદ્રસૂરિજી મહારાજ અને તેમના ઉપદેશથી પરમાર્હત બનવા પામેલા કુમારપાળ રાજાના નામ અને કામોથી જૈનસમાજ સુપરિચિત હોઈને અત્ર વિશેષ ઉલ્લેખ કરવાની જરૂર નથી. તેથી ફક્ત રાસકાર મહર્ષી શ્રી જિનહર્ષગણિ અંગે ઉલ્લેખનીય બીના એ છે કે—

રાસકાર જિનહર્ષગણિ, ખરતરગચ્છીય ઉપા૦ ગુણવર્ધનના શિષ્ય ઉપા૦ શ્રી સોમગણિના શિષ્ય શ્રી શાંતિહર્ષ ગણિના શિષ્ય હતા તેઓનો સત્તાસમય વિક્રમની અઢારમી શતાબ્દિનો છે. જિનહર્ષગણિ, તે કાળે ગૂર્જરકવિઓમાં ગણનાપાત્ર કવિ ગણાતા હતા. તેઓએ આ 'કુમારપાળરાસ'ની રચના વિક્રમસંવત્ ૧૭૪૨ના આસો શુદિ ૧૦ રવિવારે પાટણશહેરમાં કરી.

આ ઉપરાંત શ્રી જિનહર્ષગણિએ સં. ૧૭૦૪માં ચંદન-મલયાગિરિ ચોપાઈ, ૧૭૧૧માં વિદ્યાવિલાસચોપાઈ તથા વિદ્યા-વિલાસરાસ, ૧૭૨૩માં ખાપરાચોરની ચોપાઈ, ૧૭૨૯માં શીયલની નવ વાડ, ૧૭૩૬માં સમકિતસત્તરી સ્તવન, ૧૭૪૦માં શ્રીપાલરાસ, ૧૭૪૧માં રત્નસિંહરાજર્ષિરાસ, ૧૭૪૫માં ઉત્તમ-કુમાર ચરિત્રરાસ, ૧૭૪૮માં અમરદત્ત મિત્રાનંદરાસ તથા ચંદન-મલયાગિરિ રાસ, ૧૭૪૯માં હરિબલમચ્છીરાસ તથા સુદર્શનશેઠ રાસ, ૧૭૪૮માં વીશસ્થાનકરાસ તથા મૃગાંકલેખારાસ, ૧૭૫૧માં અજિતસેન–કનકવતી રાસ, ગુણકરંડ– ગુણાવલીરાસ તથા મહાબલ મલયાસુંદરીરાસ, ૧૭૫૫માં શત્રુંજયમહાત્મ્યરાસ, ૧૭૫૬માં પં. સત્યવિજયનિર્વાણરાસ, ૧૭૫૭માં રત્નચૂડરાસ, ૧૭૫૮મં અભયકુમાર મહામંત્રીરાસ, ૧૭૫૯માં રત્નસારનૃપરાસ, ૧૭૬૦માં જંબૂસ્વામી રાસ, ૧૭૬૧માં વીશવિહમાનજિનસ્તવનો આદિની રચનાઓ કરેલી છે.

આ 'કુમારપાલ રાસ'ના સંશોધનકાર્યમાં સુરેન્દ્રનગર જ્ઞાનભંડારની હસ્તલિખિત પ્રત નં. ૩૭૫–૭૪૫ પૃ. ૧૦૦નો આધાર લીધેલ છે. અને તેમાંથી મળેલા જરૂરી પાઠાંતરો *

નીશાની કરીને ફુટનોટમાં જણાવેલા છે. આ પ્રતિ વિક્રમસંવત્ ૧૮૫૨ના અષાઢવદિ ૮ના રોજ ખેડામાં મુનિ સૌભાગ્યરત્ને લખી છે એમ પ્રાંતભાગે આપેલ પુષ્પિકા ઉપરથી સિદ્ધ થાય છે જે પુષ્પિકા પ્રમાણે:-

इतिश्री कुमारपाल भूपालराससंपूर्णः। सर्वंगाथा २८७६ ग्रंथाग्रंथसंष्या ४१६० संवत् १८५२ बावनावर्षे असाढवदि आठम कृष्णपक्षे बूधवासरे श्रीमत्तपागच्छाधिराज सकलभट्टारकपुरंदर प्रभू श्री श्री श्री श्री श्री १०८ श्री कीर्त्तिरत्नसूरिश्वरसद्गुरुभ्यो नमः तत्पट्टे भट्टरकश्री मुक्तिरत्नसूरिचंचरीक जीवतत्सिष्य दासानूदासमुनि सौभाग्यरत्नलषीकृत्य षेटकपुरग्रांमेः श्री अजितनाथचरणे ॥ शुभंभवतू कल्याणमस्तुः श्रीरस्तुः भग्नपृष्टिकटीग्रीवा स्तब्धमुष्टीरधोमुखं कष्टेन लषीत्तं ग्रंथं यत्नेन परीपालएत् ॥१॥ यादृशं पुस्तकं दृष्ट्वा तादृशं लषीत्तं मया। यदी सुद्धमसुद्धं वा मम दोषो न दीयते ॥२॥ दुहोः जब लगें मेरु स्थिर रहें जब लगें ससीहरभांण। तब लगें एही रास जे वांचे चतुर सुजांण ॥३॥ श्री रस्तु कलयाणमस्तुः ॥ सत्यमेव छे श्री छे श्री छे श्री छे॥

॥એ કુમારપાલનો રાસ બાઇ સંગબાઈઈં નવો લષાવીને ॥ ભટ્ટાર્ક શ્રી શ્રી શ્રી ૧૦૮ શ્રી શ્રી મૂક્તિરત્નસૂરીશ્વરનેં વોહરાવ્યો છે॥ એ પરત રાજવિજયગચ્છે સૂરીપદે તે દત્તાયઃ॥ લષાવીતં-બાઈ સંગબાઈ તત્સૂતા બાઈ લાડકુંવર માતપુત્રી સહ વીદ્યમાનેન ષેટકપૂરે રસૂલપરાવાસી તે સૂસીલે ભાવસાર જ્ઞાતેઃ॥

આ હસ્તલિખિત પ્રત આપવા અંગે આ અવસરે સુરેન્દ્રનગર જૈનસંઘનો આભાર માનવામાં આવે છે.

સુરેન્દ્રનગર-જૈનઉપાશ્રય
સં. ૨૦૪૫ ફા. શુ. ૧

નરેન્દ્રસાગરસૂરિ

## દીર્ઘચારિત્રી શાંતમૂર્તિ-સ્થવિર
## પૂ. સુસાધ્વીજી શ્રી અંજનાશ્રીજી
## મહારાજની જીવન-સુવાસ

ભાવનગર જિલ્લાના ત્રાપજ નામે ગામના વારૈયા કુટુંબમાં વિ. સં. ૧૯૬૩ નાં પોષ શુદિ ૧૩ ના શુભદિને તેમનો જન્મ થયેલ. તેમના પિતાશ્રીનું શુભ નામ **વારૈયા કલ્યાણજી દલાલભાઇ** અને માતુશ્રીનું નામ **હેમીબેન** હતું. ચરિત્રનાયિકાનું નામ **અનુપમાં** (અનોપ) રાખવામાં આવેલ. બાલ્યાવસ્થામાં પાંચ ચોપડીનો અભ્યાસ કરેલ; પરંતુ માતપિતાના ધર્મસંસ્કારો તો ગળથુથીમાંથી જ સારા મળવા પામેલ હતા.

ક્રમે યૌવનાવસ્થાને પામેલી પોતાની પુત્રીની સગાઇ ધર્મનિષ્ઠ પિતાએ ધર્મીષ્ઠ કુટુંબ તરીકે પ્રખ્યાત એવા ઠળીયા નિવાસી દીપચંદ જેરાજભાઇના સુપુત્ર શા. હઠીચંદભાઇની સાથે કરી બોલ બોલેલ. આ વાતની મુંબઈ રહેલા ધર્મનિષ્ઠ શ્રીયુત હઠીચંદભાઇને ખબર પડતા પોતાના ભાવિ સસરાને જણાવી દીધેલ કે-મારી સંયમ લેવાની ભાવના હોવાથી હું રાજીખુશીથી કહું છું કે-આ સગાઈ ફોક કરશો.

જેના જવાબમાં ધર્મરંગે રંગાયેલા વારૈયા કલ્યાણજીભાઇએ પણ જણાવી દીધું કે 'દીકરી એકવાર દેવાય, અને મારી દીકરી અનુપમાના બોલ તમારી સાથે બોલાઇ ગયા છે તે ફોક

નહિ થાય. માટે એક વખત દીકરીનો હાથ ઝાલી લ્યો પછી તમારે જ્યારે ચારિત્ર લેવું હોય ત્યારે ખુશીથી લેશો.

આમ પરિસ્થિતિ ઉભી થતાં સં. ૧૯૭૮ માં તેઓના લગ્ન થયા અને સં. ૧૯૮૪ સુધીના સંસારવાસમાં પરમાનંદ તથા મનસુખ નામે બે પુત્ર અને વિમલા નામે એક પુત્રીની પ્રાપ્તિ થએલી. તેમા નાના ચાલાક પુત્રનું અચાનક અવસાન થતાં હઠીચંદભાઇનો વૈરાગ્ય વધુ તીવ્ર બન્યો અને તેથી સહધર્મ-ચારિણી અનુપમાનું સ્નેહબંધન ઢીલું પાડવા માટે હંમેશા સંસારની અસારતા તથા ત્યાગ વૈરાગ્યની વાતો સમજાવવા માંડી. પરિણામે છ વરસના ટુંકા લગ્ન ગાળામાં દંપતિએ ચતુર્થવ્રત પણ ઉચ્ચરી લીધેલ. તેમજ સગાસંબંધીઓના પણ પ્રેમબંધનને ઢીલું પાડવા અને ભવિષ્યમાં ચારિત્રમાર્ગમાં પોતાના આત્માની વધુ સ્થિરતા થાય તે માટે બધી ઇન્દ્રિયોમાં બળવાન એવી રસના ઇન્દ્રિય ઉપર કાબુ મેળવવા 'છ' એ વિગઈઓનો પોતે ત્યાગ કર્યો !

પોતાના સ્વામીને રંગ-રાગ અને મોજશોખને બદલે ત્યાગ-વૈરાગ્યમાં ઝુલતાં જોઈને અનુપમાએ પણ ઉગતી યૌવના-વસ્થામાં પોતાની વાસનાઓ અને મોજશોખો ઉપર નિયંત્રણ મુકી દીધું ! એટલું જ નહિ પરંતુ પોતાના બાળ-બચ્ચાંઓ સાથે પોતે પણ વૈરાગ્ય-ભાવમાં આવી ગયાં ! તે એટલે સુધી કે-પોતાના સ્વામી સં. ૧૯૮૭ ના કારતક વદ ત્રીજના શુભ દિને મુંબઈમાં દીક્ષા ગ્રહણ કરવા ઘરેથી પ્રયાણ કરે છે ત્યારે આ આદર્શનારી અનુપમાએ વ્હાલસોયી દીકરી વિમળાના હાથે સ્વામીના ભાલે કુંકુમનું તિલક કરાવીને પોતાના જ હાથથી રૂા. ૧૦૧ અને શ્રીફળ સ્વામીના હાથમાં મુકી સંયમમાર્ગની અનુમતિ આપી !

ત્યારબાદ નાની કુમળીવયની એટલે ૧૧ વર્ષની પુત્રી વિમલા અને ૮ વર્ષની વયનાં પુત્ર પરમાણુંદની સાથે સં.

૧૯૯૧ના ફાગણવદ ૧૩ને સોમવારના રોજ પોતાના સાસરીયા-ઠળીઆ ગામમાં પોતાના જ ભૂતપૂર્વ સ્વામીના હાથે પ્રવજ્યા અંગીકાર કરીને સાધ્વીશ્રી અંજનાશ્રીજી મ; સાધ્વીજીશ્રી વિદ્યાશ્રીજી તથા મુનિશ્રી નરેન્દ્રસાગરજી નામે જગવિખ્યાત બન્યા.

ચારિત્ર સ્વીકાર્યા બાદ તેઓએ જેમ બને તેમ વધુ આત્મ-નિર્મળતા થાય તેમ શકિત અનુસાર તપ–ત્યાગ–સ્વાધ્યાય–સાધુ આચારોનું દત્તચિત્તે પાલન તેમજ વિષય કષાયથી અલિપ્ત રહેવાનું રાખેલ. તેમના પરિચયમાં આવેલા કોઈને પણ પૂછો તો એક જ અવાજ સાંભળવા મળશે કે–જયારે જાઓ અને જૂઓ ત્યારે સાધ્વી-જી શ્રી અંજનાશ્રીજી મહારાજ પ્રસન્નચિત્તે અને પોતાની આત્મ-સાધનામાં જ મગ્ન !

આવા સંયમી જીવનમાં માસખમણ, ૧૬–૧૫–૧૧–૮ ઉપવાસની તપસ્યા, વીશસ્થાનકની આરાધના, નવપદજીની નવેય ઓળી, પર અજવાળા, પર્વતિથિ આરાધના, રતનપાવડીના છટ્ઠ-અટ્ઠમ આદિ વિવિધ તપશ્ચર્યાઓ કરેલ. છેલ્લાં ચાર–પાંચ વર્ષથી પગના બબ્બે વખતનાં ફ્રેકચરનાં કારણે સંથારાવશ હોવા છતાંય જ્યારે જૂઓ ત્યારે પ્રસન્નમુખ મુદ્રા ! તેઓશ્રીને શાતા પુછવા આવનારા પૂ. આચાર્યવર્યો, સાધુઓ કે સાધ્વીજીઓને પણ છેવટની ઘડી સુધી કેન્સર રોગની જાણ થવા પામી ન હતી ! આવી તેમની સહનશકિત અને સમભાવ હતો ! !

આવા પુણ્યશાળી ચરિત્રનાયિકા સાધ્વીજી મહારાજને છેલ્લાં ૧ાા મહિનામાં તો કેન્સરના રોગે જોર પકડયું ! ક્ષણ પણ બેસી ન શકાય તેવી પરિસ્થિતિ હોવા છતાંય તળાજા શ્રી સંઘની વિનંતિથી પોતાના વિશાળ સાધ્વીજી સમુદાયને લઇને ૨૦૪૧ના જેઠ વદી ૧૦ના રોજ પૂ. ગુરૂદેવો સાથે વાજતે ગાજતે ચાતુર્માસ માટેના પ્રવેશમાં લગભગ કલાક ડોળીમાં બેસીને શહેરમાં ફર્યા. પ્રવેશ બાદ ડોકટરની સતત ટ્રીટમેન્ટ ચાલુ હોવા છતાંય દર્દ જરાય શાંત ન થતા દિન પ્રતિદિન ગંભીર રૂપ પકડતું ગયું.

તેની અસહ્ય વેદનામાંય તલાજા શ્રી સંઘે તેઓશ્રીની ગજબની સહનશીલતા અને સમતાભાવ નજરે નીહાળેલ છે.

જીવનયાત્રાના અંતિમ દિવસે એટલે કે અષાડ શુદિ પાંચમને રવિવારે સવાર ૧૦ાા વાગે તો પોતાની લાડકવાયી પુત્રી–સાધ્વીજી શ્રી વિદ્યાશ્રીજીનો હાથ પકડીને વિદ્યા! હવે હું જાઉં છું તને અને સાધ્વીઓને મારો મિચ્છામિદુક્કડં? એમ સ્પષ્ટ જણાવેલ અને ત્યારબાદ ચરિત્રનાયિકા પૂ. બા મહારાજના ભત્રીજા અને પુત્રમુનિ આવતાં બંનેને ઓળખીને પુત્રમુનિને કહે છે કે- 'મને ધારણા પચ્ચખ્ખાણુ કરાવ?' આથી સમય પીછાણીને પુત્રે સંથારો–દવા અને પ્રવાહી સિવાયના સર્વના પચ્ચખ્ખાણુ કરાવી આરાધના ચાલુ કરાવી હતી.

આરાધના પ્રસન્નચિત્તે સાંભળતા હતાં અને ખમાવવાના સ્થાનોને શારીરિક શકિત ન હોવાં છતાંય આત્મબળે હાથ ભેગા કરી માથે અડાડવા પૂર્વક "મિચ્છામિદુક્કડં" દઇ ખમાવતા! તેમજ પાપસ્થાનકોને, આલોચના સ્થાનકોને વોસરાવતા જતાં હતા! આ અવસરે આરાધનાકારક શિષ્યાઓનું ગળું, સ્નેહ તથા પ્રેમવશે રૂંધાતું તો તુરત જ અંતિમ અવસ્થાની ઘડીઓ ગણાઇ રહી હોવાં છતાંય સજાગ એવા તેઓશ્રી મક્કમ થઇને 'કેમ બોલતાં અટકી ગયાં? ચાલુ રાખો' એમ પ્રેરણા આપી આપીને રાા કલાકની ચાલુ સતત આરાધનામાં ચતુર્વિધ શ્રી સંઘે આપેલ વ્રત-તપ–જપ–ત્યાગ–યાત્રા–સ્વાધ્યાય આદિની અનુમોદના કરતાં- કરતાં અપૂર્વ સમાધિમય દશામાં દીર્ઘચારિત્ર પર્યાય પાળીને સ્થવિર અને "પૂજ્ય બા મહારાજ"ના લાડીલા નામે પ્રખ્યાતિ પામેલા સુસાધ્વીજી શ્રી અંજનાશ્રીજીમ.શ્રીનો નિર્મળ આત્મા બપોરે ૧–૫૫ મીનીટે નશ્વર દેહનો ત્યાગ કરી સ્વર્ગે સીધાવ્યો!

દશ જ દિવસની સ્થિરતા દરમ્યાનમાં તલાજા શ્રી સંઘે તથા તીર્થ-કમીટીએ ખડે પગે સેવાનો લાભ ઉઠાવ્યો. એટલુંજ નહિ પણ એક મહાન્ આચાર્ય મ. ની પાલખી નીકળતી હોય તેવી રીતે

ભવ્ય પાલખી સાથેની સ્મશાન યાત્રામાં ૧૫૦૦ થી ૧૭૦૦ભાઈ-બહેનો જોડાયેલ, ચરિત્રનાયિકા પૂ. ગુરૂણીજીના સ્વર્ગવાસના સમાચાર ફોનથી મળી જતા ભાવનગર-પાલીતાણા-ઠળીયા-ત્રાપજ-તણસા દેવળીયા- સોનગઢ-દાઠા- મહુવા-પીપરલા -પાવઠી-કામરોલ વિ. ગામોનાં ભાઈ બહેનો પણ સમયસર સ્મશાન યાત્રામાં જોડાવા પામ્યા હતાં

આમ પચાસ વર્ષના દીર્ઘ સંયમપર્યાયવાળા પ્રાતઃસ્મરણીયા એવા પૂ. બા મહારાજના સ્વર્ગવાસ પછી તલાજા શ્રી સંઘે પદ્માવતી પૂજન તથા શાંતિસ્નાત્ર સહિતનો અષ્ટાહ્નિકા મહોત્સવ કરેલ અને તે અવસરે જીવદયાની છૂટે મને થયેલી ટીપમાંથી પૂ. બા. મ. ની સ્વર્ગવાસની કાયમી તિથિ નિમિત્તે રૂા. ૧૦૦૧ છાપરીઆલી. પાંજરાપોળમાં, ૫૦૧ સમઢીયાલા પાંજરાપોળમાં, ૫૦૧ પાલીતાણા પાંજરાપોળમાં રૂા ૧૦૦૧ તલાજા સંઘમાં તેમજ રૂા. ૧૦૦૧ પૂ. આ. દેવ શ્રી હંસસાગર સૂરીશ્વરજી મ. ની સ્વર્ગારોહણ તિથિની કાયમી તિથિ તરીકે છાપરીઆળી પાંજરાપોળમાં ભરાવેલ. તેવી જ રીતે જોરાવરનગરના શ્રી સંઘે પણ લખતર પાંજરાપોળમાં પૂ. બા. મ.ની કાયમી તિથિ નોંધાવીને પૂ. બા મહારાજશ્રી પ્રતિના અંતરંગ ભક્તિભાવનાનું ચિત્ર ખડું કરેલ.

દીર્ઘસંયમી શાંતમૂર્તિ -ચારિત્રપરાયણા- પ્રાતઃસ્મરણીયા પૂ. ગુરૂણીજી મ. નું નામ અમર રાખવાના ઉદ્દેશથી **પૂ. સાધ્વીજી અંજનાશ્રીજી સ્મારક ગ્રંથમાળા** ચાલુ કરીને તેના મણકાઓ રૂપે પૂર્વ મહર્ષિઓનાં રચેલા અને હાલ અપ્રાપ્ય બનેલા એવા મુદ્રિત અને અમુદ્રિત પ્રાચીન રાસાઓનું પ્રકાશન કરવાનું અમારા ઉપદેશથી સંસ્થાએ નિર્ધારેલ છે. આવા અમારા ભવોદધિતારક અને સંયમરક્ષા માટે અજોડ ધગશ ધરાવનારા પૂ. ગુરૂણીજી શ્રી અંજનાશ્રીજી મહારાજશ્રીને અમારા કોટિ કોટિ વંદના.

**લી : આપના વિરહથી તરફડતી**

**આપની બાલશિષ્યાઓ**

# સૂ....ત....ક....વિ....ચા....ર

**ઋતુવંતી સ્ત્રી**–દિન ૩ અડકે નહિ. દિન ૪ પ્રતિક્રમણાદિ કરે નહિ. (સાધ્વીજીઓ તથા ઉપધાનવાળી બ્હેનો માટે ઉભયટંક આવશ્યક હોવાથી અશક્ય પરિહાર છે.) તપાસ્યા ગણાય. દિન ૫ પ્રભુ પૂજા ન કરે. રોગાદિ કારણે ૩ દિવસ પછી રૂધિર જણાય તો વિવેકથી પ્રભુ દર્શન તથા અગ્રપૂજા કરે. અંગપૂજા ન થાય. સાધુ–સાધ્વીજીને વહોરાવી શકાય. **જન્મ સંબંધમાં**–પુત્ર જન્મે તો ૧૦ દિન, અને પુત્રી જન્મે તો ૧૧ દિન અને રાત્રે જન્મે તો ૧૨ દિનનું સૂતક લાગે. ઘરના માણસો ૧૨ દિન સુધી પ્રભુ પૂજા ન કરે. બીજાના ઘેર જમે તો તેના ઘરના પાણીથી પ્રભુપૂજા થાય. દિન ૧૨ સુધી સાધુ–સાધ્વીજીને તેના ઘરનો આહાર ન કલ્પે. સુવાવડ કરનારી અને કરાવનારી પ્રગટ નવકાર પણ ન ગણે, સુવાવડી ૪૦ દિવસ સુધી પ્રભુપૂજા ન કરે, તેમજ સાધુ–સાધ્વીજીને વહોરાવી ન. શકે ઘરના ગોત્રીને ૫ દિનનું સૂતક લાગે, ગાય–ભેંસ–ઘોડી–ઉંટડી ઘરે પ્રસવે તો ૨ દિન, અને વનમાં પ્રસવે તો ૧ દિનનું સૂતક, ભેંશનું દૂધ ૧૫ દિન પછી, ગાય તથા ઉંટડીનું દૂધ દિન ૧૦ પછી અને બકરી તથા ઘેટીનું દૂધ ૮ દિન પછી કલ્પે, આપણી નિશ્રાના દાસ કે દાસીના જન્મ કે મરણનું સૂતક ૩ દિન. **મૃત્યુ સંબધમાં**–જેના ઘેર મૃત્યુ થયું હોય તે ઘરવાળાને દિન ૧૨ સુધી પ્રભુપૂજા ન થાય, અને દિન ૧૨ સુધી તેના ઘરના ગોચરી–પાણી–સાધુ–સાધ્વીજીને ન કલ્પે, જૂદા ઘરે જમનારા તેના ઘરના પાણીથી પ્રભુપૂજા કરી શકે, તેમ શ્રી નિશીથચૂર્ણિમાં કહેલ છે. મૃતક પાસે સૂનારા અને કાંધિયાને દિન ૩, શબનો સંઘટ્ટો કરનારને દિન ૨, પરંપરાએ અડકનારને દિન ૨, સાથે જનારને દિન ૧ પ્રભુ પૂજા ન કરાય, પ્રતિક્રમણાદિક બે દિવસ મનમાં કરાય, મૃતકને અડકયા ન હોય તો સ્નાન કરવાથી શુદ્ધ થાય જન્મે તે દિવસે કે દેશાંતરે મૃત્યુ થાય તો દિન ૧, આઠ વર્ષનું બાળક મરે તો ૮ દિન જેટલા મહિનાનો

ગર્ભ પડે તેટલા દિવસનું સૂતક લાગે. ગાય આદિનું ઘરે મૃત્યુ થયું હોય તો કલેવર લઈ ગયા બાદ ૧ દિવસનું અને અન્ય તિર્યંચનું કલેવર લઇ જાય ત્યાં સુધીનું એમ સૂતકવ્યવહાર છે.

મુદ્રિત પુસ્તકમાં જે ૧૨૪ મી ઢાલ છપાએલ છે તે પ્રમાણે જ આ 'રાસસંગ્રહ'ના પાંચમા ભાગના પૃ. ૨૭૯ ઉપર ઢાલ છાપી છે; પરંતુ હસ્તલિખિત પ્રતમા તે ૧૨૪ મી ઢાલ નીચે પ્રમાણેના ફેરફારવાળી હોવાથી અહિં રજુ કરીએ છીએ. જે આ પ્રમાણે—

## ॥ ઢાળ એકસો ચોવીસમી ॥

॥ હરખભરે હમસું બોલિજ્યો રે...એ દેશી ॥

ગુણ સમરી નિજ ગુરૂતણારે, જિમ ચાતક જલધાર; ગજ સમરે વિંધ્યાટવી રે, જિમ કોયલ સહકાર ॥૧॥ કિણહીશું નેહલો મ લાગજો રે, નેહિં માણુસ ગહિલા હોય; નેહે નયણુ ગમે રોઇ રોઇ, તું તો કુમર નરેસર જોઇ. એહવો નેહ મ કરશ્યો કોઈ....કિણ૦ ॥૨॥ નિરધન સમરે ધન ભણી રે, બાલક સમરે માય; ચકવી ચાહે સૂરને રે, વચ્છ સમરે જિમ ગાય....કિ૦ ॥૩॥ ઘર સમરે પરદેશીયા રે, માનસરોવર હંસ; ઈમ નેહ લાગ્યો હેમશું રે, નૃપનો જિમ નખમાંસ. કિ૦ ॥૪॥ ખાવા પીવા સહુ તજ્યા રે, તજ્યા સહુ સુખ દેહ; જર્જરિત પીંજર થયો રે, એહવો પાપી-નેહ....કિ૦ ॥૫॥ અરણીકમાય ગહિલી થઈ રે, મરૂ-દેવા થઈ અંધ; ગોયમ ઝુર્યો વીર વિના રે, મોહ

સબલો પ્રતિબંધ....કિ૦ ॥૬॥ ચિંતા ન કરે રાજની રે બેસે નહિ દરબાર; હેમ હેમ મુખે ઉચ્ચરે રે, હેમ તજ્યો કહો કેમ?....કિ૦ ॥૭॥ હેમવચન હૈડે ધરીરે, હેમવચન સુપ્રીત; રાગ તજ્યા સંસારના રે, ધરમ ધર્યો નિજ ચિત્ત....કિ૦ ॥૮॥ ભણે ગણે ક્રીરીયા કરે રે, સેવે નહિં પ્રમાદ; આતમ ઉપશમરસ ભર્યો રે, રોષ તજ્યો વિખવાદ....કિ૦ ॥૯॥ શ્રી જિનભક્તિ કરે સદા રે, પોષે પાત્ર પવિત્ર; ભક્તિ કરે સ્વામીતણીરે, જાણી સાચા મિત્ર....કિ૦ ॥૧૦॥ મન વૈરાગે વાલીયું રે, મોહની સબલ ગઇ છાક; સુખ જાણ્યાં સંસારનાં રે, જેહવાં ફુલ કિંપાક....કિ૦ ॥૧૧॥ કાઠી જિમ ગુજ-રાતીમાં રે, પાપી પાડે વાટ; તિમ એ તેર કાઠીયા રે, રોકે શીવપુરઘાટ....કિ૦ ॥૧૨॥ ધર્મ સંચ્યો બહુ દિવસનો રે, જે ધન લેતા લૂંટ; કાયાપાટણમાંહિથી રે, કાઢયા કાઠિ કૂટ....કિ૦ ॥૧૩॥ નિજ લય લાગી ધર્મશું રે, ધર્મે રંગાણી દેહ; નેહ લગાયો ધર્મશું રે, અવર અથિર તજી નેહ....કિ૦ ॥૧૪॥ સાત ક્ષેત્રે ધન વાપરી રે, ધન નહિ આવે સાથ; સાથે તેહિજ આવશ્યે રે, દીધું જમણે હાથ....કિ૦ ॥૧૫॥ નેહ લગાવો ધર્મશું રે, જેહ ઉતારે ભવપાર; નેહ લગાવી કારમો રે, પ્રાણી થાય ખુવાર....કિ૦ ॥૧૬॥ કાયા માયા કારમી રે, જાણી કુમર ભૂપાલ; તજ્યો જિનહરખ સનેહલો રે, એકસો ચોવીસમી ઢાલ.... કિ૦ ॥૧૭॥ સર્વગાથા ૨૭૫૩

—: શ્રી જિનહર્ષ ગણિ કૃત :—

# ✱ શ્રી કુમારપાળ રાજાનો રાસ ✱

॥ દુહા ॥

શ્રી સરસ્વતી ભગવતી નમું, બુદ્ધિ તણી દાતાર;
મૂરખને પંડિત કરે, કરતા ન લાગે વાર. ॥૧॥
આગળ પંડિત જે થયા, વર્ત્તમાન કહેવાય;
વળી પંડિત જે જે થશે, તે સરસ્વતી સુપસાય. ॥૨॥
મૂરખ [૧]છાલી ચારતો, નહિં મુખ વચન વિલાસ;
તેહને ત્રુઠી કાલિકા, કીધો કાળીદાસ. ॥૩॥
તેમ મુજને સુપ્રસન્ન થજો, સુમતિ દિયણ સરસત્ત
મુજ મન કમલ વિકાસ કર, હંસાસની ધો [૨]મત્ત. ॥૪॥
મતિ દે માતા મુજ ભણી, હું સેવું તુમ પાય;
મુજ વયણે રસ આપજો, સહુને જેમ સુહાય. ॥૫॥
સજ્જન માણુસ ગોઠડી, મીઠા બોલી નાર;
મીઠા ભોજન સરસ વયણ, સહુને પ્યારા ચાર. ॥૬॥
સુલલિત સરસા શુભ વચન, સરસ્વતી દીયો તત્કાળ;
તુજ પસાએ વર્ણવું, કુમારપાળ ભૂપાળ. ॥૭॥

૧ બકરી, ૨ મતિ.

ઋષભ વીર વચમાં હુઆ, ઉત્તમ નરનાં વૃંદ ;
પણ એ સરખો જોવાતાં, ન હુવો કોઈ નરિંદ. ॥૮॥

દયા પળાવી જે નૃપે, દેશ અઢાર મોઝાર ;
ઉત્તમ કારજ આચર્યાં, કીધા પર ઉપગાર. ॥૯॥

જિન શાસન દીપાવીયું, કહીશું તાસ ચરિત્ર;
સાવધાન થઈ સાંભળો, થાશે શ્રવણ પવિત્ર. ॥૧૦॥

## ॥ ઢાળ પહેલી ॥

ચોપાઈની દેશી.

લાખ જોયણ જંબૂ પરિમાણ, દક્ષિણ ભરત ક્ષેત્ર તિંહા જાણ; દેશ તિંહા દીપે ગુજરાત, આંબાદિક ફળ નવ નવ ભાત. ॥૧॥ ગુણ ગિરૂઆ તિંહા નવસો ગામ, દહીથળી છે તેહનું નામ; ગઢ મંદિર ઉંચા આવાસ, લોક સુખી રૂદ્ધિનો નિવાસ. ॥૨॥ જિન મંદિર ને પૌષધશાળ, શ્રાવક ધર્મ કરે સુવિશાળ; શ્રી જિનવર પૂજે ત્રણ કાળ, જાણે નહિ કોઇ આળપંપાળ. ॥૩॥ રાજ્ય કરે તિંહા ત્રિભુવનપાળ, બાર ગામનો તે ભૂપાળ; કાશ્મીરદેવી રાણી તાસ, વિનયવતી મુખ મધુરી ભાષ. ॥૪॥ તેહ તણી કુંખે ઉપન્યા, ત્રણ પુત્ર આગર રૂપના; વળી સુતા તેહને થઈ દોય, નામ કહું સુણજ્યો સહુ કોઈ ॥૫॥ કુમારપાળ મહિપાળ કૃતપાળ એ ત્રણે સુત અતિ સુકુમાળ; પ્રેમળ દેવળ રૂપે રંભ, દેખી સહુને થાય અચંભ ॥૬॥ નિજ ભુજ બળ વરતાવી આણ, ત્રિભુવનપાળ જાતે ચૌહાણ; તસ કુળ હુઓ કુમર નરિંદ, દીપાવ્યું કુળ જેમ દિણંદ. ॥૭॥ ચૌલુકયવંશી અભિનવ ઇંદ, દીપે જેમ તારામાં

ચંદ; ગુરૂ શ્રી હેમાચાર્ય જ તાસ, શ્રાવક કીધો ધરી ઉલ્લાસ. ॥૮॥ કુમારપાળ કેમ પામ્યો રાજ, ધર્મ-તણાં કેમ કીધા કાજ?; પાટણ કેમ લીધું સપરાણ, અરિયણ કેમ મનાવી આણ? ॥૯॥ કેમ કીધા વળી પર ઉપગાર, અઢારે દેશ પળાવી અમાર; શ્રી જિનભવન કર્યાં કેટલા, બિંબ ભરાવ્યા જિનવર ભલા? ॥૧૦॥ બિંબ પ્રતિષ્ટા કેણી પેરે કરી, કેમ સંઘવી થયો ઉલટ ધરી; સંઘ ભક્તિ કઈ જુગતે કરી, કેટલા વર્ષ રાજ્ય ધુરા ધરી?. ॥૧૧॥ કેણિ પરે ભમિયો દેશ વિદેશ, અરિથી કેમ ઉગરિયો એહ નરેશ?; પહેલી ઢાળ સાંભળજો સહુ, કહે જિનહર્ષ હવે આગળ કહું. ॥૧૨॥

॥ દુહા ॥

ચૌલુકય વંશે નૃપ ભુવડ, કન્ય કુબ્જ અવનીશ;
કેયાણક પુરા ભોગવે, ગામ લાખ છત્રીશ. ॥૧॥

કોઇ એક અવસર કરી, કટક લીધો ગુજ્જર દેશ;
સંગ્રામે જયશ્રી વરી, માર્યો પુહવિ નરેશ. ॥૨॥

દેશ ભળાવી સેવકાં, નિજ પુર પહોચ્યો રાય;
રાજ કાજ સુખ ભોગવે, પૂરવ પુન્ય પસાય. ॥૩॥

પંદરમે પાટે ભુવડની, કુમારપાળ ભૂપાળ;
ભુવડરાયની પુત્રિકા, મીણલદે સુકુમાળ. ॥૪॥

કંચુકસ્થાને આપીયો, બેટીને ગુજરાત;
સકળ ચરિત્ર કહું હવે, સાંભળજો તજી વાત. ॥૫॥

## ॥ ઢાળ બીજી ॥

કપુર હુવે અતિ ઉજળો રે—એ દેશી.

ગુજ્જર દેશ માંહી ભલો રે, દેશ અવલ વઢીયાર; ગામ તિંહા પંચાસરો રે. લોક સુખી દાતાર રે ॥૧॥ ભવિયણ સુણજો એ આધિકાર; કુમારપાળ ભૂપાળનો રે, સફળ હોશે અવતાર રે. ભવિ. ॥૨॥ સીલંગસૂરી આવ્યા તિંહારે, બહુ મુનિવર પરિવાર; આચારજ ગુણ ઉજળારે, ચરણ કરણ ભંડાર. ભવિ. ॥૩॥ નિરવદ્ય સ્થાનક ઉતર્યા રે, પાળે પંચઆચાર; ધર્મ-તણી દેશના દીએ રે, પ્રતિબોધે નરનાર. ભવિ૦ ॥૪॥ દેહ ચિંતાએ એક દિને રે, પહોંચ્યા વનહ મઝાર; ઝોળી દીઠી ઝૂલતી રે, એક ઝાડમાં તેણિ વાર રે. ભવિ. ॥૫॥ બાળક તે માંહે રમે રે, રૂપે દેવકુમાર; શુભ લક્ષણ અંગે ઘણાં રે, દીપે જેમ દિનકાર રે. ભવિ. ॥૬॥ જે તરૂ બાળક પોઢિયો રે, ન નમી છાયા લગાર; ઉત્તમ નર હોશે ભલો રે, ચિંતે સુગુરૂ ઉલ્લાસ રે. ભવિ. ॥૭॥ પાસે બેઠી માવડીરે, રૂપસુંદરી તસ નામ; ગુરૂ પુછે તસ વાતડી રે, તે નારીને તામ. ભવિ. ॥૮॥ રૂપસુંદરી રડતી કહે રે, સુગુરૂ સુણો ગુણવંત; ગુજ્જર દેશનો રાજીઓ રે, તેહ હતો મુજ કંત રે. ભવિ. ॥૯॥ ભુવડરાયે તે મારીયો રે, છે વયરી બળવંત, ગર્ભવતી ને એકલી રે, નાઠી હું બીહંતરે. ભવિ. ॥૧૦॥ આ વનમાં આવી રહી રે, પુત્ર જણ્યો ઈણઠામજી; હું અબળા ઈંહા એકલી રે, ભોજન ફળ આરામ રે. ભવિ. ॥૧૧॥ જ્ઞાની ગુરૂએ

વિચારીને રે, નામ ઠામ વનરાજ; એ નૃપ ગુજ્જરનો થશે રે, કરશે ઉત્તમ કાજ રે. ભવિ. ॥૧૨॥ માએ સુણ્યા ગુરૂ બોલડાં રે, હરખી ચિત્ત મઝાર; કહે જિન-હર્ષ બીજી થઇ રે, ઢાળ એણે અધિકાર રે. ભવિ. ॥૧૩॥

॥ દુહા ॥

ગુરૂ ગિરૂઆ તિંહાથી ચલ્યા, આવ્યા પૂરવ ઠામ;
શ્રાવક જન તેડી કહે, બાળ ચરિત્ર અભિરામ. ॥૧॥

સુણજ્યો શ્રાવક વાતડી, ઈણ વનમાં એક બાળ;
તિંહા જઈ લાવો તેહને, તે થાશે ભૂપાળ. ॥૨॥

રાજા કરસણ સુત તુરી, મહીષિ કિર સુવૃક્ષ;
બાળપણાથી સેવીએ, ફળ લહીએ પ્રત્યક્ષ. ॥૩॥

તેહ ભણી લાવો ઈંહા, કરો સુશ્રુષા તાસ;
શ્રદ્ધાવંત સુશ્રાવકે, માની ગુરુની ભાસ. ॥૪॥

## ॥ ઢાલ ત્રીજી ॥

શ્રી જિનવરને પ્રગટ થયું રે. એ દેશી.

વનમાં જઈ વ્યવહારીયાજી, લાવ્યા બાળક તેહ; જનનીશું ઘર રાખીયોજી, કરે ભક્તિ ગુણગેહ ॥૧॥ સલુણા સુણજ્યો અચરિજ વાત; સાંભળતાં રસ પામ-શોજી, ઉત્તમ નરની ખ્યાત. સ૦ ॥૨॥ તે બાળક મોટો થયોજી, ક્રીડા કરે અપાર; વ્યવહારીના બાળનેજી. મારે સબળો માર. સ૦ ॥૩॥ શ્રાવક લોક કહે ઇશ્યુંજી, ઘર સરખો નહી યાત્ર; પોશ્યો પન્નગ સારિખોજી. એહ થયો કુપાત્ર સ૦ ॥૪॥ સીંહ તણો બાળક ભલોજી, પણ શોભે વન માંહિ; સહુ મળી તસ માયનેજી, વયણ

કહે એમ ત્યાંહિ. સ૦ ॥૫॥ બહેન ! સુત મોટો થયોજી, ભિણુસે હવે ઇણ ઠામ; જઈ સેવો કોઈ રાજવીજી, જેમ વધે તુમ મામ. સ૦ ॥૬॥ રાજ સેવાથી પામસ્યોજી, રાજ્ય તણા ફળ ખાસ; માતા પુત્ર લેઈ કરીજી, પહોંચ્યા માઉલ પાસં૦ ॥૭॥ સૂરપાળ છે માઉલોજી, લૂંટે જનપદ ગામ; તેહ પાસે જઈ રહ્યાજી, કરે ચોરીના કામ સ૦ ॥૮॥ દેશ લૂંટી વનમાં રહ્યોજી, એક દિવસ વનરાજ; જમવા બેઠો-માવડીજી, બોલે ઘૃત નહીં આજ સ૦ ॥૯॥ લૂખું અન્ન ભાવે નહીજી, લૂખે દુઃખે પેટ; લૂખે કાયા લડથડેજી, નાસે બળ બુદ્ધિ નેટ. સ૦ ॥૧૦॥ લૂખે આઉખું ઘટેજી, લૂખે તૃપ્તિ ન થાય; લૂખે રાતંઘો હુવેજી, લૂખે ઉદ્યમ જાય. સ૦ ॥૧૧॥ તે કારણ શાસ્ત્રે કહ્યુંજી, ઘૃત ભોજનનો સાર; નર મંડણ જેમ પાઘડીજી, સ્ત્રી મંડણ શણગાર સ૦॥૧૨॥ ભોજનમંડન ઘૃત કહ્યુંજી, ઘૃત કાયાનું નૂર; તપિયાનાં લોચન ઠરેજી, જો લહે ઘૃત ભરપૂર. સ૦ ॥૧૩॥ ઘૃતથી લાગે રૂઅડુંજી, જેહવું તેહવું અન્ન; શાલ દાલ ઘૃતવિણ વૃથાજી, ઘૃત જમે તે ધન્ય. સ૦ ॥૧૪॥ વૃદ્ધ બાળક સહુને ગમેજી, ઘૃત અમૃત સંસાર; ત્રીજી ઢાળે ઘૃત ભલુંજી, કહે જિનહર્ષ વિચાર. સ૦ ॥૧૫॥

॥ દુહા ॥

ઘૃત પાખે ભાવે નહીં, બેસી રહ્યો વનરાય;
ચાકર નર તેડી કહે, ઘૃત લાવો કિંહા જાય. ॥૧॥

ઘૃત લેવા નર સંચર્યા, પણ પામે નહિં છેક;
ચિંહુ દિશિ પંથ નિહાળતાં, પંથી દીઠા એક. ॥૨॥

છે વૃછિયાયત વાણિયો, ઘૃતની કુંડી શીશ;
દેખી રળિયાયત થયા, તૂઠયો સહિ જગદીશ. ॥૩॥
તે પાસે નર જઈ કહે, મૂકો કુંડલી શાહ;
કુંડલીયો મૂકે નહીં, બળ બાંધ્યો તે ઠાય. ॥૪॥
પાંચ તીર છે તસ કર્તે, ભાંગી નાખ્યો હોય;
તીર ખેંચ્યા કહે આવજો, જો સાહીપણું હોય. ॥૫॥
સૂંડલો દેખી તેહને, નાઠા નર તતકાળ;
શીયાળનો શો આશરો, સિંહ ભરે જિંહા ફાળ. ॥૬॥

## ॥ ઢાળ ચોથી ॥

ગઈ ભદ્રા લઈ ભેટણું રે—એ દેશી.

પ્રાણ લેઈ નાશી ગયા રે, કાયર થયા અપાર; એકલડે તે વાણિયે રે, ભલી મનાવી હાર રે. ॥૧॥ સત્ત ન મૂકીએ, સત્તે વાધે મામ રે, સત્ત૦ સત્ત સુરનર સહુ નમે રે, સત્તે સીઝે કામરે. સત્ત૦ ॥૨॥ બાંધી ચાલે મલપતો રે, કાયર નર હથિયાર; કામ પડે તાકી ગલી રે, નાસણ કરે વિચાર રે. સત્ત૦ ॥૩॥ શંકા ધોતીમાં હુવે રે, મૂઢ ગમાવી રે લાજ; એબ ગઇ હથીયારની રે, કોઈ ન સરે કાજ રે. સ૦ ॥૪॥ જે શૂરા પૂરા હુવે રે, તે ઝાલે હથીયાર; જે નર કાયર નાસણા રે, ફોગટ વહે તે ભાર રે. સ૦ ॥૫॥ સત્યવંત તે વાણિયો રે, ખેંચી નાખે રે તીર; નાસી તે ઘર પહોંચીયા રે, તિલભર ન ધરી ધીર રે. સ૦ ॥૬॥ વિનવીયો વનરાજને રે, ઘૃત કુંડલીયો રે જાય; પણ બળિયો તે અતિ ઘણો રે, ગ્રહ્યો ન જાય રાયરે. સ૦ ॥૭॥ તતંક્ષણ તેડયો વાણીયો રે, આવ્યો જિંહા વનરાય; ઘૃત દઈને

બોલીયો રે, અરજ સુણો મહારાય રે. સ૦ ॥૮॥ રાજ્ય યોગ્ય તું સાહિબા રે, વગડે ફરે કેમ ધીર ?; રાજહંસ શોભે નહીં રે, બેઠો છીલ્લર તીર રે. સ૦-॥૯॥ ચતુર વચન તેહનાં સુણી રે, બોલ્યો તવ વનરાય; નહિ પ્રધાન કોઈ માહરે રે, જે કરે બુદ્ધિ ઉપાયરે. સ૦ ॥૧૦॥ જો તું મુજ પાસે રહે રે, ઘાલું જમને રે બાથ; સીંહ અને વળી પાખર્યો રે, વળતો કેહને હાથ રે. ? સ૦ ॥૧૧॥ પાસે રહ્યો તે વાણીયો રે, બુદ્ધિ તણો મહિરાણ; ચોથી ઢાળ પુરી થઈ રે, કહે જિનહર્ષ સુજાણ રે. સ૦ ॥૧૨॥

॥ દુહા ॥

રાજ્ય કીસ્યો વિણુ વાણીયા, નદી કીસી વિણુ નીર;
શાહ કીસ્યો વિણુ દોકડે, લાજ કીસી વિણુ ચીર. ? ॥૧॥
મદ પાખે મયગલ કીસ્યો, તુરી કીસ્યો વિણુ તેજ;
દીપક વિણુ મંદિર કીસ્યો, ઉંઘ કીસિ વિણુ સેજ ? ॥૨॥
લુણ વિના શી રસવતી, કંઠ વિના શ્યું ગીત ?
કંત વિના શી કામની, પ્રીત વિના શી મિત્ત ? ॥૩॥
નંદ મળ્યો વનરાયને, પ્રબળ બુદ્ધિ ભંડાર;
લક્ષ્મીનો ટોટો કીસ્યો, લેશે રાજ્ય અપાર. ॥૪॥

## ॥ ઢાળ પાંચમી ॥

શાંતિ જિનેશ્વર સાહિબા. એ દેશી.

ભુવડનૃપનાં આદમી, આવ્યા ગુજ્જર દેશ; ધન ઉઘરાવી એકઠું કીધું સહુ સુવિશેષ. ભુ૦॥૧॥ સોનૈયા નાણું ભલું, લેઇ લાખ ચોવીસ; ચારસયા વાજી કરી,

ચાલ્યા ધરિય જગીશ. ભુ૦ાારાા લૂંટી લિધા તે વાણીયે. જુવો તાસ વિવેક; સબળ ખજાનો કર ચડયો, રાખ્યા ર સટ અનેક. ભુ૦ ાા૩ાા થાણા ભાંગી રાયના, કીધો સબલ સંગ્રામ; બુદ્ધિ અને બળ આગળો, કરે સ્વામિનાં કામ. ભુ૦ ાા૪ાા દેશ સહુ સાધ્યાં તેણે, વાળી નિજ ગુજરાત; ભુવડરાયે સાંભળ્યું, ફરી પૂછી નહિ વાત. ભુ૦ ાા૫ાા દેશ તણો ધણી, હુઓ નૃપ વનરાય; હરખી કહે ગુજ્જર પ્રધાનને, જોવો ભૂમિકા કાંય. ભુ૦ ાા૬ાા નગર અનુપમ વાસીએ, જેમ રહે મુજ નામ; પ્રધાને તેડયો ગોવાળીયો. તે પણ આવ્યો તામ. ભુ૦ ાા૭ાા હું તને પુછું બાંધવા. ચારે છે તું ગાય; ભૂમિ ભલી હોવે જહાં, તે અમને બતલાય. ભુ૦ ાા૮ાા વચણ સુણી વનરાયનાં, તવ બોલ્યો ગોવાળ; ભૂમિ ભલી સુરાતમા. આપુંહું ભૂપાળ. ાા૯ાા નૃપ પ્રધાન ગોવાળીયો, આવ્યા મળી વન માંહિ; ગોવાળ સાથે કૂતરો, સસલું પણ તેણે ઠાય. ભુ૦ાા૧૦ાા નાઠો લુંડી દેખીને, દોડયો સસલો કેડ; કૌતુક દેખી રાજા હસ્યો, તે ફરિયો બહુ બેડ. ભુ૦ ાા૧૧ાા નાસી છૂટયો કૂતરો, સસલાની થઇ જીત; નગર તણી ઇંહા થાપના, કરશું હવે ભલી રીત. ભુ૦ાા૧૨ાા ઠામ જોઈ ઘર આવીયા, હરખ્યો ભલો ભૂપાળ; કહે જિન-હર્ષ પૂરણ થઇ, પાંચમી ઢાળ રસાળ. ભુવડ. ાા૧૩ાા

ાા દુહા ાા

શુભ દિન મુહૂર્ત ઘડી, શુભ વેળા શુભ વાર;
નગર વસાવ્યું નીતિશું, બાર ગાઉ વિસ્તાર. ાા૧ાા

રૂડા ગઢ રળિયામણો. મંદિર મહેલ આવાસ;
ચહુટા ચોરાશી તિંહા, મંડાવ્યા અતિ ખાસ. ॥૨॥

## ॥ ઢાળ છઠી ॥

ધન ધન સંપ્રતિ સાચો રાજા-એ દેશી. ॥

પોઢું પાટણ નગર વસાવ્યું, જાણે સુર પુર વાસજી, લોચન દેખી તૃપ્તિ ન પામે, ગુણ કેતા કહું તાસજી.પોઢું॥૧॥ સોનૈયા રૂપઇયા કેરી, પડે જિહાં ટંકશાળજી; માણેકચોકે ઝવેરી પરખે, માણેક મોતી લાલજી. પો૦ ॥૨॥ દંતારા દોશીના ચઉટાં, વેચે વસ્ત્ર અમોલજી; સાર પટોળાં ચીર સુરંગા, નારી કુંજર ઓળજી. પો૦ ॥૩॥ નાણાવટી તિંહા નાણાં પરખે, સોનું ઘડે સોનારજી; ગાંધીના હાટે ગંધીયાણા, વસે વૈદ્ય અપારજી. પો૦॥૪॥ ફાંદ પંપાળે બેઠા હાટે, વ્યવહારી સુકુમાળજી; ચાવે પાન હસે રઢિયાળા, જમે ચોખાને દાળજી. પો૦ ॥૫॥ માળી ફુલ વેચે તંબોળી, -વેચે બીડા પાનજી; ઘી વેચે તે ઘીયા સબળા, ફડિયા વેચે પાનજી. પો૦ ॥૫॥ ચીતારા જેહ ચિત્ર આળેખે, કંસાલ કુંભારજી; હયવર ગયવરની અતિ મોટી-શાળા ક્રીધી અપારજી.પો૦ ॥૭॥ ત્રિપોળીયો પુર મધ્ય વિરાજે, નાંચે જિહાં નટ નાટજી; રસિયા રાગ આલાપે રૂડા, ગુણ કહે ચારણ ભાટજી. પો૦ ॥૮॥ વરણ અઢાર વસે વિગતાળા, સુખીયા સઘળા લોકજી; આશા ન કરે કોઇ કોઈની, ધરમી સઘળા લોકજી. પો૦ ॥૮॥ ચોરી કરી પરધન કોઈ ન લીયે, કોઈ ન પડે ખાતજી; શુદ્ધ વ્યવહારે સહુ કોઈ ચાલે, ન કરે કોઇ પરતાંતજી. પો૦

॥૧૦॥ રાજભવન રચના એ કીધાં, દેખી થઇને ખુશાલજી; ગોખ સુરંગા ભલી અનુપમ, બેઠાં જિહાં બહુ દામજી. પો૦ ॥૧૧॥ વાહનશાળા આયુધશાળા, લેખશાળા દાનશાળાજી; માંડવી રાયે કરાવી મોટી, ચઉમુખ અતિ ચોસાલજી. પો૦ ॥૧૨॥ પુરપાટણ જાણે સુર પાટણ, તિંહા વનરાજ ભૂપાલજી; કહે જિનહર્ષ સહુ સાંભળજો, એ થઈ છઠ્ઠી ઢાલજી. પો૦ ॥૧૩॥

॥ દુહા ॥

દાણ તણી જિહાં માંડવી, માંડવિઆ નર જાણ;
ન્યાયી થઈ બેઠા લિયે, વિવિધ વસ્તુના દાણ. ॥૧॥
પરદેશી આવે તિંહા; લેઇ વસ્તુ અપાર;
ન્યાય દેખીને નાયને, માંડે તિંહા વખાર. ॥૨॥
વાહન આવે અતિ ઘણાં, લાવે વસ્તુ અનેક;
દાણ ભરી વેચે તિહાં, વ્યાપારી સુવિવેક. ॥૩॥

## ॥ ઢાળ સાતમી ॥

ચોપાઈની દેશી.

સોનું રૂપું સીસુ કથીર, ત્રાંબુ પીત્તળ મોતી હીર: દાંત દાઢ સુંદર કચકડાં, દાણ તાસ દે આગળ ખડા. ॥૧॥ સાળુ અટલસ શુભ સકલાત, ભચરવ મિસરૂ નવનવિ ભાત; ચીનાઇ પીતાંબર ચુંદડી, નીલક કસબી ને પાંખડી. ॥૨॥ હીંગ મરી સાકર ને દ્રાખ, નાની મોટી હરડે લાખ; લવિંગ એલચી મરચ કંકોલ, જાયફળ જાવંત્રી ને બોલ. ॥૩॥ કસ્તુરી કેસર ઘનસાર, ખાંડ ટોપરાનો નહી પાર; વસ્તુ અનેક આવે

તિહાં સાર, આવે માંડવી દાણુ અપાર. ॥૪॥ વ્યાપારી વણઝારા ઘણા, કરે વણજ દેશાવર તણા; વાશી વસ્તુ રહે નહિ કાંય, આવે તે સઘળી વેચાય. ॥૫॥ પુન્ય ક્ષેત્ર પાટણ કહેવાય, દાન માન સન્માન લહાય; મીઠાબોલા ને દાતાર, ઘર ઘર માંડયા સત્રાગાર. ॥૬॥ જિનવરનાં ઉંચા પ્રાસાદ, ઘરે દમામા ઘંટાનાદ; દેવળ શીવ તણાં પણ ઘણાં, રુડાંને વળી રળીયામણાં. ॥૭॥ પૌષધશાળાનો; નહિ પાર, કરે ચોમાસા તિંહા અણગાર; વાડી વન સુંદર આરામ, વાવ તલાવ સરોવર ઠામ. ॥૮॥ સહસ્ત્રલિંગ સર સોહામણું, ઉપમા માનસરોવર ભણું; ખિરનિર માંહે કમલ સુગંધ, આવે ભ્રમર ગ્રહેવા ગંધ. ॥૯॥ સુંદરી સજી સોળે શણગાર, રમઝમ પાય નેઉર ઝમકાર; ચંચન કલશ વિમલ શિર ધાર, પાણી ભરવા આવે નાર. ॥૧૦॥ નરનારી જલ ક્રીડા કરે, જલસર કેલિ કરે બહુ પરે; વૃક્ષ તણી તિંહા જાતિ અપાર, કહેતાં તેહનો ન લહું પાર. ॥૧૧॥ પાટણનો સબળો વિસ્તાર, જાણે અમરાપુરી અવતાર; જિનહર્ષ ઢાળ કહી સાતમી, નહીં ધન ધાન્ય તણી જિંહા કમી. ॥૧૨॥

॥ દુહા ॥

વાદી વીર વિચક્ષણા, વ્યાખ્યાની સુવિવે;
વીણા વાજિંત્ર વાંસળી, વેશ્યા વિપ્ર અનેક. ॥૧॥
વ્યાસ વ્યાપારી વાણીયા, વોરા વસ્તુ વખાર;
વૈદ વાસ વૈશ્નવ ઘર્ણા, વેદી વરણ અઢાર. ॥૨॥
મૂર્તિ બ્રહ્મા વિષ્ણુની, વાણી વિદ્યાવંત;
વેષધરા ને વરતિયા, વણકર વસે અનંત. ॥૩॥

વરઘોડા વર કન્યકા, વાજે વારંવાર;
વૃષભ વહેલ ને વાહની, વાઘ વાનર દરબાર. ॥૪॥
વાડી વન વળી વાવડી, વિપુલસિરી ને વેલ;
વાલો સરહો વીંઝણો, વનિતા ગતિ ગજ ગેલ. ॥૫॥
વ્યાકરણી વાચલ નર, વિનયી લોક વિચાર;
વિસામા થાનક જિહા, વિદ્રુમ વળી અપાર. ॥૬॥
વિવિધ જિહાંવૃક્ષાવળી, બાવન વવા એહ;
જોયાં જિણ પુર પામીએ, તે પાટણ ગુણગેહ. ॥૭॥

## ॥ ઢાળ આઠમી ॥

ચંદ્રાવલાની દેશી

નર સમુદ્ર પાટણ સહીરે. મનુષ્ય ન લહિયે પારો; જ્ઞાની વિણ ન શકે ગણી રે, જેમ જળ પારા વારો. ॥ જેમ જલ પારાવાર અપાર, એક દિવસ નારી ભરતાર, જાવે વિપણી તણો વિસ્તાર, ભૂલા પડયા સંધ્યાની વાર. જીનરે સરજીરે. ॥૧॥ રાજભવન તે આવી, રાય ભણી કહે રે, સ્વામી સુણો મુજ વાત, દુખ હિયડે દહી રે ॥ એ આકણી ॥ રડતી રડતી વિનવે, તાહરા નગર મોઝાર, અમે દંપતિ ભૂલાં પડયા રે, જડયો નહીં ભરતાર, પામ્યો નહીં ભરતાર જોવંતા, દુઃખભર રાતિ ગઇ રોવંતા, નામે રાણો છે ગુણ ગેહ, જમણી આંખે કાણો તેહ. જીનરે૦ ॥૨॥ એ અહિનાણે મુજ ધણી રે, નિરતી કરાવો રાયો, પડહો વેગે વગડાવીયો રે, રાણા કાણ થાઓ, રાણા કાણા નામે થાયે, તે આવો બોલવ્યા રાયે, રાજાને છે કોઈક કામ, સહુ

આવિ મળજ્યો ઇણ ઠામ. જી૦ ॥૩॥ જમણી આંખે જેટલારે, રાણા કાણા નમો, નવસેં ને નવ્વાણું થયા રે, સહુએ ભેળા તામો, સહુ ભેળા થયા નૃપ દરબારે, રાયે બોલાવી નારી તે વારે, શોધી લે તારો ભરતાર, નૃપ વયણે શોધે તે નાર. જી૦ ॥૪॥ ફરી ફરી જોયા તે સહુરે, તોહી ન લાધ્યો કંતો, એ માંહી નહીં મુજ ધણી રે, સાંભળે નૃપ ગુણવંતો, સાંભળ તું ગુણવંત નરેસર, ફરી ખબર કરો અલવેસર, પડહો વગાડયો બીજી વાર, રાણો કાણો મળ્યો તેવાર. જી૦ ॥૫॥ મહારાય મુજને મળીયો રે, હવે માહરો ભરતારો, રાજ અચરિજ પામ્યો રે, લહીએ પ્રમોદ અપારો, લહ્યો પ્રમોદ વિનોદ અપાર, એહ નગર સહુમાં સિરદાર, નર નારી સંખ્યા નહીં કાંય, પાટણપુર એહવો કહેવાય. જી૦ ॥૬॥ જે નગરે સહુ ફુટડાંરે, રૂપે દેવકુમારો, પ્રમદા જાણે પદ્મણી રે, અપછરને અનુમાનો, અપછરને અનુમાન બિરાજે, મૃગનયણી શશિવયણી છાજે, અણહિલિયાનું રાખ્યું નામ, વસ્યો અણહિલવાડો ગામ. જી૦ ॥૭॥ રાયે વિચારી એહવું રે, સંભાર્યા ગુરૂરાયો, સીલંગસૂરિ તેડાવીયા રે, વાંદી ગુરૂનાં પાયો, વાંદી ગુરૂ મનમાંહી વિચારી, રાજ દીધું મુજ એ ઉપગારી, ગુણ સંભાર્યા તેણે ભૂપાળ, વાર વાર ગુરૂ નમે ત્રિકાળ. જી૦ ॥૮॥ રાયે કરાવ્યો ખાંતસ્યું રે, પંચાસર પ્રાસાદો, કોરી અનુપમ કોરણી રે, વાજે ઘંટાના દો, વાજે ઘંટા ભેરી ન ફેરી, મૂરતિ પસજિનેશ્વર કેરી, થાપી મહિમા જાસ વિશાળ, કહી જિનહર્ષે એ આઠમી ઢાળ. જી૦ ॥૯॥

॥ દુહા ॥

સંવત આઠ બિડોતરે, પાટણ રચના કીધ;
પરહત્થ રાજ ગયો થકો, વરસ પચ્ચાસે લીધ. ॥૧॥
સાઠ વરસ વનરાજ નૃપ, પાળ્યું પુહવી રાજ;
જૈનધર્મ દીપાવીયો, કીધાં ઉત્તમ કાજ. ॥૨॥
સેવા ભક્તિ જિણંદની, કીધી અંગ ઉલ્લાસ;
સાધુ ભક્તિ ભલી કરી, સમકિત રાખી ખાસ. ॥૩॥
શ્રી જિન ધર્મ આરાધીને, પામ્યો સદ્‌ગતિ જેણ;
પાટણનો વનરાજ નૃપ, હુઓ ગુણની શ્રેણ. ॥૪॥

## ॥ ઢાળ નવમી ॥

નદી યમુનાકે તીર એ દેશી

તાસ પાટે યોગરાજ વળી પદવી લહી, તપ્યો વરસ પાંત્રીશ અરિ દમ્યા સહી; ક્ષેમરાજ મહારાજ હુઓ સુત તેહનો, તપ્યો વરસ પચ્ચીશ સુજસ જગ જેહનો. ॥૧॥ ભુવડ સબળ ભૂપાળ થયો તસ પાટવી, તપ્યો વરસ ગુણત્રીશ અકિરતિ વાટવી; તસ પાટે વૈરિસીંહ થયો પાટણ ધણી, રાજ કર્યું પચ્ચીશ વરસ કિરતી ઘણી. ॥૨॥ રત્નાદિત્ય થયો તસ પાટે અનુક્રમે, વર્ષ પન્નર નિજ રાજ મધ્યે રંગ રમે; સામતસીંહ આબિહ પાટે થયો તેહને, સાત વરસનો રાજભોગ થયો જેહને. ॥૩॥ સાત પાટ થયા વરસ એકસો છન્નુવે, તસ કુળે કોઇ પુત્ર પાછળ નવિ હુવે; ભાણેજે તે રાજ્ય લીધું હવે તે કહું, ભુવડ તણો સુત કરણરાય સુણજ્યો સહુ. ॥૪॥ ચંદ્રાદિત્ય તસ પાટ થયો ચિત્ત ગહગહ્યો, સોમાદિત્ય નૃપ તાસ પાટ પુણ્યે લહ્યો; તસ પાટે

ભુવનાદિત્ય રાય થયો સહી, તેહને પણ ત્રણ પુત્ર થયા મન ગહગહી. ॥૫॥ રાજકુમાર ને દંડક વળી અભિરામ એ, ત્રણ કુંવરના નામ ગુણે અભિરામ એ; રાજકુમાર જેઠો તે પરદેશે ભમે, દેવકેપાટણ જાઇ સોમેશ્વરને નમે. ॥૬॥ ઇશ્વર પૂજા કીધ તેણે વિલાસશું, નભ વાણી થઇ તામ વયણ ભાખે ઇશું; અણહીલવાડ પાટણ નગર અછે જિંહા, રાજકુમાર તું જાજે ઉમાહ ધરી તિંહા. ॥૭॥ સામંતસીંહની બહેન તે તુજને પરણશે' ઇશ્વરનું એ વચન અમોઘ સહી હુશે; રાજકુમાર તિંહાથી ચાલ્યો ઉતાવળો, આવ્યો પાટણ ધીર શરીર સુકોમળો. ॥૮॥ ઇણ અવસર પાટણનો રાય રયવાડીયે, અશ્વે ચડી રમવાને જાયે રયવાડિયે; હંસગતિ રેવંત ચલત સોહામણો, વહે રાજા તાસ તુરીને તાજણો. ॥૯॥ હાય હાય એમ વાણી કુમાર મુખ ઉચરી, પુછે સામંતસીંહ અશ્વ રાખી કરી; હાય હાય તું કાંઇ શબ્દ એહવો ભણે, નવમી થઈ જિનહર્ષ ઢાળ ઇણે અવસરે. ॥૧૦॥

॥ દુહા ॥

રાજકુમાર કહે નૃપ સુણો, માહરી સુંદર વાત;
બગડી પણ સુધરે સહી, સંગતથી એ વાત. ॥૧॥

શસ્ત્ર શાસ્ત્ર વાણી તુરી, વીણા નરપતિ નાર;
પુરૂષ વિશેષ લહી કરી, યોગ્યાયોગ્ય વિચાર. ॥૨॥

રાજન તું મતિવંત નર, હય ચાલે શુભ ચાલ;
ગીણવંતા ગુણવંતને, ચાબુક ઘાવ ન ઘાલ. ॥૩॥

રાજા તસ વયણા સુણી, જાણ્યું એ બુદ્ધિવંત;
રાજકુમાર કોઇક છે, કારણ કીણહી ભમંત. ॥૪॥

અશ્વ ગતિ જાણે કિશું, જો પામર નર હોય;
પણ એ કોઈ રાજવી, અવર ન બીજો હોય. ॥૫॥

## ॥ ઢાળ દશમી ॥

હવે રાણી પદ્માવતી એ...દેશી.

દેખી બુદ્ધિ બળ લવણિમા, દેખી રૂપ ઉદાર; નિજ ભગિની લીંલાવતી, પરણાવી તેણિ વાર. ॥૧॥ જોજો રે એ ગતિ કર્મની, ટાળી ન ટળાય; સુખ દુઃખ પ્રાણી ભોગવે, તે તો કર્મ પસાય. ॥૨॥ રાજકુમાર લીલાવતી, વિલસે સુખભોગ; ઉદરે બાળક ઉપન્યો, રાણીને થયો રોગ. ॥૩॥ મરણ પામી તે રોગથી, કાઢયો પેટ વિદાર; બાળક દીઠો જીવતો, કીધી તેહની સાર. ॥૪॥ રાજકુમાર દુઃખ પામીયો, રાણી મરણ વિયોગ; નિશિ દિન ઝૂરે દુઃખે કરી, જુવો કર્મ સંયોગ. ॥૫॥ યતઃ ॥ કુવેશે ઘર ભંજણો, બૂઢાપણે અનાથ; દહે બાપડી ભૂમડી, ગઈ પિયારે હાથ. ॥૧॥ ઢાળ પૂર્વની ॥ મૂળ નક્ષત્રે જનમીયો, નામે મૂળરાજ; વાધે બીજનાં ચાંદજ્યું, આવ્યો યૌવન સાજ. ॥૬॥ મદમાતા ભાણેજને, માઉલે રાજ દીધ; ગતમદ ચેત લહ્યો વળી, પાછું તેણે લીધ. ॥૭॥ ખીજ્યો કુમાર મામા પ્રત્યે, કરે મારણ દાવ; અવસર પામી દીધો ખડગનો ઘાવ. ॥૮॥ નિજ શિર છત્ર ધરાવિયું, લીધું મામાનું રાજ; ગુણ ઉપર અવગુણ કર્યો, આણી કુળને લાજ. ॥૯॥ યતઃ ॥ ભગિનીસુત મૂરખ નૃપતિ, મદપાની જામાત; વિસહર

વાધ ન જાનહી, ગુણ કીધો એ સાત. ॥૧॥
ઢાળ પૂર્વની ॥ સંવત નવ અઠાણુએ, બેઠો મૂળરાય; ચામુંડરાય તેહને થયો, તેર વરસ દીપાય. ॥૧૦॥ તસ પાટે વલ્લભ થયો, રાજ પાળ્યું છ માસ; દુલ્લભ વરસ અગ્યારને, ઉપર ખટમાસ. ॥૧૧॥ ભીમદેવ થયો તેહને, વર્ષ બેતાલીશ; નીજ કુળમાં દીપક થયો, પાળ્યું રાજ્ય જગીશ. ॥૧૨॥ બે રાણી ભીમરાયને, વીકલદે નામ; ઉદયમતી બીજી સતી, રૂપે અભિરામ. ॥૧૩॥ સુત વિકલદેવી તણો, નામે ખીમરાજ; કરણ બીજી રાણી તણો, અધિકી જસ લાજ. ॥૧૪॥ ઉદયમતી ભીમરાયને, વ્હાલી જીવ સમાન; તેહના સુતને તે કારણે, દીધું રાજ પ્રધાન. ॥૧૫॥ કરણ પ્રતાપી આકરો, પરજા પ્રતિપાળ; કહે જિનહર્ષ પુરી થઇ, દશમી એ ઢાળ. ॥૧૬॥

॥ દુહા ॥

કરણરાય પટરાગિણી, મીણલ સુત જેસંગ;
કેમ પરણ્યો સુત કેમ થયો, સુણજ્યો કથા સુરંગ. ॥૧॥
કિણ રાજાની દીકરી, કેમ પામ્યો સન્માન;
કેણી પરે જનમ્યો દીકરો, સાંભળજ્યો ધરી ધ્યાન. ॥૨॥

## ॥ ઢાલ અગીયારમી ॥

તોરણથી રથ ફેરીયો રે હાં...એ દેશી.

દેશ વિદેશ સોહામણો રે લાલ, કર્ણાટક વિખ્યાત મેરે સાજના; રાજ્ય કરે જયકેસરી રે લાલ, મીણલ પુત્રી તાસ. મેરે૦ ॥૧॥ જેસંગની સુણજ્યો કથા રે લાલ, નામ થયું સિદ્ધરાજ મેરે૦; તે પણ કહીશું

આગળે રે લાલ, સુણતાં સહુને સુહાય. મેરે૦ ॥૨॥ મીણલ યૌવન વય થઈ રે લાલ, પિતા જુવે તસ નાહ મે૦; કરણરાયશું મેળવ્યો રે લાલ, મીણલનો વિવાહ. મે૦ જે૦ ॥૩॥ બીજો વર ન કરી શકે રે લાલ, કરણ દીયે અપમાન મે૦; મીણલ રૂપ ન પામીયો રે લાલ, રૂપ વિના નહિ માન. મે૦ જે૦ ॥૪॥ રાયે તેહને અવગણી રે લાલ, વાત ન લાવે મુખ મે૦; પતિ અપમાની કામિની રે લાલ, હૈડે સાલે દુઃખ. મે૦ જે૦ ॥૫॥ કાષ્ટ ભક્ષણ કરશું સહી રે લાલ, મીણલે કીધો વિચાર મે૦; આઠ સખી પણ તેહની રે લાલ, બળવા થઈ તૈયાર. મે૦ જે૦ ॥૬॥ વાત સુણી મીણલ તણી રે લાલ, રાય કરણની માય મે૦; પુત્ર વચન માનો સહી રે લાલ, અપયશ વાત સુણાય. મે૦ જે૦ ॥૭॥ કુંવરી કાઠે ચડી રે લાલ, મીણલ તાહરે કાજ મે૦; જગમાં પડહો વાગશે રે લાલ, ક્ષત્રીય કુળને લાજ. મે૦ જે૦ ॥૮॥ આપણે જેહને આદરી રે લાલ, મુંકીજે કેમ તેહ મે૦; ભૂંડી પણ પોતાતણી રે લાલ, છટકી ન દીજે છેહ. મે૦ જે૦ ॥૯॥ પરણો પુત્ર મ પાંતરો રે લાલ, રાખો રજવટ રીત મે૦; જાણો તેમ કરજો પછી રે લાલ, ધરજ્યો પ્રીત અપ્રીત. મે૦ જે૦ ॥૧૦॥ વારંવાર માડી કહે રે લાલ, પરણ્યો કરણ સુભૂપ મે૦; મીણલ શીલવતી સતી રે લાલ, સકળ કળા નહિ રૂપ. મે૦ જે૦ ॥૧૧॥ રાયે ન માની તે ભણી રે લાલ, મીણલ દુઃખ ન માય મે૦; ભોજન આભરણ છે ભલાં રે લાલ, કંત વિના ન સુહાય. મે૦ જે૦ ॥૧૨॥ માત પિતા બંધવ સહુ રે લાલ. પરિજન

ને પરિવાર મે૦; એહનું સુખ શા કામનું રે લાલ, જો નહી સુખ ભરતાર. મે૦ જો૦ ॥૧૩॥ કંતે માની તે કામિની રે લાલ, તેહ સોહાગણ નાર મે૦; કંત ન માને જેહને રે લાલ, ધિગ ધિગ તસ અવતાર. મે૦ જો૦ ॥૧૪॥ પુરૂષને નારી ઘણી રે લાલ, નારીને નર એક મે૦; કહે જિનહર્ષ અગ્યારમી રે લાલ, ઢાળ થઈ સુવિવેક. મે૦ જો૦ ॥૧૫॥

॥ દુહા ॥

પીયુડે મુજને પરિહરી, અહનિશ દુઃખમાં જાય;
મંત્રી આગળ તે કહ્યું, હવે દુઃખ સહ્યું ન જાય. ॥૧॥
મંત્રી કહે માતા સુણો, ચિંતા ન કરો કાંય;
પુણ્યે સહુ થાશે ભલું, પુણ્યે કષ્ટ પલાય. ॥૨॥
પુણ્યે મનવંછિત મળે, પુણ્યે ભોગ સંયોગ;
પુણ્યે ભાગે આપદા, પુણ્યે દેહ નીરોગ. ॥૩॥
પુણ્યે માને મહીપતિ, પુણ્યે માને કંત;
પુણ્યે તાહરા માતજી, ભાંગી જાશે ચિંત. ॥૪॥

## ॥ ઢાળ બારમી ॥

શ્રી પાસજી પ્રગટ પ્રભાવી...એ દેશી.

કિણહિક અવસર નાટંગી, જાણે ચિત્ર લખી ઝીણંગી હો, મહારાય મંદિર આવી, કર લેઈ વીણા વજાવી હો મહા૦; જાણે અપછરને અનુહારી, બ્રહ્મા નિજ હાથ સમારી હો૦ મ૦ ॥૧॥ મુખ અનુપમ રાગ આલાપે, કામીનાં હૈડાં કાપે હો મ૦; મુનિજનનાં ધ્યાન ચુકાવે, સુરપતિને પણ રિઝાવે હો૦ મ૦

॥૨॥ રાજા રંજ્યો તેણે રાગે, લીનો નાટકડી આગે હો મ૦; રાય કરણ તણું ચિત્ત ફરીયું, નટડીમાં દીલડું ઠરીયું હો૦ મ૦ ॥૩॥ એક કંઠ અને વળી નારી, સાપણ ને પંખ સમારી હો મ૦; નૃપ આકુળ વ્યાકુળ થાય, નટડી વિણ રહ્યું ન જાય હો૦ મ૦ ॥૪॥ મંત્રી તેડી એમ ભાખે, નટડી મુકો મુજ પાસે હો મ૦; તેહશું મુજ મનડો લાગ્યો, દુઃખ મારૂં એ તમે ભાંગો હો૦ મ૦ ॥૫॥ મંત્રી મનમાંહે વિચારે, રાજા પડયો નટવી લારે હો મ૦; નીચી જાતે નાટકણી, ઉત્તમની એ નહી કરણી હો૦ મ૦ ॥૬॥ મંત્રીએ મીણલ સંભારી, ભૂષણ વસ્ત્રે શણગારી હો મ૦; રાણીને બોલ શીખાવી, રાજા પાસે મોકલાવી હો૦ મ૦ ॥૭॥ નીંદ આવે સેજ ન ધારે, અર્થી નવિ દોષ વિચારે હો મ૦; ભુખ્યો નર શાક ન ઈચ્છે, કામી નર જાત ન પુછે હો૦ મ૦ ॥૮॥ પુછયું નહી કુણ છે જાત, ભોગવી તે તેણી રાતે હો મ૦; મીણલે કર મુદ્રડી માગી, રાય દીયે થઇ અનુરાગી હો૦ મ૦ ॥૯॥ થયો પ્રાતઃ સમય સુખદાઇ, મીણલ નીજ મંદિર આઇ હો મ૦; ચિંતાતુર મન થયો રાજા, લાગ્યા મુજ પાતક જાજા હો૦ મ૦ ॥૧૦॥ એ અકુ-લીણી હું સુધો, કાગડીશું હંસ વિલુધો હો મ૦; ભુંડણશું મૃગપતિ રમીયો, નિજ વંશ મહાતમ ગમી-યો હો૦ મ૦ ॥૧૧॥ ફાંસો લઉં કે વિષ ખાઉં, કે કુવામાં ઝંપલાવું હો ? મ૦; મનમાં એમ રાય વિચારે, જિનહર્ષ ઢાળ થઇ બાર હો૦ મ૦ ॥૧૨॥

॥ દુહા ॥

પસ્તાવો વરપતિ કરે, અન્નપાણીનો ત્યાગ;
મંત્રી તેડી એમ કહે, પાપી હણવા લાગ. ॥૧॥

રે મૂરખ! તેં માહરો, કીધો લુણ હરામ;
મૂઢ હુઓ હું કામવશ, તેં વાર્યો નહીં તામ. ॥૨॥

મંત્રી કહે કરજોડીને, રીસ ન કરજો તાત;
મીણલ જે છાંડી તમે, તે આવી છે રાત. ॥૩॥

એહ વચન નૃપ સાંભળી, હરખ્યો ચિત્ત મઝાર;
ભૂષણ વસ્ત્રાદિક દિયાં, વાધ્યો માન અપાર. ॥૪॥

રાયે પ્રધાન પ્રસંશીયો, માગ્યું નિજ નિશાન;
આણી આપી મુદ્રડી, ખુશી થયો રાજન. ॥૫॥

## ॥ ઢાળ તેરમી ॥

મનડું તે મોહ્યું મુનિવર માહરૂં રે...એ દેશી.

કામણ કીધું સોકલડી મળી રે, રાણી મીણલ કેરે કાજ રે; નવ માસ પુરા પ્રસવ થાયે નહી રે, વાગે વાગે દેશમાંહે અવાજ રે. કા૦ ॥૧॥ બાર વરસ એમ ઉદર રહ્યો રે, વાધે વાધે પેટ માંહે બાળ રે; વેદના વ્યાપે મીણલ નારને રે, દોહિલી અગનની ઝાળ રે. કા૦ ॥૨॥ તેણે દુઃખેરે કાષ્ટ ભક્ષણ કરે રે, વિષ હલાહલ ખાય રે; ફાંસો ખાઇને પ્રાણ તજું સહી રે, માંડયા મરણ ઉપાય રે. કા૦ ॥૩॥ મંત્રવાદી નર તેડયા ગારૂડી રે, તેડયા તંત્ર યંત્ર જાણ રે; ભેદ અંદરનો કોઇ લહે નહી રે, વેદના થઈ અપ્રમાણ રે. કા૦ ॥૪॥ રાય કહે ચલો રાણી દ્વારિકા રે, મરણ

ભલું તેણે ઠામરે; મીણલ ચાલીરે નૃપ વચન કરી રે, આવી આવી કારેલી ગામ રે. કા૦ ॥૫॥ બુદ્ધિસુંદર નામે યોગી મળ્યો રે, કાગળ લખાવ્યો તેણિ વાર રે; કરણરાજાને જઇ કહેજ્યો ઇશ્યું રે, મીણલે જણ્યો છે કુમાર રે. કા૦ ॥૬॥ કાગળીયો લઇ પાટણના રાયને રે, પહોંચાડયો હાથો હાથ રે; કાગળ વાંચીને રાજા હરખીયો રે, નવનિધિ પામ્યો અવિચળ આથ રે. કા૦ ॥૭॥ વાત સકળ પુરમાં વિસ્તરી રે, તોરણ બાંધ્યા ઘર ઘર બાર રે; શોકલડી જોવે કામણ કાઢીને રે, પુત્ર જાયો તેણીવાર રે. કા૦ ॥૮॥ ત્યારે વધાઇ દીધી સાચી રાયને રે, રાય ઘરે થયો જયજયકાર રે; શોકયોના મુખ થયા કાળાં સાંભળી રે, દુર્જન થયા સહુ અઇસ્વાર રે. કા૦ ॥૯॥ ઘર તેડાવી મીણલ કામિની રે, નયણે દીઠો પુત્ર સુરંગ રે; નૃપતિએ કીધાં ઓચ્છવ અતિ ઘણાં રે, નામ પાડયું જેસંગ રે. કા૦ ॥૧૦॥ નૃપસુત વાધે રૂપ કળા ગુણે રે, પૂરે મનોરથ માય રે; ઢાળ થઇ રે એ તો તેરમી રે, કહે જિનહર્ષ સુહાય રે. કા૦ ॥૧૧॥

॥ દુહા ॥

કરણનૃપ અન્યાય તજી, પાળે રાજ્ય અખંડ;<br>
સાત કૂડા દુરે કર્યા, જાસ પ્રતાપ પ્રચંડ. ॥૧॥

ડંડા ડાંડ ડુંબિજીકે, ડર દૂર કિયો ડંભ;<br>
કાઢયા ડાકણ ડાકલા, થાપ્યો કિરતી થંભ. ॥૨॥

ઓગણત્રીશ વરસા લગે, પાળ્યું જેણે સુરાજ;<br>
મરણ રાય કરણે લહ્યો, કીધાં જેણે નિજ કાજ. ॥૩॥

પાટ ઠવ્યો જેસંગદે, સર્વ મળીને તામ;
વર ગૂજ્જર ધર ભોગવે, સિદ્ધ ધરાવી નામ. ॥૪॥

## ॥ ઢાળ ચૌદમી ॥

રૂષભ જિણંદ રંગે નમી રે-એ દેશી.

તે અવસરે વિપ્ર પાટણી, રે તીરથ કરવા જાય; હીમાળે ચડિયો જઈ રે, તીર્થ ભુમી ફરસાય. સજ્જન સહુ સુણજો અચરિજ વાત, સુણતાં અધિક સુહાય. સ૦ એ તો મોટાનાં અવદાત. સ૦ ॥૧॥ અચલનાથ જોગી તિંહા રે, સિદ્ધ બુદ્ધ જોગણી સાથ; તે દીઠો તિહાં બ્રાહ્મણે રે, વાંદ્યા ચરણ સનાથ. સ૦ ॥૨॥ તે જોગીએ બોલાવીયો રે, કિહાંથી આવ્યા તમે વિપ્ર; કર જોડી આગળ રહી રે, બોલ્યો વાડવ ક્ષિપ્ર. સ૦ ॥૩॥ પાટણ સિદ્ધ જેસંગદે રે, ત્યાંથી હું આવ્યો જોઇ; સિદ્ધ નામ શ્રવણે સુણી રે, ખીજિ જોગણી દોય. સ૦ ॥૪॥ બિરૂદ ધરાવે સિદ્ધનું રે, જોઇએ જઈને તેહ; કદલીપત્ર બેસી કરી રે, અધર ઉડી આવેહ. સ૦ ॥૫॥ સિદ્ધરાય પાટણ ધણી રે, બેઠો છે દરબાર; આવી તિહાં તે જોગણી રે, દીઠી રાયે તે વાર. સ૦ ॥૬॥ જોગણીએ બોલાવીયો રે, સિદ્ધ ધરાવે નામ; સિદ્ધિ દેખણ તાહરી રે, અમે આવી એણે ઠામ. સ૦ ॥૭॥ આકાશે અહનિશિ ભમે રે, જાસ ન દેખે કોઈ; અષ્ટ સિદ્ધિ આગળ રહે રે, સિદ્ધ કહાવે તેહ. સ૦ ॥૮॥ રાજા ચિંતાતુર થયો રે, શ્યો ઉત્તર દઉં આજ; શૂર સુભટ મુજ છે ઘણા રે, તે ખાવાને કાજ. સ૦ ॥૯॥ ઉત્તર આપે એહને રે, તેવો ન દીસે કોય;

મધુર વચન રાજા કહે રે, સુણો યોગણુ હોય. સ૦ ॥૧૦॥ ભૂમિ ધણી ઓલંઘી તમે રે, આજ રહો સુખવાસ; કાલે ઉત્તર આપશું રે, પણ મનમાંહિ ઉદાસ. સ૦ ॥૧૧॥ શૂર સુભટ મન ચિંતવે રે, હા ના કહી નવ જાય; કેમ જીતાએ જોગણી રે ?, નામ ખરૂં કેમ થાય. સ૦ ॥૧૨॥ ઇણ અવસર પૂરમાં વસે રે, સાકરીઓ હરપાળ; સજ્જન સુત છે તેહને રે, સુંદર ને સુકુમાળ. સ૦ ॥૧૩॥ સજ્જન પૂછે તાતને રે, નૃપ ચિંતા કેમ જાય ?; કહે હરપાળ આગળ હતો રે, કરણ સબળ મહારાય. સ૦ ॥૧૪॥ તે વારે કૌતક થયા રે, મેં વાર્યા છે તાસ; ઇંહા છે બુદ્ધે જીતવું રે, તે તો નહીં કોઈ પાસ. સ૦ ॥૧૫॥ બુદ્ધિએ કારજ નિપજે રે, બળથી ન થાયે તેહ; ઢાળ થઇ એ ચૌદમી રે, કહે જિનહર્ષ સનેહ. સ૦ ॥૧૬॥

॥ દુહા ॥

નૃપ નાનો જેસંઘ, ગરઢો ન પોસાય;
નિજ સરખા તેહને ગમે, તિંહા બોલ્યું ન સુહાય. ॥૧॥
બાપ બેઠો વાતો કરે, મંત્રી નિસુણી વાત;
રાજ આગળ જઈ કહ્યો, તાસ કથન અવદાત. ॥૨॥
તેડી લાવો નૃપ કહે, જેમ તેમ કરી હરપાળ;
મંત્રી પહોંચ્યો તસ ઘરે, બોલાવ્યો તતકાળ. ॥૩॥
રાય બોલાવે શેઠજી, સાકરીયો કહે તામ;
મહારાજા જેસંગને, મુજથી શું છે કામ ? ॥૪॥
હું તો હવે ગરઢો થયો, બોલી પણ ન શકાય;
નાક ચુવે લાળો પડે, કામ ન એકે થાય. ॥૫॥

ડીલ ગળ્યો મસ્તક પળ્યો, કાને બહેરો અપંગ;
કડ ભાંગી આવી જરા, દુઃખે આખું અંગ. ॥૬॥

તે માટે તુજને કહું, હું ગરઢો નૃપ બાળ;
અણગમતાશું ગોઠડી, ગુણ થાયે વિસરાળ. ॥૭॥

## ॥ ઢાળ ૧૫ મી ॥

રાજા નહી નમે—એ દેશી

તેહ ભણી તમે કહેજો જાઈ, મુજથી ગરજ સરે નહિં કાંઇ, રાજાને કહો; એ માહરી અરદાસ, રાજાને કહો, મંત્રી કહે સાંભળો હરપાળ, હઠે ચડે તે તો કહેવાયે બાળ. રા૦ ॥૧॥ રાજા તસ્કર મૃગપતિ સાંપ, બાળક કવિ છંછેડયા સંતાપ રા૦; શસ્ત્ર પાણીનો કિશ્યો વિશ્વાસ, સાતે રૂઠયાં કરે વિનાશ. રા૦ ॥૨॥ શિખામણ શી દઉં હરપાળ, તું બુદ્ધિસાગર હું તો બાળ રા૦; વાંકી વસમી ટાળણહાર, ચાલો શેઠ ન લાવો વાર. રા૦ ॥૩॥ વયણ ઈશાં સાંભળીને શાહ, શ્રી જિન પૂજ્યા અધિક ઉત્સાહ રા૦; ભોજન ભક્તિ મંત્રીની કીધ, પાન સોપારી બીડા દીધ. રા૦ ॥૪॥ લેઈ હરપાળ આવ્યો મંત્રીશ, હરખ્યો જેસંગદે અવનીશ રા૦; શીશ નમાવી બેઠો પાસ, કાકો કહી બોલાવ્યો તાસ. રા૦ ॥૫॥ મુખ મલકે બોલ્યો હરપાળ, કામે કાકો કહે ભૂપાળ રા૦; રાખી તારી સબળી લાજ, જાણ્યું મેં છે કોઈક કાજ. રા૦ ॥૬॥ યતઃ ॥ સાતે સાયર હું ભમ્યો, જંબૂદ્વીપ પઇટ્ઠ; કામ વિહુણી પ્રીતડી, કરતો કોઇ ન દીઠ. ॥૧॥ સ્વારથ સહુને વલ્લહો, પર વલ્લહ નહી કોય; વછ ધેનુને

૧ રિહરે, જો થણ દુધ ન હોય. ॥૨॥ ઢાળ પૂર્વની. ॥
જેસંગ કહે સાંભળ તું શેઠ, સહુ બુદ્ધિવંતા તાહરી હેઠ રા૦; કારજ તુજથી થાયે જેહ, મુજ થકી નવિ થાયે તેહ. રા૦ ॥૭॥ તુજથી લાજ રહે મુજ આજ, તુજ વિણ કોઇ ન સીઝે કાજ રા.; યોગણી પૂછે તાસ જવાબ, તુમથી થાયે તેહ સતાબ. રા૦ ॥૮॥ બોલ્યો સાકરીયો સીરતાજ, ન કરો ચિંતા કાંઇ મહારાજ રા૦; ચંદ્રહાસ દેવરાવો લોહ, મૂંઠ કરાવો અધિકી સોહ. રા૦ ॥૯॥ સાકરની કરશું તરવાર, લાવો સભામાંહે જેણી વાર રા.; હું કહું તવ ખાજ્યો તેહ, કપટ વિદ્યાના અવસર એહ. રા૦ ॥૧૦॥ આઠ દિવસની અવાધ દીધ, ઘરે આવી સહુ કારજ કીધ રા૦; અન્ય પુરૂષ હાથે હથીયાર, દેઈ શીખાવ્યો સહુ વિચાર. રા૦ ॥૧૧॥ રાજ સભા આવ્યો હરપાળ, બેઠી યોગણી સભા વિચાલ રા૦; જોવા લોક મળ્યા તે તાલ, સાકરીયો બોલ્યો તતકાળ. રા૦ ॥૧૨॥ કળા દેખાડો મોટા રાય, જેમ જોગણ નિજ થાનક જાય રા૦; સિદ્ધિ બુદ્ધિ જેમ થાય ખુશાલ, લોક મળ્યા સહુ દેખે ખ્યાલ. રા૦ ॥૧૩॥ સિદ્ધ નામ તાહરૂં તો સાચ, જો યોગણી કહે નિજ મુખ વાચ રા૦; પૂરી થઈ પનરમી ઢાળ, હરખીત ચિત્ત જિનહર્ષ ભૂપાળ. રા૦ ॥૧૪॥

॥ દુહા ॥

સિદ્ધરાય બોલ્યો તિંહા, કળા અનેક કહાય;
કુણ સિદ્ધિ દેખાડીયે, જે આવે તુમ દાય. ॥૧॥
સાકરીયો હરપાળ હવે, બહુ પરે બોલ્યો ત્રાડ;
લોહ ભક્ષણ વિદ્યા પ્રભુ, અણદીઠી દેખાડ. ॥૨॥

લોહ અણાવો નૃપ કહે, પુરૂં તુમારા કોડ;
એક સુભટ આવ્યો તિંહા, બોલ્યો બે કર જોડ. ॥૩॥

કલ્યાણકટકપુરનો ધણી, રાજા પદ્મ પરમાર;
ગજ ઘોડા તરવાર એ, ભેટ મોકલી છે સાર. ॥૪॥

## ॥ ઢાળ ૧૬ મી ॥

મારૂં મન મોહ્યું રે શ્રી સિદ્ધાચલે રે –એ દેશી. ॥

બુદ્ધિ બળે જીપે સહુને વાણીયારે, કરે પુણ્યના પણ કામ; વણિક વિહુણો રાજ્ય ન ચાલે સર્વથા રે, જોઇ રાવણનું રાજ. બુ૦ ॥૧॥ રાય સભામાં બેઠો તિંહા તે અવસરે રે, હાથે ગ્રહી તરવાર; ચંદ્રહાસ એ ખડગ પ્રશંસે રાજવીરે, જોવે વારોવાર. બુ૦ ॥૨॥ શું વખાણે રાજન એહ ખડગ ભણીરે?, કૌતુક કોઈ દેખાડ; લોહ અણાવો રાય કહે હરપાળને રે, એ તરવાર સંભાળ. બુ૦ ॥૩॥ ઝળહળતી કાઢી રાય ભક્ષણ કરે રે, સાકરીયો તવ ઉઠ; સાકરની પેઠે સઘળી ચાવી ગયો રે, જઇ ઝાલી તવ મુંઠ. બુ૦ ॥૪॥ સિદ્ધિ બુદ્ધિને મુંઠ સમર્પી રાયજીરે, હવે એટલી એ ખાય; અચરિજ જોવે લોક સહુ પર્ષદ તણારે, કહે એહવું તવ રાય. બુ૦ ॥૫॥ મેં બોટી એ મુંઠ ન આપું એહને રે, જોગણી એહ વિચિત્ર; કહે હરપાળ અશુચી ન લાગે લોહને રે, લોહ સદાય પવિત્ર. બુ૦ ॥૬॥ તો પણ નીરે પખાળી આપો એહને રે, કરે શુચિ હાથે દીધ; ખાઓ કે માન તજી નૃપતિ પાએ પડો રે, કહો જેસંગદે સિદ્ધ. બુ૦ ॥૭॥ હવે વિચારે મનમાં એણી પરે યોગણી રે, કેણી પરે લોહ ચવાય ?; એ આગળ અમે હારી

સહુયે દેખતાં રે, સિદ્ધ કહાવે ન્યાય. બુ૦ ॥૮॥ જેસંગ નૃપને પાયે લાગી યોગણી રે. સિદ્ધ ખરૂં તુજ નામ; તું સિદ્ધરાજ પ્રતાપ અધિક કહે યોગણીરે, પહોંચી આપણે ઠામ. બુ૦ ॥૯॥ નગરશેઠ થાપ્યો હરપાલને રે, હરખ્યો જેસંગ રાય; હય ગય પાયક લાયક લેઇ ચલ્યો રે, ધારા નગરમાં જાય. બુ૦ ॥૧૦॥ માલવપતિ જેણે નરહર રાજા બાંધીયો રે, આણ મનાવી રે તાસ; મદનભ્રમ નૃપ મોહ ત્રંબક પાટણ ધણી રે, તે પણ કીધા રે દાસ. બુ૦ ॥૧૧॥ જેસંગદે વશ કીધા વયરી રાજીયા રે, ભરીયા દ્રવ્ય ભંડાર; સાજણદે પ્રધાન મળ્યો તે પુણ્યથી રે, સુણજો તાસ વિચાર. બુ૦ ॥૧૨॥ ઉંદિરા ગામ તિહાં સાજણદે શેઠિયો રે, કર્મે નિરધન થાય; પેટ ભરાઇ પણ થાએ અતિ દોહિલી રે, દુઃખ માંહિ દિન જાય. બુ૦ ॥૧૩॥ ભુખના દુઃખે દુઃખ થાયે તે દોહીલા રે, દોહિલા નાનેરા બાળ; કહે જિનહર્ષ થઇ એ પુરી સોળમી રે, એણે અધિકારે એ ઢાળ. બુ૦ ॥૧૪॥

॥ દુહા ॥

તેહને કહે કુળદેવતા, સાજણ સાંભળ વાત;
પ્રભુતા પામીશ તું ઘણી, ઇહાંથી જા ખંભાત. ॥૧॥
સુર વાણી સુણી ચાલીયો, ગયો સકરપુર ગામ;
ભાવસાર રંગી ઘરે, ભાડું દઈ રહ્યો તામ. ॥૨॥
તેહને ઘરે રહેતાં થકાં, કેટલા એક દીન જાય;
ઘર ભુંઇથી ધન પામીયો, પુણ્ય યોગ જબ થાય. ॥૩॥
સાજણદે ધન દેખીને, ચિંતે મનમાં તામ;
આ ધન નહીં મુજ ભાગ્યનું, માહરે નહીં કાંઇ કામ. ॥૪॥

મુંકી રંગારી આગળે, કનક કડાઈ તેહ;
રંગારી કહે સુણ શેઠજી, તું ઉત્તમ ગુણ ગેહ. ॥૫॥

## ॥ ઢાળ ૧૭ મી ॥

મારૂં મારૂં મમ કર જીવ તું- એ દેશી. ॥

શેઠ! સુણો મુજ વિનતી, દેવે દિયા તુજ એહ રે; એ ધન તાહરા ભાગ્યનું, ભોગવ તું સસનેહ રે. શે૦ ॥૧॥ એહ થાનક મેં પૂરવે, વાર ખણ્યું એકવીશ રે; તોહી મળ્યું નહી મુજને, એહની કેહી જગીશરે. શે૦ ॥૨॥ નિર્ધન ધન દેખી કરી, ભુખ્યા ભોજન પામીરે; વશ રાખી નિજ મન ભણી, તેહ મોટા જગ નામીરે. શે૦ ॥૩॥ કનક કઢાઈ લેઇ કરી, જેસંગદે નૃપ પાસરે; જઈ શેઠે આગળ ધરી, સહુ વૃત્તાંત પ્રકાસે રે. શે૦॥૪॥ વ્યવહાર શુદ્ધ શ્રાવક ભણી, કલ્પે નહીં એહ દામરે; એહ ધનનો રાજા ધણી, ખુશી થયો નૃપ તામ રે. શે. ॥૫॥ ધન્ય ધન્ય એહના સત્વને, રાય કરે ગુણગ્રામ રે; ગુણસાયર જાણી કરી, મંત્રી થાપ્યો તામ રે. શે૦ ॥૬॥ દેશ દીધો સોરઠ તણો, મયા કરી મહારાય રે; બાર વરસ ભુંઈ ભોગવી, ઝાઝો માલ ઉપાય રે. શે૦ ॥૭॥ નૃપ ધન નિજ હાથે કર્યો, સાડી બારહ કોડ રે; સાતે ક્ષેત્રે વાપરે, ખરચે હોડાહોડ રે. શે૦ ॥૮॥ એક દિન ગીરનારે ચડયો, નેમિ જિણંદ જુહાર્યા રે; ભાવ ભગતિ જુગતિ ભલી, પૂજીને પાપ નિવાર્યા રે. શે૦ ॥૯॥ ચૈત્ય પડયા દીઠા તિહાં, મનમાં થયો વિષાદ રે; ધિગ ધિગ મુજ જીવીત ભણી, જો ન કરાવું પ્રાસાદ

રે. શે૦ ॥૧૦॥ જિર્ણોદ્ધાર કરાવતાં, આઠ ગુણુ પુણ્ય થાય રે; ધન ખરચું ઈંહા નૃપ તણું, એહી જ લાભ ઉપાય રે. શે૦ ॥૧૧॥ થાનારૂં તે થાયશે, પુણ્યથી વિઘન પલાય રે; પુણ્ય થકી થાશે ભલું, પુણ્યથી પાપ ઠેલાય રે. શે૦ ॥૧૨॥ શ્રી જિન ગૃહ પાષાણમાં, તુરત કરાવ્યો તામ રે; દંડ કલશ તોરણ ધજા, અતિ ઉંચો અભિરામ રે. શે૦ ॥૧૩॥ ચલકે સૂરજની પરે, મેરૂ શિખર અવતાર રે; ઈંદ્ર ભવનની ઉપમા, નહીં ત્રણ ભુવન મોઝાર રે. શે૦ ॥૧૪॥ ચિંહુ ગતિ ભ્રમણ નિવારવા, ઇસ્યો ભવન નિપજાવ્યો રે; લાખ ગમે ધન ખરચીયું, મનમાં નૃપ ભય આવ્યો રે. શે૦ ॥૧૫॥ પર દ્રવ્યે નિપજાવીયો, શ્રી જિનભવન રસાળ રે; એમ જિનહર્ષ વિચારીયું, મંત્રી સત્તરમી ઢાળ રે. શે૦ ॥૧૬॥

॥ દુહા ॥

સાજણદે મુહુતે (મંત્રીએ) કર્યું, તે ન કરે કોઇ કામ;
જિનમંદિર નિપજાવીને, રાખ્યું અવિચળ નામ. ॥૧॥
રાજા લેખું પુછશે, દેઇશ કિશ્યો જવાબ;
પ્રથમ વિચારી રાખીયે, તો ન હુવે સંતાપ. ॥૨॥
એણ વિચારી આવિયો, જીંહા વણથળી ગામ;
તિંહા વડા વ્યવહારીયા, સહુ મેળ્યા તેણે ઠામ. ॥૩॥

## ॥ ઢાળ ૧૮ મી ॥

ઉલાળાની દેશી.

મળ્યા સબળ મહાજન સહુ, કરમી રે ધરમી પુન્યને કામ, શીવજી સુંદર સોમજી, રવજી રે નરહર

શ્રાવક શામ, એ ચાલ. ।। સાખી. સામજી ગણુપતિ ગોવિંદ. ગાંગજી ગોપાળ એ; શ્રીપાળને ને તેજપાળ સૂરો, પ્રેમજી પુણ્યપાળ એ, રતનજી રણમલ્લ રાણા, રામજી રણધીર એ, ધન્નો ને ધનસાર ધનજી, હરો હાપો હીર એ, મેઘજીને માવજી વળી, મદન મથુરદાસ એ, નરસિંહ નારદ નાનજી, નરપાળ ને હરદાસ એ, વાઘજી વરસિંહ વીરો, વિમળસી વર્ધમાન એ, કમળશી ને કૃષ્ન કેશવ, દેવજી દીલ દાન એ, જયચંદ જીવો અમર અમિયો, દેવીજી દેવચંદ એ, ખીમજી ભલો ભીમજી, દેવરાજ ને આણંદ એ, વશરામ મંગળ માલજી વળી, અવર સહુ તેડાવીયા, પુન્ય કાજે ધરીય ઉલટ, અંગ રંગે આવીયા, મંત્રીશ બોલ્યો શ્રાવકો તમે, સાંભળો મુજ વાત એ, કર્યું છે કામ પુન્યનું, રાય કરશે ઘાત એ, રાયનો મેં ધન ખરચીયો, એક ચિત્તમાં ચિંત એ, કરૂં જેમ તમે કહો મુજને, તમે છો પુણ્યવંત એ; એમ સુણી વ્યવહારીયા, સહુ કહે વચન સનેહ એ, ધન બહુ તુમ પુણ્યે અમ કને, તજો ચિંતા એહ એ, સુવિચાર મનમાં ધારીને, વડ વડા તિંહા વ્યવહારીયા, આણી કાગળ નામ સહુનાં, લખ્યા જે ઉપગારીયા, કરે વિચાર તે માંહેમાંહે, ધન ખરચ્યું વિરાટ એ, કોટિ-ધ્વજ પણ જીવ ન ચાલે, કૃપણ કેઈ કિરાડ એ, ઘણા કૃપણ તુચ્છ દાતા, એહને આપો શીખ એ, પર દ્રવ્ય લાફા લોલ કરીને, હવે માંગે છે ભીખ એ, કડવા એહવા વચન બોલે, ગુણે જેહ ગંભીર એ, ત.સ વારીને તેહ રાખે, એહવું ન કહો વીર એ,

ધન્ય એહ નર, એહ સમોવડ, નહીં કોઇ બળવંત એ, આપણી પાસે આવિયો એ, જાણીને પુણ્યવંત એ, એહ ધવળ ધોરી સરીખો, નહીં એ ગળીયાર એ, જિનહર્ષ ઢાળ અઢારમી, આખ્યાન જાતિ સંભાર એ.

॥ દુહા ॥

વણિક એક આવ્યો તિંહા, સાથરિયો તે ભીમ;
મળગુગળિયો નભરમો, દાતા માંહી સીમ. ॥૧॥
વિનય કરીને બોલીયો, કેહી કાજે બયઠ;
મોટા મહારાજ શેઠિયા, ભેળા થઇ એકટ્ઠ. ॥૨॥
પુણ્ય કાજે ધન જોઇએ, તો મુજ દેજો કામ;
માહરી શકિત હું કરીશ, જરૂર આપીશ દામ. ॥૩॥
વાણી સુણી બહુજન હસ્યા, હવે થાશે સહુ કામ;
ઊઠ કોડિ કેરી ધણી, આવ્યો આપણ ઠામ. ॥૪॥
જે હુતા ભારીખમ્મા, સ્વાગત કીધું તાસ;
આદર આપી એમ કહે, બેસો આવી પાસ. ॥૫॥

## ॥ ઢાળ ઓગણીસમી ॥

ઉંચા મંદિર માળીયા. એ દેશી. ॥

શ્રી જિન મંદિર કારણે, મંડાવે સહુ દામ; ભીમ-તણે હાથે દિયો, કાગળ વાંચે તામ. શ્રી૦ ॥૧॥ ઉઠી ખોળો ત્યાં પાથર્યો, એ દ્યો મુજ શિર ભાર; તમ સુપસાએ ઉપાડશું, મ કરો કાંઇ વિચાર. શ્રી૦ ॥૨॥ તમે મોટા વ્યવહારીયા, કીધાં પુણ્ય અનેક; મુજને

મોટા કીજીએ, દ્યો અનુમતિ સુવિવેક. શ્રી૦ ॥૩॥ મીઠે વયણે વાણિયો, ભાખે વારોવાર; તેહનો વિનય નિહાળીને, બોલ્યા સહુ સુવિચાર. શ્રી૦ ॥૪॥ લ્યો લાહો લખમી તણો, ભરો સુકૃત ભંડાર; લહી આદેશ એણી પરે, હરખ્યો હૈડા મોઝાર. શ્રી૦ ॥૫॥ સાજણદેને સાથે લહી, આવ્યો નિજ ઘરબાર; ભોજન ભક્તિ ભલી કરી, સ્વામી સુણો સુવિચાર. શ્રી૦ ॥૬॥ રતન અમૂલક એહ છે, સોનૈયા શિરદાર; આણી કીધા આગળે, મણી માણેક અંબાર. શ્રી૦ ॥૭॥ સાજણદે કહે શેઠજી, હમણાં ખપ નહી કાંઈ; નૃપ મુજ પાસે જે માંગશે, તો હું માંગીશ આઈ. શ્રી૦ ॥૮॥ ધન્ય માતા તુજ ધન્ય પીતા, ધન્ય ધન્ય તાહારો આરંભ; ઉપગારી શિર સેહરો, તું જિન શાસન થંભ. શ્રી૦ ॥૯॥ વયણે સંતોષ્યો ભીમને, નિર્મળ ચિત્ત નીસલ્લ; ઇણ અવસર રાય આગળે, ચાડી ખાધી ચુગલ્લ. શ્રી૦ ॥૧૦॥ દ્રવ્ય તમારૂં મહારાયજી, સાજણદે સહુ લીધ; જિન મંદિર નિપજાવીયું, નામ પોતાનું કીધ. શ્રી૦ ॥૧૧॥ ખીજ્યો રાજા જેસંગદે, આણો તેહને બાંધી; સાલ જાય એમ માહરૂં, તોડું તેહની સંધી. શ્રી૦ ॥૧૨॥ ચાલ્યા સુભટ લેવા ભણી, આવ્યા મંત્રીની પાસ; તમને તેડાવે જેસંગદે, ચાલો ધરી ઉલ્લાસ. શ્રી૦ ॥૧૩॥ ચુગલી કીધી છે તાહરી, ભર્યા જેસંગદેના કાન; ઢીલ ન કર હવે ચાલ તું, નહી તો કરશે હેરાન. શ્રી૦ ॥૧૪॥ નાણું સોરઠ દેશનું, લેશે નૃપ તતકાળ; કહે જિનહર્ષ હવે સુણો, ઓગણીશમી એ ઢાળ. શ્રી૦ ॥૧૫॥

॥ દુહા ॥

સાજણદે કહે સાંભળો, મેં કેમ આવ્યો જાય;
વિણસે ધન રાજા તણું, દસ દિશિ ખેરૂ થાય. ॥૧॥
રાજાને ઇંહા મોકલો, જો દ્રવ્યની હુવે ચાહ;
ખોળે નાખું ધન સહુ, એક પલકની માંહ. ॥૨॥
નર સુણી આવ્યા નૃપ કને, કહે સુણો મહારાજ;
મંત્રી તેડાવે આપને, ધન લેવાને કાજ. ॥૩॥
નરપતિ ખીજયો અતિ ઘણો, ચાલ્યો સુભટ સહિત;
ગઢ ગિરનારે આવીયો, સન્મુખ મંત્રી પહુત્ત. ॥૪॥
ધન બહુ મુકી આગળે, મુહતો લાગ્યો પાય;
પણ રાયે ન બોલાવીયો, મનમાં ભર્યો કષાય. ॥૫॥

## ॥ ઢાળ વીશમી ॥

એક દિન પુંડરિક ગણધરૂં રે. એ દેશી. ॥

નૃપ ભૃકુટિ કરી બોલીયો રે, જાણે જમ સાક્ષાત રે; જેસંગદે સોરઠનું ધન કિહાં સહુરે લાલ, લેખે પુછી વાત રે. જે૦ નૃ૦ ॥૧॥ સાજણદે કર જોડીને રે, કહે સુણો રાજનરે જે૦; શા માટે ખીજો તમેરે લાલ, કહો તે આપું ધનરે. જે. નૃ૦ ॥૨॥ પણ સેવકની વિનતિ રે, સફળ કરો નરનાહ રે જે૦; ગિરિ ચડી યાત્રા કીજીએ રે લાલ, લીજે પુણ્યનો લાહ રે. જે૦ નૃ૦ ॥૩॥ વચન સુણી સીતલ થયો રે, ગિરિ ચડીયો મનરંગરે જે૦; જિન પ્રાસાદ નિહાળીયો રે લાલ, ઉલસ્યા અંગે અંગરે. જે૦ નૃ૦ ॥૪॥ ઉંચો પહોળો અતિ ઘણોરે, ઇંદ્ર ભવન વિસ્તાર રે જે૦; ચિત્ર લિખિત ભલી કોરણીરે લાલ, દીઠાં હરખ અપાર રે. જે૦ નૃ૦ ॥૫॥ નેમિ

મૂરત દેખી કરી રે, એમ ભાખે જેસંગ રે જે૦; જન્મ સફળ થયો તેહનોરે લાલ, કર્યો પ્રાસાદ ઉત્તંગ રે જે૦ નૃ૦ ॥૬॥માત પિતા ધન્ય તેહનાં રે, ધન્ય તેહનો અવતાર રે જે૦; એહવું દેવળ ઉદ્ધર્યું રે, મંત્રી કહે તેણી વારરે. જે૦ નૃ૦ ॥૭॥ એહ દેવળ તમે ઉદ્ધર્યું રે, ધન્ય તુમચો અવતાર રે જે૦; માત પિતા ધન્ય આપનારે, લાલ, સફળ કર્યો સંસાર રે. જે૦ નૃ૦ ॥૮॥ સોરઠનું ધન સહુ ઇહાંરે, થાપ્યું છે મહારાજ રે જે૦; તે ભણી કહો તો આપીયેરે લાલ, જો ધનનું હોયે કામરે. જે૦ નૃ૦ ॥૯॥ રાજા હરખી બોલીયો રે, તેં કીધું પુણ્ય કાજરે જે.; એ ધન મુજ સુકિયારથોરે લાલ, તેં રાખ્યું મુજ નામરે. જે૦ નૃ૦ ॥૧૦॥ ચુગલે ચુગલી તાહરીરે, કીધી ખીજ્યો તેણરે જે૦; ચાડ ન હોવે આપણોરે લાલ, સર્વસ્વ દીધું તેણરે. જે૦ નૃ૦ ॥૧૧॥ એહવા વર જે ચાડીયારે, ચાડી ખાવે જે રોજરે; જે૦ તેડી કીધા એકઠારે લાલ, જાણ્યું દેશે મોજરે. જે૦ નૃ૦ ॥૧૨॥ મુખે લિહાળા ચોપડયારે, છેદ્યાં નાક ને કાનરે જે૦; લેઇ ખર આરોપીયારે લાલ, શિર મુંડયા ભુંડે વાનરે. જે૦ નૃ૦ ॥૧૩॥ નગર માંહે સવિ ફેરવ્યારે, રાખ્યા નહીં પુર માંહીરે જે૦; કૂટી કાઢયાં બાહિરે રે લાલ, સહુને હાથે સાહીરે. જે૦ નૃ૦ ॥૧૪॥ ચુગલે સહી વિટંબનારે, રાય થયો સુપ્રસન્નરે જે૦; સાજણદે સનમાનીયોરે લાલ, વળીય કહે ધન ધન્નરે. જે૦ નૃ૦ ॥૧૫॥ પુણ્ય થકી જશ પામીયો રે, પુણ્ય થકી માન્યો રાય રે જે૦; કહે જિનહર્ષ એ એટલેરે લાલ, ઢાળ તે વીસમી થાયરે. જે. નૃ૦ ॥૧૬॥

॥ દુહા ॥

એહીજ અવસરે આવીયો, ભીમ વણિક તે તામ;
શ્રી જિનમંદિર કારણે, સ્વામી એ લ્યો દામ. ॥૧॥
સાજણદે કહે ભીમને, શેઠ સુણો મુજ વાત;
કામ નહીં હવે ધન તણું, તેં રાખી અખિયાત. ॥૨॥
સુણ મંત્રી મેં જે કર્યું, નિર્માયલ જિનદ્રવ્ય;
કામ નહી હવે તેહશું, મેં ખરચેવ્યો સર્વ. ॥૩॥
રત્ન અમુલક આપીયા, સાથરિયે તેણી વાર;
સાજણે તામ કરાવીયો, શ્રી જિન કંઠે હાર. ॥૪॥
દેવદ્રવ્ય ભક્ષણ કરે, પરનારીશું પ્રેમ;
તે નર જાયે સાતમી, શાસ્ત્રે ભાખ્યું એમ. ॥૫॥
પાપ ભીરૂ ભીમો સહી, રાખ્યું નહીં જિન દ્રવ્ય;
એ ધન વિષફળ સારીખું, એમ જાણે તે ભવ્ય. ॥૬॥
સાજણદે પુણ્યાતમા, આવ્યો પાટણ માંહી;
રાય તણે ચરણે નમ્યો, રાય પ્રસંસે ત્યાંહી. ॥૭॥
રાજા મંત્રી એક મન, વાધિ પ્રીત અપાર;
હેમરાય કેણી પર મિલ્યા, તે સુણજો અધિકાર. ॥૮॥

## ॥ ઢાળ એકવીસમી ॥

કોટીક ગણ ગુણ ભૂરી, વયરી શાખા હો દીસે જગમાં પરગડીરે; ચંદ્રગચ્છે દિન્નસૂરિ, ધન્ય અવતારી હો નમતાં સફળી ઘડી રે. ॥૧॥ શ્રી યશોભદ્રસૂરીશ, તેહની પાટે હો પ્રત્યક્ષ જાણે દિવાકરૂં રે; પદ્મસૂરિ તસ પાટ, જેણે પામ્યા હો સુરગતિનાં સુખ સુંદરૂં રે. ॥૨॥ શ્રી ગુણસેન મુનિ રાય, દેવચંદ્રસૂરિ હો

નયર ધંધુકે આવીયા રે; તિંહા વસે ચાચો શાહ, મોઢ સુવંશે હો ચાહરી નારી ભાવીયા રે. ॥૩॥ સુપન લહ્યું તેણી વાર, અતિ રળિયાતો હો રત્ન ચિંતામણિ સોહતો રે; ગુરૂને દીધું તેહ, ગુરૂને પુછયું હો ફળ તેહનો મન ભાવતો રે. ॥૪॥ ગુરૂએ કહ્યું વિચાર, સુંદર થાશે હો પુત્ર તમારે અતિ ભલોરે; દીક્ષા લેશે તેહ, મહિમાધારી હો થાશે મહિયલ ગુણ નિલોરે. ॥૫॥ એમ કહી ચાલ્યા સૂરિ, ઉદરે વાધે હો બાળક પુણ્યે આગળો રે; જનમ્યો નવમે માસ, માત પિતાનો હો સકળ મનોરથ તવ ફળ્યો રે. ॥૬॥ અગ્યારે પચતાલ, કાર્તિક પુનમ હો જનમ થયો ઇશે રે; વાણી થઈ આકાશ, સંયમ લેશે હો જિનશાસન દિપાવશે રે. ॥૭॥ ઓચ્છવ કરિય અપાર, ચંગદેવ નામે હો પાંચ વરસનો તે થયો રે; આવ્યા આવસર જાણી, દેવચંદ્રસૂરિ હો વાંદણ સંઘ સહુએ ગયો રે. ॥૮॥ ચંગદેવ માયડી સાથ, વંદન આવ્યો હો જઈ બેઠો ગુરૂ આસને રે; સુણ શ્રાવિકા કહે સૂરિ, બોલ સંભારી હો સુત અમને આપો ભણે રે!. ॥૯॥ કહે શ્રાવિકા તેણીવાર, સુત કેમ દીધા હો જાયે પૂજ્ય વિચારીએ રે; મહેશરી મુજ ભરતાર, કોપે તેહને હો શો ઉત્તર દેઇ વારીયે રે ?. ॥૧૦॥ બહેન સુણો કહે સંઘ, એ સુત આપો હો ગુરૂને પુણ્ય હોશે ઘણો રે; બાઈ લજ્જવંત, ના ન કહાણી હો આપ્યો પુત્ર સોહામણો રે. ॥૧૧॥ ગુરૂ ચાલ્યા લેઇ બાળ, ઉદયન મંત્રી હો કરણપુરી તિંહા આવીયા રે; બાળ ભળાવ્યો તાસ, તસ ઘર વાધે હો દિન દિન કાંતી સોહાવીયો રે.

॥૧૨॥ ઘર આવ્યો તેણીવાર, બાળક ચાચો હો ઘરમાંહી દેખે નહીં રે; પુત્ર ન દીસે કેમ, નારી ભાખે હો ગુરૂને મેં દીધો સહી રે. ॥૧૩॥ વચન સુણી વિષ પ્રાય, એ શું કીધું હો મૂરખ રાંડ અભાગણી રે; દીકરો કેમ દેવાય?, લાવો જઇને હો તો ઘર રાખું તુજ ભણી રે. ॥૧૪॥ કોપ કરી તેણીવાર, અન્ન પાણીનો હો ચાચે ત્યાગ કર્યો તિંહારે; આવ્યો મન ધરી રીસ, શ્રી ગુરૂ આપે હો દેશના મધુર સ્વરે જિંહા રે. ॥૧૫॥ બેઠો સભા મોઝાર, ગુરૂની વાણી હો અમીય સમાણી સાંભળી રે; ઢાળ થઈ એકવીશ, સુંદરદેની હો એ જિનહર્ષે અટકળી રે. ॥૧૬॥

॥ દુહા ॥

ગિરૂઆ ગુરૂની દેશના, શ્રવણ અમૃત રસ ધાર;
આઠ પુરૂષ દુષ્કર કહ્યા, મિલતા ઇણ સંસાર. ॥૧॥
દાની ગુણજ્ઞાતા તપી, સમતા શીલ સુજાણ;
પરમતની ચિંતા લહે, જરીય ન રાખે માન. ॥૨॥
તું દાની શીર સેહરો, તેં આપ્યું સુત દાન;
તુજ સરખો જગ કો નહીં, જસ અવિચળ જ્યાં ભાણ ॥૩॥
મહાભારતમાંહી કહ્યું, જેણે કુળ યતિ ન હોય;
પૂર્વજ તેહનાં અવગતિ, મુક્તિ ન પામે કોય. ॥૪॥
શરમ માંહિ ચાચો પડયો, બોલ્યો નહિં મુખ લાજ;
ઉઠયો કરીને વંદના, ચિંતે ન સર્યું કાજ. ॥૫॥

## ॥ ઢાળ બાવીસમી ॥

ઉદયન તેડી જાય, શાહ ચાચાને હો મંદિર આપણે; ભોજન ભક્તિ કરાય, પાન સોપારી હો

દેઇ એમ ભણે. ॥૧॥ ધન્ય તાહરો અવતાર, તું નર માંહે હો સિંહ સમોવડી; કુળ ઉતાર્યું પાર, અન્ય જન્મારો હો તાહરી એક ઘડી. ॥૨॥ તેં દીધું સુત દાન, નવ ખંડ માંહે હો નામ રખાવીયો; ગુરૂનું રાખ્યું માન, તું જગ ધરમી હો ધર્મ સોહાવીયો. ॥૩॥ તું મુજ સાહમી આજ, ત્રણ લક્ષ સોવન હો એ લ્યો માહરા; કરો ધરમનાં કાજ, ચરણ સદાએ હો નમીયે તાહરા. ॥૪॥ શેઠ કહે તેણીવાર, ત્રણ લક્ષ સોવન હો લેઇ હું શું કરૂં, મેં દીધો સુત સાર, પુણ્યને કાજે હો મન કીધું ખરૂં. ॥૫॥ લાજે દેઇ પુત્ર, ચાચો આવ્યો હો પોતાના ઘરે; જિન શાસનનું સૂત્ર, સંઘે રાખ્યું હો અસી ઓચ્છવ કરે. ॥૬॥ નવ વરસનો હેવ, હુઓ દીધી હો દીક્ષા તેહવે; નામ દીધું સોમ-દેવ, દિન વાધે હો વય ગુણ જેહને. ॥૭॥ એક દિન ગુરૂની સાથ, ચાલી આવ્યો હો નાગપુરી પુરી; વસે ધનદ બહુ આથ, સુખીયા જેહને હો ગો મહિષી તુરી. ॥૮॥ કોઇક પૂરવ પાપ, તેહ કરમથી હો તે વ્યવહા-રીઓ; પમ્યો દુઃખ સંતાપ, નિર્ધન હુઓ હો ધન સહુ હારીઓ. ॥૯॥ ધનદ ચિંતે મનમાંહી, પુણ્ય ન કીધું હો તો નિર્ધન થયો; ચિંતામાં દિન જાય, ભૂમિ ખણેવા હો ઉદ્યમવંત થયો. ॥૧૦॥ ઉઠી ખણે તેણી-વાર, માંહે લિહાળાહો ઝાઝા નિસર્યા; દ્વારે કીધો અંબાર, મુનિ ગૌચરીએ હો આવી સંચર્યા. ॥૧૧॥ ધર્મલાભ મુનિ દીધ, નર નારી બંને હો મનમાં દુઃખ લહે; મુનિવર પગલા કીધ, ઘેંસ દીયંતા હો લજ્જા કેમ રહે ?. ॥૧૨॥ ગળગળે સ્વરે નર નાર, ભાખે સ્વામી

હો ઘેંસ કેમ દીજીએ ?; છે સુજતો આહાર, કૃપા કરીને હો ભગવંત લીજીએ. ॥૧૩॥ વહોરી ઘેંસ તે વાર, દીધ સમસ્યા હો ચેલે ગુરૂ ભણી; ધન આંગણે અંબાર, ઘેંસ વહોરાવી હો દીસે કરપણી. ॥૧૪॥ શેઠ સુણ્યો સુદક્ષ, શિષ્યને તેડી હો કોયલા ઉપરે; બેસાર્યો પ્રત્યક્ષ, હાટક ટીછો હો હુઓ એણીપરે. ॥૧૫॥ ફળી મનોરથ માળ, હૈડે હરખ્યો હો ગત લક્ષ્મી લહી; બાવીશમી થઈ ઢાળ, સહુની આગે હો જિનહર્ષે કહી. ॥૧૬॥

॥ દુહા ॥

શ્રી ગુરૂજી તમે માહરી, રાખી જગમાં લાજ;
તુમ સુપસાયે મેં લહ્યો, ગયો નિધાન તે આજ. ॥૧॥
ધન વિણ કોઈ ગણે નહીં, ધન વિણ ન ધરે પ્રેમ;
ધન વિણ હોય અળખામણો, ધન વિણ ધર્મ ન નેમ. ॥૨॥
ધન અધિકો સંસારમાં, ધન વિણ માય ન તાય;
એહવો ધન તે સુગુરૂજી, પામ્યો તુજ પસાય. ॥૩॥
હેમ થયો કોયલાં ટળી, વાધ્યો હર્ષ અપાર;
એ ગુરૂને પદ આપશો, કરીશ મહોત્સવ સાર ॥૪॥
યોગ્ય જાણી પદ આપીયું, સોમદેવને તામ;
દેવચંદ્રસૂરિયે દીયો, હેમાચારજ નામ. ॥૫॥

## ॥ ઢાળ ત્રેવીશમી ॥

વાલમ વેલેરા આવજો. એ દેશી

કાશ્મીર ભણી ચાલ્યા હવે, શારદા આવી સન્મુખ રે; હેમ પુણ્ય બળે થઈ છતી, વર આપે તાસ

પ્રત્યક્ષરે. કા૦ ॥૧॥ એક દિન નિજ સિદ્ધચક્રનો, મંત્ર શીખવ્યો ધરી પ્રેમ રે; દેવાધિષ્ટિત એ મંત્રને, શુદ્ધ ભાવે સાધે હેમ રે. કા૦ ॥૨॥ દેવેન્દ્ર મલયગિરિ મુનિવરૂ, હેમાચારજ પુણ્યવંત રે; એ ત્રણ મળીને ચાલીયા, કુમારગ્રામ આવંતરે. કા૦ ॥૩॥ ધોબી ધુવે તિંહા લુગડાં, ચીર સુકવ્યું તિંહા દીઠ રે; ભ્રમર ગુંજારવ કરી રહ્યા, લોભાણા ગંધે ઇઠ્ઠરે. કા૦ ॥૪॥ ભ્રમર વિલુદ્ધા ભમી રહ્યા, પદ્મિણી નારીને ચીર રે; પદ્મ સુગંધે મોહી રહ્યા, તેહશું માંડી રહ્યા શીરરે. કા૦ ॥૫॥ સાડી ભ્રમર દેખી કરી, હરખ્યા હેમસૂરીશ રે; ઇચ્છિત દેખીને પુછીયું, ધોબીને ધરી જગીશ રે. કા૦ ॥૬॥ ઇણ ચીરે ભમરા રણઝણે, પહેરે છે કોણ નારરે?; ધોબી કહે મુનિ સાંભળો, તમને કહું વિચાર રે. કા૦ ॥૭॥ ઇણ ગામ તણો અધિકારીયો, તેહની એ પદ્મણી નારરે; નામે રતનવતી સતી, તેહના એ ચીર વિચાર રે. કા૦ ॥૮॥ અધિકારી ઘરે જાઇને, ધર્મલાભ ગુરૂ દીધરે; અધિકારી ઉઠયો ભાવથી, આવી વંદન કીધરે. કા૦ ॥૯॥ આશ્રય આપો રહેવા ભણી, રહીએ તો પંચ રાત રે; ઉતર્યા નિર્વંધ સ્થાનકે, ઉપદેશ દીયે બહુ ભાત રે. કા૦ ॥૧૦॥ સુંદર વાણીએ રીઝવે, સમતારસ પોષણહારરે; દેવેન્દ્રસૂરીશ્વર દેશના, સુણી રીઝે નર નાર રે. કા૦ ॥૧૧॥ એમ ચોમાસું તિંહા કર્યું, અધિકારીને કહે તામ રે; હવે ઇંહાથી અમે ચાલશું, રહેવું નહીં એક ઠામ રે. કા૦ ॥૧૨॥ આચાર અમારો પાળવો, સુવિહિત ન રહે એક ઠામ રે; રહેતાં સંયમ મેલું હુવે, અધિકારી ભાખે તામ રે. કા૦ ॥૧૩॥

કોઈક કામ કહો મુજ ભણી, ઓસિંગલ થાઉં જેમ રે; અમને ધર્મ કહ્યો ભલો, તુમશું લાગ્યો છે પ્રેમ રે. કા૦ ॥૧૪॥ દેવેન્દ્રસૂરીશ્વર એમ ભણે, છે કામ અપૂરવ એક રે; કહેતાં પણ જીભ વહે નહીં, કીધા વિણ કેમ થાયે છેક રે?. કા૦ ॥૧૫॥ લાજ તણી છે એ વારતા, તેહથી વિદ્યા સિદ્ધ થાયરે; જિનહર્ષ ઢાળ ત્રેવીશમી, એમ ભાખે મુનિરાય રે. કા૦ ॥૧૬॥

॥ દુહા ॥

તુમ નારી છે પદ્મણી, નગ્નપણે તે થાય;
વસ્ત્ર તજી સાધુ અમે, વિદ્યા સિદ્ધિ ઉપાય. ॥૧॥
અમે સાધીયે મંત્રને, તું રહે લેઈ તરવાર;
ચુકું તન મન વચનથી, તો હણજે તેણીવાર. ॥૨॥
ગુણે રંજ્યો રાયે કર્યો, તહત્ત વચન તેણીવાર;
ત્રણે આચારજ મળી, પહોંચ્યા ગઢ ગિરનાર. ॥૩॥
જિન પ્રતિમા આગળ રહી, વસ્ત્રવર્જિત વર નાર;
મંત્ર સાધન સૂરિજી કરે, નૃપ હાથે તરવાર. ॥૪॥
મેરુ ચૂલિકા નવિ ચળે, ન ચળે શેષ ફણીંદ;
વિધિ લિખિત જેમ નવિ ચળે, ચિત્ત મુણીંદ. ॥૫॥

## ॥ ઢાળ ચોવીશમી ॥

નમો નમો ખંધક મહામુનિ. એ દેશી. ॥

પ્રત્યક્ષ થયો તેણે અવસરે, વિમલેશ્વર તતકાળ રે; માગો કહે જે મુનિ જોઈએ, આપું વર તુમ સુવિશાળરે. ॥૧॥ આચારજને સુર એમ કહે, એહ વિમલેશ્વર યક્ષરે; પ્રસન્ન હુઓ તુમ જાપથી, કરજોડી

હુઓ પ્રત્યક્ષરે. આ૦ ॥૧॥ દેવેન્દ્રસૂરિજીએ માંગીયો, કાંતિથી જિન પ્રાસાદ રે; નગર સેરીસમે આણવો, મુજને દિયો વિદ્યા વાદ રે. આ૦ ॥૩॥ મલયગિરિ મુનિ માગીયો, સિદ્ધાંત તણી કરૂં વૃત્તિ રે; જો થયો પ્રત્યક્ષ તો તું હવે, મુજને આપ એ શક્તિ રે. આ૦ ॥૪॥ હેમાચારજ કહે દેવતા, મુજને દે વિદ્યા એહ રે; જેમ વચન બળે નૃપ બુજવું, શોભાવે શાસન એહ રે. આ૦ ॥૫॥ સંતુષ્ટ થઈ વિમલેશ્વરે, ત્રણેને વિદ્યા દીધરે; શ્રી હેમાચાર વિદ્યા ગ્રહી, આવી ગુરુ વંદન કીધરે. આ૦ ॥૬॥ હેમાચારજ ગુરુને ગમે, બેઠાં હરખી ગુરુ ધ્યાન રે; આંબિલે આરાધી દેવતા, પુરા થયા માસ ખટ તામરે. આ૦ ॥૭॥ ગુરૂ નમી ઉભી શાસનસુરી, કહે વચન ઇશ્યું પ્રત્યક્ષરે; પદવી લાયક છે આપજે, હેમાચારજ તુજ શિષ્ય રે. આ૦ ॥૮॥ દેવી એવું કહીને ગઇ, ધ્યાનથી ઉઠયા સ્વર મેળીરે; મનમાં હતું ને દેવી કહ્યું, દુધ વળી સાકર ભેળી રે. આ૦ ॥૯॥ આચારજ નાગપુરી ભણી, ચાલ્યા લેઇ પરિવાર રે; જિંહા વસે ધનદ વ્યવહારીયો, આવ્યા હરખે નર નારરે. આ૦ ॥૧૦॥ સંઘ ચતુર્વિધ આગળે, આચારજ આપે વખાણ રે; દાન શિયલ તપ ભાવના, ચ્યાર ભેદ ધર્મનાં જાણરે. આ૦ ॥૧૧॥ ધર્મ એ ચાર આરાધતાં, શિવસુખ લહીએ અનંત રે; ઇન્દ્રિય દમન તપ કીજિયે, જિન ગુરૂ ભક્તિ કરંતરે. આ૦ ॥૧૨॥ સદ્‌ગુરૂ દેશના સાંભળી, પદ ઓચ્છવ કીધો ધનંદ રે; નિજ લક્ષ્મી ખરચી બહુ પરે, થાપ્યા શ્રી હેમ મુણીંદ રે. આ૦ ॥૧૩॥ પાટે થાપી શ્રી હેમને, ગુરૂ આવ્યા પાટણ

માંહી રે; પાટણ રાય જેસંગદે, રયવાડી ચલ્યો ઉત્સાહી રે. આ૦ ॥૧૪॥ હેમાચારજ નૃપે નિરખીયા, હીયડે હરખ્યો તેણીવાર રે; હેમસૂરિને રાજા કહે, આવો નિત્ય મહેલ મોઝાર રે. આ૦ ॥૧૫॥ ધર્મ મુજને સંભળાવવો, ઉપજાવો હર્ષ વિશાળરે; જિનહર્ષ કહે પુરી થઈ, ચોવીશમી એ ઢાળ રે. આ૦ ॥૧૬॥

॥ દુહા ॥

રાજસભાએ આવીને, બેસે હેમસૂરીંદ;
ધર્મ સુણાવે જુગતીશું, હેતથી સુણે નરીંદ. ॥૧॥
ષટદર્શનમાં સુગુરૂ, સાચો ખોટો ધર્મ;
કેમ જણાયે તે કહો, કેમ ભાંગે મન ભર્મ?. ॥૨॥
ધર્મ પરીક્ષા કીજીએ, તજીએ દૂર કુવટ્ટ;
કસણ પહોંચે તે ખરો, જેમ કંચન કસવટ્ટ. ॥૩॥
સહુનો જોઇ પટંતરો, જોવો ભ્રાંતિ ઉભત્ત;
ખરો ધર્મ જબ પામીએ, થાયે નિર્મળ મત્ત. ॥૪॥
યશોમતી નારી પરે, જો કીજે સુપરીખ;
ધર્મ ખરો તો પામીએ, જો ધરીયે ગુરૂ શીખ. ॥૫॥

## ॥ ઢાળ પચીશમી ॥

હરીઆ મન લાગ્યો. એ દેશી. ॥

શંખપુરી શંખવાણીયો, યશોમતી તસ નારીરે રાજેશ્વર; મન માની નહીં તેહશું, પરણ્યો બીજી નારીરે રાજેશ્વર. શં૦ ॥૧॥ નવયૌવન નાની પ્રિયા, પોતે ગરઢો જાણરે રા.; રંગ લાગ્યો તે નારીશુંરે, સુખ વિલસે સુવિહાણરે રા. શં૦ ॥૨॥ સ્ત્રીનું વચન લોપે નહીંરે, કરે નિત્ય જીજીકારરે રા૦; કહ્યું કરે રંગે

રમે રે, જમે ભેળા નરનાર રે. રા. શં૦ ॥૩॥ પહેલીને તે નવિ ગમે, સોકલડી શૂળી સાલરે રા૦; ખટકે હૈડે અહનિશિ, જેમ મરમની ગાળરે. રા. શં૦ ॥૪॥ એણે અવસર મંત્રવાદીયો, આવ્યો યશોમતી ગેહ રે રા.; બેસારી તસ આગળે, કર્મ કથા કહે તેહ રે. રા. શં૦ ॥૫॥ તેહને કરૂણા ઉપની, દીધી મૂળી મંત્રી તાસરે રા૦; એહથી બળદ હોશ્યે ધણી, ફળશે તાહરી આશરે. રા. શં૦ ॥૬॥ યશોમતી કીધી રસવતી, મંત્રી મૂળી નાખી માંહે રે રા૦; જમાડયો ભરતારને, હૈડા માંહી ઉચ્છાહે રે રા.; શં૦ ॥૭॥ નર ફીટી પોઠી થયો, નાઠા દાઢી મૂછ રે રા૦; લાંબા કાન હલાવતો, લાંબા શીંગ ને પૂછરે. રા. શં૦ ॥૮॥ પૂંછ હલાવે હરખશું, દેખી નાની નાર રે રા૦; નાની નારી શાવળી, ધવ ધવ ગઈ તે વાર રે. રા. શં૦ ॥૯॥ સ્વામી માહરા કંતને, શોકયે પોઠી કીધ રે રા.; તે નારીને તેડીને, ફળ આપો સુપ્રસિદ્ધ રે. રા. શં૦ ॥૧૦॥ રાયે તેડાવી યશોમતી, પુછી તેહને વાત રે રા૦; બળદ કીયો કાં કંતને, ફેડી નરની જાતરે. રા. શં૦ ॥૧૧॥ યશોમતી કહે નૃપ સુણો, ઈંહા નહીં મુજ દોષ રે રા૦; પ્રીતમ વશ કરી રાખીયો, વળી મુજ ઉપર રોષરે. રા. શં૦ ॥૧૨॥ પ્રીતમે મુજને અવગણી, તેહનો થઈ રહ્યો દાસરે રા.; રીસ સબળી મુજ ઉપની, પોઠી કીધો તાસરે. રા. શં૦ ॥૧૩॥ સઘળો દોષ છે એહનો, બોડી એહનું શીષ રે રા૦; લેઇ ચડાવો રાસભે, તો મુજ ઉતરે રીસ રે. રા. શં૦ ॥૧૪॥ રાય વખોડે બેઇને, બે સરખી તુમ નાર રે રા.; બળદ યશોમતીને દીયો, રૂડી પરે એ

ચારરે રા. શ૦ ॥૧૫॥ બળદ પાચે ચારી વને, કરે ખીજમત સંભાળરે રા૦; કહે જિનહર્ષ ઇસ્યો કર્યો, એ પચવીસમી ઢાળ રે. રા. શ૦ ॥૧૬॥

॥ દુહા ॥

વિદ્યાધર વિદ્યાધરી, બેસી વિમાને જાય;
દુઃખણી દેખી યશોમતી, એણી પરે પુછે દાય. ॥૧॥
પ્રીતમ સુણ મુજ વાતડી, એ દુઃખણી કેમ નાર;
વનમાં ઝુરે એકલી ?, તે મુજ કહો વિચાર. ॥૨॥
સાંભળ નારી સુલક્ષણી, પશુ કીયો નીજ કંતઃ
પશું ટળી પુરૂષ બને, તે નવિ પુછ્યો તંત. ॥૩॥
દયા ઉપની નારીને, પુછ્યું નિજ ભરતાર;
પશુ ટળી પુરૂષ બને, દાખો તેહ વિચાર. ॥૪॥
વિદ્યાધર કહે છે જડી, બેઠી જિંહા તે નાર;
તે ખવરાવે બળદને, થાય પુરૂષ નિરધાર. ॥૫॥

## ॥ ઢાળ છવ્વીસમી ॥

નેમિ નિરંજન નાથ અમારો. એ દેશી. ॥

ચાલ્યું વિમાન વિદ્યાધર કેરૂં, શબ્દ ગ્રહ્યો તિણ નારી; તિંહા ઉગ્યા તૃણ ખડ વન મેલી, ચુંટી લીયો બુહારી. ॥૧॥ નૃપતિ સુણે ધર્મ તણો અધિકારી; જો પુછે તો જોઇ વિચારી, યશોમતી ચિત્ત ધારી. નૃ૦ ॥૨॥ છોડ એકેકો ચારે તેહને, આવ્યો તે શુદ્ધ મૂળ; બળદ ટળીને પુરૂષ થયો તવ, થયો નારી અનૂકુળ નૃ૦ ॥૩॥ વનસ્પતિ સઘળી સોઝંતા, સાચે મૂળ પતિજે; જ્ઞાન ધરી હૈડે મહારાજા, ષટદર્શન પરખીજે. નૃ૦

॥૪॥ સાચો ધર્મ હુવે તે ગ્રહીએ, ખોટો તે પરીહરીએ; શુદ્ધ દેવ ગુરૂ સેવા કીજે, શુદ્ધ ધરમ આદરીએ, નૃ૦ ॥૫॥ હરખ્યો મનમાંહી જેસંગદે, સાંભળી શ્રીગુરૂ વયણા; શુદ્ધ ધરમ સાંભળતા શ્રવણે, જાગ્યા જ્ઞાનનાં નયણાં. નૃ૦ ॥૬॥ સિદ્ધપુરમાં રાયે મંડ્યો, રૂદ્રતણું તિંહા સ્થાન; ઉંચો ને ઉત્તંગ સતોરણ, રૂદ્રમાળ અભિધાન. નૃ૦ ॥૭॥ આભડ મંત્રીએ તેહની પાસે, ગામ રાય વિહાર; શ્રી જિનવર પ્રાસાદ મંડાવ્યો, ઉંચો અતિ વિસ્તાર. નૃ૦ ॥૮॥ વીરજિનેશ્વર મૂરતિ થાપી, સુંદર અદ્ભૂત રૂપ; આવ્યો શ્રી જિનવરને દેહરે, દેખી હરખ્યો ભૂપ. નૃ૦ ॥૯॥ હેમાચારજ પાસે આવી, વાંદી ગુરૂનાં પાય; ઇશ્વર ને અરિહંત વિચ્ચ અંતર, તેહ કહો શ્રી મુનિરાય. નૃ૦ ॥૧૦॥ હેમસૂરિ કહે સાંભળ રાજા, અંતર ઉભય અનંત; ઇશ્વર શીષ નિશાપતિ સોહે, તે જિન પાય નમંત. નૃ૦ ॥૧૧॥ પૂછો વળી સલાટ નરેશ્વર, તે કહેશે અધિકાર; નૃપ તેડીને પુછ્યું તેહને, કહો તમે શાસ્ત્ર વિચાર. નૃ૦ ॥૧૨॥ સુણ ભૂપતિ અમ શાસ્ત્રમાંહી, એહવું કહ્યું જગદીશ; નર સામાન્ય ઘરે પંચશાખા, સાત શાખા પુહવીશ. નૃ૦ ॥૧૩॥ ઇશ્વર ભવને કહી નવ શાખા, શ્રી જિન ગૃહ એકવીશ; દેવળ ઇશ તણું વનમાંહી, નગર ભવન જગદીશ. નૃ૦ ॥૧૪॥ મંડપ એક હુવે શિવ મંદિર, જિન ગૃહ એકસો આઠ; ત્રણ છત્ર શીર ઉપર છાજે, સિંહાસન શુભ ઠાઠ. નૃ૦ ॥૧૫॥ પદ્માસન સોહે જિન મુદ્રા, નવ ગ્રહ સેવે પાય; આદિ શક્તિ રહે જેહને ચરણે, તે કહીયે જિનરાય. નૃ૦

॥૧૬॥ ભય ઉપજે નહીં જેહને દેખી. દીઠા પરમ ઉલ્લાસ; ઢાળ થઇ જિનહર્ષ એટલી, છવ્વીશમી એણે રાસ. નૃ૦ ॥૧૭॥

॥ દુહા ॥

અન્ય દેવની એહવી, રચના કરે ન કોય;
કરે કરાવે હઠ ચડયો, તે નર દુઃખીયો હોય. ॥૧॥
અન્ય દેવનાં હાથમાં, ચક્ર બાણ તરવાર;
જિનવરનાં કોઇ હાથમાં, દીસે નહીં હથીઆર. ॥૨॥
બ્રહ્મા વિષ્ણુ મહેશને, પાસે થાપે નાર;
જિન પાસે દિસે નહીં, નારી તણો પરિવાર. ॥૩॥
વિશ્વકર્મા એમ કહ્યો, વાસગ શાસ્ત્ર મોઝાર;
સાંભળી રાજા હરખીયો, જૈન ધર્મ જગ સાર. ॥૪॥
જિનભવને કંચન કળશ, રાયે ચડાવ્યો રંગ;
સૈન્ય સહિત જેસંગદે, આવ્યો પાટણ ઢંગ. ॥૫॥

## ॥ ઢાળ સત્યાવીશમી ॥

આદે આદીજિનેશ્વરૂં. એ દેશી. ॥

પાટણ માંહે આવીયો, વંદી શ્રી ગુરૂ પાય રે; તે અવસરે જિનમંદિરે, નેમિ ચરિત્ર વંચાય રે. પા૦ ॥૧॥ પાંડવ શત્રુંજય ચડી, સિદ્ધ થયા વિચાર રે; બ્રાહ્મણ તે ન ખમી શકયા, બોલ્યા વયણ તેવાર રે. પા૦ ॥૨॥ પાંડવ હિમાલય ગળી, પહોંચ્યા મુક્તિ મોઝાર રે; સ્વર્ગ રોહણ માંહે કહ્યો, પુછે રાય તે વાર રે. પા૦ ॥૩॥ સ્વામી એ ભટ શું કહે, સાંભળો રાય વિચાર રે; મહાભારત માંહે કહ્યો, તેહ કહું

અધિકાર રે. પા૦ ॥૪॥ પાંડવનો કાકો કહ્યો, સાચો શીલ ગંગેવો રે; દીધી શીખ કુટુંબને, સાંભળજો સહુ હેવો રે. પા૦ ॥૫॥ ભૂમિ કુમારીએ બાળજ્યો, એહવું કહી મૃત ભૂંગોરે; ઉપાડયો ગંગેયને, લઈ ગયા પર્વત શૃંગો રે. પા૦ ॥૬॥ વિશ્વાનલ જળ મુકીયો, શબ્દ થયો મતબાળો રે; સો ભીષ્મ બાળ્યા ઈહાં, ત્રણસે પાંડવ આલોરે. પા૦ ॥૭॥ બાળ્યા છે ઇણ ભૂમિકા, દુર્યોધન હજારો રે; કર્ણ તણી સંખ્યા નહીં" મહાભારત અધિકારો રે. પા૦ ॥૮॥ શય્યા પાંડવની ભટ કહે, વાત પૂછે જેસંગ રે; પાંડવ પાંડુ નરિંદના, સિધ્યા શત્રુંજય શૃંગો રે. પા૦ ॥૯॥ હરખ્યો રાજા એમ કહે, સાચો શ્રી જિન ધર્મ રે; વિપ્ર ન જાણે શાસ્ત્રમાં, ભૂલ્યા મિથ્યા ભર્મ રે, પા૦ ॥૧૦॥ એક દિન બ્રાહ્મણ વળી કહે, સુણો જેસંગદે રાય રે; આદિ ધર્મ નહીં એહનો, વેદ બાહ્ય કહેવાય રે. પા૦ ॥૧૧॥ અશુચી મળે કરી એ ભર્યા, પવિત્ર નહિં મુખ અંગ રે; ધરમ મરમ જાણે નહીં, ન કરે જ્ઞાન પ્રસંગરે. પા૦ ॥૧૨॥ ઉષ્ણ નીર પુણ્યે પીએ, વસ્ત્ર મુખે દેઈ બોલે રે; માગી ખાએ અન્ન પાકને, અશુચી ન કોઈ તોળે રે. પા૦ ॥૧૩॥ એહ વચને રાય ખીજીયો, મૃષા તમે વિપ્ર બોલે રે; ધર્મ નવો એ કેમ કહો, વાસગ શાસ્ત્ર સંભાળો રે. પા૦ ॥૧૪॥ તેહમાં જિન મંદિર તણાં, ભેદ કહ્યા બહુ મર્મ રે; પહેલાં તેહ નિર્ણય કરો, પછી ઉત્થાપો ધર્મ રે. પા૦ ॥૧૫॥ મૂળ ધર્મ છે જેહનો, જૈન ધર્મ કુણ તોલે રે; ઢાળ સત્તાવીશમી કહી, જિનહર્ષ ભૂપ એમ બોલે રે. પા૦ ॥૧૬॥

॥ દુહા ॥

જેણે ધર્મે અજ અશ્વને, હોમે નર પુન્ય કાજ;
તેણે ધર્મે કેમ કહો, લહેશે શિવપુર રાજ. ॥૧॥
ખોટો કેમ કહીએ ખરો, હિંસા ધર્મ ન હોય;
જિનશાસન માંહે દયા, ઇશો ધર્મ નહીં કોય. ॥૨॥
એટલા દિન ભૂલો ભમ્યો, ગુરૂ કરી માન્યા વિપ્ર;
હિંસા ધર્મ સમાચર્યો, હવે તે છોડયો વિપ્ર. ॥૩॥
તત્ત્વ ન જાણ્યું ધર્મનું, ભૂલા ભમો સદીવ;
અજ્ઞાની નવિ ઓળખો, બાદર સુક્ષમ જીવ. ॥૪॥
બ્રાહ્મણ સહુ હાંકયા નરપતિ, લાજ્યાં મનમાં તામ;
હેમસૂરિના અહો નિશિ, રાય કરે ગુણ ગ્રામ. ॥૫॥

## ॥ ઢાળ અઠયાવીસમી ॥

જાણ્યો નૃપનો લાગ્યો સુરંગ, સાચો શ્રી જિન ધર્મશું, જેસંગદે સુણ વાત, નવો કરૂં વ્યાકરણ પંચાગ, હેમા રે હેમાચારજ કહે ઇશું. ॥૧॥ જેસંગદે સુણ વાત, નિસુણી તારી જગ ખ્યાત; જીભે રે જીભે નીજ કહીએ કીશું ? જે. એ આંકણી. ॥ રાય કહે સાંભળ મુનિરાય, મુજને રે મુજને શું પુછો તમે. જે૦; જેમ તમને સ્વામી સુખ થાય, કીજે રે કીજે છું રાજી અમે. જે૦ ॥૨॥ હેમસૂરીશ્વર કહે કાશ્મીર, શારદ રે શારદ ભંડાર છે. જે૦; આદિ વ્યાકરણની પ્રત ગંભીર, બીજે રે બીજે ઠામે તે નથી. જે૦ ॥૩॥ વેગે સોય અણાવો મહારાય, રચના રે રચના કરૂં વ્યાકરણની રે. જે૦; શ્રી શારદ કેરે સુપસાય, ભક્તિ રે ભક્તિ શ્રીગુરૂ ચરણની રે. જે૦ ॥૪॥ રાયે તેડયા નિજ પ્રધાન,

ભાખે રે ભાખે કાશ્મીરે જઇરે જે કાકો કહ્યો, સાચો સ્વતી ભગવતી સ્થાન, લાવો રે ... સાંભળજો સહુ સહીરે. જે૦ ॥૫॥ આણ્યા નિજ પ્ર... ળજ્યો, એહવું ચાલ્યા રે ચાલ્યા કાશ્મીરે જના રે. ... ગયા પર્વત શારદદેવી તે વાર, આપી રે આપી આ...ગો, શબ્દ જે૦; લેઇ આવ્યા તે અસવાર, નૃપને રે નૃ... ત્રણસે સ્વસ્તિકા રે. જે૦ ॥૭॥ દીઠી પોથી સુંદર ... આપી હેમસૂરીંદને રે જે૦; પોથી છોડી જોવે અ...કા, તુઠી રે તુઠી માય મુજ મંદિરે રે. જે૦ ॥૮॥ પ્રણમા શારદ ચરણ સુરંગ, હેમા રે હેમાચારજ સૂરીવરે રે; જે૦ કીધો તેણે વ્યાકરણ પંચાંગ, દીધો રે દીધો રાજાને કહે રે. જે૦ ॥૯॥ રાયે તેડાવ્યા પંડિત જાણ, જોવો રે જોવો વ્યાકરણી તમે રે જે૦; કીધો તે વ્યાકરણ પ્રમાણ, પ્રત્યય રે પ્રત્યય દેખી થવું અમેરે. જે૦ ॥૧૦॥ કાશ્મીર દેશ શારદ ચંદ્રકાંત, મૂરતિ રે મૂરતિ પ્રત્યય છે ખરો રે જે૦; આગળ છે જળકુંડ અભ્રાંત, પોથી રે પોથી તે માંહે ધરો રે. જે૦ ॥૧૧॥ મનમાં રાય વિચારે તામ, એ તો રે એ તો વ્દેષ હજી વહે રે જે૦; નિષ્કારણ એ વયરના ઠામ, જળમાં રે જળમાં કાગળ કેમ રહે રે. જે૦ ॥૧૨॥ બ્રાહ્મણને ન ગમે મુનિનામ, ફોગટ રે ફોગટ મત્સર મન ધરે રે જે૦; હેમ ભણી પૂછે નૃપ તામ, બ્રાહ્મણ રે બ્રાહ્મણ એવું ઉચરે રે. જે૦ ॥૧૩॥ હેમ કહે નૃપ વાર મ લાવ, તેડયા રે તેડયા સહુ પંડિત ભણી રે જે૦; રાયે નિજ પ્રધાન બોલાય, ભાખે રે ભાખે વાણી સોહામણી રે. જે૦ ॥૧૪॥ ચાલો પોથી લેઇ સુજાણ, ચાલ્યા રે ચાલ્યા ગર્વ

હૈયે ધરી રે; જે૦ લાંબા કરતા પ્રયાણ, આવ્યા રે આવ્યા શારદ દેહરે રે. જે૦ ॥૧૫॥ પોથી મૂકી કુંડ મોઝાર, જાણ્યું રે જાણ્યું ગળી જાશે સહીરે જે૦; ઢાળ અઠાવીશમી અવધાર, રૂડી રે રૂડી જિનહર્ષે કહી રે. જે૦ ॥૧૬॥

॥ દુહા ॥

હંસ કરે ક્રીડા સરે, તેમ પોથી જળ માંહી;
ઝીલે પણ ભીંજે નહીં, જળમાં લહ્યો અવગાહ. ॥૧॥
કાઢી પુસ્તક જોઇયો, ભીંજ્યો નહીં લગાર;
બ્રાહ્મણ મુખ ઝાંખા પડયા, આવ્યા નગર મોઝાર. ॥૨॥
રાજા પાસે આવીને, કહે પંડિત પ્રધાન;
હેમસૂરિ મોટા યતિ, સાચું એહનું જ્ઞાન. ॥૩॥
એહવો કોણ પંડિત અવર, કરે વ્યાકરણ જેહ;
જળ માંહે પોથી તરી, નયણે દીઠી તેહ. ॥૪॥
નૃપ હરખ્યો સાંભળી વયણ, તેડયા લહીયા તામ;
ત્રણસો ત્રણ વરસ લગે, મુહ માંગ્યા દે દામ. ॥૫॥
સોવન અક્ષર પુસ્તિકા, મેલી દેશ અઢાર;
ક્રોધ રીસ જાય વાંચતા, હૈડે હર્ષ અપાર. ॥૬॥

## ॥ ઢાળ ઓગણત્રીશમી ॥

શ્રી હેમાચારજ વડારે, નહીં કોઈ એહની જોડ રે; જગમાં યતિ૦ આઠ વ્યકરણ ભણ્યા તેહીરે, ઉભા રહે કરજોડ રે. જ૦ ॥૧॥ લાખ સવા હેમ વિસ્તર્યો રે, બીજા હવે ન સુહાય રે; જ૦ અમૃત ભોજન જે જમ્યોરે, તે કેમ ખીચડી ખાય રે.? જ૦ ॥૨॥ ખારોદધિ જળ કેમ રૂચેરે, જેણે કીધા પય પાન રે; જ૦

માણેક હીરા વિણ જુવ્યારે, મણિયારા કિણ જ્ઞાનરે. જ૦ ॥૩॥ હેમ વ્યાકરણ દીઠો જેણે રે, તેહને ન ગમે અન્ય રે; જ૦ હેમ તણી વાણી ભલી રે, સહુકો કહે ધન્ય ધન્ય રે. જ૦ ॥૪॥ લાગી પ્રીત સુરીતશું રે, જેસંગદે ને હેમ રે; જ૦ વિણ દીઠાં મન દૂમણો રે, દીઠે વાધે પ્રેમ રે. જ૦ ॥૫॥ હેમ વયણ શ્રવણે સુણી રે, પાપભીરૂ થયો રાય રે; જ૦ આહેડો વાર્યો સહુ રે, મચ્છી જાળ જલાય રે. જ૦ ॥૬॥ ક્રોડ સોનૈયા વરસનાં રે, ખરચે નૃપ પુણ્ય કાજ રે; જ૦ મીણલ નામે મુકીયો રે, અકર મહી મહારાજ રે. જ૦ ॥૭॥ અકર કરે જે નર નવો રે, સો ગૌ હત્યાનું પાપ રે; જ૦ અકર ઉતારે તેહને રે, ગૌ કોડી છોડાયાનો લાભ રે. જ૦॥૮॥ દૃઢ ધર્મી નૃપ જાણીને રે, કર્યો હેમસૂરિ વિહાર રે; જ૦ તારે પર પોતે તરે રે, પ્રતિબોધે નરનાર રે. જ૦ ॥૯॥ શ્રીફળ પાન સોપારીયા રે, સુધી કનક મહાકાય રે; જ૦ જેમ જેમ દૂરે સંચરે રે, તેમ તેમ મોંઘા થાય રે. જ૦ ॥૧૦॥ ઉગ્ર વિહારે વિચરતા રે, દેતાં શુદ્ધ ઉપદેશ રે; જ૦ તે અવસર એક દેવતારે, મધ્ય રાતિ સુવિશેષ રે. જ૦ ॥૧૧॥ કર જોડી કહે હેમને રે, સ્વામી તજો અન્ય દેશ રે; જ૦ રહો તમે ગુજરાતમાં રે, થાશે લાભ અશેષ રે. જ૦ ॥૧૨॥ સૂર વચને ગુરૂ અવીયા રે, પાટણ નગર મોઝાર રે, જ૦ પાય નમ્યા જેસંગદે રે, હરખ્યા સહુ નર નાર રે. જ૦ ॥૧૩॥ વંશ વિમળ ચૌલુકયનો રે, વિમળદેવ મહારાજ રે; જ૦ દોય સુપુત્ર તેહને થયા રે, કરણ અને ક્ષેમરાજ રે; જ૦ ॥૧૪॥ સિદ્ધરાય

જેસંગદે રે, કરણ તણો સુત સાર રે; જ૦ ક્ષેમરાય સુત બુદ્ધિ આગળો રે, ત્રિભુવનપાળ સુવિચાર રે. જ૦ ।।૧૫।। ત્રણ પુત્ર બે પુત્રી ભલી રે, શીલવતી અભિરામ રે; જ૦ કહી જિનહર્ષ સુઢાળએ રે, ઓગણત્રીશમી નામ રે. જ૦ ।।૧૬।।

।। દુહા ।।

કુમારપાળ પહેલે કુંવર, બીજો તેમ મહીપાળ;
કૃતપાળ ત્રીજો કહું, ત્રણે સુત સુકુમાળ. ।।૧।।
પ્રેમલબાઈ પહેલી સુતા, જેસંગ સેનાપત્ત;
કૃષ્ણદેવને તે વરી, સુખ વિલસે નિત નિત. ।।૨।।
બીજી દેવળ કન્યકા, શાકંભરી નરેશ;
પૂરણ રાજા પરણીયો, કાશ્મેરીનો ઇશ. ।।૩।।
અદ્ભૂત અશ્વ ચડી કરી, એક દિન કુમર નરિંદ;
રાજ સભામાં આવીયો, ઉગ્યો જાણે દિણંદ. ।।૪।।
હેમસૂરિ દેખી કરી, પામ્યો હર્ષ અપાર;
મુખ સામું જોઇ રહ્યો, નયણે અમૃત ધાર. ।।૫।।

## ।। ઢાળ ત્રીશમી ।।

મુનિવર આર્યસુહસ્તી રે...એ દેશી.

હિતશું કુમર નરીંદ રે, હેમસૂરીંદને, દેખી હર્ષ હૈયે ભર્યો એ; ધન ધન મુનિવર એહ રે, દેહ દમે સદા, દુષ્કર વ્રત એણે ધર્યો એ. ।।૧।। એક દિન વંદન જાય રે, ગીરૂઆ ગુરૂ ભણી, પોશાળે બહુ પ્રેમશું એ; કુમારપાળ કર જોડી રે, બેઠો આગળે, હિત લાગ્યો શ્રી હેમશું એ. ।।૨।। પૂછે કુમર નરિંદ રે,

હેમ મુણીંદને, નર સોહે કિણ ગુણે કરીએ ?; સાંભળ રાય સુજાણ રે, સત્વ ગુણે કરી, પરદારા સંગ પરિહરીએ. ાા૩ાા ગ્રહ ગણમાં જેમ ચંદ્ર રે, તેજે દિવાકરૂં, નૃપમાં રામ નરેશ્વરૂ એ; સુરમાં સુરપતિ દેવ રે, કંચન ધાતુમાં, સત્વ ગુણ તેમ સુંદરૂ એ. ાા૪ાા એકલડો જેમ સીંહ રે, વનમાંહે વસે, સત્વ ગુણે બીહે નહીં એ; રવી ગયણાંગણ એક રે, તિમિર નસાડતો, જગ ઉદ્યોત કરે સહીએ. ાા૫ાા સત્વ વિના નર જેહ રે, તે પશુ સારીખા, લેખામાં ન ગણીજીએ એ; સત્વે સીઝે કાજ રે, સત્વે સુર નમે, અંગે સત્વે ધરીજીયે એ. ાા૬ાા યતઃ ાા સુર સુભટ ભલ પંચ જણ, કાયર સો પચાસ; નિઃસત્વ લક્ષ લેખે નહી, સૂરો એકો ખાસ. ાા૧ાા ચાલ પૂર્વની ાા સુર પુરૂષ સંબંધ રે, સુણજ્યો સહુ જના, શિવ શાસ્ત્રની છે કથા એ; હસ્તી નાગપુર દ્રંગ રે, પાંડવ તિંહા વસે, સત્વ શીલ ગુણ નહી તથા એ. ાા૭ાા યજ્ઞ કરેવા તાસ રે, પાંડવ ઉમહ્યા, રાય યુધિષ્ઠિર તેડીયો એ; અર્જુનને કહે એમ રે, લાવે કુમારૂ એ, કનક તિંહાથી ખેડીયો એ. ાા૮ાા એકાકી બળવંત રે, આવ્યો વેગશું, શ્વેતબંધ રામેશ્વરૂ એ; આગે રથી નવિ જાય રે. અટકી ને રહ્યો, ચિંહુ દિશે જોવે નરવરૂ એ. ાા૯ાા કાષ્ટ પાષાણ ન દીઠ રે. હરિ હરે જોઈયો, દીઠો તાતો ઉંદરો એ; અર્જૂન ચિંતે નામ રે, શીલ સાયર તરી, રામ નામ મહિમા ખરો એ. ાા૧૦ાા પાણીમાં પાષાણ રે, શક્તિ ન તેહની, તેમ ઈહાં કારણ છે સહી એ; ઉંદરનું શું જોર રે, રૂંધે વાટને, પણ બળ પાખે એ નહી એ.

॥૧૧॥ દેવ દાનવ જક્ષ જેહરે, થાયે તે ઇહાં, પ્રત્યક્ષ થઇ બોલો તમે એ; આ પુઢવી હનુમંત રે, બોલ્યો એણી પરે, અર્જુન તું જાઇશ કિંહા એ. ॥૧૨॥ મુજને મુકયો રામ રે, રખવાળા ભણી, ઇણ પાજે કોઈ નર ઠુજો એ; જાણ ન પામે રામ રે, તણી એ (આજ્ઞા) આગન્યા, અર્જુન મન મત ખીજીયે એ. ॥૧૩॥ અર્જુન કહે તેણીવાર રે, હું જાવું સહી, સોવન લેવા ઇણ પથે એ; તાહરો પતિ શ્રી રામ રે, ખંડશે તો કેમ, યજ્ઞ કામ પુણ્યનાં કહે એ ॥૧૪॥ કરો તમે પણ પુણ્ય રે, કારજ ઉત્તમ, ક્રોધ કાળ દૂરે હણીએ; ઢાળ થઇ એ ત્રીશરે, અર્જુન એમ કહ્યો, કહે જિનહર્ષ હનુમંત ભણીએ. ॥૧૫॥

॥ દુહા ॥

પદ્મપુરાણે હરિ કહ્યો, કરે કરાવે જેહ;
અનુમોદે સહાય્ય દે, સરખું પુણ્ય કહેહ. ॥૧॥

સાંભળ અર્જુન કપિ કહે, કંચનથી જો કાજ;
તો જા બીજી વાટડી, જાવા ન દઉં ઇણ પાજ. ॥૨॥

અર્જુન કહે કપિનાથ સુણ, જાવું છે ઇણ વાટ;
કહે તો પાજ બીજી કરૂં, કરૂં સુગમ વળી ઘાટ. ॥૩॥

ઉઠયો અર્જુન સત્વ ધરી, વાહિ અસંખીત બાણ;
પાજ રચી હનુમાન કપિ, કરે પરીક્ષા પ્રાણ. ॥૪॥

સાત તાડનું રૂપ કરી, ઉછળી પડીયો જામ;
પાજ ઉપરે વાનરો, વાંકી વળી ન તામ. ॥૫॥

અર્જુન બળ દેખી કરી, કપિ ચિંતે તેણીવાર;
સંગ્રામે પહોંચું નહી, એહનું સત્વ ઉદાર. ॥૬॥

## ।। ઢાળ એકત્રીશમી ।।

કર જોડી હનુમંત કહે રે કાંઇ કરો સંગ્રામ; સોનું આપું તુજ ભણી રે, કહે તે કરૂં વળી કામ. ।।૧।। સુવિચારા રે રાજન સાંભળ કુમર નરિંદ, ધર્મ એહથી પામીએ, એમ કહે મુણિંદ. સુ. ।।૨।। સત્યવંત નર આગળો રે, કોઇ ન માંડે પાવ; આપો આંગમીયા પછે રે, કોણ રાણો કોણ રાવ. સુ. ।।૩।। તાહરૂં સત્વ જોવા ભણી રે, એહ પરીક્ષા કીધ; કનક લેઈ અર્જુન ચલ્યો રે, ભાઇને આણી દીધ. સુ. ।।૪।। અર્જુન સત્વે આગળો રે, ગુણ ગાવે સહુ કોય; સત્વવંતને સહુ નમે રે, યશ પામે ત્રણ લોક. સુ. ।।૫।। સત્વ શોભે નહીં એકલો રે, એકલે ન સરે કામ; વાઘ સીંહ ગજ અતિ બળી રે, પશુ ધરાવે નામ. સુ. ।।૬।। રથ ન ચાલે ચક્ર એકલે રે, એક હાથે ન લણાય; 'એક હાથે રોટી નહિંરે, એક પગે ન ચલાય. સુ. ।।૭।। સત્વ શીલ જો બે મળે રે, થાયે કારજ સિદ્ધ; પગ પગ પામે સંપદા રે, પગ પગ લહે નવ નિદ્ધ. ।।૮।। પરનારી જે પરિહરે રે, તે ઘર કોડ કલ્યાણ; પરદારા સંગમ કરે રે, નિશ્ચય જાયે પ્રાણ. સુ. ।।૯।। રામ ઘરણી રાવણ હરીરે, તો છેદાયા શીષ; કીચક દ્રૌપદી કારણે રે, ભીમે દહ્યો કરી રીસ. સુ. ।।૧૦।। પરનારી નવી રાચીયે રે, સાંભળ ભોળા શીખ; વીરા ધણી પરનારથી રે, ઘર ઘર માંગી ભીખ. સુ. ।।૧૧।। કળીકાળે સોની થયો રે, શાહ ભલો સંગ્રામ; રૂતુ વિના આંબો ફળ્યો રે, મેહ વુઠયો અભિરામ. સુ. ।।૧૨।।

શીલ તણો મહિમા ઇશ્યો રે, દેવ દાનવ જક્ષ દૈત્ય; શીલ થકી પહોંચે નહિ રે, ખાંડી થાયે જઈત. સુ. ॥૧૩॥ તે કારણ પરસ્ત્રી તજી રે, પાળી શીલ અખંડ; સત્વ શીલ અંગે ધરે રે, મહિમા વધે ત્રિંહુ ખંડ. સુ. ॥૧૪॥ કુમર નરેશ્વર આગળે રે, વચન કહ્યાં ઇમ હેમ; પરનારીનો મુજ ભણીરે, પૂજ્ય કરાવો નેમ. સુ. ॥૧૫॥ નિયમ લીયો પરનારીનો રે, શીલ ધર્યો અભિરામ; કહે જિનહર્ષ એકત્રીશમી રે, ઢાળ થઇ એણે ઠામ. સુ. ॥૧૬॥

॥ દુહા ॥

શ્રી ગુરૂને કરી વંદના, ઉઠયો કુમર નરિંદ;
પહોંચ્યો મંદિર આપણે, ધરતો મન આણંદ. ॥૧॥
હેમસૂરિનાં ગુણ વશ્યા, નિર્મળ હૈયા મઝાર;
પર ઉપગારી એહવા, થોડા ઇણ સંસાર. ॥૨॥
થોડું કંચન ધાતુમાં, થોડા ચંદન વૃક્ષ;
તેમ જગ માંહી થોડલા, પર ઉપગારી દક્ષ. ॥૩॥

## ॥ ઢાળ બત્રીશમી ॥

બાળપણે આપણ સસનેહી—એ દેશી.

જેસંગદે સુત વિણ દુઃખ ધરેજી. સુત વિણ સુનો ઘરવાસ, નિશદિન રહેવું ઉદાસ. જે. ઇણ અવસર જેસંગદે રાજા, ઝૂરે હૈડા માંહી; રાત દિવસ ચિત્ત ચિંતા નિવસે, મુજ ઘર અંગજ નાહીં જે. ॥૧॥ કોડિ ઉપાય કરે સુત કારણ, ખરચે દ્રવ્ય વિશેષ; જે જેમ દાખે રાય કરે તેમ, અરથી દોષ ન દેખે. જે.

॥૨॥ કનક તણો આવાસ અનૂપમ, દીપક કોડિ મઝાર; જિણુ ઘર પુત્ર નહિં અજવાળું, તે ઘર ઘોર અંધાર. જે. ॥૩॥ રતન કનક મણિ માણેક મોતી, લક્ષ્મી પાર ન કોઈ; તોહિ પણ તે નિર્ધન કહીયે, જિણુ ઘર પુત્ર ન હોઈ. જે. ॥૪॥ એમ રાજા મનમાંહી વિમાસે, કોણ ભોગવશે રાજ; ઈસ્યું વિમાસી ચિત્ત ઉદાસી, આવ્યો જિંહા ગુરૂરાજ. જે. ॥૫॥ હેમાચારજને નૃપ પુછે, મુજ સુત છે કે નાહીં?; જેહવું હોય તેહવું મુનિ ભાખો, મત રાખો મન માંહી. જે. ॥૬॥ અંબાદેવી ધ્યાન ધરેવી, પ્રત્યક્ષ થઇ તેણીવેળા, ગુરૂએ પુછયું તેણે ના ભાખી, હૈડે ધરીય વિચાર. જે. ॥૭॥ શ્રીહેમાચારજ કહે તાહરે, નંદન નહિં રાજિંદ; એ સહુ રાજ્ય તમારૂં રાજન્, લેશે કુમર નરિંદ. જે. ॥૮॥ સુણી વિખવાદ થયો મનમાંહી, બાહિર વાત ન કાઢી; ઘર આવ્યો પણ મનમાં વિલખો, અગ્નિ પરે દહે ગાઢી. જે. ॥૯॥ પંડિત સહુ તેડયા રાયંગણુ, પુછે મુજ ઘર પુત્ર; થાશે કહીએ તે મુજ ભાખો, જેહથી રહે ઘર સૂત્ર. જે. ॥૧૦॥ ગ્રંથ શાસ્ત્ર જોઇને પંડિત, ભાખે તાસ વિચાર; તાહરે પુત્ર નહિં ન હુભાઇશ, જો કરે લાખ પ્રકાર. જે. ॥૧૧॥ તારા રાજ્યતણો પતિ થાશે, કુમાર પાળ ભૂપાળ; સાંભળી હૈડા માંહે ઊઠી, દુઃખ પાવકની ઝાળ. જે. ॥૧૨॥ શોકાતુર રાજાને જાણી, એક વિપ્ર કહે વાણી; સ્વામી અમારૂં કહ્યું કરીજે, ગંગા જઇ લાવો પાણી. જે. ॥૧૩॥ પગ અડવાણા પાળા જળ લઈ, સોમેશ્વર જઈ પૂજો; થાવણહાર છે તો સુત થાશે. નહીં ઉપાય

કો દૂજો. જે. ॥૧૪॥ અર્થી કામ કરે નહીં શાં શાં; પાજ બંધાવી રામ; ઈશ્વર લાજ તજીને નાચ્યો, અર્થે ચલ્યો નૃપ તામ. જે. ॥૧૫॥ આણી જળ પૂજ્યા સોમેશ્વર, ભગતે નામી શીષ; કહી જિનહર્ષ બત્રી-શમી ઢાળે, અચરિજ કરે અવનિશ. જે. ॥૧૬॥

॥ દુહા ॥

ભાવ ભક્તિ બહુ યુક્તિશું, પૂજ્યા એમ ખટ માસ;
બે કર જોડી એમ કહે, પૂર પૂર મુજ આશ. ॥૧॥
ઈશ્વર આગળ વિનતિ, કરે એમ જેસંગ;
સુત આપો સુપ્રસન્ન થઈ, જેમ મુજ હુવે ઉછરંગ. ॥૨॥
ઇશ્વર કહે જેસંગ સુણો, પડિયો છે શું ભર્મ;
મેં સુત કેમ જાયે દીયો, ન લખ્યો તારે કર્મ. ॥૩॥
રાય રીસાણો એમ કહે, ઇશ્વર થઇ બઇઠ;
સુત નવિ દીધો જાય તો, શક્તિ પાયલ પઈઠ. ॥૪॥
ઇશ્વર કહે હું શું કરૂ, લખ્યો ન મેટયો જાય;
જેવું જેના કર્મમાં, તેહને તેવું થાય. ॥૫॥

## ॥ ઢાળ તેત્રીશમી ॥

તેહ પ્રતિજ્ઞા વાત નયરમાં—એ દેશી.

ઇશ્વરનાં સુણી બોલ નૃપતિ ઘરે આવીયો રે, નૃ. પુરજન લોકે તામ, સુસ્વામી વધાવીયા રે; સુ. નાખે મુખ નિસાસ ઉદાસ સદા રહેરે, ઉ. બે કર જોડી તામ સૌભાગ્યણી ઈમ કહે રે. સુ. ॥૧॥ દીસો કાં દિલગીર સધીર પણું કિંહા રે, સ. ચિંતા તમને આજ કિશું કારણ ઇંહારે; કિ. રાય કહે ચિત્ત લાય

કે રાણી સાંભળો રે, કે. હૈડે સબળી ચિંત કે મુજ મન ભાંભળો રે. કે. ॥૨॥ પુત્ર નહીં મુજ રાજ કહો કોણ રાખશે રે?; ક. પુત્ર વિહુણી રૂદ્ધિ નિશા શશી વિણ જીસીરે; નિ. આરાધ્યો ખટ માસ ઈશ જગદીશને રે, ઇ. તેણે ભાખ્યું એમ પુત્ર નહીં તુજ શીષે રે. પુ. ॥૩॥ સાંભળી નૃપનાં વયણ નયણ આંસૂ ઝરે રે, ન. જાણે તુટયો હાર સઘન મોતી ખરે રે; સ. ડસકે રૂવે નાર કીસી ગતિ રાજની રે, કી. પામી રૂદ્ધિ સમૃદ્ધિ કિશા એ કારજની રે?. કી. ॥૪॥ કાણી પુત્રી હોય તોહી દુઃખ ઉપશમે રે, તો. વાંઝીયાનો અપવાદ ટળે સહુ લોકમાં રે; હ. નિજ હાથે નિજ પ્રાણ હણેવું સોહિલું રે, હ. વાંઝીયડાનું લોક મહેણું દોહિલું રે. મ. ॥૫॥ મંગળ ઠામે અમંગળ માને વાંઝણી રે, મા. હોય તેને અપમાન ન માને નિજ ધણી રે; ન. કાંઇ સરજી કિરતાન પુકારે કામિની રે, પુ. શાં કીધા મેં પાપ લહ્યા દુઃખ જે ભણીરે. લ. ॥૬॥ યતઃ ॥ વાંઝિ પુકારે થળ ચડી, હું કાં જનમી માય; પુત્ર ન હિંડોળ્યો પારણે, વહુ ન લાગી પાય. ॥૧॥ મંદિર મોટું ધન ઘણાં, ઘર હાથી કેકાણ; જસ ઘર બાળક નહીં રમે, તે ઘર જાણ મસાણ, ॥૨॥ મંદિર સુના બાળવિણ, સુતથી વંશ વધંત; સુત હિણું ઘર જેહનું, તે કુળ સહી ગળંત. ॥૩॥ ઢાળ પૂર્વની ॥ કાળ વિના જેમ મેહ નેહ વિણ રૂસણું રે, ને. લુણ વિના જેમ ધાન માન વિણ બેસણું રે; મા. જોબન વિણ શણગાર સંપત્તિ વિણ પ્રાહુણો રે. સં. ॥૭॥ દંત વિના ગજ રાજ રાજ વિણ પાટવી રે, રા.

વસ્તુ અનુપમ દેખિ વિના ધન સાટવી રે; વિ. પંખી જેમ વિણુ પંખ સરોવર જળ વિનારે, સ. વાસ વિના જેમ ફુલ સુગુરૂ વિણુ આમન્યારે. સુ. ॥૮॥ રાય રાણી મન માંહિ વિચારે એહવું રે, વિ. પુત્ર વિના ઘરબાર ન શોભે તેહવું રે; ન. આપું સયલ નિધાન ધબોધબ તેહને રે, ધ. જે કોઈ આપે પુત્ર આપું રૂદ્ધિ તેહને રે. આ. ॥૯॥ જોગી જંગમ સિદ્ધ સહુ પુછયા જના રે, સ. તોહી ન હુવે પુત્ર ઉપાય કર્યા ઘણાં રે; ઉ. રાય તણાં મનમાંહિ કુમતિ આવી ઇસી રે, કુ. મારૂં કુમર નરિંદ પુત્ર મુજ થાઇશે રે. પુ. ॥૧૦॥ વાંકો કરે વિચાર કે સ્વારથ આપણે રે, કે. ભણ્યો ગણ્યો બુદ્ધિવંત અજ્ઞાન પડયો ઘણે રે; અ. સ્વારથ વહ્યો જીવ ન બીહે પાપથી રે, ન. સ્વારથ સરખો નીચ જગતમાં કો નથી રે. જ. ॥૧૧॥ કનકકેતુ નૃપ પુત્ર હણ્યો નિજ સ્વારથે રે, હ. લોભે કૃષ્ણુ ઉપાય કરે સાયર મથે રે; ક. લોભે કોણિકરાય શ્રેણિકને મારીયો રે, શ્રે. લોભે કરે અકાજ રહે નહીં વારીયો રે. ર. ॥૧૨॥ જગ સહુ સ્વારથ ભૂત વિચાર નહીં કિમેરે, વિ. નિષ્કારણુ મતિ મૂઢ વૈર વાધે ઇમે રે; વૈ. રાય હતો બુદ્ધિવંત ગઈ બુદ્ધિ જેહની રે, ગ. ઢાળ થઇ જિનહર્ષ તેત્રીશમી એહની રે. તે. ॥૧૩॥

॥ દુહા ॥

હરણ નાભિ કસ્તૂરિકા, મણિ અહિ શીષ ધરંત;
હાથે નાવે જીવતાં, વાઘ દંત ગય દંત. ॥૧॥
રાત દિવસ જેસંગદે, જોવે દાય ઉપાય;
પુણ્ય જાસ પ્હોંચે ઘણું, કુમારપાળ ન મરાય. ॥૨॥

કુમારપાળ ચિત્ત ચેતીયો, ન કરે તાસ વિશ્વાસ;
હાથ ન આવે રાયને, આવે પણ નહીં પાસ. ॥૩॥

## ॥ ઢાળ ચોત્રીશમી ॥

દેશ મનોહર માળવો-એ દેશી.

હવે જેસંગદે નૃપ કોપીયો, મુકયાં સુભટ સનુરોરે; મારો વેગે દહીથળી, કુમર નરિંદ કુળ ચૂરો રે. હ. ॥૧॥ સુભટ લેઈ નૃપ આગન્યા, ચાલ્યા થઈ અસવારો રે; સંનદ્ધ બદ્ધ થઇ કરી, લેઈ રહુ હથીયાર રે. હ. ॥૨॥ વીંટી વેગે દહીથળી, યુદ્ધ થયું અસરાળ રે; નાઠો કુમર નરેશ્વરૂ, માર્યો ત્રિભુવનપાળ રે. હ. ॥૩॥ પાટણમાં આવા રહ્યો, ખબર નહીં ભૂપાળો રે; કારણ વિણ એ જોઇજો, કોપ્યો રાય કરાળોરે. હ. ॥૪॥ કુમારપાળ મન ચિંતવે, આતમ કાજે દેશો રે; છાંડી રહીએ વેગળા, શાસ્ત્રે કહ્યો ઉપદેશો રે. હ. ॥૫॥ યતઃ ॥ त्यजेदेकं कुलस्यार्थे-, ग्रामस्यार्थे कुलं त्यजेत्; देशस्यार्थे त्यजेद्ग्रामं, आत्मार्थे सकलं त्यजेत् ॥૧॥ ચાલ પુર્વની ॥ ચિત્ત વિમાસી ચાલીયો, કુમર નરેસર તામો રે, આવ્યો બનેવી જિહાં, કૃષ્ણદેવ ઇણ નામો રે. હ. ॥૬॥ બહુ નેહે મળીયા બિહું, માંડી કહ્યો વૃત્તાંતરે; કૃષ્ણદેવ કહે સાંભળો, મનમાં ધરીય નિરાંતો રે. હ. ॥૭॥ દિન સરખા નહીં કેહનાં, સૂરજ તારા ચંદોરે; ઊગે ને વળી આથમે, કબહી તેજ કદિ મંદો રે. હ. ॥૮॥ સુર ચક્રી અરિહંતને, સરખા દિન નવિ જાયો રે; મોટા પણ આપદ લહે, અવરનું શું કહેવાયો રે. હ. ॥૯॥ કોઇ દિન છત્ર ધરાવતો, કરતા

હાલ કલોલરે; કોઇ દિન માંગી ભીખડી, ઉભા ઓળા ઓળ રે. હ. ॥૧૦॥ કોઈ દિન વાઘા પહેરણે, કોઇ દિન નગ્ન વિરૂપોરે, સોભાગી દુરભાગીયો, કર્મનો એહ સ્વરૂપો રે. હ. ॥૧૧॥ છાનો બેસી રહે હવે, વાંકા છે તુજ દિસો રે; પુણ્ય ઉદય જ્યારે થશે, છત્ર ધરાવીશ શીષો રે. હ. ॥૧૨॥ સુખે સમાધે ઇંહા રહો, મ કરો ચિંતા કાંઇ રે; કુમારપાળ તિંહા રહે, જેસંગદે શુદ્ધિ પાઇ રે. હ. ॥૧૩॥ છાનો હેરૂ આવીયો, થઇ અવધુત પલાયો રે; પાટણમાં આવ્યો ફરી, ભરડા ભેળો થાય રે. હ. ॥૧૪॥ દિન કેટલાં તેહમાં રહ્યો, જેસંગને થઇ જાણેરે; ચોરી જેહ સુગંધની, ઢાંકયો ન રહે ભાણે રે. હ. ॥૧૫॥ છાનો કહોને કેમ રહે, ભીખારીમાં ભૂપોરે; ઢાળ થઇ ચોત્રીશમી, કહે જિનહર્ષ સ્વરૂપો રે. હ. ॥૧૬॥

॥ દુહા ॥

ભરડા જમવા તેડીયા, જેસંગદે ભૂપાળ;
આવ્યા રાવળ સહુ મળી, ગરઢા ધનવા બાળ. ॥૧॥
પાય પખાળી તેહનાં, લક્ષણ જોવે રાય;
ભરડા પગ નિરલક્ષણા, કુમર પખાળે પાય. ॥૨॥
દીઠાં લક્ષણ નૃપ તણાં, મયગલ મચ્છ આકાર;
ધજ સાયર તોરણ ધનુષ, ચામર છત્ર ઉદાર. ॥૩॥
ચિત્ત ચમકયો નૃપ ચિંતવે, કુમારપાળ એ હોય;
હવે આવ્યો છે સાંકડે, જેમ અહિ ઘડી સમોય. ॥૪॥
મયગલ પડયો અજાડીયે, નીકળી ન શકે જેમ;
રાય પડયો તેમ સાંકડે, હવે નીકળશે કેમ. ? ॥૫॥

## ॥ ઢાળ પાંત્રીશમી ॥

રાય જેસંગ વિચારીએ, મંત્રી તેડયા તે વાર એ, વારે એ એહને જાવા મત દીયો એ; એ ભરડો જો જાસે એ, તો તમને દુઃખ થાશે એ, ભાસે એ જાણ ન પાવે એમ કીયો એ. ॥૧॥ એમ કહી નૃપ ઘરે આવે એ, ભોજન ભાત રંધાવે એ, ધ્યાવે એ કુમારપાળ મનમાં ઇશો એ; કર્મે મુજ ઇહાં આણ્યો એ, રાયે પણ મુજ જાણ્યો એ, નાણ્યો એ એહનો ભય પણ મેં કીશો એ. ॥૨॥ કુડ રચ્યું મુજ કાજે એ, વયરી જેસંગ ગજે એ, વાજે એ મરણ નગારા મુજ શીરે એ; મૂઢ જાણંતો હું હુઓ એ, દેખી પેખીને કુઓ એ, જુઓ એ આવીને માંહે પડયો એ. ॥૩॥ રસના વશે દુઃખ લહીયે એ, કહો હવે કોને કહીયે એ ?, સહીયે એ ઇંદ્રીયને વશ દુઃખ ઘણા એ; કોઈ ઉપાય હવે કરૂં એ, એ સંકટથી ઉગરૂં એ. પરિહરૂં એ ભોજન ઈહાંથી ભાગણા એ. ॥૪॥ જમવા તેડયા રાયે એ, ભરડાશું મળી જાયે એ, ખાયે એ તિમહિજ વળી પાછો વમે એ; ઉભો થઇને ઉબકે એ, છાંટે ભરીયા સહુ બકે એ, તે તકે એ નિકળવાનો કોઈ સમે એ. ॥૫॥ ભરડે મળી હાંકી કાઢયો એ, ખરડે મુખે તે નાઠો એ, માઠો એ રહેતા થાએ માહરો એ; રાયજેસંગ આવ્યો જિસે એ, ભરડો દેખે નહીં તિસે એ, નૃપતિ એ મંત્રીશું ખીજ્યો ખરો એ. ॥૬॥ કિંહા રાઉલ દીસે નહી એ, તુમ આગળ નાઠો સહી એ, એમ કહીએ હાંકયા સહુ તમે શું કીયો એ; મંત્રી કહે રાજન સુણોએ, મુખે વમન કર્યાં ઘણો એ, સુગા-

મણે એ ભરડે કાઢી મૂકીયો એ. ।।૭।। સીંહ સંકટથી છૂટીયો એ, નાવે તેહ અપૂઠીયો એ, રૂઠીયોએ તે હવે જાયે કેમ ગ્રહ્યો? એ; લાવો તેહને પકડીએ, હાથ પગશું જકડીએ, ફકડીએ નહીં તો થાશો નૃપ કહ્યો એ. ।।૮।। રાઉલ કેડે ચાલ્યો એ, સેના લેઈ માલ્યો એ, સાલ્યો એ સેનાનીને દુઃખ ઘણોએ; કુમર તણા જોતો પાયએ, કેડે ઉજાણ્યો જાયએ, તે થાય એ અલી કુંભારનો પ્રાહુણો એ. ।।૯।। વીંટયો અલીનો ઘર જઇએ, કુમર નરિંદને શુદ્ધ થઇ એ, ઘરમાં એ છે કાઢી દે ઈમ ભણે એ; નહીં તો મારીશ તુજને એ, દોષ મ દેઈશ મુજને એ, વચને એ સંગતિ કરીજે આપણી એ. ।।૧૦।। અલિ ભાખે ધીરજ ધરીએ, કાં તુમ સહુની મતિ ફરીએ, એમ કરીએ દંડ કિશો લેવા મતો એ; કુડું કલંક ન દીજીએ એ, ચોર કરી દંડ લીજીયેએ, કીજીયે એ મુજ ઘરમાં જોઈ છતો એ. ।।૧૧।। જો નીકળે મુજ ઘર મહી એ, તો હણજો સહુને સહી એ, એમ કાં એ રૈયત લોકને દુઃખ દીયો એ; વચન ઈશા અલિનાં સુણીએ, રીસાણો સેના ધણીએ, અવગણીએ ઘર તેહનોં જોવરાવીયો જી. ।।૧૨।। જોવંતા લાધ્યો નહીંએ, તેણે ખેદ લહ્યો મનમાંહી એ, તે કિંહા એ ન જડયો ફરી પાટણ ગયો એ; સેનાની રાય પાય નમી એ, ઢાળ થઈ પાંત્રીશમી એ, ધમધમી એ નૃપ જિનહર્ષ રાતો થયો એ. ।।૧૩।।

।। દુહા ।।

રાય રોષે થયો રાતડો, ભાખે વયણ કઠોર;
મુખ લેઇ શું આવીયો, જો લાવ્યો નહીં ચોર. ।।૧।।

નૃપ બીજ્યો જાણી કરી, સેનાપતિ તેણીવાર;
ફરી આવે અલિ મંદિરે, લેઈ બહુ અસવાર. ॥૨॥
અલિ જાણ્યું બાજી બૂરી, હવે ન રાખ્યો જાય;
ભંડ થકી કાઢી કરી, કહે સાંભળ મહારાય. ॥૩॥
તુમને રાખી નવિ શકું, આવ્યું વળી કટક;
ઉભા ન રહેશો વળી ઇંહા, ઉતરી જાહિ અટક. ॥૪॥
કટુકવચન કહુ તે ભણી, મુજ બળ નહીં લવલેશ;
રાય તણો ભય છે ઘણો, તમને ભલો વિદેશ. ॥૫॥
પ્રજાપતિના સુણી વચણ, ભાખે કુમર નરિંદ;
વળશે જે દિ મુજ દિહડાં, તો થાશે આણંદ. ॥૬॥

## ॥ ઢાળ છત્રીશમી ॥

ધન ધન સંપ્રતિ સાચો રાજા—એ દેશી.

દેઈ દિલાસો એણે પરે અલિને, ચાલ્યો કુમર ભૂપાળજી; વૈરીનાં ભયે ભાગ્યો જાયે, જાણ થઈ તતકાળજી. દે૦ ॥૧॥ સેનાની તવ કેડે ઉજાણો, લેઇ કટક સિરદારજી; પાછું વાળી જોવે રાજેશ્વર, કેડે ઉડે ખેહ અપાર જી. દે૦ ॥૨॥ એતો મારી કેડે વાહર આવી, હવે નાસી કિંહા જાઉંજી ?; ભીમસિંહ હાલી શરણે પઇઠો, રાખે રાખે હું દુઃખ પાઉંજી. દે૦ ॥૩॥ જેસંગ નૃપનું લશ્કર આવ્યું, મુજને પકડી જાશેજી; એ ભયથી મુજને ઉગારો, પુણ્ય ઘણું તુજ થાશેજી. દે૦ ॥૪॥ ઉંડી ખાડ માંહે બેસાર્યો, ઉપર ઝાંખરા નાખ્યા જી; ધાયો સેનાની પગ પગ આવ્યો, વચણ ઈશાં તિહા ભાખ્યાજી. દે૦ ॥૫॥ ચોફેર જોતાં દ્રષ્ટે ન આવ્યો, ભીમને પૂછે સેનાની જી; ઈંહા

આવ્યો તે કિંહા ગયો એક નર, ભીમ કહે સનમાનીજી. દે૦ ॥૬॥ ઇંહા તો આવ્યો કોઇ ન દીઠો, નવિ માનો તો જોવોજી ; કુડું કહું તો આણ જેસંગની, ફોગટ ખોટી મત હોવોજી. દે૦ ॥૭॥ સેનાની કોપ્યો ભીમ ઉપર, ક્ષેત્ર ફરી સહુ જાવેજી; ખાડ ઝાંખરા તિંહા આવી રોશે, ભાલા અણીએ પરોવેજી. દે૦ ॥૮॥ કુમારપાળે કળા નિજ ફેરવી, આયુધ અણી નવિ લાગ્યો જી; રાખણહારે રાખી લીધો, ભય તેહનો પણ ભાગ્યોજી. દે૦ ॥૯॥ સેનાની ઝાંખો થઇ વળીયો, હાલી ભીમસેન તે વારજી; ઝાંખરા દૂર કરીને તે કાઢયો, ગુજ્જરપતિ સુવિચાર જી. દે૦ ॥૧૦॥ તું સાહસવંત જગમાં મોટો, જીવ દયાનો જાણજી; પર ઉપગારી તું સુવિચારી, તેં રાખ્યા મુજ પ્રાણજી. દે૦ ॥૧૧॥ ભીમ ભણી વચને સંતોશ્યો, તિંહાથી ચલ્યો પરદેશજી; રાજ લેઇશ તવ તુજ સંભારીશ, તાહરી ભકિત કરેશજી. દે૦ ॥૧૨॥ ગામ નગર પુર જોતો જાવે, આગળ વનમાં પઇઠજી; ઉંદર દરમાંથી સોનૈયા, લેઈ આવંતો દીઠજી. દે૦ ॥૧૩॥ ઓળા ઓળે માંડી બેઠો, સોનૈયા એ કવીશજી; નાચે કુદે કરે કલોલા, જોવે કરી જગીશજી. દે૦ ॥૧૪॥ ઉંદર તે દરમાંહી પેઠો, રાયે ગ્રહ્યા તતકાળજી; કહે જિનહર્ષ સહુ સાંભળજો, છત્રીશમી એ ઢાળજી. દે૦ ॥૧૫॥

॥ દુહા ॥

બાહિર આવી જોઇયો, દેખે નહીં ધન તેહ;
અરહો પરહો આફળી, તતખિણ છાંડી દેહ. ॥૧॥

કુમર હૈ હૈ મુખે કહે, પામ્યો મન વિખવાદ;
મેં પાપી ઉંદર હણ્યો, વૃથા કર્યો ઉન્માદ. ॥૨॥
મેં જાણ્યું એ ઉંદરને, કંચનથી શું કામ?;
દાન પુણ્ય નવિ ખરચવું, લીધાં જાણી આમ. ॥૩॥
પણ મધ્યમ એ મોહિની, મોહે દુઃખ લહે જીવ;
પાપ બંધાયે મોહથી, દુર્જય મોહ અતીવ. ॥૪॥
વળી વિશેષે મોહિની, ધન ઉપર અત્યંત;
ધન કાજે મારે મરે, કરે કુકર્મ અનંત. ॥૫॥
ધન કાજે ઉંદર મૂવો, મેં માર્યો ધન કાજ;
એ ધનથી શું સીઝશે, પસ્તાવે મહારાજ. ॥૬॥

## ॥ ઢાળ સાડત્રીશમી ॥

તટ યમુનાનો રે અતિ રળીયામણો.–એ દેશી.

ચાલ્યો લેઇ તિંહાથી હો કુમર નરેશ્વરૂ, આવ્યો ઉંબરી ગામ; દેવ નારીને હો ઘરે આવી રહ્યો, પુણ્ય તણું એ ઠામ. ચા૦ ॥૧॥ ઉત્તમ દેખી હો નર તે નારીયે, કીધી ઘણી મનુહાર; પંથી જાણી હો તે દિન પ્રત્યે કરે, ભોજન ભક્તિ અપાર. ચા૦ ॥૨॥ પરઉપગારી હો માણુસ જે હુવે, જે દુઃખીયા આધાર; સ્વારથ પાખે હો હિતશું જે મળે, તે વિરલા સંસાર. ચા૦ ॥૩॥ આગળ જાતાં હો ત્રણ દિવસ થયાં, ભૂખે પીડ્યો અંગ; શ્વસુર ભવનથી હો ઇભ્ય વધૂ જાયે, નિજ પીયર મન રંગ. ચા૦ ॥૪॥ કુમર કરમાયો હો દીઠો નારીયે, આણી બંધવ પ્રેમ; શાલિ કરંબો હો સુરભિ જમાડીયો, તૃપ્ત થયો કહે એમ. ચા૦ ॥૫॥ યતઃ॥ કરચલુ પાણી એણવી, અવસર દિન્નણ મુચ્છિ-

યો જિય; પચ્છા મુઆણુ સુંદરી, ઘડ સય દિન્નેણુ કિં તેણુ. ।।૧।। જં અવસરેણુ ન હુયં, દાણં વિણા સુભાસિયં વયણં; પચ્છા ગય કાલેણુ, અવસર રહિએણુ કિં તેણુ? ।।૨।। ચાલ પૂર્વની ।। કુમર ખુશી થઇ હો કહે તે નારીને, તું મુજ બહેન અમોલ; રાજ્ય હું લહીશું હો તિલક કરાવશું, તુજ હાથે મુજ બોલ. ચા૦ ।।૬।। એમ કહી ચાલ્યો હો રાય તિંહા થકી, આવ્યો દહિથળી ગામ; રાય જેસંગને હો જાણ થઇ જિસે, આવ્યું લશ્કર તામ. ચા૦ ।।૭।। આવીને વીંટયું હો ગામ તે દહીથળી, જાણ ન પાવે રાય; પાસ બંધાણો હો મૃગલાની પરે, આકુળ વ્યાકુળ થાય. ચા૦ ।।૮।। સાજન નામે હો તિંહા કુંભાર છે, આવ્યો શરણે તાસ; રાખે મુજ હણતાં હો તું પ્રજાપતિ, કરી આવ્યો તુજ આશ. ચા૦ ।।૯।। ઇંટ નિભાડો હો માંહે ઘલીયો, જાણે નહીં તિંહા કોય; સુભટ સહુ આવ્યો હો પુર માંહે વહી, ઘર ઘર મુકયો જોઈ. ચા૦ ।।૧૦।। જોતા નવિ લાધ્યો હો કુમર નરિંદને, આવ્યા સાજન ઠાય; પકડી સાજનને સુભટ કહે ઇશું, કહે તું કિંહા ગયો રાય?. ચા૦ ।।૧૧।। ખરો ઉખાણો હો કરો છો સહુ તમે, ધોબીનો બાહી વાહી, ન ચાલે સ્ત્રી કેડે બળ ત્યારે કૂટે, ગધેડીને સાહી. ચા૦ ।।૧૨।। તેમ તમે ન શકયા હો કુમર ભણી ગ્રહી, માંડયો એહ ઉપાય; પ્રજા લૂંટેવા હો પણ છે શીર ધણી. જેસંગદે મહારાય. ચા૦ ।।૧૩।। ધીર થઇને હો બોલ્યો આકારો, દળપતિ ચિત્ત વિમાસી; ઘરમાં નવિ દીઠો હો કિંહાએ કુંભારને, કુમારપાળ ગયો નાસી.

ચા૦ ॥૧૪॥ સૈન્ય લહીને હો સેનાની વળ્યો, જઈ વિનવીયો રાય; ચોરની પેઠે હો કિંહાક નાસી ગયો, કિમહી ન ઝાલ્યો જાય. ચા૦ ॥૧૫॥ સાજને કાઢયો હો કુંમરને માંહેથી, વિપ્ર આવ્યો તેણે ઠામ; ત્રણ જણ ભેળા હો વાત મળી કરે, સાજન પિતા કહે તામ. ચા૦ ॥૧૬॥ વાત મળીને ત્રણ જણ શી કરો, લેશયો ગઢ ચિતોડ; સાજન પિતાને હો કુમર કહે ઈશું, શી કાઢો છો ખેડ, ચા૦ ॥૧૭॥ વાત કરીયે હો અમે ઉપગારની, મોટો જગ ઉપગાર; ઢાળ થઈ છે હો એ સાડત્રીશમી, કહે જિનહર્ષ વિચાર. ચા૦ ॥૧૮॥

॥ દુહા ॥

ધિગ તેહનું અપવિત્ર કુળ, ધિગ તેહનો અવતાર;
ધિગ તેહનું માટીપણું, જે ન કરે ઉપકાર. ॥૧॥
પર કાજે તરૂવર ફળે, પર કાજે જળધાર;
પર કાજે નર સાપુરૂષ, લીધો જગ અવતાર. ॥૨॥
ઉપગારી ભારી ખમા, સહુને ચાહે સુખ;
તે વિરલા સંસારમાં, જે ભાંજે પરદુઃખ. ॥૩॥
જે નર ઉપગારી નહીં, તે સરજ્યા કાંઈ જગ્ગ;
નિર્ગુણ જન્મ એળે ગમ્યો, જેમ વન કેરો મૃગ્ગ. ॥૪॥
એહવું સાંભળી નૃપ વયણ, હરણ કહે ફરી તામ;
નિર્ગુણ જન્મ મારો કહ્યો, પણ સાંભળો મુજ ગુણ ગ્રામ. ॥૫॥

## ॥ ઢાળ આડત્રીશમી ॥

નદી યમુનાકે તીર ઉડે દોય પંખીયા–એ દેશી.

પરિહો માંસાહારી મંસ ચર્મ તાપસ ગ્રહે, સીંગ

ગ્રહે જોગીંદ નાભી મલ મહમહે; નારી ઉપમા નયન નાદ ભીનો રહું, પરીહાં નિર્ગુણ સરીખો મુજ શ્રીયો તુજ શું કહું. ॥૧॥ દુહો ॥ મૃગ વાણી શ્રવણે સુણી, ભાખે કુમર નરિંદ; નિર્ગુણ પુરૂષ પશુ સારીખો, જાણે ધેનુ વૃંદ. ॥૨॥ ઢાળઃ- ત્રણ લક્ષણ દઉં ખીર દહી ઘૃત ઉજળાં, પડવા દેખું ચંદ સદા દ્દગ નિર્મળા; ગોબર કરૂં પવિત્ર વૈતરણી તાર હું, ગાય કહે સમ નિર્ગુણ ન કરે નૃપ વાર હું. ॥૩॥ દુહો ॥ ગાય વચન શ્રવણે સુણી, કુમારપાળ કહે વાણ; નહીં જેહમાં ઉપગાર ગુણ, તે નર ગર્દભ જાણ. ॥૪॥ ઢાળ-સરખો રહું ખટ રિત્તિ કે લોટું છારમાં, ભાર વહું નિશદિશ ન ધ્રૂજું ઠારમાં; ભોલ્ડયો દઉં બહુ રૂદ્ધિ કે રીસ ધરૂં નહીં, પરિહાં ગર્દભ નિર્ગુણ ઉપમા કેમ લહું. ॥૫॥ દુહો ॥ ગર્દભ વયણ સુણી કરી, રાજા કરે વિચાર; ગુણ હીણા નર આવીયા, કાગ તણે અવતાર. ॥૬॥ પહેલો પાવસ માસ કે માળો હું કરૂં, પોષું સહુ કુટંબ ધનુષધરથી ડરૂં; કોઇ ન દેખે ભોગ કે સજ્જન મેળવું, કાગ કહે સુણો રાય નિર્ગુણ નહીં ભેળવું. ॥૭॥ દુહો-કાગ વયણ નૃપ સાંભળી, ભાખે એમ સુજાણ; નિગુણ પુરૂષ અજ સારિખો, જન્મ તાસ અપ્રમાણ. ॥૮॥ ઢાળ-હોમ હુવે મુજ માંસ વિપ્ર વેદી ભખે, દેવી પૂજા પ્રમાણ ન હોવે મુજ પખે; ન પીઉં ડોળી નીર ન વિખ પોહોવી અહી, છાગ કહે કેમ રાય તેં મુજ ઉપમ કહી. ॥૯॥ દુહો-નિગુણ પુરૂષની ઉપમા, જેહને દીજે જોય; રાય કહે ઇણ જગતમાં, ઇશો ન દીસે કોય. ॥૧૦॥ સાજન તાહરો

સુત ભલો, કીધો મુજ ઉપગાર; મુજને રાખ્યો જીવતો, ધન તું જાતિ કુંભાર. ॥૧૧॥ સાજનને રાજા કહે, સાંભળ મિત્ર ઉચ્છાહ; મુજ કુટુંબ લેઈ જાયજે, પુર ઉજ્જેણી માંહી. ॥૧૨॥

## ॥ ઢાળ ॥

નમો રે નમો શ્રી શત્રુંજય ગિરિવર—એ દેશી.

મનની ખાંતે વિપ્ર સંઘાતે, ચાલ્યો કુમર નરિંદ રે; ઈચ્છા ચલતો પુર પુર ભમતો, ધરતો મન આણંદ રે. મ૦ ॥૧॥ થયો મધ્યાહ્ન સમય એક ગામે રે, આવ્યા લાગી ભૂખ રે; રાય કહે બ્રાહ્મણને એહવું, ભૂખ તણું છે દુઃખ રે. મ૦ ॥૨॥ ભોજનનું હવે શી પરે કરશું, ગાંઠે નહી છે દામ રે; દામ વિના કાંઈ કામ ન થાવે, બ્રાહ્મણ બોલ્યો તામ રે. મ૦ ॥૩॥ ભીખ તણી વિદ્યા તુજ માંહી, ભીખ ભીખારી માંય રે; અન્ન ઘણો હું માગી લાવીશ, ચિંતા મ કરો રાય રે. મ૦ ॥૪॥ ચાલ્યો ભીખ ભણી તે બ્રાહ્મણ, લહ્યો કરંબો સાર રે; અન્ન ઉદક લેઇને આવ્યો, રાય આગળ તેણીવાર રે. મ૦ ॥૫॥ દિવ્ય કરંબો ઓળવી રાખ્યો, લેઇ રોટી ભાત રે; ભીખ થાળ નૃપ આગળ મુકયો, રાયે વિચારી વાત રે. મ૦ ॥૬॥ અવસર દેખી દાવ ન ચૂકે, તે કહીયે બુદ્ધિવંત રે; વાત સહુ મીઠી અવસરની, અવસર જગ બળવંત રે. મ૦ ॥૭॥ એમ વિચારી રાયે કીધો, ભીખ તણો આહાર રે; રયણી કપટ નિદ્રાએ સુતો, કુમર નરિંદ તે વાર રે. મ૦ ॥૮॥ બ્રાહ્મણ ઉઠી જમ્યો કરંબો, જાચક પેટ ભરેય રે; શેષ લેઇને રાજા પાસે,

આવી એમ કહેય રે. મ૦ ॥૯॥ સ્વામી એહ કરંબો ખાઓ, તૃપ્ત કરો નિજ પ્રાણ રે; ન ઘટે એ જમવું મુજને, સાંભળ મિત્ર સુજાણ રે. મ૦ ॥૧૦॥ મુજથી છાનો તેં ખાધો કરંબો, લાલચે ઘાલ્યું ચિત્તરે; વિપ્ર કહે સાંભળ નર નાયક, વાત કહું હું નિત્તરે. મ૦ ॥૧૧॥ એહ કરંબો ઉઘાડો આણ્યો, તેણે મેં પહેલો લીધ રે; મુજને પચ્યું તેણે તુમ આપ્યું, ઠપકો આપો છો શીદરે?. મ૦ ॥૧૨॥ વિષ આહાર જાણીને ખાધો, તમને કેમ દેવાય રે?; કરી પરીક્ષા તમને આપ્યો, દોષ ન દેશો રાય રે. મ૦ ॥૧૩॥ અવસર દેખી રાય ન બોલ્યો, બોલ્યે જાયે પ્રીત્ત રે; ભૂપે કરંબો તે આરોગ્યો, રાખી પ્રીત સુરીત્તરે. મ૦ ॥૧૪॥ વિપ્ર ભણી વયણે સંતોષ્યો, ચાલ્યો રાય પ્રભાત રે; ચાલતા ચાલતા કુશળ ખેમે, આવ્યા નયર ખંભાત રે. મ૦ ॥૧૫॥ બાહિર બેઠો છે તેણે અવસર, દીઠું અચરિજ રાય રે, અહિ મસ્તકે દીઠો ગંગેટો, નાચંતો અભિરામ રે. મ. ॥૧૬॥ ઇણ અવસર હેમાચારજ સાધુ, સ્થંડિલ ભૂમિએ જાય રે; દેખી અહિ માથે ગંગેટો, શકુન વિચાર સોહાયરે. મ. ॥૧૭॥ ગુરૂ ગીતારથ સઘળું જાણું, સર્વજ્ઞ પુત્ર કહાય રે; ઢાળ થઇ આડત્રીશમીએ, જિનહર્ષ ભલી પરે ગાય રે. મ. ॥૧૮॥

॥ દુહા ॥

ડાબે જમણે જોવતાં, દીઠા રાય કુમાર;
તેણે પણ દીઠાં હેમને, વિધિએ વંદ્યા તેણીવાર. ॥૧॥
કરજોડી કહે ગુરૂ ભણી, હું પ્રભુ ભમ્યો અપાર;
હજુએ રાજ ન પામીયો, દુઃખનો નાવ્યો પાર. ॥૨॥

હેમસૂરિ હરખે કહે, ચિંતા મનની ટાળ;
અહિ મસ્તક ગંગેટીયો, ઇણ શકુને ભૂપાળ. ॥૩॥
ઇગ્યારે નવાણુંએ, મહા વદિ ચોથ અદિત;
પુષ્યનક્ષત્રે મધ્યદિન, રાજય લહીશ સુવિદિત. ॥૪॥
ઈણુ વચને નૃપ હરખીયો, લાગ્યો મુનિને પાય;
વચન અમોઘ તમારડું, થાશે સહિ રૂપિરાય. ॥૫॥
ઉદયન મંત્રી તેણુ સમે, આવ્યો વંદન જામ;
કુમારપાળે પુછીયું, એહ રહે કિણુ ઠામ?. ॥૬॥

## ॥ ઢાળ ઓગણચાલીશમી ॥

જિન શાસનનો દીવડો રે લાલ, જીવદયા પ્રતિપાળ રે; ઉદયન નામે વાણીયો રે લાલ, જાતિ ભલી શ્રીમાળરે. ગુરૂ ભાખે સહુ સાખે, સાહિબા તમે સુણજો એહની કહું કથા. ॥૧॥ ચોમાસા માંહિ ચાલીયો રે લાલ, ઘૃત લેવાને કામ રે; કોઇ શકુન થયો શકુની તિંહા રે લાલ, તેડીને કહે તામ રે. ગુ૦ ॥૨॥ સાંભળ તું તો વાણીયારે લાલ, તુજ ન મળે ઇહા રિદ્ધરે, કરણાવતી ગુજ્જર દેશમાં રે લાલ, તિંહા પામીશ નવ નિદ્ધ રે. ગુ૦ ॥૩॥ ચ્યાર પુત્ર ઉદા તણેરે લાલ, બાહડ અંબડ દોય રે; સોહલો ચાહડ ચ્યારે ભલારે લાલ, ગુણ બોલે સહુ કોયરે. ગુ૦ ॥૪॥ સુત નારી સાથે લઈ રે લાલ, આવ્યો ગુજ્જર ઠામ રે; દેવી મણીધર મસ્તકે રે લાલ, બેઠી દીઠી તામ રે. ગુ૦ ॥૫॥ દેખી બોલ્યો સઉણવીરે લાલ, સાંભળ વણીક સુજાણ રે; થાય રાજા કે મંત્રવી રે લાલ, શકુન તણો પરમાણ રે. ગુ૦ ॥૬॥ શકુન નમી આવ્યો તિંહા

રે લાલ, નૃપ મુઝરો જઈ કીધ રે; તતક્ષણ નૃપ પરસન થઈરે લાલ, મંત્રી મુદ્રા દીધ રે. ગુ૦ ॥૭॥ જેસંગ રાય બોલાવીયો રે લાલ, ઉદયન મંત્રી નામરે; તે આવ્યા અમને વાંદવા રે લાલ, ઉત્તમ છે પરિણામ રે. ગુ૦ ॥૮॥ કુમર નરિંદ ભળાવીયો રે લાલ, ઉદયનને ગુરૂરાય રે; ઘર તેડી જઇ કુમર તણીરે લાલ, ભક્તિ કરે ચિત લાયરે. ગુ૦ ॥૯॥ એણે અવસરે જેસંગને રે લાલ, દ્વેષી જઈ કહી વાત રે; ઉદયન મંત્રીશ્વર ઘરે રે લાલ, કુમર રહે ખંભાતરે. ગુ૦ ॥૧૦॥ જેસંગે કટક ચલાવીયો રે લાલ, લાવો પકડી તાસ રે; મુહુતાને જાણ થઈ આગવી રે લાલ, કુમર ભણી કહે ભાસ રે. ગુ૦ ॥૧૧॥ આવ્યું દળ જેસંગનું રે લાલ, ઈહાથી પરહો નાસ રે; તને દુઃખ આપશે રે લાલ, વૈરીનો શો વિશ્વાસ રે?. ગુ૦ ॥૧૨॥ તાહરા ગુણ મુજ મન વસ્યારે લાલ, તું ગીરૂઓ ગુણ ખાણ રે; તુજને હું રાખી નહીં શકું રે લાલ, તે હું પશુ સમાનરે. ગુ૦ ॥૧૩॥ કુમર કહે મંત્રી સુણો રે લાલ, એ શું બોલ્યા બોલ રે; તું ઉપગારી ભારીખમોરે લાલ, નહીં કોઇ તાહરી તોલ રે. ગુ૦ ॥૧૪॥ ઉપગારી તું માહરો રે લાલ, તું મુજ તાત સમાનરે; તાહરા ગુણ વિસરૂં નહી રે લાલ, રહેશે હૈડે ધ્યાન રે. ગુ૦ ॥૧૫॥ લશકર આવ્યું તેટલે રે લાલ, નાઠો કુમર નરિંદ રે; આવ્યો પોશાળે પાધરો રે લાલ, બેઠા હેમસૂરિંદ રે. ગુ૦ ॥૧૬॥ કર જોડી કહે મુજ ભણીરે લાલ, રાખો હેમસૂરીશ રે; પુણ્યાઢય પુરૂષ જાણી કરી રે લાલ, રાખ્યો ભોંયરે અવનીશ રે. ગુ૦ ॥૧૭॥ લેઇ ભૂંય-

રાના બારણે રે લાલ, ખડકયા પુસ્તક માલ રે; ઇગુણચાલીશમી પુરી થઈરે લાલ, જિનહર્ષ કહે એ ઢાળ રે. ગુ૦ ॥૧૮॥

॥ દુહા ॥

સેનાની આવ્યો તિસે, જોયા ઉદયન ગેહ;
તિંહા કિંહા પામ્યો નહીં, જોયો નગર ફરેહ. ॥૧॥
આવ્યા સુભટ ઉતાવળા, હેમ તણી પોશાળા;
કુમારપાળ આવ્યો હુવે, તો ગુરૂજી દેખાડ. ॥૨॥
હેમ કહે ઇંહાં કોઈ નથી, તેહને રાખું શીદ ?;
જોયો ફરી ઉપાસરો, સઘળી શુદ્ધિ કીધ. ॥૩॥
ખોળ્યો પણ લાધ્યો નહીં, સુભટ થયા દિલગીર;
કટક ગયું પાછું ફરી, કાઢયો કુમર સધીર. ॥૪॥
હેમ કહે સાંભળ કુમર, નહિં ઇંહા રહેવા લાગ;
જા પરદેશે નીકળી, ફળશે તાહરૂં ભાગ્ય. ॥૫॥

## ॥ ઢાળ ચાલીશમી ॥

હવે સુબાહુ કુમાર એમ વિનવે-એ દેશી.

જે દેશે નહીં કોઈ આપણો, જિણ દેશે વયરીનો સાલ; તજીયે તે દૂર દેશડો, તિંહા રહ્યાનો નહીં કોઇ હવાલ. જે૦ ॥૧॥ તમને પરદેશે ભાઇ ભલો, ન જાણે જિંહા નામ મુકામ; તિંહા રહેતાં કોઈ ન પરાભવે, સુખ લહિએ તેહીજ નિજ ગામ. જે૦ ॥૨॥ હરખ્યો નૃપ વચન સુણી કરી, પય પ્રણમી કહે વચન રસાળ; મુજને રાખ્યો તમે જીવતો, સહુ જીવનાં પ્રતીપાળ. જે૦ ॥૩॥ પહેલા પણ મુજ ઉપર તમે, રાખ્યા છે

હેત પ્રિત અપાર; વળી એ ઉપકાર કર્યો ઘણો, ઓશીંગણુ થાશું કેણીવાર. જે૦ ॥૪॥ એહવું કહી રાજા ચાલીયો, આવ્યો વટપદ્ર નયર મોઝાર; બેઠો દીઠો એક વાણીયો, તેનું નામ છે કુટકવિચાર. જે૦ ॥૫॥ તેહને હાટે રાજા ગયો, ખાદિમનો તસ પૂછે પાડ, એ એમજ એમજ ભાખે મુખે, રાય ચિંતે દીસે છે અનાડ. જે૦ ॥૬॥ તોળાવી લીધા દાળીયા, બેસી તિંહાં કુંગે રાય; હરમંથ ભખી પાણી પીયો, ઉઠી ચાલ્યો તે કેડે ધાય. જે૦ ॥૭॥ અંચળ ગ્રહી ઉભો રાખીયો, મુખે બોલે વળી ભૂંડી ગાળ; દીસે છે કોઈક દીવાળીયો, નિર્ભ્રંછી કહે મુખ પરો બાળ. જે૦ ॥૮॥ દે દોકડા મૂઢ ચણા તણાં, રાય કહે શેઠ મ કરે પોકાર; હમણાં નથી ગાંઠે દોકડાં, દેઈશ તુજ બીજી વાર. જે૦ ॥૯॥ દામ દેતો જા ઝખ મારીને, ખાઈજા કેમ ફોગટ માલ ?; ભેગાં થયાં જન ચોકમાં, મુખ ત્રાડે વાચે વળી ગાળ. જે૦ ॥૧૦॥ સાંભળો સહુ શેઠીયા તમે, થયો ચણા ઉપર મને પ્રેમ; એહને મેં પુછયું કેમ દીયે, કહ્યું એણે એ એમજ એમ. જે૦ ॥૧૧॥ મેં જાણ્યું ફાસું એ દીયે, લેઈને ખાધા તેણીવાર; હવે કરે વગોણું વાણીયો, કીજે કહો કિશો પ્રકાર ?. જે૦ ॥૧૨॥ લોકે વાર્યો પણ નવિ રહે, ધમધમીયો કુમર નરેશ; સમજે એ તો સહી આપથી, ઢીકા પાટુ જો કરીએ પેશ. જે૦ ॥૧૩॥ નૃપે નાખ્યો નીચે ગળે ગ્રહી, વળી દીધો ઉપર લાત માર; સમજાવી તિંહાથી ચાલીયો, વિણ મારે થાયે નહીં સાર. જે૦ ॥૧૪॥ મુરખ ખર મુંજ ને લોહડો, વિણ કુટયા એ નાવે હાથ; જિન-

હર્ષ એ ઢાળ ચાલીશમી, મન માંહે ચિંતે નરનાથ. જે૦ ॥૧૫॥

॥ દુહા ॥

દહેણું બુરૂં સર્વથી, દેણે ન રહે લાજ;
દહેણે દહેણું થઈ રહે, દેણો વડો અકાજ. ॥૧॥
મોટા પણ દેણાં થકી, સહે પરાઇ ગાળ;
દેણાથી લઘુતા રહે, દહેણો પરહો બાળ. ॥૨॥
સુખે ન આવે નિંદડી, મુખે સદા નિરાશ;
રહે ઉદાસ ન ભુખડી, માથે દહેણું જાસ. ॥૩॥
લેઈ પાછો નહિ દીયે, પરધન ખાઇ રહંત;
પરભવ તે ભેંસા થઈ, લેઇ ભાર વહંત. ॥૪॥
સાલ દાળ ઘૃત ગોળથી, ભલો જ વિષ આહાર;
પરધનથી સુખ ભોગવે, તે સુખ શો સંસાર?. ॥૫॥
મુહ મારી ખાઇ રહે, પાછું જે ન દીયંત;
પણ રિણો વૈર જુનાં નવા, જદિ તદિ આવી લીયંત. ॥૬॥
પર ધન લેઇ વિલ્વી, જાણે માણું સુખ;
પણ જગ માંહિ જોવતાં, દેણા સમું નહીં દુઃખ. ॥૭॥

## ॥ ઢાળ એકતાલીશમી ॥

એક હતી અજવાળી પુનમને-એ દેશી.

ઇમ ચિંતવતો નૃપ ચાલીયો, જોગીનો કીધો રૂપો; નિજ હાથે ખડગ ગ્રહી કરી, આવ્યો ભરૂચમાં ભૂપો. ઇ૦ ॥૧॥ મળીયો તિણ પુરમાં સઉણવી, પુછે તાસ શકુન વિચાર; શ્રી મુનીસુવ્રતને દેહરે, દેવી બોલી દોય વારો. ઇ૦ ॥૨॥ કળશે ત્રણ શબ્દ કર્યા, ધ્વજ-દંડ વળી શબ્દ તે ચારો; સાંભળી બોલ્યો તવ

સુણવી, એહનો કહું અર્થ વિચારો. ઇ૦ ॥૩॥ દોય શબ્દ કીયા કાળીદેવી, હોશે સઘળે તુજ આણો; કળશે જે ત્રણ શબ્દ કિયા, ત્રણ ભુવન નામ પ્રમાણો. ઇ૦ ॥૪॥ ચ્યાર શબ્દ કીયા દંડે રહી, વાંકી એકાદશ લાખો; રાજા હોશે ચિંહુ ખંડનો, નૃપ સાંભળી એહવી ભાખો. ઈ૦ ॥૫॥ ચાલ્યો હરખી નૃપ તિંહા થકી, આવ્યો સુરકુલા મઝારો; સર્વારિથ સિદ્ધ જોગી તિહાં, નૃપ પાય નમે તેણી વારો. ઇ૦ ॥૬॥ રાજા કહે સિદ્ધ પુરૂષ સુણો, કહીયે થાશે મુજ રાજો; બાબુ સાંભળ જોગી બોલે, મુજ પાસે મંત્રનું કાજો. ઇ૦ ॥૭॥ એક ધન આપે મુહ માગ્યો, એક આપે માગ્યો રાજો; કારજ નહીં માહરે ધન તણો, મુજ રાજ તણો છે કાજો. ઇ૦ ॥૮॥ જોગી શીખાવ્યો નૃપ ભણી, મંત્ર આરાધન તેણીવારો; કાળી ચઉદશની રાતડી, આવ્યો સમશાન મઝારો. ઇ૦ ॥૯॥ લીધો એક મૃતક હૈયે કરચો, તેહને પાવક નૃપ કૂંડો; આહુતી ઘે રાય મૃતક ભણી, વિધિશું ગણે મંત્ર અખંડો. ઇ૦ ॥૧૦॥ આવ્યો વર વીર હકકારંતો, નામે ખોડીયો ક્ષેત્રપાળ; રાજાને છળવા તેણે કીયો, રૂપ રાક્ષસનો વીકરાળ. ઈ૦ ॥૧૧॥ દેવી લખમી લીલાવતી, પ્રત્યક્ષ થઈ બોલે સાચો; વત્સ માંગ માંગ જે જોઇએ, મુજ રાજ્ય તણી ઘો વાચો. ઈ૦ ॥૧૨॥ આજ દિનથી વછર પાંચમે, પામીશ પાટણનો રાજો, વર દેઈ દેવ ગયા સહુ, રાયા ચિંતે થયો મુજ કાજ. ઇ૦ ॥૧૩॥ હૈડે હરખ્યો નૃપ નાચીયો. ઉલટ અંગે અસમાનો; કરપી જેમ ધનનો

લોભીયો, તેમ રાજ્ય લોભી રાજાનો. ઇ૦ ॥૧૪॥ તિંહાથી વળી આગળ ચાલ્યો, લેઈ જોગીનો વેસો; કાંતીનગરીયે આવ્યો, ધરતો આણંદ વિશેષો. ઈ૦ ॥૧૫॥ ઘર મંદિર સુંદર ચહુટે, અચરિજ દેખે ભૂપાળો; એકતાલીશમી એણે અવસરે, જિનહર્ષ કહી એ ઢાળો. ઈ૦ ॥૧૬॥

॥ દુહા ॥

માથા વિણુ મૃતક પડયો, નારી કરે વિચાર;
એહ શીરે વેણી વડી, કાને કુંડલ સાર. ॥૧॥
મુખ લાંબી દાઢી હતી, હતા જ વીરલા દંત;
પાન તણો એ ભોગીયો, જોગી સુણો વૃત્તાંત. ॥૨॥
કેમ જાણ્યું માઇ તમે, એ કહ્યા જે તુમે બોલ;
નારી કહે રે જોગીયા, સાંભળ વચણ અમોલ. ॥૩॥
પુંઠે આકાર વેણી તણો, ખાંધે કુંડલ તાસ;
ગૌર હૃદય ત્રીજી કહે, દાઢી મોટી તાસ. ॥૪॥
દીર્ઘ નખ ચીટી અંગુલી, જાણું વીરલા દંત;
અંગૂઠો ચુને ભર્યો, ભક્ષણ પાન કરંત. ॥૫॥
તેહનાં ઉત્તર સાંભળી, હરખ્યો મનમાં ભૂપ;
ચતુર વિચક્ષણ કામિની, એ ગામની અનૂપ. ॥૬॥

## ॥ ઢાળ બેતાલીશમી ॥

આધા આમ પધારો પૂજ્ય—એ દેશી.

તિંહાથી આવી સરોવર પાળે, દેવ ભવન આલોકે રે; માંહિ થાયે મસ્તક પૂજા, નર નારી સહુ થોકે. મનમાં એમ વિચારે રાય, એ શો અચરિજ

દીસે ? ॥૧॥ પુજારીને પૂછે યોગી, મસ્તક કેમ પૂજાય રે ?; પૂજારી કહે સાંભળ આઇશિ, સુણતાં અચરિજ થાય. મ૦ ॥૨॥ આગે થયો મકરધ્વજ રાજા, સરોવર એહ ખણાયો રે; પાણી અમૃત અમૃતસાગર, નામ કહી બોલાવ્યો. મ૦ ॥૩॥ સરોવર પાણી ભર્યું અનોપમ, વચ્ચે કમળ એક હોય રે; તેમાં મસ્તક બોલે એકે, બૂડે છે સહુ કોય. મ૦ ॥૪॥ વચન સુણી મકરધ્વજ રાજા, પંડિત સહુ તેડાવ્યા રે; કહો એ મસ્તક શું બોલે છે, અર્થ કહો મન ભાયા. મ૦ ॥૫॥ પંડિત સહુ વિમાસણ પડીયો, ઉત્તમ નવિ દેવરાય રે; મૂઢ થયા સમકાળે સઘળા, બોલ્યું પણ નવિ જાય. મ૦ ॥૬॥ અવસરે વિદ્યા કામ ન આવી, તે વિદ્યા શે કાજે રે ?; અવસરે જો જળધર નવિ વરસે, તો ફોગટ શું ગાજે ?. મ૦ ॥૭॥ આપ આપણે ઠામે સહુકો, પંડિત નામ ધરાવે રે; પણ પુછયાનો ઉત્તર આપે, પંડિત તે વડદાવે. મ૦ ॥૮॥ નૃપ પૂછયાનો ઉત્તર ન થયો, પંડિત સહુ વિલખાણા રે; સાત બોલ પ્રાયે હિયડામાં, ખટકે સાલ સમાણા. મ૦ ॥૯॥ પુછે ઉત્તર નવિ દેવરાણો, વેળા ભૂખ્યો જાય રે; વાદ વેળાયે ગાથા નાવે, ગાતા કંઠ રૂંધાયે. મ૦ ॥૧૦॥ વ્યાખ્યાને વ્યાઘાત કરીજે, શસ્ત્ર અરથ શુદ્ધ મરડી રે; સભા માંહે તું કાર બોલાવે, એ સાતે ઉઝરડી. મ૦ ॥૧૧॥ ઉત્તર પંડિત દેઇ શકયા નહીં, મનમાં ખરા લજવાણા રે; અવધિ લેઈ ખટ માસની, પરદેશે તે ઉજાણા. મ૦ ॥૧૨॥ આવ્યા નવકોટી મરૂ મંડલ, પંડિત એક નિહાળે રે; સુંદર રૂપ અનુપમ દાઢી, દાઢી

દૂષણ ટાળે. મ૦ ॥૧૩॥ નાગરવલ્લી પાન સરીખી, દાઢી એહવી સોહે રે; વચન દ્રોહ ને માયા મચ્છર, જ્ઞાનવંત જગ મોહે. મ૦ ॥૧૪॥ નારી વિકથા કરે કુતુહલ, ભાંડ વચન મુખ બોલે રે; હાસ્ય વિનોદ કરે તે દાઢી, કહું પીંજણી તોલે. મ૦ ॥૧૫॥ ખાવાનો સંવર નહીં જેહને, પરસ્ત્રી ઇચ્છા ગાઢી રે; ક્રોધ લોભ કામારસ તેહને, ઝાંખર કહીએ દાઢી. મ૦ ॥૧૬॥ પુણ્ય પાપની વાત ન જાણે, ન કરે ધરમ પરીખ રે; વરત ન પાળે તેહ ન દાઢી, જાણે છાજ સરીખી. મ૦ ॥૧૭॥ કંચન વરણ સ્વરૂપ સુકોમળ, દીઠો પંડિત વારૂરે; મુખ દાઢી સોહે અતિ સુંદર, આવ્યા પૂછણ સારૂં. મ૦ ॥૧૮॥ તેહ અરથ પૂછીજે એહને, એ કહેશે તતકાળ રે; કહે જિનહર્ષ પંડિત તે થોડાં, બેંતાલીશમી ઢાળે. મ૦ ॥૧૯॥

॥ દુહા ॥

પંડિત ગુણ મંડિત પ્રવર, જાણી તેહની પાસ;
આવ્યો તે ચારે જણા, કીધ જુહાર સુ તાસ. ॥૧॥
એકે બૂડયો જગ સહુ, એહનો કહો વિચાર;
તમને પુછેવા ભણી, આવ્યા છું એણિવાર. ॥૨॥
તે કહે હું જાણું નહી, કહેશે માહરો બાપ;
બાપ કને તે આવીયા, પૂછે તાસ જવાબ. ॥૩॥
તેણ દેખાડયો નિજ પિતા, તિંહા પહોંચ્યા તત્કાળ;
તે કહે કહેશે મુજ પિતા, તિંહા ગયા તે બાળ. ॥૪॥
ગરઢો તાત દેખાડીયો, દોડી ગયા સતાપ;
તે કહે કહેશે અરથ, આ બેઠો સહુનો બાપ. ॥૫॥

તસ પાસે ચારે ગયા, પૂછે તાસ વિચાર;
તે પંડિત બોલ્યો ઈસ્યું, વિદ્ય નો ભંડાર. ॥૬॥

## ॥ ઢાળ તેતાલીશમી ॥

મરૂ પંડિત કહે નહિં દોહીલારે, એહનો છે અરથ તે સોહિલો; તમને મુશ્કીલ સમજાવી રે, એહવી તેણે વાત બનાવી. ॥૧॥ તમે છો બ્રાહ્મણ પરદેશી રે, ઈહાં અન્ન ન કોઈ દેસી, ધન પાખે દુઃખીયા થાઉં રે, તમને એક બુદ્ધિ શીખાઉં. ॥૨॥ ચાર શ્વાન લેઈ તમે પાળો રે, ચહુટે જઈ તેહ દીખાલો રે; તેહનું ધન પરિગલ આસ્યે રે, તમ દારિદ્ર દૂરે જાશે રે. ॥૩॥ લોભી બ્રાહ્મણ ધન વીધા રે, ચાર શ્વાન ચારે જણ લીધા રે; પાળીને મોટા કીધા રે, કેડે લેઈ આવ્યા સીધા રે. ॥૪॥ પૂછે કહો અરથ વિચારો રે, પંડિત બોલ્યા તેણી વારો રે; બુદ્ધિ હીણા છો ચારેઈ રે, સમજ્યા નહીં અરથ હજેઇ રે. ॥૫॥ શાસ્ત્ર કહ્યો અરથ સંભાળો રે, ગર્દભ રજસ્વલા ચંડાળો રે; મદ્યપાત્ર દેવ ગ્રહ સ્વાનો રે, ફરસંતા ઉપજે સ્તાનો રે. ॥૬॥ ઉત્તમ બ્રાહ્મણ મહારાજો રે, એક બૂડ્યા તમે આજો રે; મસ્તક એ અરથ પ્રકાશ્યો રે સહુ જગને લોભે વિણાસ્યો રે. ॥૭॥ લોભે કરી નીચ કમાઈ રે, ભાઈને પણ મારે ભાઇ રે; લોભે બેટો બાપને વંચે રે, લોભે બહુ પાતિક સંચે રે. ॥૮॥ સમજ્યા સુણી અર્થ વિચારો રે, આવ્યા નિજ ઠામ તેવારો રે; રાજાને દીધ આશીષોરે, સંભળાવ્યો અરથ જગીસો રે. ॥૯॥ રાય ખરો બિચારી જોયો

રે, એક લોભે જગત વિગોયો રે; નૃપે એ ભુવન કરાવ્યો રે, પાટણ મસ્તક મંડાવ્યો રે. ॥૧૦॥ વાત સાંભળી કુમર નરિંદો રે, મન માંહી થયો આણંદો રે; પાપી એ લોભ વગોવે રે, કીરતી કમળા સહુ ખોવે રે. ॥૧૧॥ જે લોભ તજે નર નારી રે, તેહની જાઉં બલિહારી રે; ચાલ્યો એહવું ચિંતવતો રે, મલ્લનાટ દેશે ગહગહતો રે. ॥૧૨॥ તિંહા કુલંબ પાટણ ભૂમીશો રે, તેહને કહ્યો ઇશો રે; કાલે તુજ પાટણ આસ્યે રે, ગુજ્જર દેશાધિશ થાશે રે. ॥૧૩॥ કરજે સેવા સુખદાયા રે, ચિંહુ દિશિ ચર રાય પઠાયા રે; શુભ લક્ષણ કુમર નિહાળે રે, તેડી લાવ્યા તતકાળ રે. ॥૧૪॥ નૃપ ઉઠી આદર કીધો રે, અર્ધાસન બેસણુ દીધો રે; એ રાજ્ય પ્રભુ તમે લીજેરે, તાહરી સેવા સેવા અમે કીજે રે. ॥૧૫॥ કહે કુમર ન લેઉં રાજેરે, તો પણ કહો કોઈક કાજે રે; મુજને આવ્યો ઇંહા જાણે રે, તે કરો રાજન ઇણુ ઠાણે રે. ॥૧૬॥ નામ પ્રાસાદ કરાવ્યો રે, નાણો કુમરાંક ભરાવ્યો રે; બહુ ભક્તિ કરી દીપાવ્યો રે, કેટલા દિન તિંહા રહાવ્યો રે. ॥૧૭॥ રાય કુમારપાળ એમ ભાખેરે, પરદેશીને કોણ રાખે રે; ઉત્તમ તુમ સરીખા હોઇરે, આદર આપે તે જોઇ રે. ॥૧૮॥ ધન્ય તું જગમાં કહીએ રે, તુજ સમવડ કો નવી લહીએ રે; તેંતાલીશમી એ ઢાળેરે, જિનહર્ષ કહ્યું ભૂપાળે રે. ॥૧૯॥

॥ દુહા ॥

રાય તણા ગુણ વર્ણવી, ચાલ્યો કુમર નરિંદ;
આવ્યો ઉજ્જેણી પુરી, ધરતો મન આણંદ. ॥૧॥

મહાકાળીનો દેહરો, જોવે ફરી ફરી ભૂપ;
લિપિ દીઠી પ્રાસાદમાં, વાંચે તેહ સ્વરૂપ. ॥૨॥
એકાદશ નવ્વાણુંએ, હોશે કુમર નરિંદ;
વિક્રમરાજા સારીખો, પ્રજા લોક આણંદ. ॥૩॥
વાંચી અક્ષર આવીયો, નયર ઉજેણી માંહ;
વિપ્ર મળ્યો તિંહા વોસિરિ, મળ્યો કુટુંબ ઉત્સાહ. ॥૪॥
હળીમળી ત્યાંથી ચાલીયો, ગયો દશપુર ભૂપાળ;
પ્રસમામૃત જોગી મળ્યો, ચરણ નમ્યા તતકાળ. ॥૫॥

## ॥ ઢાળ ચુંમાલીશમી ॥

જોગીને નૃપે પુછીયા હો, ચાર પ્રશ્ન તેણીવાર; સ્નાન દાન વળી જ્ઞાનનો, ધ્યાનનો વળી હો કહો, મુજને એહ વિચાર. જોગીને રાજા એમ કહે હો, તમે ચતુર વિચક્ષણ જોગાધાર. જો૦ ॥૧॥ સ્નાન સંયમ જળ કીજીયે હો, દાન અભય શિરદાર; જ્ઞાન તેહ નિર્લોભતા, ધ્યાન કીજે હો વિષયરસનો પરિહાર. જો૦ ॥૨॥ ચારે અરથ રાજા સુણી હો, હરખ્યો ચિત્ત મઝાર; બોલ ભલા ચારે કહ્યા, ધન ધન નર હો જે પાળે હથીયાર. જો૦ ॥૩॥ જોગી ચરણ નમી કરી હો, આવ્યો ગઢ ચિત્રોડ; શાંતિ જિનાલય જઈ નમ્યો, રામમુનિને હો જઈ વાંદ્યા બે કર જોડ. જો૦ ॥૪॥ કુમર નરેશર પૂછીયો હો, કહો નગરીની યાદ; સાંભળ નૃપ મુનિવર કહે, મધ્યામાપુરી હો ઈંહાથી ત્રણ ગાઉ મર્યાદ. જો૦ ॥૫॥ આગે રઘુ વંશે થયો હો, ચિત્રાંગદ નૃપ પાસ; એક જોગી તિંહા આવીયો, સિંહ સાથે હો અમૃત ફળ ખટ માસ. જો૦ ॥૬॥ નૃપ

રંજ્યો જોગી પ્રત્યે હો, ઇણી પરે કહે સુણ નાથ; કહે તાહરે શું ચાહીયે, જે માગે હો તે આપું તુજને આથ. જો૦ ॥૭॥ જોગી કહે સુણ નરપતિ હો, વિદ્યા અધૂરી એક; તેહ સધાયે તુજ થકી, જો થાય હો મહા રાજા તાહરી ટેક. જો૦ ॥૮॥ રૂપ ગુણે રળીયામણો હો, બત્રીશ લક્ષણ વંત; શૂર વીર નર સાહસી, થાયે તેહથી હો વિદ્યા સાધન તંત. જો૦ ॥૯॥ સામુદ્રિક શાસ્ત્રે કહ્યા હો, નર લક્ષણ બત્રીશ; તે તુજ માંહી છે સહુ, મુજ કીજે હો ઉપગાર નિસુણ અવનીશ. જો૦ ॥૧૦॥ પર ઉપગારી નૃપ સુણી હો, ઊઠી ચલ્યો તિણ સાથ; ડુંગર ઉપર બેઉ ચડયા, પાવકનો કુંડ હો કીધો જોગી હાથ. જો૦ ॥૧૧॥ રાજા સહુ વિધિ કીધી જોગીયે હો, નૃપને કહે તેણીવાર; અગ્નિ કુંડ પખાળે ફરો, જિમ થાયે હો વિદ્યા સિદ્ધિ જગ આધાર. જો૦ ॥૧૨॥ રાય ઉપાય વિચારીયો હો, જોગીને ધન પાસ; તાસ વિશ્વાસ ન કીજીએ હો, માંગી ખાએ ગ્રાસ. જો૦ ॥૧૩॥ સોના પુરીસો એ કરે હો, કૂંડે દહે મુજ દેહ; ઢાળ થઈ ચુમાલીશમી, ઇમ ચિંતે હો જિનહર્ષ નરેશ. જો૦ ॥૧૪॥

॥ દુહા ॥

હું બાળું જો એ ભણી, સોના પુરિસો હોય;<br>
માહરે ધનનું કામ છે, એહને કામ ન હોય. ॥૧॥

યોગીને ઈણીપરે કહે, આગળ કારજ તુજ;<br>
તુમ પાખે હું કેમ ફરૂં, સમજ પડે નહીં મુજ. ॥૨॥

જોગી તવ આગળ ફરે, કેડે રાય ફરંત;<br>
ફરતાં નૃપ જોગી ભણી, નાખ્યો માંહી તરંત. ॥૩॥

જોગી ફીટી પુરિસો થયો, રાજા લીધો તામ;
ધન કારણ અનરથ કરે, કરે શું ન કરે કામ ?. ॥૪॥
ખુવાર કરે ધન નર પ્રત્યે, ફેરે દેશ વિદેશ;
શીશ કપાવે નર તણો, વાધે કોડી કલેશ. ॥૫॥
ઘર ¹ફાડી ચોરી કરે, નરને મેલે ધૂળ;
મતિ ઉપજાવે પાડુઇ, ધન અનરથનું મૂળ. ॥૬॥
લક્ષ્મી ઘર આવ્યા પછી, આવે તન અહંકાર;
લેખે ન ગણે તેહને, મોટાશું વ્યવહાર. ॥૭॥
સ્ત્રી ઘર મૈત્રી સેજડી, વસ્ત્ર પાત્ર આહાર;
નરને ધન આવ્યા પછી, સાતે ઉપર ખાર. ॥૮॥

## ॥ ઢાળ પીસ્તાલીશમી ॥

નાનો નાહલો રે... મુનિશું મન માન્યો.–એ દેશી.

રામચંદ્ર મુનિવર કહે રે, ધનનું એહ સ્વરૂપ; રાજા સાંભળો રે. આગળ શું થયું તે કહો રે, પૂછે એણી પરે ભૂપ. રા૦ ॥૧॥ તે પુરિસો લેઇ કરી રે, નૃપ આવ્યો નિજ ગામ રા૦; ગઢ માંડયો ગિરી ઉપરે રે, સુંદર વિસમી ઠામ. રા૦ ॥૨॥ દિવસે ચણે ગઢ જેટલો રે, રાતે તે પડી જાય રા૦; માસ થયા ખટ એણીપરે રે, કારજ સિદ્ધ ન થાય. રા૦ ॥૩॥ પ્રગટ થયો સુર કોટનો રે, રાય ભણી કહે તામ રા૦; ઈંહા ગઢ કરવા તો દઉં રે, જો રાખે મુજ નામ. રા૦ ॥૪॥

૧. ફાડે *

બોલ દઈ ગઢ એ કર્યો રે, અતિ ઉંચો અભિરામ;
રા૦ ચિત્રાંગદ રાયે કર્યો રે, ચિત્રકૂટ ગઢ નામ. રા.
॥૫॥ કોટી ધ્વજ વ્યવહારીયારે, ગઢમાં ચૌદ હજાર;
રા. વસે કોટની તલહટી રે, લખપતિનો નહીં પાર.
રા૦ ॥૬॥ ચિત્રકૂટ રળીયામણું રે, પૃથ્વી લોચન
એક રા૦; અન્ય લોચનને પામવારે, તપ તપે ધરીય
વિવેક. રા૦ ॥૭॥ ઉંચો ગઢ ચિત્રોડનો રે, ચિત્રાંગદ
ભૂપાળ રા૦; એહ કથા શ્રવણે સુણી રે, હરખ્યો કુમા-
રપાળ. રા૦ ॥૮॥ ગઢ ઉપરે ચડી જોઇયાં રે, નવાં નવાં
અહિઠાણ રા.; સુકોસલ વાઘણ તણોરે, જેણે ઠામે
નિરવાણ. રા૦ ॥૯॥ શ્રી જિન ભુવન જુહારીયારે,
ચાલ્યો કુમર નરેશ રા.; પવન તણી પરે હીંડતો રે,
આવ્યો કુબ્જ જિહા દેશ. રા૦ ॥૧૦॥ નગર નિવેશ જોઈ
કરીરે, તિંહાથી ચાલ્યો નરિંદ રા.; આવ્યો કાશી
વણારશી રે, દેખી થયો આણંદ. રા૦ ॥૧૧॥ બોલાવ્યો
એક વાણીયે રે, આદર દીધ અપાર રા.; નિજ મંદિર
લેઈ ગયો રે, ભોજન કરાવ્યા સાર. રા૦ ॥૧૨॥ ગુણ
ગ્રહી રાજા તેહનો રે, ફીરી નગર જોવંત રા.; તિણે
અવસર મરણે ગયો રે, મદન શેઠ ધનવંત. રા૦ ॥૧૩॥
ધન તેહનું રાયે ગ્રહ્યું રે, સજ્જન કરે આક્રંદ રા.;
ફરતો ફરતો આવીયો રે, પુછે કુમર નરિંદ. રા૦
॥૧૪॥ કાં રોવે એ સહુ મળીરે, કહ્યો સકલ વિરતંત રા.;
સાંભળી કરૂણા ઉપની રે, દુઃખ હિયડો વિહસંત.
રા૦ ॥૧૫॥ ધિગ ધિગ એ રાજા ભણી રે, ધિગ ધિગ
તેહનો જન્મ રા.; જેહને સુત નહીં પાછળે રે, તેહનો
લીજે ધન્ન. રા૦ ॥૧૬॥ લોક માંહે કહીયે ઇશ્યો રે,

લોકપાળ ભૂપાળ રા.; કહે જિનહર્ષ પુરી થઈ રે, પીસ્તાલીશમી ઢાળ. રા૦ ॥૧૭॥

॥ દુહા ॥

મન મેલું વૈદહ તણો, વાંછે ધનવંત રોગ;
વંછે મૃત મસાણીયો, નારદ વેઢી સંયોગ. ॥૧॥
છળવા વાંછે શાકિની, કણપતિ કાળ વિચાર;
દોષી વાંછે છિદ્રને, અસતી વધ ભંરતાર. ॥૨॥
તેમ મૃત નર વાંછે નરપતિ, અધમ નરપતિ અવતાર;
મૃતક તણો ધન સંગ્રહે, ન હુવે છુટકબાર. ॥૩॥
પાપ કરે દશ ખાટકી, તેટલું એક કુંભાર;
બ્રાહ્મણ દશ કુંભાર સમ, દશ દ્વિજ વેશ્યા નર. ॥૪॥
દશ વેશ્યા સમ રાજવી, પાતક તણો નિધાન;
નરક તણો અધિકારીયો, હૈયે [1]રહે દુર્ધ્યાન ॥૫॥

## ॥ ઢાળ છેંતાલીશમી ॥

દેશ મનોહર માળવો— એ દેશી.

પુન્ય સંયોગે જો લહું, ગુજર દેશનું રાજ રે; સુત ન હોવે જેને પાછળે, તે ધનશું નહીં કાજ રે૦ ॥૧॥ ધન ન લહું હું એહવું, હું ધન ન લહું તાસ રે; ધન ન લહું હું તો એહવું, અગડ કરી મેં આજ રે. ધ૦ ॥૨॥ પણ કરી તિંહાથી ચાલીયો, પાટલીપુરે પહુંતરે; નવ સોવનની ડુંગરી, દીઠી નૃપ અદ્ભૂત રે૦ ધ૦ ॥૩॥ ભેળું કરી મૂકી ગયા, જુઓ લોભ સ્વરૂપરે; દાન ભોગ સુજ ધન હુસ્યે, ચિંતવી ચાલ્યો ભૂપ રે. ધ૦ ॥૪॥ રાજગૃહી નયરી ગયો, શાલીભદ્ર ગૃહ

૧. વસે. *

ઠામરે; નિરમાલ્ય ધન કૂપિકા, સહુ જોયા ફરી તામ રે. ધ૦ ॥૫॥ ગિરિ વૈભાર ચડી કરી, ધન્ના શાલીભદ્ર ઠામ રે; શિલા જિહાં અણસણ કર્યું, જોઈ કીધ પ્રણામ રે. ધ૦ ॥૬॥ ચતુર તિંહાથી ચાલીયો, ગયો નવદ્વીપક દેશરે; જયપુર પુરવર બાહિરે, પુષ્પિત ફલિત વિશેષ રે. ધ૦ ॥૭॥ મનોરમ ઉદ્યાનમાં, તીરથ શક્રાવતાર રે; તિંહા જઈ પુર પુરૂષને, પુછયો તાસ વિચાર રે. ધ૦ ॥૮॥ તેણે કહ્યું શ્રી રૂષભના, સો સુતમાં જય નામરે; તેણે એ નગર વસાવીયું, જયપુર સુખનું ઠામ રે. ધ૦ ॥૯॥ જિન પુજાને કારણે, એહ કીયો ઉદ્યાન રે; સાંભળી નૃપ ચિત ચિંતવે, અહો ધરમ મહિમાનરે. ધ૦ ॥૧૦॥ આદિદેવ પ્રણમી કરી, આવ્યો કામરૂ દેશ રે; કામાક્ષા દેવી તિંહા, પૂજિ સજી સ્ત્રી વેશરે. ધ૦ ॥૧૧॥ તિંહાથી નાગેન્દ્ર પાટણે, આવ્યો કુમર નરિંદરે; નાગરાજ રાજા તિંહા, રાજ્ય કરે નરિંદ રે. ધ૦ ॥૧૨॥ વૃદ્ધ પુરૂષને પૂછીયો, નાગ નૃપતિ બિરતંત રે; પંથી સાંભળ તુજ કહું, એહ તણો સહુ તંત રે. ધ૦ ॥૧૩॥ નાગકુમારે વાસીયો, નાગેન્દ્ર પાટણ એહ રે; શ્રીકાંતરાજા પૂરવે, થયો સકળ ગુણ ગેહ રે. ધ૦ ॥૧૪॥ પણ એક અવગુણ એહમાં, ક્રોધ પ્રબળ નિશ દિશ રે; એક દિન ઘર અંધારમાં, થંભે ફુટયો શીષ રે. ધ૦ ॥૧૫॥ મૂવો તેહ અપુત્રીયો, ક્રોધ વશે થયો નાગરે; સપ્ત ફણાવળી શોભતો, ન કરે ઘરનો ત્યાગ રે. ધ૦ ॥૧૬॥ વાર વાર ઝાલી કરી, મુકી આવે રાન રે; ફરી ફરી આવે વળી, છાંડે [1]નહી

---

૧. નહિં ય નિધાન રે. *

નિદાન રે. ધ० ॥૧૭॥ શૂન્ય રાજ્ય જાણી કરી, વૈરી વિંટયો ત્યારે રે; લોક સહુ સંકટ પડયા, સમર્યો નાગકુમાર રે.ધ० ॥૧૮॥ આવી જ્ઞાને જોઇઓ, માહરે કુળ ઉત્પન્નરે; એ પાટણનો રાજીયો, નાગ થયો આસન્ન રે. ધ० ॥૧૯॥ એ પાટણનો તે ધણી, થાપ્યો કરી અભિષેક રે; રાજ્ય કરે નિર્ભય પણે, દેવ ગયો સુવિવેક રે. ધ० ॥૨૦॥ નાગરાય સામ્રાજ્ય એ, કહે જિનહર્ષ વિશાળ રે; લોક સુખી ભય કો નહીં; છેંતાલીશમી ઢાળ રે ધ० ॥૨૧॥

॥ દુહા ॥

પાટણ માંહે આવીયો, જિંહા બાલચંદ ચમાર;
પાણહી કારણ તેહને, હાટે ગયો કુમાર. ॥૧॥
લ્યો સ્વામી એ પાણહી, પહેરો [1]ન લઉં મૂલ;
તુમ પગ લાયક એહ છે, દીસો તમે અમૂલ. ॥૨॥
મીઠાં વચન ચમારનાં, સાંભળી થયો ખુશાલ;
નીચ જાતી પણ જીભમાં, અમૃત ઝરે રસાળ. ॥૩॥
તપીયો ને ઉપશમ ધરે, નિર્ધન શુદ્ધ વ્યવહાર;
એ જગમાંહિ થોડલા, મધુર વચન દાતાર. ॥૪॥
ગુણ લેઈ નૃપ ચાલીયો, દીઠો વન સહકાર;
લુંબ લેઈ ખાવા ભણી, બેઠો તિંહા કુમાર. ॥૫॥

## ॥ ઢાળ સુડતાલીશમી ॥

બાળપણે આપણ સસનેહી—એ દેશી.

તિણ વન કુમર નરેસરૂ રે, પાકા આંબા ખાય;

1. નવલિ અમૂલ *

મધુરાં ને રળીયામણા હોજી, મુખથી તજયા ન જાય૦ ॥૧॥ સુધારસ આંબા તું સિરદાર; તુજ ગુણ કેતાં વર્ણવું હોજી, તું સુરતરૂ અવતાર. સુ૦; ભાર અઢાર વનસ્પતી રે, તે માંહે તુજ અધિકાર: નિજ કાજે નિપાવીયો હોજી, આંબો સરજણહાર. સુ૦ ॥૨॥ ફળ બીજા તરૂવર ઘણારે, આ છે મધુર સવાદ; પણ એહવો કોઈ નહિ હોજી, [કરે આંબાશું વાદ૦ ॥૩॥ આંબારસ પુણ્યે મલે રે લાલ, માંહે ધૃત ભરપુર; પાસે. પોલી પાતલી હોજી.*] જમતા વાધે નૂર. સુ૦ ॥૪॥ દીસંતા અતિ રૂઅડાં રે, રસ પણ મધુર અપાર; આંબા તુજ ફળ પામીયે હોજી, જો તૂસે કિરતાર. સુ૦ ॥૫॥ આંબા ખાયે ગુણ ગ્રહેરે, કુમારપાળ ભૂપાળ; આવ્યો તે વનમાં એટલે હોજી, આંબાનો રખવાળ. સુ૦ ॥૬॥ ગાળ દેઇને ઇમ કહેરે, કાં રે મૂઢ ગમાર; આંબા ખાયે રાવલા હોજી, પામીશ મુહુકમ માર. સુ૦ ॥૭॥ અણસમજ્યો બોલ્યો ઘણું રે, આવી નૃપને રીસ; ઝાલી તેહને બાંધીયો હોજી, ત્યાંથી ચાલ્યો નરેશ. સુ૦ ॥૮॥ એક નર મળીયો આગળે રે, નારી તણે વિયોગ; વિરહ વિયોગી તેહનો હોજી, તિણે દુઃખે લીધો જોગ. સુ૦ ॥૯॥ કુમર નરેસર પુછીયો રે, કેમ તેં લીધો જોગ; સુપુરૂષ સુણી તે નર કહે હોજી, કરમ તણે મુજ ભોગ. સુ૦ ॥૧૦॥ મુજ ઘર નારી પદ્માણી રે; પુરપતિ લીધી તેહ; તે મુજને નવી વિસરે હોજી, તેણે દુઃખે દાધી દેહ. સુ૦ ॥૧૧॥ મન ગમતી રમતી હેયે રે, વિનયવતી સસનેહ: તે દુઃખે હું જોગી થયો હોજી, દુઃખનું કારણ એહ. સુ૦

॥૧૨॥ આભા મંડણ વીજળીરે; કાપડ મંડણ ચોળ; ઘર મંડણ ચુડાલીયાં હોજી, મુખ મંડણ તંબોલ. સુ૦ ॥૧૩॥ રામ રડયો સીતા પ્રતે રે, ઢોલો મારૂણી કાજ; તેમ હું ઝૂરૂં તે વિના હોજી, અન્ન પાન કીયો ત્યાગ. સુ૦ ॥૧૪॥ મુજને વહાલી પદ્મણી રે, ગઇ પીયારે હાથ; હવે હું એકલડો થયો હોજી, નારી વિના અનાથ. સુ૦ ॥૧૫॥ પરદુઃખ ભંજન કો નહી રે, મેં જાણ્યું નિભ્રાંત; કુમારપાળ રાજા થશે હોજી, મુજ દુઃખ કરશે અંત. સુ૦ ॥૧૬॥ વાત સુણી રાજા કહે રે, સાંભળ તું જોગીંદ; તું જેહની આશા કરે હોજી, તે હું કુમર નરિંદ. સુ૦ ॥૧૭॥ દુઃખીયા આગળ દુઃખ કહ્યો રે, જાણે રોયો રાન; ઢાળ થઈ સુડતાલીશમી હોજી, કહે જિનહર્ષ સુજાણ. સુ૦ ॥૧૮॥

॥ દુહા ॥

સુપુરિસ જાણીને કહ્યો, તેં મુજ આગળ દુઃખ;
તે દુઃખ ભાંગી નવિ શકયો, અધમ માંહી હું મુખ્ય. ॥૧॥

આવે જે આશા કરી, જાયે થઈ નિરાશ;
તેહનો કાંઈ નવિ રહ્યો, ધિગ જનમારો તાસ. ॥૨॥

તરશ્યો નર સરવર ગયો, નીર ન પાયો માંહ;
તે તો લજ્જા સરવરાં, નરને લાજ ન કાંઇ. ॥૩॥

વૃક્ષ ફળ્યો દેખી કરી, અરથી ખાવા જાય;
દાઢ ગળાવે દે નહીં, તે તરૂ લઘુતા થાય. ॥૪॥

તેં દુઃખ મુજ આગળ કહ્યું, જાણીને સિરદાર;
હું દુઃખ ભાંગી નવિ શકયો, મુજને પડો ધિક્કાર. ॥૫॥

કીણહી આગળ આપણું, દુઃખ ન કહીએ રોય;
શક્તિ ભરમ ગમાઇએ, [1]વાઢી ન લીયે કોય. ॥૬॥
કીયો હશે ભગવંતનો, પામીશ જો હું રાજ;
તો દુઃખ તાહરૂં [2]ભાંગશું, એ મુજને છે લાજ. ॥૭॥

## ॥ ઢાળ અડતાલીશમી ॥

એમ કહી ચાલ્યો ભૂપ રે રાજિંદા, શેઠ સુરહીયો સામો મળ્યો રે લાલ; તેણે દીઠો કુમર નરિંદ રે રા૦, પદ અહીનાણે અટકલ્યો રે. લાલ. ॥૧॥ તે ભાખે દહીથળી માંહી રે રા૦, પદ્મ કુમર પાયે હતો રે લાલ; બીજો નહીં કિણહિને પાય રે રા૦, બહુ દિવસે થયો તું છતોરે લાલ. ॥૨॥ તુજ મળશે વહેલો રાજરે રા૦, જોતીષી મુખ મેં સાંભળ્યો રે લાલ; આણ ફરશે દેશ અઢારમાં રે રા૦, કિણહી ન જાયે તું કળ્યોરે લાલ. ॥૩॥ તું તો ત્યારે કરજે મુજ સાર રે રા૦, ફરતાં જનમ ગયો બહુ રે લાલ; મેં તો સુખ ન લહ્યું સંસાર રે રા૦, મુજને લોક હસે સહુરે લાલ. ॥૪॥ હું તો ખાંધે કોથળો કરેહ રે રા૦, ઉઠી સવેરે સંચરૂંરે લાલ; મુજ પહીરણ ખાસર પોતરે, ર૦, ઉદર પૂરણ દોહીલે કરૂં રે લાલ. ॥૫॥ નિજ દોહીલમ દાખે શેઠ રે રા૦, દીન વચન મુખ દાખવે રે લાલ; કરે કુમર નરિંદ વિચારરે રા૦, વિનય કરી મધુરૂં ચવેરે લાલ. ॥૬॥ સુર વિનય થકી વશ થાય રે રા૦, વિનયથી ગુરૂ વિદ્યા દીયેરે લાલ; વળી નાગ તજે નિજ રીસરે રા૦, વિનયથી અરિયણ નામીયેરે

૧. બાંટિ ન લેવે કોઈ,* ૨. ભાંજશું.

લાલ. ॥૭॥ ઇમ રીઝવ્યો કુમર નરેશરે રા૦, વિનય કરી તેણે વાણીએરે લાલ; તવ બોલ્યો ઇણીપરે રાય રે રા૦, ચિંતા તે મનમાં નાણીયે રે લાલ. ॥૮॥ યદિ પામીશ ગુજ્જર રાજરે રા૦, નગર શેઠ તમને કરૂં રે લાલ; તુજ ગમશું ભૂખ ને દુઃખરે રા૦, વચન ખરૂં માનજો માહરૂં રે લાલ. ॥૯॥ તિંહાથી ચાલ્યો ગુણવંત રે રા૦, ભૂખ લાગી રે ધ્રૂજે દેહડી રે લાલ; ત્રણ દિન પામ્યા થયા અન્નરે, રા૦ ખમીય ન જાયે ભૂખડી રે લાલ. ॥૧૦॥ પેટે પાટો કાઠો બાંધી રે, રા૦, નગર માંહે ગયો પાધરો રે લાલ; સામે મળી કણબણ નાર રે રા૦, માગ્યો તેહ કને [1]સોગરોરે લાલ. ॥૧૧॥ તવ બોલી નારી કુહાડી રે રા૦, રોટી ભાવે રે તુજને માહરી રે લાલ; કોઇ દીસે છે દારીદ્ર ડંગરે રા૦, અક્કલ ગઇ કાં તાહરીરે લાલ. ॥૧૨॥ કેમ દેવાયે એ ભાત રે રા૦, જાઉં છું પુત્ર જમાડવા રે લાલ; મુખ બોલે ગાળ અપાર રે રા૦, વાઘણ ધસી જાણે ખાયવારે લાલ. ॥૧૩॥ શું આપે દરીદ્રી લોક રે રા૦ જમવારે જેણે દીધો નહીં રે લાલ; જેણે દીધો હુવે દિયે તેહરે રા૦, દેવું તે દોહીલું છે સહી રે લાલ. ॥૧૪॥ નિજ હૈયે વિચાર્યું ભૂપ રે રા૦, કાળ ભાવ છે આજ એહવુંરે લાલ; રોટી લીધી નૃપ ઝુંટ રે રા૦, વેળા દીઠી કીધું તેહવું રે લાલ. ॥૧૫॥ ધિગ ધિગ એ પાપણી ભૂખ રે રા૦, હાથ ઉઠાવે મોટા ભણીરે લાલ; અડતાલીશમી થઇ ઢાળ રે રા૦, સુણો

[1] સૂગરો રે *

જિનહર્ષ સોહામણી રે લાલ. ॥૧૬॥

॥ દુહા ॥

શેઠી લેઈ ચાલીયો, કરતો એમ વિચાર;
ઉત્તમ નરને માંગવું, મહા અધમ વ્યવહાર. ॥૧॥
માગ્યા સમ માઠું નહીં, માગ્યા ન રહે માન;
લોક માંહી મહિમા ઘટે, કોઇ ન દે સન્માન. ॥૨॥
તાત પિયા પંડિત ગુણી, ધરમી લજ્જાવંત;
રૂપ રંગ ચિત ચાતુરી, માગ્યા સહુ ગળંત. ॥૩॥
[1]વીરા વસાનો આદમી, માગ્યા ન રહે એક;
કુળ ખંપણ તે જાણીયે, માંગી જે અવિવેક. ॥૪॥
માગ્યાથી મરવું ભલું, માગીજે નહીં જાય;
ઈંદ્ર ચંદ્ર નર રાજવી, માગ્યા લઘુતા થાય. ॥૫॥
રહીએ નગ્ન દિગંબરા, વસીએ વગડે વાસ;
પણ [2]કરોડીજે નહીં, સજ્જન કિણુહી પાસ. ॥૬॥
સાળ દાળ પકવાનથી, કોદ્રો ધાન પણ ખાસ;
ચીર થકી ખાસર ભલો, મ કરીશ પરની આશ. ॥૭॥
જબ માંગે પર ઘર જઈ, પાંચેઈ દૈવત;
નાસે તતખીણ દેહથી, શ્રી રૂદ્ધિ ધૃતિ કીર્ત. ॥૮॥
સત ધારી સહુ પ્રાપતા, માગે નહીં મહંત,
પણ ભૂખ્યા માંગે નહીં, સાચા તે સતવંત. ॥૯॥

## ॥ ઢાળ ઓગણપચાસમી ॥

ઉમાદે ભટીયાણીના ગીતની–એ દેશી.

ઇશ્યું વિમાસી રાય ચાલ્યો આગે દીઠી હો

૧ વીસ * ૨ કર ઓડિજે *

સાંભલજ્યો જાન સોહામણી; હરખ્યો ચિત્ત નરિંદ, શેઠ ભણી શીર નામ્યો હો સાંભળજ્યો જઇને તિંહા કણી. ॥૧॥ જિંહા જઈ ઉતરી જાન, કામ વતુ [1]કડી બાંધી હો સાં૦, જાન તણું કરે ઉગટણું; અંઘોળ રાય કરાવે સહુનેહો પાય ધોવે અધિકે આદરે. ॥૨॥ દુહા. ॥ કબહી માણુસ લખ લહે, કબહી લાખ સવાય; કબહી કોડી ન લહી, વાજિ વાય કુવાય. ॥૧॥ દૈવ નચાવે જિણ પરે, તિમ નચ્ચે રંક રાય; કુમારપાળ નર સરીખા, ધોવે પરનાં પાય. ॥૨॥ ઢાળ. ॥ પાય પખાળે રાય મનમાં આશા જેણે હો સાં૦, ભોજનની ધરી; ભોજન થયું તેણીવાર, જાણી સહુતે જમવા હો સાં. બેઠા જઈ કરી. ॥૩॥ પાણી ભરે નરેશ, જમી ઉઠયા સહુકો હો જાની ગહગહી; ધોયાં થાળ કચોળ, તોયે પણ ભૂખ્યાની હો સાં. ખબર ગ્રહી નહીં. ॥૪॥ મૂઢમતિ નર નાર, ભૂખ્યો રાખ્યો રાજા હો સાં૦, સહુની મતિ ગઇ; નહીં કિણ માંહી વિવેક કુમર નરેસર ખીજ્યો હો. સાં૦ ક્રોધ વશે થઈ. ॥૫॥ ઇણે મુજ ખબર ન લીધ, મતિ છતી બુદ્ધિ ગુણહીણા હો સાં૦ એ સહુ વાણીયા; રાયે પૂછી જાત, જાન એ પાટણની હો સાં૦. લાડ પિછાણીયા. ॥૬॥ કુમારપાળ તેણીવાર, એહવું મન ધાર્યું હો સાં૦. રાજ્ય હુશે યદા; વાળીશ એ સહુ વૈર, ઇણે કીધો તિમ કરશું હો સાં૦. સુખ હોશે તદા. ॥૭॥ ભૂખે પીડયો અંગ, ચાલી ન શકે પગ ભરી હો સાં૦; તિંહા ઉભો રહ્યો, ઘૃત કુંડલીયો એક, આવીને ઉતરીયો હો સાં૦. નૃપ

[1] કેડ *

મન ગહગહ્યો. ॥૮॥ તેણે નર તિંહા આય, જમણ કરેવા માંડયો હો સાં૦. નૃપ ઇંધણ પાણી આણીયો; થઈ રસોઈ તામ, ભૂખ્યો જાણી [1]પહેલો હો રાય કુમાર ભણી બેસારીયો. ॥૯॥ જમાડયો ભરપૂર, કુંડલીયો દાનેસર હો સેજે દાતા ગુણ [2]જેહ, ગુણધારી સુવિચારી હો ઉત્તમ ગુણ લહીએ દેહમાં. ॥૧૦॥ સહેજે ગુણ સુવિનીત, અલ્પ કષાઈ સહેજે હો દાક્ષિણ્ય દયા ઉપસમ ધરે; સહેજે મધુરી ભાસ, ધર્મ તણી મતિ સેજેહો મુખ કૂડ વચન નવિ ઉચરે. ॥૧૧॥ ધન ધન તું જગ માંહી, સહજ ગુણ તુમ્હીનો હો, કુંડલીયા દાન તણો સહી; હું થાઉં ભૂપાળ, ત્યારે આવે [3]તેહિલો હો હું ભક્તિ કરીશ તુજ ઉમહી. ॥૧૨॥ ઇમ કહી ચાલ્યો ભૂપ, ઇણે અવસર જેસંગદે હો રાયકેરો મરણ સમય થયો; તેડયા મંત્રી ચાર, કૃષ્નદેવ કાનડદે નેહો સામા સાજણને ઇમ કહ્યો. ॥૧૩॥ કર વાહો મુજ કોટ, મારો વ્હાલા જો છો હો તો રાજ કુમરને મત દીયો; કીધું વચન પ્રમાણ, કંઠે હાથ લગાયો હો જેસંગદેનો મન રાખીયો. ॥૧૪॥ મરણ લહ્યું જેસંગ, કરણી કીધી જેહવી હો તેહવી ગતિ માંહે સંચર્યો ઢાળ ઓગણપચાસ, પૂરી ઇણ આધકારે હો જિનહર્ષ યશ વિસ્તર્યો. ॥૧૫॥

॥ દુહા ॥

સજ્જન સગા મંત્રી મળી, લેઈ ગયા સ્મશાન;
ચંદન અગર કપુરશું, ચેહ બળે તિણ ઠાણ. ॥૧॥

---

૧ પહિંલા * ૨ જેહમાં પરઉપગારી જેહ * ૩ વહેલો *

સોનાવરણી ચેહ બળે, જોવે નર સહુ કોઈ;
કંકુવરણી દેહડી, અગ્નિ [૧]પ્રજાળી જોય. ॥૨॥
જે શીર [૨]ચીરા બાંધતા, સાળૂ કસબી [૩]પણુ;
તાસ તણી શીર તુંબલી, ચાંચ સમારે કાગ. ॥૩॥
જે નર મહેલે પોઢતાં, કરતાં હાસ્ય વિલાસ;
તે નર મલ માટી હુવા, ઉપર ઉગ્યા ઘાસ. ॥૪॥
ચુવા ચંદન ચરચતા, વાપરતા મુખ પાન;
તે નર પોઢયા આગમા, કાયા કાજળવાન. ॥૫॥
ચીર પીતાંબર પહેરતાં, કંઠે મુગતાહાર;
તે નર નાગા પરજળે, જોવે સહુ સંસાર. ॥૬॥
જે શીર છત્ર ધરાવતાં, ચઢતાં ગયવર ખંધ;
તેહને અંતે લઈ ગયા, [૪]દેઈ દેઈ બંધ. ॥૭॥
દિવા કરી કરી પોઢતાં, કામિની કંઠ લગાય;
તે નર પોઢયા પાદરે, જંબુક ખાયે જાય. ॥૮॥
ચંપક વરણી દેહડી, કોમળ કદલી જંઘ;
તે નર સુતા કાષ્ટમાં પડે ભડોભડ [૫]ભંગ. ॥૯॥
દેહ વિટંબણ નર સુણી, મ કરીશ તૃષ્ણા લાખ;
જેસંગ સરીખા રાજવી, બાળી કીધા રાખ. ॥૧૦॥

## ॥ ઢાળ પચાસમી ॥

ઢંઢણુરૂષીજીને વંદના હું વારી—એ દેશી.

કુમર નરેસર સાંભળી, રાજેસરજી. જેસંગદે મૃત્યુ વાતરે; રાજેસર લાલ. પાટણ કો નહીં રાજવી રા૦, પાદુકા સભા મિલાતરે. રા. કુ૦ ॥૧॥ મંત્રીએ

૧ પ્રજાળે * ૨ રચી રચી * ૩ પાગ * ૪ દેઈ દેઈ દોરડે બાંધ * ૫ ડાંગ *

અનુચર મોકલ્યા રા૦, વહેલા આવો કુમાર રે રા૦; તુમ વિણ સૂનો દેસડો રા૦, સૂનો રાજ ભંડાર રે. રા. ॥૨॥ ચાલ્યો રાય ઉતાવળો રા૦, આવ્યો અવંતિ મોઝાર રે રા૦; મળીયો બ્રાહ્મણ વોસરી રા૦, મળીયો સાજન કુંભાર રે. રા. ॥૩॥ સયણ કુટુંબ લેઈ સહુ રા૦, ચાલ્યો અધિક ઉછાહરે રા૦; રાત દિવસ ન ગણી કિંહા રા૦, આવ્યો સિદ્ધપુર માંહી રે. રા. કુ૦ ॥૪॥ કુટુંબ તિંહા મૂકી કરી રા૦, પાટણ પુર ભણી જાયરે રા૦; વાટે કુમર નરેશને રા૦, શકુન અનોપમ થાય રે. રા. કુ૦ ॥૫॥ કન્યા ગાય સવાછડી રા૦, દધિ ફળ ભેરી શંખરે રા૦; શણગાર્યો ગજ સાહમો રા૦, આપે લાભ અસંખ્ય રે. રા. ॥૬॥ વેશ્યા વહેલ બે માછલા રા૦, મદિરા માટી અન્ન રે રા૦; [એ ખટ જો સામા મીલે રા૦, *] તો પામે બહુ ધન્નરે. રા. ॥૭॥ કુંભ કરેવો ચીબરી રા૦, હનુમંતને હરણા જેહ રે રા૦; રાજા ઝાઝા સાથશું રા૦, જમણા લીજે એહ રે. રા. ॥૮॥ સાંઢ સારસ ને ખર તૂરી રા૦, લાલી ડાબા હુંત રે રા૦; શકુન ભલા એ જાણીયે રા૦, અફળ્યા વૃક્ષ ફળવંત રે. રા. ॥૯॥ શુભ શકુને નૃપ આવીયો રા૦, પાટણ નયર મોઝાર રે રા૦; બનેવી કૃષ્ણદેવને રા૦, મળીયો જઈ કુમાર રે. રા. ॥૧૦॥ પ્રેમલા ભગિની પ્રેમશું રા૦, ભાઇને કરાવે અંઘોળ રે રા૦; દૂર્ગાદેવી તેહમાં રા૦, ઝીલે કરે કલ્લોલ રે. રા. ॥૧૧॥ શકુન પાઠક એહવું કહે રા૦, શકુન તણે પરમાણરે રા૦; રાજ્ય મળશે દિન સાતમે રા૦, શિર ધરશે સહુ આણ રે. રા. ॥૧૨॥ ઇણ અવસર મંત્રી મળી રા૦, સુભટ તેડયા શિરતા-

જરે રા૦; કરે વિચાર સહુ મળી રા૦, કોને દેશું રાજ રે. ? રા. ॥૧૩॥ ક્ષત્રી ચૌલુક વંશના રા૦, મહીપાળ [1]રત્નપાળ રે રા૦; તેહને રાજ્ય દેવા ભણી રા૦, તેડાવ્યા તતકાળરે. રા. ॥૧૪॥ કુમર ભણી પણ તેડીયો રા૦, મળીયા સહુ પરધાન રે રા૦; મહીપાળ રાજા થાપીયો રા૦, માગે આદેશ દેઈ માનરે. રા. ॥૧૫॥ તાસ ઉઠાડી મુકયો રા૦, બેસાર્યો [2]રત્નપાળ રે રા૦; તે પણ તિમહીજ બોલીયો રા૦, ઉઠાડયો તતકાળરે. રા૦ ॥૧૬॥ તેડી કુમર નરેશને રા૦, બેસાર્યો રાજ કાજરે રા૦; સચિવાદિક પ્રણમી કહે રા૦, કેમ ચલાવશો રાજ રે?. રા. ॥૧૭॥ ખડગ દેખાડયું આપણું રા૦, એહને બળ મુજ રાજ રે રા૦; એહને બળે સહુ સાધશું રા૦, એહને બળે મુજ લાજરે. રા. ॥૧૮॥ યતઃ॥ ન શ્રીઃ કુલક્રમાયાતા, શાસને લિખિતા ન તુ; ખડ્ગેનાક્રમ્ય ભુંજંતિ, વીરભોગ્યા વસુંધરા. ॥૧॥ સિંહાસન બેસારીને રા૦, કીધો નૃપ અભિષેક રે રા૦; કહે જિનહર્ષ પચાસમી રા૦, ઢાળ થઈ સુવિવેક રે. રા. કુ૦ ॥૧૯॥

॥ દુહા ॥

લેઈ મોતી ન્યુંછણે, કરી વધાવ્યો રાય;
કૃષ્ણદેવ ભટ પ્રમુખ સહુ, આવી લાગ્યા પાય. ॥૧॥
નૃપ મંડલીકે પરવર્યા, કુમારપાળ ભૂપાળ;
પટ હસ્તી ખંધે ચડયો, દીપે તેજ વિશાળ. ॥૨॥
મેઘાડંબર છત્ર શિર, દો દિશિ ચામર ધાર;
વીંઝે ચામર નિર્મળા, જાણે ગંગાધાર.॥૩॥

[1] કૃતપાળ * [2] કૃતપાળ *

લેતો પુરજન આશિષા, ધુર તે નિશાણેહ;
હય ગય રથ પાયક સહિત, દેતો દાન જણેહ. ॥૪॥
રાજ ભુવન રાય આવીયો, કાનડદે પરમુખ;
ચરણ કમળ નમીયા સહુ, મોટા સુભટ [1]જેહ. ॥૫॥

## ॥ ઢાળ એકાવનમી ॥

વાલમ વેલેરા આવજો–એ દેશી.

પુણ્યોદયથી પામીયો, પાટણ પુરનો રાજોરે; પુણ્યે દુશ્મન દહવટે, પુણ્યે સિધ્યાં કાજો રે. પુ૦ ॥૧॥ સંવત અગ્યાર નવ્વાણું એ, રૂડો માગશિર માસ રે; કાળી ચૌદશને દિને, બેઠો રાજ ઉલ્લાસ રે. પુ૦ ॥૨॥ ગરઢા પ્રધાનો તિંહા, ન ગમે કુમર નરિંદો રે; દાવ વિચાર્યો મારવા, સહુ મળી રચીયો ફંદો રે. પુ૦ ॥૩॥ બહુ અંધારી નિશિ સમે, ગોપુર ઘાતક રાખ્યા રે; પુણ્ય સખાઈ રાયને, કિણહીક ભેદ્ર દાખ્યો રે. પુ૦ ॥૪॥ મૂકી તે પુરપોળને, બારીમાં થઈ પેઠો રે; કુશળખેમે આવીયો, નિજ સિંહાસન બેઠો રે. પુ૦ ॥૫॥ તે પરધાન તેડાવીયા, યમપુર દિશે ચલાવ્યા રે; તેજ દેખી રાજા તણું, સહુ ચરણે ચલી આવ્યા રે. પુ૦ ॥૬॥ કૃષ્ણદેવ તેણે અવસરે, પૂરવ મર્મ પ્રકાસે રે; સભા સમક્ષ એહવું, રાય કહે મત ભાસે રે. પુ૦ ॥૭॥ જેમ જાણે તેમ બોલીયે, એકાંતે નહીં તાવો રે; વાર્યો તોયે નવિ રહ્યા, ન મટે મૂળ સ્વભાવો રે. પુ૦ ॥૮॥ રીસ ગુપ્ત રાજા તણો, હૃદય ભર્યો ભરપુરોરે; મલ્લ સંકેતે કૃષ્ણનાં, અંગ

[1] પુરૂષ *

કીયા ચકચૂરો રે. પુ૦ ॥૯॥ નયન યુગલ કાઢી કરી, થાપ્યો લેઈ આવાસો રે; રાજા મિત્ર કેહનાં, નહિ એહવું જગ પ્રતિભાસે રે. પુ૦ ॥૧૦॥ યતઃ ॥ કાકે શૌચં ઘતકારેષુ સત્યમ્, સર્પે ક્ષાંતિઃ સ્ત્રીષુ કામોપશાંતિઃ; કલીબે ધૈર્યં મદ્યપે તત્ત્વચિંતા, રાજા મિત્રં કેન દૃષ્ટં શ્રુતં વા. ॥૧॥ ઢાળ પૂર્વની ॥ નીતિ વચણ સંભારીને, ઉદયન નીજ ઉપગારી રે; તસ સુત બાહડદે કીયો, મહામાત્ય સુવિચારી રે. પુ૦ ॥૧૧॥ મહા પ્રધાન પદ આપીયો, ઉદયનને અભિરામોરે; આલિગનામ કુલાલને, દીધાં સાતમે ગામો રે. પુ૦ ॥૧૨॥ ઝાંખર ઢાંકી રાખીયો, હાલી ભીમ બોલાવ્યો રે; પોતા પાસે રાખીયો, અંગ રક્ષક કરી ઠાયો રે. પુ૦ ॥૧૩॥ દીધ કરંબો કામિની, તેહને ધોળકું દીધું રે; સાજણને સંતોષીયો, ધણી ચિત્રોડનો કીધો રે. પુ૦ ॥૧૪॥ લાટદેશ ભટ વોસીરી, કુલંબ પાટણનો રાયો રે; તેહને ઘણું વધારીયો, ઓસિંગલ એમ થાયોરે. પુ૦ ॥૧૫॥ કાશીદેશનો વાણીયો રાખ્યો જેણે ઘર માંહેરે; સોળ ગામે તેહને દીધાં, મળીયો ઘણો ઉમાહે રે. પુ૦ ॥૧૬॥ તડી સામંત થાપીયો, બાલચંદ્ર ચમારો રે; તેહનાં ગુણ સંભારીને, ગામ દીયાં તસ બાર રે. પુ૦ ॥૧૭॥ ઢાળ એ એકાવનમી, કહે જિનહર્ષ વિચારો રે; વળી ઉપગારી જેહ છે, સુણજો તસ અધિકારો રે. પુ૦ ॥૧૮॥

॥ દુહા ॥

આંબા વન રક્ષક પુરૂષ, જાગ્યું તેહનું ભાગ્ય;
તેડી તાસ ભળાવીયો, વર પોતાનો બાગ. ॥૧॥

જે નર નારી વિયોગીયો, દેવરાવી તસ નાર;
દુઃખ ભાંગ્યું તેહનું સહુ, ધન પણ દીધું અપાર. ॥૨॥
શેઠ સુરહીયો થાપીયો, નારી કણબણ જાસ;
ઝડપી લીધી શેઠલી, વીસ ગામ દીયાં તાસ. ॥૩॥
ઘૃત કુંડલીયો તેહને, દીધો સોરઠ દેશ;
શકુન પાઠકને આપીયા, સાત ગામ સુવિશેષ. ॥૪॥
મરણ લહ્યો ઉંદર જિહા, ભવન કરાવ્યો સાર;
શ્રી જિનનો રળિયામણો, નામે ઉંદર વિહાર. ॥૫॥
શિર વિણ પુરૂષ કથા કહી, તેડી પાંચે નાર;
ગામ એકેકું તેહને, દીધું વાત સંભાર. ॥૬॥
મસ્તક વાત કહી જિણે, તેડાવ્યો નૃપ પાસ;
સોવન સહસ તેને દીયા, મહત્વ વધાર્યો ખાસ. ॥૭॥
જેણે કર્યો ગુણ જેટલો, રાયે સંભાર્યા તેહ;
સહુની આશા પૂરવે, મોટા નરને નેહ. ॥૮॥

## ॥ ઢાળ બાવનમી ॥

સરસતી માત મયા કરી રે—એ દેશી.

હેમાચારજ વિસર્યા, કિણુહી પરે ચિત્ત નાવ્યા રે; ઉદયન મંત્રી અન્યદા, હેમસૂરિજી બોલાવ્યા રે. હે૦ ॥૧॥ આવ્યા અધિક મહોત્સવે, મંત્રીને એમ ભાખેરે; આજ[૧] નવે રાણી ઘરે, ઉપસર્ગ નિશામધ્ય થાશે રે. હે૦ ॥૨॥ તેહથી તિંહા નવી પોઢજો, ઇમ કહી રાજાને વારો રે; પૂછે જો આદર કરી, તો નામ અમારૂં સારો રે. હે૦ ॥૩॥ મુહુર્તે રાજાને વારીયો, નિશી વિજ થયો ઉત્પાતરે; રાણી મંદિરમાં બળી,

૧ આજ ન સૂવે રાણીઘરે *

નૃપ ચિંતે ટળી મુજ ઘાત રે. હે૦ ॥૪॥ રાયે પુછયું સાદરે, કેહનું અનાગત જ્ઞાન રે ?; ઉપગારી કુણ એહવો, મુજ દીયું જીવીત દાન રે ?. હે૦ ॥૫॥ મંત્રી કહે રાજન સુણો, ઈંહા હેમસૂરિજી પધાર્યા રે; તિણે જ્ઞાની મુજને કહ્યું, તમને મેં તેથી વાર્યા રે. હે૦ ॥૬॥ રાય સુણી પ્રમુદિત થયો, બોલાવ્યા હેમસૂરીંદો રે; રાજ સભાએ આવીયા, વંદે ગુરૂ ચરણ નરિંદો રે. હે૦ ॥૭॥ કર જોડી રાજા કહે, ભગવંત કેમ મુખ દેખાડું રે ?; તમને ઓશીંગલ ન હુવો, જો અમૃત પાય પખાળું રે. હે૦ ॥૮॥ થંભ તીરથમાં રાખીયો, ચીઠી મુજ લખી દીધી રે; તો પણ સંભાર્યા નહીં, તમને મેં માઠી કીધી રે. હે૦ ॥૯॥ તમે મુજને પહેલાં કર્યો, નિષ્કારણ પ્રભુ! ઉપગારો રે; મુજ માથેથી તુમ તણો, ઉતરશે રૂણ કિણ વારો રે ?. હે૦ ॥૧૦॥ સૂરિ કહે રાજન સુણો, મનમાં દિલગીર નવી થઇએ રે; જે ઉત્તમ નરને કર્યો, ઉપગાર લોપી નવિ કહીએ રે. હે૦ ॥૧૧॥ શ્રી જિનધર્મ સમાચારો, અમને એહીજ ઉપગારો રે; રાયે વચન અંગીકર્યો, એ તો મુજને હિતકારો રે. હે૦ ॥૧૨॥ કૃપા કરી ઈંહા આવજો, આચારજને એમ ભાખે રે; ગુરૂ સંગે મિથ્યા તજી, જિનધર્મ રસાયણ ચાખે રે. હે૦ ॥૧૩॥ હવે શ્રી કુમર નરેસરૂ, ચતુરંગ સેનાશું ચાલે રે; ચ્યારે દિશા સાધન ભણી, અરિયણનાં દલ બળ ટાળે રે. હે૦ ॥૧૪॥ પ્રથમ દક્ષિણ દિશે સંચર્યા, કર્ણાટ તિલંગ લાટ દેશો રે; વિંધ્યાચલ સાધી આવીયા, ફેરી નિજ આણ વિશેષો રે. હે૦ ॥૧૫॥ સેતુબંધ જોઈ કરી, વળી

ફરસ રામાશ્રમ જોઈ રે; તિંહાથી પશ્ચિમ આવીયા, માને આણ સહુ કોઈ રે. હે૦ ॥૧૬॥ સોરઠ સૌવીર પંચ નદ સિંધૂ, બ્રાહ્મણ વાટક સહુ દેશો રે; સાધી સહુ પોતાનાં કિયા, વિધી વિધીની આણે પેસો રે. હે૦ ॥૧૭॥ સિંધૂ પશ્ચિમ તટ પદ્મપુરે, રાય પદ્મ પુત્રી ગુણવંતી રે; જાતે તેહ છે પદ્મણી, પદ્માવતી નામ લહંતીરે. હે૦ ॥૧૮॥ ષોડશ નિજ સરિસ વરાંગના, પરણી તિંહા કુમર નરિંદો રે; સાત કોડી દ્રવ્ય સાતશે, દીધા [1]હયવર વૃંદો રે. હે૦ ॥૧૯॥ તિંહાથી ઉત્તર આવીયા, કાશ્મિર ઉડિયાન હિમાળો રે; સવા લક્ષ પર્વત વળી, જાલંધર ખસ સુવિશાળો રે. હે૦ ॥૨૦॥ એમ સાધી ચારે દિશા, વરતાવી આણ અખંડોરે; ઢાળ થઈ બાવન ભલી, જિનહર્ષ સુજસ નવખંડો રે. હે૦ ॥૨૧॥

॥ દુહા ॥

રાજા અચરિજ જોવતો, પૂરવ દિશે પહુત;
કુશાવર્ત સુરસેન કુરૂ, વિદેહ દશાર્ણ સહિત. ॥૧॥

વળી સાધ્યા નિજ ભુજ બળે, માગધ ને પાંચાલ;
દેશ વિદેશનાં દેશપતિ, આવી નમ્યા તતકાળ. ॥૨॥

હય ગય રથ પાયક પ્રબળ, નિશાણા શિર ઘાવ;
જયત પતાકા પામીને, આવ્યો પાટણ રાય. ॥૩॥

ભોપલદે પટરાગીણી, આદેશું રંગરોળ;
પંચ વિષય સુખ ભોગવે, અહનિશ કરે કલ્લોલ. ॥૪॥

દેશ અઢાર તણો ધણી, હસ્તિ સહસ અગ્યાર રે;
વાજી લાખ અગ્યાર વળી, રથ પંચસે હજાર. ॥૫॥

---

૧ દીધા સેંધવ હયવૃંદો રે *

બહુત્તર બળ આગળા, જેહને સૂર સામંત;
અઢાર લાખ પાયક મિલે, રૂદ્ધિ ન લાભે અંત. ॥૬॥

## ॥ ઢાળ ત્રેપનમી ॥

પ્રભુ પ્રણમું રે પાસ જિણેસર થંભણો...પાંચ પોથી રે–એ દેશી.

ન્યાયે રાય રે કોઈ અન્યાય કરે નહીં, અકરાકર રે કરે દંડ [1]ન લે સહી; દંડ દેવળ રે બંધન કોઇ ન બાંધીયે, બંધાયે રે ભૂષણ અંગે સાધીયે. ॥સાખી॥ સાંધીયે નારી કંચૂક બંધન, બંધ મસ્તક વેણીએ; બંધ ઘોટક પેટ ને વળી, બંધ સુમનસ શ્રેણીએ; વંક નહીં કોઇ લોકમાં જિંહા, વંક સ્યંદન ચક્રમાં; વળી વાંક કબાન માંહી, અવર તે નહીં વક્રમાં. ॥૧॥ જિણ નયરે રે ચોર કોઇ દીસે નહીં, નિજ ગુણથી રે પર મન ચોરે ઉમહી; માર એહવો રે શબ્દ કોઈ ન ઉચ્ચરે, ને ભાષા રે માર ન લુહાર મુખે ધરે; ત્રોટક--મુખે ધારી મારી રણમાં, મારી ભાષા નીગમે; પર તણા અવગુણ લીયણ મુંગા, દોષ દેખણ સંયમી, છીદ્ર નહીં કોઈ લોક માંહી છિદ્ર માણેક મોતી એ, દમન નહીં જિણ નગર માંહિ, દમન અરિ ગજ હોતિ એ. ॥૨॥ નવિ દિસે રે, માણસ કોઈ ગ્રહ્યો કહીં, રવિ શશિને રે રાહુ ગ્રહે અવસર લહી; અથવા વળી રે કન્યાનો કર વર ગ્રહી, એહવું પુર રે લોક સદા સુખીયા રહે. ત્રોટક :—રહે એહવા લોક સુખીયા, હહા બાવન જિંહા મળે; હેમાચારજ મુનિસર હેમ વ્યાકરણ ઝળહળે;

---

૧ મંડલે સહી *

હેમ બિંબ હરી તણી મૂરતી દાન [1]દેબાહિરા કહી, હૈયે બુદ્ધિ અને હસાવે હસે નહીં પોતે સહી. ॥૩॥ હરીયાળી રે ચતુર કહે હઠીયા ઘણાં, નરહા કયારે તુરત વઢે નહીં કામણા, હય હાથી રે હથીયાર હુએ ઘણી, હેમ હીરા રે હીર જાતિ દીસે ઘણી. ત્રોટકઃ-ઘણા દીસે નહીં હિંસા, હટ્ટ શ્રેણી શોભ એ, હાથ દાતા દોલતી સહુ હુસીયાં મન મોહએ. હરી સરીખા લોક સુખીયા જિંહા હાસલ અતિ ઘણો, હેમાચલની વસ્તુ આવે, હરી મતિ નર બોલણો. ॥૪॥ નર ભોગી રે રતિ હેમ તણાં સહુ, હેમ મીના રે ગંજ તિંહા દિસે બહુ, હુતીયા નરહે હાલાહલ હાલી જિહાં, હરિવંસી રે હરિયડ બહૂત વસે તિંહા. ત્રોટકઃ-તિંહ વસે હીંદૂ-ઓના હરિ હરાદિક દેહરાં, હરિણાક્ષી હરીલંકી નારી હંસગમણી મનોહરા, હોલા હોલી સવરણા હરી હંસ હોલાઇયા, હરિણ વનમાં રહે સુખીયા, હીંડોલા મન ભાઇવા. ॥૫॥ વળી હયગતિ રે હસિત વદન ને હસ્તિની, હાંસ હિયે રે હલુએ ચાલે કામિની, એ બાવન રે પુર માંહી લાભે હયા, વળી બાવન રે વવા તે દૂરે ગયા. ત્રોટકઃ-ગયા દૂર તે વિકલ વિટનર વ્યસન વાંકા નહીં જિંહાં, વિપરીત ભાખી નર વિરોધી વક્ર વિઘન નહીં જિંહા, વાત વિરૂઈ નહિં વંચક વાટપાડા પણ નહિં, વિશ્વાસઘાતી વધક નહિ જિંહા, વયર વાદ નહીં સહી. ॥૬॥ વાસી ભોજન રે, નર નારી ખાયે નહીં, વેઠ ન કરે રે કોઇ દિણસું સહી, વિદ્યા વિરૂઇ રે તોહે ન કોઇ ફેરવે,

[1] દે બાહા કહી *

વાણી કડવીરે મુખ વચન કો નવી લવે. લવે નહીં કો વાદ ન કરે, વાસના ભૂંડી તજે, વાત નિંદા તણી ન કરે બેઠાં નર નવી સંપજે, શીલવંતી વસે વનીતા નહીં જિહાં વ્યભિચારીયા, વર વર્ગથી નવી ટળે કોઈ વાઘરી પુર વારીયા. ॥૭॥ પ્રભવે નહીંરે કેહને વ્યંતર વ્યંતરી, વિંછી વિષધર રે સરીખા નર પુર પરીહરી, વારૂણીના રે પાન કરે નર તેહને, વારૂ વાતના રે ભંજણહારા એહને. ત્રોટકઃ-એહને કાઢયાં નગર બાહીર વાણીજ કુવણીજ નવી કરે, રીસ માથે વિષ ન ખાયે વળગણા નર નહીં પુરે, વચન ગુરૂજનનું ન માને, બધું બોલે જે ઘણો, વાર્યા ન રહે નગર બાહિર વંશ કાઢયો તેહ તણો. ॥૮॥ વળી નહીં કોઇ રે વેરો વરાડ જિણે પુરે, પ્રાયે થોડીરે વિધવા નારી ઘર ઘરે, વિષ વાણીજરે ઉત્તમ કોઇ કરે નહીં વેંગણના રે ભક્ષક રે નહીં નર લહી. ત્રોટકઃ-નર લહી ન કરે ભક્ષ વેંગણ વિગય પાંચે પરિહરે, એ વવા બાવન કુમર નરપતિ કાઢિયા પુર બાહિરે, લાડ જાતી વાણીયા તે કુટી બાહિર કાઢીયા, રીસવાળી જાનવાળી [1]વળી આડી ચાઢીયા. ॥૯॥ ચોર પાળેરે લાડ રહ્યા તે જઈ કરી, જીવંતા રે નૃપે મુકયા કરૂણા ધરી, ઉત્તમ નર રે મૂળ થકી મારે નહીં, બાહુબળ રે ભરત ભણી ન હણ્યો સહી. ત્રોટકઃ-સહી ન હણ્યો રાય ઉદાઇ ચંડ પ્રદ્યોતન ધારીયો, ડાંમ દેઇ મુંકીયો પણ જીવથી નવિ મારીયો, તેમ રાંક ઉપર રીસ કેહી જાણી રાજા પરીહરે, એ ઢાળ ત્રેપનમી કહી શ્રી જિનહર્ષે ઇણી પરે. ॥૧૦॥

૧ વલઈ પાડે ચાઢિયા*

॥ દુહા ॥

તિણ અવસર એક આવીયો, રાગાંગી ગંધર્વ;
ભાવ ભેદ સહુ રાગનાં, ગાઈ જાણે સર્વ. ॥૧॥
તે ગંધર્વે આલાપીયો, સુંદર મેઘ મલ્હાર;
તતક્ષણ ચમકી વીજળી, મેહ વૂઠયો તેણી ॥૨॥
હેમાચારજ આવીયા, રાગ આલાપ્યો તામ;
સૂકાં ઠુંઠા પાલવ્યા, નૃપ હરખ્યો તેણે ઠામ. ॥૩॥
એક પુરૂષ આવ્યો તિસે, નામ્યો નૃપને શીષ;
કર જોડીને એમ કહે, સાંભળ શ્રી જગદીશ. ॥૪॥
દેવકે પાટણ દેહરો, સોમેશ્વર મહાદેવ;
તેહ પડયો છે તેહની, સાર કરાવો હેવ. ॥૫॥
એહવી કીધી આખડી, જાં દેવળ નવિ થાય;
માંસ ભખુ નહીં તિહાં લગે, અગડ કરી એમ રાય. ॥૬॥

## ॥ ઢાળ ચોપ્પનમી ॥

ગઈ ભદ્રા લઈ ભેટણું રે–એ દેશી.

નૃપે દેવળ તે ઉદ્ધર્યા રે, ખાવા લાગ્યો રે માંસ; હેમસૂરીશ્વર એમ કહે રે, સાંભળ રાય સુવંસો રે. ॥૧॥ રાજન સાંભળો, મનથી તજી વિખવાદો રે, તમે કરાવીયો, ઇશ્વરનો પ્રાસાદો રે. રા૦ ॥૨॥ આપણે ચાલો જોઇયે રે, શ્રી સોમેશ્વર ઇશ; માંસ તણી લ્યો આખડી રે, ત્યાં સુધી અવનીશ રે. રા૦ ॥૩॥ સાંભળી નૃપ મન હરખીયો રે, લેઈ નરવર વૃંદ; ચાલ્યો કુમર નરેશ્વરૂ રે, સાથે હેમસૂરીંદો રે૦ રા. ॥૪॥ રાય કહે લ્યો પાલખી રે, બેસો શ્રી ગુરૂરાય; હેમ કહે મુનીવર

હુવે રે, તે ચાલે નીજ પાય રે. રા૦ ॥૫॥ ચાલો આગળથી તમે રે, શત્રુંજય ગિરનાર; અમે જુહારી આવશું રે, ઈશ્વરને દરબાર રે. રા૦ ॥૬॥ નૃપ દેવશ્રીપાટણ ચલ્યા રે, ગયા શત્રુંજયે હેમ; આગળથી આવી કરી રે, દેહરે બેઠા એમ રે. રા૦ ॥૭॥ દ્વેષી બ્રાહ્મણ રાયને રે, કહે સાંભળ પુહવીશ; સહુ કો માને ઇશને રે, હેમ ન નામે શીષ રે. રા૦ ॥૮॥ હેમ ભણી રાજા કહે રે, તુમે ન માનો રે ઈશ; ઈશ્વર જગદીશ્વર ભણીરે, કાંયે ન નામો શીષ રે. ? રા૦ ॥૯॥ હેમ કહે નરપતિ સુણો રે, હરિ બ્રહ્મા જિન ઈશ; મોક્ષ તણું સુખ જે દીયે રે, તેહને નામું શીષ રે. રા૦ ॥૧૦॥ રાય ખુશી થઇ એમ કહે રે, ખટ દર્શન મુનિ રાય; સહુની જૂદી પ્રરૂપણા રે, ધર્મ ન માલમ થાય રે. રા૦ ॥૧૧॥ કેઇ કાયા મલ ધરે રે, કેઈ પખાળે રે દેહ; કેઈ નગન રહે સદા રે. કેઇ તન લગાવે ખેહ રે. રા૦ ॥૧૨॥ કેઈ શીર લુંચન કરે રે, કેઇ વધારે રે કેશ; ધર્મ કહો કેહમાં ખરો રે, તે કહીયે સુવિશેષ રે. રા૦ ॥૧૩॥ ખોટો પરિહરીયે પરો રે, જોઇ કરીયે રે સાર; ઢાળ ચોપનમી એ થઇ રે, કહે જિનહર્ષ વિચાર રે. રા૦ ॥૧૪॥

॥ દુહા ॥

હેમ કહે રાજન ખરો, ઈશ કહે જે ધર્મ;
ઈશ્વર ખોટું નવી કહે, શું રાખો મન ભર્મ?. ॥૧॥
પૂછે સોમેશ્વર ભણી. રાજા ધરી જગીશ;
ખરો ધર્મ કહો કેહનો, પુછું તુજ જગદીશ. ॥૨॥

શંકર બોલ્યો નિજ મુખે, સુણ રાજા મુજ વાચ;
ધરજે મનમાં ધર્મ તું, હેમ કહે તે સાચ. ॥૩॥
જગમાંહે જોગી ખરો, નિર્મળ એહનું શીલ;
ઈશ્વર કહે એ સેવ તું, જેમ પામે સુખ લીલ. ॥૪॥
પહેલાં તુમપાસે કર્યો, પરનારીનો નિમ;
અગડ કરાવો માંસની, જાં જીવું ત્યાં સીમ. ॥૫॥

## ॥ ઢાળ પંચાવનમી ॥

પ્રણમું શ્રી ગુરૂપાય નિરમલ જ્ઞાન ઉપાય...એ દેશી
મેઘાશાના ઢાળીયાની દેશી.

અગડ કરી નરનાહ, શ્રી ગુરૂ પાસે ઉછાંહ; પાટણ આવીયા એ, સહુ મન ભાવીયા એ. ॥૧॥ ખટ દર્શન અવનીશ, તેડયા ધરીય જગીશ; કુણ દેવ ધારીયે એ, કાશી જુહારીયે એ. ॥૨॥ નારાયણ કહે એક, પુરૂષોત્તમ સુવિવેક; ઇશ્વર કોઈ કહે એ, આદિ ન કો લહે એ. ॥૩॥ બ્રહ્મા કહે એક કોઇ જેહથી એ જગ હોઇ; સૂરજ તમ હરે એ, દેવ સહૂ સીરે એ. ॥૪॥ કોઈ કહે આદિ માત, આદિ ન કોઇ લહાત; ભક્તિ મુક્તિ દીયે એ, શુદ્ધ સેવા કીયે એ. ॥૫॥ હેમ ભણી કહે રાય, તુમચા દેવ બતાય; નૃપ તમે સાંભળો એ, મુકી આમળો એ. ॥૬॥ દોષ અઢાર રહીત, તેહીજ દેવ તહત્ત; ક્રોધ માન ગંજીયા એ, માયા લોભ ભંજીયા એ. ॥૭॥ રતિ અરતિ ને અજ્ઞાન, મદ મત્સર ભય આંન, પ્રેમ નિદ્રા નહીં એ, શોક ચોરી દહીએ. ॥૮॥ જૂઠ વચન જીવ ઘાત, હાસ્ય વિનોદ વિલાસ; નહીં દોષ એટલા એ,

દેવ તેહીજ ભલાએ. ॥૯॥ જેહનાં સુંદર અંગ, નારી તણો નહીં સંગ; તેહ આરાધીયે એ શિવ પદ સાધીએ એ. ॥૧૦॥ ગુરૂ મુનિવર નિર્ગ્રંથ, ચાલે શુદ્ધે પંથ; આરંભ નવિ કરે એ, નિજ કિરિયા ધરે એ. ॥૧૧॥ લે આહાર નિહાળી, દોષ બેતાલીશ ટાળી; તે ગુરૂ વંદીયે એ, પાપ નિકંદીયે એ. ॥૧૨॥ કેવલી ભાષિત ધર્મ, નહીં જેહમાં કોઈ ભર્મ; જીવ-દયા ઘણી એ, તે શિવ સુખ ભણીએ. ॥૧૩॥ આરાધો એ ધર્મ, જેહથી તૂટે કર્મ; શંકા તજી ગ્રહો એ, સાચો સદ્દહો એ. ॥૧૪॥ વિપ્ર તણો ઉપદેશ, રાજા સુણ્યો સુવિશેષ; હેમ વચન ખરા એ, ન ધરે આકરા એ. ॥૧૫॥ રાજા મન ડામાડોલ, સાચા જૂઠા બોલ; નિરતિ ન[1] કો પડી એ, મચ્છ જેમ તડફડે એ. ॥૧૬॥ સૂરિ વચન સુપ્રમાણ, માને નહિં ગુરૂ આણ; રાજન સાંભળો એ, કાં તમે ખળભળો એ. ॥૧૭॥ હઠ છોડે નહીં જેહ, સુખ નવિ પામે તેહ; લોહ વણિક પરે એ, પસ્તાવો તે કરે એ. ॥૧૮॥ તે ભણી તમે નરપત્ત, આરાધો ત્રણ તત્ત; કુમતિ ન આણીયે એ, સાચ પીછાણીયે એ. ॥૧૯॥ પંચાવનમી ઢાળ, કહી જિનહર્ષ વિશાળ; હેમ સમજાવીયો એ, રાય મન ભાવિયો એ. ॥૨૦॥

॥ દુહા ॥

રાય એવો ઉપદેશ સુણી, રિઝયો ચિત્ત મઝાર;
પાયે લાગી હેમને, તાર તાર કહે તાર. ॥૧॥

૧ નિરતિ ન કાં પડે એ *

ગુરૂ કહે દેરાસર કરી, પૂજો શાંતિ જિણંદ;
ઘર દેરાસર થાપીયો, પૂજે નિત્ય નરિંદ. ॥૨॥
વાત સુણી તવ બ્રાહ્મણે, હીયડે ઉઠી ઝાળ;
દેવબોધ[1] બ્રાહ્મણ ભણી, તેડાવ્યો તતકાળ. ॥૩॥
આડંબરશું આવીયો, સાથે છાત્ર અનેક;
બોલાવે બિરૂદાવળી, વારૂ જાસ વિવેક. ॥૪॥
કેળ પાનની પાલખી, કમળ નાળનો દંડ;
બાંધી કાચે તાંતણે, ત્રૂટે નહીં અખંડ. ॥૫॥
વરસ આઠનાં છોકરા, કાંધે લે ચકડોળ;
આવી પાટણ માંહી તે, હોઈ રહ્યો રમઝોળ. ॥૬॥

## ॥ ઢાળ છપનમી ॥

કંત તમાકું પરિહરો.—એ દેશી.

રાય સભાયે આવીયો, ધરતો મન અભિમાન. મોરા લાલ; પવન સાધન વિદ્યાધરે, ગારૂડ મંત્ર વિધાન. મોરાલાલ. રા૦ ॥૧॥ હાંરે લાલ જોતિષ શાસ્ત્ર ભણ્યા ઘણા, વળી વ્યાકરણ વિશેષ. મો૦; તર્ક શાસ્ત્ર કવિ ચાતુરી, જાણે મંત્ર આલેખ. મો૦ ॥૨॥ હાંરે. સાંનિધ જેહને દેવની, સિદ્ધ ધરાવે નામ મો૦; પંચ સયા પોઠી ભર્યાં, પુસ્તકશું અભિરામ. મો૦ ॥૩॥ હાંરે. પેટે પાટો બાંધીયો, છાત્ર કરે કુદ્દાલ મો૦; નીસરણી રાખે કને, અભિમાની વાચાળ. મો૦ ॥૪॥ હાંરે. રાજાને એહવું કહે, તાહરા નગર મોઝાર મો૦; વાદ કરે જે મુજશું, તેહને તુરત હકાર. મો૦ ॥૫॥

[1] તાપ સભણી *

હાંરે. હું હારૂં તો માહરા, એ પોઢી હયે તેહ મો૦; તે હારે તો માહરા, લાગે લળી પાએહ. મો૦ ॥૬॥ હાંરે. રાયે તેડયાં હેમને આવ્યા મુનિ દરબાર મો૦; કુણ વાદી નૃપ તેહશું, કીજે શાસ્ત્ર વિચાર. મો૦ ॥૭॥ હાંરે. રાય કહે તમે એકલા, એહને બહુ પરિવાર મો.; કેમ જીતશો એહને, પૂછું તેહ વિચાર. મો૦ ॥૮॥ હાંરે. સૂરિ કહે રાજા સુણો, એક રહે વન સિંહ મો.; વનચર વનમાં તેહનો, રાખે સહુ કો બીહ. મો૦ ॥૯॥ હાંરે. રવિ ગયણંગણ એકલો, કરે અંધારૂં દૂર મો.; એક વજ્ર પર્વત પડે, ભાંગી કરે ચકચૂર. મો૦ ॥૧૦॥ હાંરે. માંહે છતી મતી જોઇયે, લાખ મળ્યા તો કાખ મો.; શૂર એક કાયર ઘણાં, ઉડાડે જેમ રાખ. મો૦ ॥૧૧॥ હાંરે. હેમ વચન સુણી ગહગહ્યો, ધન ધન હેમ મુણીંદ મો.; હેમ ભણી કુણ આગમે, કહે કુમર નરિંદ. મો૦ ॥૧૨॥ હાંરે. રાય હુકમ બોલ્યા બંને, સંસ્કૃત ભાષા સાર મો.; તર્ક કાવ્ય બોલે વિચે, વૈયાકરણ વિચાર. મો૦ ॥૧૩॥ હાંરે. સંન્યાસી સમસ્યા કહે, પૂરે હેમસૂરિંદ મો.; ગાજી સિંહ તણી પરે, જોવે નૃપ નરવૃંદ. મો૦ ॥૧૪॥ હાંરે. જીતી ન શકે હેમને, ગારૂડ વિદ્યા તામ મો૦; કીધી તેણે સંન્યાસીએ, હેમ જીપેવા કામ. મો૦ ॥૧૫॥ હાંરે ઉંદર આવ્યા ધસમસી, સાપ રચ્યા ગુરૂ ત્યાર મો.; જોગીએ તેડયા નોળીયા, ગુરૂએ તેડયા મંજાર. મો૦ ॥૧૬॥ જોગી મુખ ઝાંખુ થયું, ફોગટ જાશે માન મો.; વ્યગ્ર ચિત્ત પંડિત થયો, પ્રબળ યતિનું જ્ઞાન, મો૦ ॥૧૭॥ હાંરે. એ તો પ્રત્યક્ષ સરસ્વતી, એ આગળ કોણ જાણી?

મો.; ઢાળ થઈ એ છપનમી, કહી જિનહર્ષ સુજાણ. મો૦ ॥૧૮॥

॥ દુહા ॥

દેવબોધીને નૃપ કહે વળી આવજો પ્રભાત;
તુમ સંઘાતે ધર્મની, કરવી છે બે વાત. ॥૧॥
નીજ થાનક જોગી ગયો, હેમ ગયા પોશાળ;
સંન્યાસી વ્હાણું થયે, આવ્યો વળી તતકાળ. ॥૨॥
નૃપ આગળ નિજ ધર્મની, કથા કહે સુવિશેષ;
આદિ ધર્મ છે શૈવનો, મોટો દેવ મહેશ. ॥૩॥
બ્રાહ્મણ ગુરૂ ભગવાન એ, તીરથ નિર્મળ ગંગ;
એ ચારે આરાધતાં, પાપ રહિત હુવે અંગ. ॥૪॥
સંન્યાસી રાજા ભણી, ધરમ કહ્યો ચિત્ત લાય;
પૂજાની વેળા થઈ, સભા વિસર્જે રાય. ॥૫॥

## ॥ ઢાળ સત્તાવનમી ॥

મનમધુકર મોહીરહ્યો.. એ દેશી.

સ્વામી સીમંધરા વિનતિ એ–દેશી.

દેવબોધ રાજા બંને, કરતાં વાત વિનોદ રે; દહેરાસરમાં આવીયા, ધરતા પરમ પ્રમોદ રે. દે૦ ॥૧॥ સ્નાન કરે નૃપ શુચી જળે, પૂજ્યા પહીલા ઇશ રે; પાસે પ્રતિમા છે જિન તણી, પૂજી નામીયું શીષ રે. દે૦ ॥૨॥ ખીજી રાજા ઉપરે, યોગી બોલ્યો તામ રે; ઇસર પાસે એ ઠવી, જિન પ્રતિમાંશુ શ્યો કામ રે.? દે૦ ॥૩॥ ચંપા વનમા આકડો, ગજ પાસે ખર જેમ રે; જિન પ્રતિમા શિવ પાખતી, શોભા ન પામે તેમ રે. દે૦ ॥૪॥ ગંગાજળ કુણ છોડીને, પીવે વીઠો નીર

રે; કોહી કુણ પીવે રાબડી, છાંડી અમૃત ખીર રે.? દે૦ ॥૫॥ આંબો છોડી આકનાં, કુણ મૂરખ ફળ ખાય રે; શીલવતી તજી કામિની, કુણ વેશ્યા ઘર જાય રે? દે૦ ॥૬॥ આદિ ધરમ શિવ તાહરો, શિવ શંકર તુજ દેવ રે; તેહ છાંડી માંડી વળી, જિન પ્રતિમાની સેવ રે. દે૦ ॥૭॥ જિન પ્રતિમા જિન ધર્મને, દૂરે તજો મહારાજ રે; શૈવ ધર્મ[1] હર જાહ્નવી, એ ભવજળનિધી પાજરે. દે૦ ॥૮॥ ઘણું કહ્યું પણ રાજવી, કહ્યું ન [2]કરે તાસ રે; હરી હર બ્રહ્મા આવીને, બોલ્યા રાજા પાસરે. દે૦ ॥૯॥ સાંભળ કુમર નરિંદ તું, પૂરવ ધરમ ન છંડે રે; હરિ હર બ્રહ્મા દેવ એ, એહશું માયા મંડે રે. દે૦ ॥૧૦॥ પ્રતિબોધે એમ દેવતા, સાતે [3]પરિયા આઇ રે; રાજા આગળ એમ કહે, એહશું આવ્યા દાઇ રે. દે૦ ॥૧૧॥ જૈન ધર્મ એ આદર્યો, અમ થયો દૂર્ગતિ પાત રે; તે માટે એ મુકી દીઓ જો અમ ચાહે શાત રે. દે૦ ॥૧૨॥ ઈશ્યું કહીને રોવતાં, કરતા રીવ વિલાપ રે; હા હા અમે દુઃખીયા થયા, પામ્યા તુજથી સંતાપ રે. દે૦ ॥૧૩॥ મુકી દે ધરમ કહી ઉત્પત્યા, દેવ સંઘાતે સાત રે; રાજા મન વિભ્રમ થયો, મન સમાયે નહી વાત રે. દે૦ ॥૧૪॥ તેડયો ઉદયન મંત્રવી, કથા સુણાવી તાસ રે; ચિંતા ન કરો ચિત્તમાં, હેમસૂરિ છે પાસ રે. દે૦ ॥૧૫॥ ઉદયને જઈ જણાવીયો, શ્રીગુરૂને અવદાત રે; ઈંહા રાય તેડી લાવજો, જબ થાયે પરભાત રે. દે૦ ॥૧૬॥ પ્રાત થયો રવિ ઉગીયો, આવ્યા સદગુરૂ પાસ રે; સાત બાજોઠ

૧ એ જાણવો * ૨ માને * ૩ પ્રિયા *

ઠવી કરી, બેઠા હેમ [૧]મુનીશ રે. દે૦ ॥૧૭॥ રીજવવા ચિત્ત રાયનું, કીધું આસન દૂર રે; અંતરીક્ષ શ્રી ગુરૂ રહ્યા, બેઠા આસન પૂર રે. દે૦ ॥૧૮॥ મધુર સ્વરે દીયે દેશના, ભાખે ધર્મ રસાળ રે; થઈ જિનહર્ષ પ્રમોદશું, સત્તાવનમી ઢાળ રે. દે૦ ॥૧૯॥

॥ દુહા ॥

દયા કરો પરજીવની, દયા ધરમનું મૂળ;
દાન દયા ઈંદ્રિય દમન, એ શિવ સુખ અનુકુળ. ॥૧॥
જેણે [૨]શીઘ્ર પદવી લહી, કરે ઈંદ્ર પાય સેવ;
દૂષણ અઢારે નહીં, કર્મ રહિત તે દેવ. ॥૨॥
શુદ્ધ મારગ જે ઉપદીસે, જેણે તજ્યા કષાય;
લે ભિક્ષા જે સુઝતી, સુગુરૂ તે કહેવાય. ॥૩॥
આદરથી તે આદરો, કુગુરૂ કુદેવ કુધર્મ;
એહની સંગત પરીહરો, જેમ ભાંજે ભવ ભર્મ. ॥૪॥
સદ્દહણા ધરીયે ખરી, જીવાદિક લહી ભાવ;
એ સમકિત શુદ્ધ રાખીયે, ભવ સાયરની નાવ. ॥૫॥

## ॥ ઢાળ અઠાવનમી ॥

દેશ મનોહર માળવો–એ દેશી.

ખોટો તે ધર્મ ન કીજીયે, થાયે ભવ હાણો રે; [૩]વિના દ્રવ્ય જેમ ઝળહળે, ન ચાલે ખોટો નાણો રે. ॥૧॥ સુણ સુણ કુમર નરેશ્વરૂ, ભાખે હેમસૂરીશો રે; દુર્ગતિ પડતા જીવને, ધારે ધર્મ જગીશો રે. સુ૦ ॥૨॥ જ્ઞાન નયણ કરી જોઇએ, તજીએ કદાગ્રહ દંભો રે; દેવ ગુરૂ ધર્મ તે ખરા, જિહાં નહીં કોઇ આરંભો રે.

૧ ઉલ્લાસે રે * ૨ શિવ * ૩ તત્ત્વ વિના જિમ ઝલહલે *

સુ૦ ॥૩॥ આરંભ ધર્મ સમાચારે, ગુરૂ પણ આરંભ-ધારો રે; દેવ કષાય વિષય ભર્યા, કેમ તે તારે સંસાર રે.? સુ૦ ॥૪॥ કવિત ॥ દીઠા દેવ અનેક, સોય પણ લંપટ લોભી; હાથે લીયે હથીયાર, દૈત્યને હણે સથોભી; રગત માંસ આહાર, ભોગ ભેંસાનો માંગે, દેખીને કુવે પડે, પુરૂષ જે પાયે લાગે. ॥ તત્ત્વ વાત બૂઝે નહીં, દેવ દેવ સહુકો કહે; શ્રી હેમ કહે મૂરખ ઘણા, દેવ ન સાચો કો લહે. ॥૧॥ આક ધતૂરા ફુલ, પૂજ પાતરી ચડાવે, રૂંડમાળ ગળ માંહા, ઈશ તવ ખુશીયો થાવે. રિદ્ધિ જિંહા તિંહા રાખ, બેલ એક ખાંડો બાંડો; ઘર ઘર માંગે ભીખ, કહું દેવ કે ગાંડો ?; વાહ વાહ સહુ કો કહે. ભલો તે સાચે સહી; શ્રી હેમ કહે નહી દેવ ગુણ, દેવ સગતી કિણી પરે લહી ?. ॥૨॥ વાઘ ચરમ પાથરે, હાથ ડમરૂ વજાવે; આગે રૂપ અપાર, ઔર વિભૂતિ લગાવે. પૂરે શીંગી નાદ, શીષ બહુ જટા ધરાવે; માથે રાખે ગંગ, ધ્યાન ચિત્તશું ન લાવે. વળી નામ ધરાવે ઇશ્વર, કરણી તો એહવી કરે; શ્રી હેમ કહે એ દેવને, પૂજે તે કહો કેમ તરે ?. ॥૩॥ ઢાળ પૂર્વની ॥ તારે નહી નિજ આતમા, પરને તે કેમ તારે રે?; લોહ શીલા સરખા કહ્યા, કુગુરૂ કુદેવ વિચારો રે. સુ૦ ॥૫॥ શુદ્ધ દેવ ગુરૂ ધર્મ વિના, કોઈ ન પામે પારો રે; પણ મૂરખ દ્રઢ રાગીયા, સમજે નહીય લગારો રે. સુ૦ ॥૬॥ હેમ વચન નૃપ સાંભળ્યા, રંજ્યો ચિત્ત મઝારો રે; ગુરૂ ઉપદેશ પુરો કરી, તેડયો રાય તે વારો રે. સુ૦ ॥૭॥ બેઠા ધ્યાન મુનીશ્વરૂં, દેખે

જિન ચોવીશોરે; કંચન વરણ નરેસરૂ, વળી નિજ કુળ એકવીશો રે. સુ૦ ॥૮॥ આવ્યા જિનવર પૂજવા, ધરતાં મન આણંદો રે; કેસર ચંદન લેઈ કરી, ભગતે અરચે જિણંદો રે. સુ૦ ॥૯॥ શ્રી જિનનાથ નમી કરી, દિયે એહવી આશીષો રે; જીવે તું કુમર નરેશ્વરૂ, કોડાકોડી વરીસો રે. સુ૦ ॥૧૦॥ તે જિન ધર્મ સમાચર્યો, તાસ પસાએ ગહગહતા રે; નરક થકી અમે નીકળ્યા, સુર ભુવને અમે પહુતારે. સુ૦ ॥૧૧॥ ધરમ ખરો હવે તેં લહ્યો, ન પડીશ બીજી ભામે રે; શ્રી જિન ભાષિત ધર્મથી, તુજ પૂર્વજ સુખ પામે રે. સુ૦ ॥૧૨॥ ચોવીશ જિનવર મૂરતિ, મુખે બોલે તેણી વારે રે; ધર્મ ન મેલીશ નર પતિ, એ શિવ સુખનો દાતાર રે. સુ૦ ॥૧૩॥ ધરમ ધરમ સહુ કો કહે, ધર્મનો જાણે ન મર્મ રે; એક ધરમથી સુખ વધે, એક ધરમથી કર્મ રે. સુ૦ ॥૧૪॥ જિનવર ધર્મને જે તજે, તે દુઃખ પામે પ્રાણી રે; નરક નિગોદ ભમે ઘણું, રાય સુણી એહવી વાણી રે. સુ૦ ॥૧૫॥ ધર્મ વિષય દૃઢ ચિત્ત થયો, ધર્મ લહે સુવિશેષ રે. એમ કહી મૂર્ત્તિ ઉતપત્તી, પૂર્વજ પણ નવિ દેખે રે. સુ૦ ॥૧૬॥ હેમસૂરીશ્વર પય નમી, રાજા બે કર જોડી રે; આજ પછી મેં શિવ તણી, કુમતિ કદાગ્રહ છોડી રે. સુ૦ ॥૧૭॥ ધર્મ વાસિત નૃપ ચિત્ત થયો, પામ્યો સુમતિ રસાળ રે; કહે જિનહર્ષ પૂરી થઇ, અઠાવનમી ઢાળ રે. સુ૦ ॥૧૮॥

॥ દુહા ॥

કીતુહીક દિવસે દેશના, દેતાં ચાલ્યો વિચાર;
શ્રાવક કહીયે તેહને, જે ધારે વ્રત બાર. ॥૧॥

વ્રત પાખે નર તેહને, લાગે અવિરત બાર;
તે માટે વ્રત આદરો, જેમ પામો ભવપાર. ॥૨॥
શ્રાવકનાં વ્રત સોહિલાં, પાળે ધરીય વિવેક;
તે પ્રાણી નિશ્ચય કરી, સુર સુખ લહે અનેક. ॥૩॥

## ॥ ઢાળ ઓગણસાઠમી ॥

ભરતનૃપ ભાવશું એ-એ દેશી.

હેમસૂરીશ્વર એમ કહે એ, સાંભળો કુમર નરિંદ; વ્રત વિના પશુ સારીખો એ, વ્રત વિના મુરખ મંદ, પાળો વ્રત ઉજળા એ, પામો અધિક આનંદ. પા૦ ॥૧॥ રાય કહે કર જોડીને એ, કેહવા તે વ્રત બાર; કેમ પાળીયે તેહના એ, દાખવો સયલ વિચાર. પા૦ ॥૨॥ પ્રથમ સુવ્રત પાળીયે, ત્રસ જીવની ઘાત; આરંભે જયણા કહીએ, શ્રી જિનવરની એ વાત. પા૦ ॥૩॥ કૃમિ વાળાદિક કીડલા એ, દેહનાં જીવ અનેક; કરૂણા કરીને કાઢતા એ, દોષ નહિં ધરીય વિવેક. પા૦ ॥૪॥ જીવ દયા થકી હાથીયો એ, મરી થયો મેઘકુમાર; અકાઈ (રાઠોડ) જીવ મારતો એ, સાતમી ગયો વિચાર. પા૦ ॥૫॥ વ્રત હવે બીજું સાંભળો એ, પંચ અલીક પરિહાર; જયણા રાખે અવરની એ, બોલીએ બોલ વિચાર. પા૦ ॥૬॥ નારદ મુક્તિ ગયો સાચથી એ, પર્વત નૃપ વસુ જાણ; દુઃખ પામીયા નરકનાં એ, સાખ ભરી ખોટી તાણ. પા૦ ॥૭॥ ત્રીજું વ્રત હવે સાંભળો એ, લીજે નહીં પરધન; જેમ

લોહખુર ચોરટો એ, જીવથી થયો વિપન્ન. પા૦ ॥૮॥ ચોથું વ્રત શુદ્ધ પાળીએ એ, પરિહરીયે પરદાર; સંતોષ નિજ નારીનો એ, જસ થાયે ત્રિજગ અપાર. પા૦ ॥૯॥ સીલથી લીલ લહીણેયે એ; થાયે સુરનર અનુ-કુળ; રાણી તજી જેમ રાયની એ, પાળ્યું શીલ વંકચૂલ. પા૦ ॥૧૦॥ શેઠ સુદર્શન પાળીયું એ, શૂળી સિંહસન થાય; કલંક શીર ઉતારીયું એ, મહિમા કર્યો સુરી આય. પા૦ ॥૧૧॥ વિષયથી રાવણે ખોઇયાએ, પ્રબળ બળવંત ભુજ વીશ; દસ શીષ છેદાવીયા એ, હુતો જે લંકનો ઇશ. પા૦ ॥૧૨॥ પાંચમું વ્રત પરિગ્રહ તણુંએ, કીજીયે તાસ પ્રમાણ; અતિ લોભથી દુઃખ હુવે એ, જાયે લોભથી પ્રાણ. પા૦ ॥૧૩॥ મમ્મણ નંદ સાગર તણાએ, સાંભળી એહ દ્રષ્ટાંત; લોભથી મનડું વાળીયે એ, પામીયે સુખ અનંત. પા૦ ॥૧૪॥ વ્રત છઠું તમે સાંભળો એ, કીજીયે દિસી પરિમાણ; કાકજંઘ નૃપ પાળીયો એ, ભાંગી નહી જિન આણ. પા૦ ॥૧૫॥ સાતમું વ્રત ધરો નિર્મળું એ, ભોગોપભોગ પરિમાણ; અનર્થદંડને ટાળીયે એ, બોલીયે કઠીન નહી વાણ. પા૦ ॥૧૬॥ મહસેન સુરસેનના સુણો એ, રસણ વયણ અવયોગ; કઠિન વયણ મુખ બોલતા એ, મહસેન જીભ થયો રોગ. પા૦ ॥૧૭॥ સુરસેન મધુર મુખ ઉચ્ચરે એ, રંજિત થાય સહુ લોક; તે ગુણથી તે પામીયો એ, મનુષ્ય તણાં શુભ ભોગ. પા૦ ॥૧૮॥ આઠમું વ્રત એમ પાળીયે એ, પામીયે સુખ સુવિશાળ; જિનહર્ષ પૂરી કરીએ, ઓગણસાઠમી ઢાળ. પા૦ ॥૧૯॥

॥ દુહા ॥

નવમું વ્રત ચિત્તમાં ધરો, સામાયિક વ્રત સાર;
ચંદ્રાવતંસક નૃપ પરે, સુર સુખ લહે અપાર. ॥૧॥
દેસાવકાસિક વ્રત ભલું, દસમું પાળો એહ;
ચૌદ નિયમ નિત્ય સાચવો, હૃદય વિવેક ધરેહ. ॥૨॥
સુમિત્રને એ વ્રત ફળ્યો, રહ્યો જીવતો તાસ;
ઠામે પ્રતિહારી મુઓ, વ્રત પચખાણ ન જાસ. ॥૩॥
પૌષધવ્રત અગ્યારમું, પાળ્યું સાગરચંદ;
શીષ અગ્નિ વેદન સહી, શ્રી નભ સેન મુણિંદ. ॥૪॥
વીર શ્રાવક ચુલણી પ્રિયા, પોસહધર સુવિચાર;
મિથ્યાત્વી સુરની કરી, વેદન સહી અપાર. ॥૫॥
સાચવીયે વ્રત બારમું, અતિથિ સંવિભાગ ઉદાર;
સાધુ પડિલાભ્યા પછી, પોતે કરે આહાર. ॥૬॥
ધન શેઠે શિવપદ લહ્યું, વળી સંગમ ગોવાળ;
મુનિવર દાન થકી થયો, શાલીભદ્ર સુકુમાળ. ॥૭॥
વીર જીવ નયસાર ભવે, દીધું ઉત્તમ દાન;
તો ભવ સત્તાવીસમે, થયા વીર ભગવાન. ॥૮॥
ભાવે ઘૃત વહોરાવીયું, અંગ ધરી આણંદ;
જીવ તેહ ધનસારનો, થયો પ્રથમ જિન ચંદ. ॥૯॥

## ॥ ઢાળ સાઠમી ॥

ઉત્સર્પિણી અવસરપિણી આરે–એ દેશી.

ઇમ જાણી સંચય નવિ કરીયે, લક્ષ્મી નિજ વાપરીયેજી; હિતશું દીજે જે નિજ હાથે, તેહીજ આવે સાથેજી. ॥૧॥ દીધા વિણ નવિ પામે કોઇ, દીધાનાં ફળ જોઇજી; એક પાલખીયે બેઠા જાઈ, એક ઉધાડે ધાઈજી. ॥૨॥ એક ચડે ઘોડે રાયજાદા, એક પુલે

થઇ પ્યાદાજી; એક ¹તણે ઘર મંદિર તાજા, એક છાપર નહી સાજાજી. ॥૩॥ એકને પોઢણ પલંગ સજાઇ, સીર પછોડી તળાઇજી; એકને તૂટી ખાટ મળે નહીં, ગોદ્ગી ફાટી સજાઇજી. ॥૪॥ એકને પહેરણ વારૂ વાઘા, એક ફરે નર નાગાજી; એક નારી સોવન શણગારી, એકને ચીડ નહીં સારીજી. ॥૫॥ ²લાખ ટળી નર એકણ કોડી, એક દુઃખે દિન ગેડેજી; એક રાજા એક રંક કહાવે, દીધા વિણ કેમ પાવેજી? ॥૬॥ તે કારણ લખમી ખરચીએ, દાન સુપાત્રે દીજેજી; કૃપણ થઈ જો બેસી રહે તો, આગળ શું ખાઇજે? ॥૭॥ કરપી ખાવે નહી ધન સંચે, ધન કારણ પર વંચેજી; યાચક આવે મુહ કરી કાળો, જાણે ઘસ્યો લીહાળોજી. ॥૮॥ કરપી દાન દીયે નહી કેહને, ભલો કહે કોણ તેહનેજી; કીડી સંચે તેતર ખાવે, એમ કરપણ ધન જાવેજી. ॥૯॥ સાહમી સાધુને ઘર ન દીખાવે, દેવળ પણ ન કરાવેજી; સત્રુકાર ન સંઘ ચલાવે, કોઇને કામ ન આવેજી. ॥૧૦॥ યતઃ॥ રન્નતલાઇ વેડી વડ, કાયર હત્થ ખડગ્ગ; ગહિલી જોબન કૃપણધન, કારણ કિણહી ન લગ્ગ. ॥૧॥ હેમ કહે રાજા સુણ વાણી, દીજે ઉલટ આણીજી; એ માયા જેણે ખાઇ ન જાણી, તે ભવ ભુડ્યા પ્રાણીજી. ॥૧૧॥ લક્ષ્મીનું ફળ દાન કહાવે, દાન સુજસ બોલાવેજી; દાને દેવતણાં મન રંજે, દાને ³અરિયણ ગંજેજી. ॥૧૨॥ દાન થકી સન્માન લહીજે, દાતા બિરૂદ વહીજેજી; દાને આદર આપે રાજા, દાને વાગે વાજાજી. ॥૧૩॥ દાને નિતપ્રતે હાલકલોલા,

---

૧ સાત ભૂમિ ઘર મંદિર તાજા* ૨ લાખ વહે નર એકનિ કોડે* ૩ અરિદલ*

વિંટયા રહે નર હોલાજી; દાન સહુને લાગે મીઠો, પ્રત્યક્ષ નયણે દીઠોજી. ॥૧૪॥ દાને ભૂત ભયંકર નાસે, દાને દુરિત વિણાસેજી; દાને ગ્રહ પણ ન કરે પીડા, દાને વાધે ક્રીડાજી. ॥૧૫॥ પોતે ન દીયે દાન કેવારે, પરને દેતાં વારેજી; તે પડશે ઘણ ઘોર અંધારે, ઉપરે દેવ પ્રચારેજી. ॥૧૬॥ અભય સુપાત્ર [1]સુગતિ સુખ સંપત, ઉચિત કીર્તિ અનુકંપાજી; ભોગવીયે સુખ એ સંસારે, દાન દીયે વિત્ત સારેજી. ॥૧૭॥ અનંત જિનેશ્વર થયા વળી થાશે, તે સહુ દાન પ્રકાસેજી; પહેલું દાન તીર્થંકર આપે, દાલિદ્ર સહુનાં કાપેજી. ॥૧૮॥ એમ જાણીને દાન સમર્પો, મહિયલ કીર્તિ થાપોજી; સાઠમી સુલલિત ઢાળ સુહાણી, ઇમ જિન-હર્ષે વખાણીજી. ॥૧૯॥

॥ દુહા ॥

દાન દઈ બહુ માનશું, છેલ્લું વ્રત અજુઆળ;
તુજ આગળ એ મેં કહ્યો, નિર્મળ ચિત્તે પાળ. ॥૧॥
ગુરૂ વયણે નૃપ હરખીયો, અંગે ધર્યા વ્રત બાર;
આરાધે સમકિત સહિત, ચૂકે નહીં લગાર. ॥૨॥
હેમસૂરીસરને મુખે, રાયે કિયો પચખાણ;
ટીપ પ્રમાણે જે લખ્યો માહરે તેહ પ્રમાણ. ॥૩॥
દેવ ધર્મ ગુરૂ તત્ત્વ એ, માનું અવર ન ભર્મ;
અરિહંત દેવ સુસાધુ ગુરૂ, કેવળી ભાષિત ધર્મ. ॥૪॥
ચાર નિક્ષેપા જિન તણાં, આરાધું મન શુદ્ધ;
નામ ભાવ [2]જેમ દ્રવ્ય જિન, ઠવણા જિન અવિરૂદ્ધ. ॥૫॥

૧ મુગતિ સુખ પામ્યા * ૨ જિન *

આજ પછી માનું નહીં, કુગુરૂ કુદેવ કુધર્મ;
ધર્મ હેતુ એ પરીહરૂં, માનું કારણ કર્મ. ॥૬॥

## ॥ ઢાળ એકસઠમી ॥

બે બે મુનિવર વિહરણ પાંગર્યા રે–એ દેશી.

રાય ફરી ગુરૂ મુખે વ્રત ઉચરે રે, પરિહરે ચાર પ્રકાર મિથ્યાત્વ રે; લૌકિક લોકોત્તર ગુરૂ દેવતા રે, પર ઈહિ લોક ન માનું વાતરે. રાય૦ ॥૧॥ પેલું વ્રત તે પ્રાણાતિપાતનું રે, ન કરૂં ત્રસ પ્રાણી સંહાર રે; જયણા પર ઉપકાર આરંભની રે, એહનાં પાંચ તજુ અતિચાર રે. રા૦ ॥૨॥ રીસે મારૂં ગાઢી બાંધું બંધણે રે, પુંઠે ભરૂં બહુ ભાર રે; છવિછેદ રાખું ભુખ્યો તૃષો રે, દુઃખ પામે તે જીવ અપાર રે. રા૦ ॥૩॥ પહેલા વ્રત ઉપર સુણજો કથા રે, અમરપુરી સુગ્રીવ નરિંદ રે; વિમળારાણી કુંખે ઉપન્યો રે, અમરસિંહ જાણે કુળ ચંદ રે. રા૦ ॥૪॥ એક દિન કુમર રયવાડી સંચર્યો રે, બ્રાહ્મણ હાથે દીઠો છાગરે; કુમરે પુછયું તે બ્રાહ્મણ ભણી રે, કેહી અરથે એ મહાભાગ રે. રા૦ ॥૫॥ તવ બોલ્યો બ્રાહ્મણ સુણ રાજવી રે, મેં આરંભ્યો છે એક યાગ રે; હોમીશ એ પુન્ય હોશે ઘણું રે, અમરપુરે પહોંચશે છાગરે. રા૦ ॥૬॥ કુમર કહે સુણ બ્રાહ્મણ વાતડી રે, જીવ હણે કેમ થાયે પુન્ય રે;? લોહીથી ખરડયું લોહીયે ધુવે રે, નિર્મળ ન હુવે હૈયાશૂન્ય રે. રા૦ ॥૭॥ પાપ કરીને કહો કેણી પરે તરે રે, જીવ હણીને જાણે ધર્મ રે; હૈ હૈ એ દેખો મુરખ માનવી રે, ભ્રમ ભૂલ્યા કરે કુકર્મ રે. રાય૦ ॥૮॥

જીવ હાણીને જો સુખયા હુવે રે, તો દુઃખીયા નવિ થાયે કોય રે; એમ ઉપદેશ અમરકુમરે દીયો રે, તેટલે એક મુનિ પરગટ હોય રે. રા૦ ॥૯॥ બ્રાહ્મણ સાંભળતાં કુમરે પુછીયું રે, કહો રૂષિ જીવ હણ્યા સુખ હોય રે; સાધુ કહે વિષ ભક્ષણ જો કરે રે, મરણ લહે કે જીવે સોય રે.? રા૦ ॥૧૦॥ [1]પાવક માંહે પેઠો નવિ બળે રે, ન જળે પાવક કેરે કુંડ રે; ઝીલી નીલ ગળીનાં કુંડમાં રે, જો નવી થાયે કાળો ભુંડરે. રા૦ ॥૧૧॥ તો હિંસાથી પાપ હુવે નહીં રે, ન હણીશ બ્રાહ્મણ ન કરીશ પાપ રે; એણે પહેલાં યાગ કર્યા ઘણાં રે, એ તુજ પુરવ ભવનો બાપ રે. રા૦ ॥૧૨॥ સાંભળ તુજ આગળ હું કહું રે, કુંડ ખણાવ્યો તાહરે તાતરે; રોપ્યા વૃક્ષ ઘણા તે પાખતી રે, હોમે છાગ તણાં તિંહા વ્રત રે. રા૦ ॥૧૩॥ તે પાપે એ છાગ થયો ઇહાં રે, તેં જાલી આણ્યો પશુ એહ રે; કથા સુણી પામ્યો બોકડો રે, જાતિ સ્મરણ જ્ઞાન સદેહ રે. રા૦ ॥૧૪॥ વાત ન માને તું જો માહરી રે, તો તુજને દાખું અહિનાણરે; તુજ ઘર દાટયું ધન તાહરે પીતા રે, જા દેખાડે છાગ સુજાણ રે. રા૦ ॥૧૫॥ બ્રાહ્મણ લોભી અજ ઘરે લેઈ ગયો રે, ધન દેખાડયું માની વાત રે; બ્રાહ્મણના મનનો સાંસો ટાળીયો રે, એ સહી મારો પૂર્વજ તાત રે. રા૦ ॥૧૬॥ દીક્ષા લેઈ દ્વિજ મુગતે ગયોરે, અણસણ કરી અજ હુવો દેવ રે; એક-

૧ કાદવ માંહે પેઠો નવિ નીકલે રે *

સઠમી ઢાળ એમ પુરી થઈ રે, એ જિનહર્ષ કહી સંખેવરે. રા૦ ॥૧૭॥

॥ દુહા ॥

અમરસિંહ ઉપગાર કરી, પરિગલ પુણ્ય ઉપાય;
તિંહાથી પરદેશે ચલ્યો, સિધ્ધનાથ મળ્યો આય. ॥૧॥

કુમર તણો કર ઝાલીયો, મારેવા તરવાર;
જોગીએ કાઢી તિંહા, કીધી અજ સુર સાર. ॥૨॥

યોગીને સમજાવીયો, કુમર ઉગાર્યો તેણ;
અનુક્રમે પામ્યો રાજ પણ, જીવદયા પુણ્ય એહ. ॥૩॥

દયા સરીખો ધર્મ નહીં, હિંસા સમું નહીં પાપ;
તેહથી નવિ ઉપજાવીયે, પર પ્રાણીને સંતાપ. ॥૪॥

કુમારપાળ રાજા થયો, દયા તણો પ્રતિપાળ;
પડહ ફરે [1]નિત્ય દેશમાં, પાળો દયા દયાળ. ॥૫॥

એક સહસ ગજ એકસો, (૧૧૦૦) હયવર લાખ અગ્યાર;
એંસી સહસ ગૌ ભેંસ સબ, ગળ્યાં પીયે તે [2]વાર. ॥૬॥

## ॥ ઢાળ બાસઠમી ॥

માહરા મનના રે વરતીયા. આઈજે જોબન પામણા—એ દેશી.

વરતાવી નૃપ એણી પરે દયા, મારે નહીં કોઈ જીવરે; ઇણ અવસર દેશ મેવાડમાં, એક નગર અછે સુખ દીવ રે. વ૦ ॥૧॥ તે નગરે એક વ્યવહારીયો નિજ નારી જોવે શીષરે; જૂ મારી નારી તે કાઢીને, સાંભળ્યું તે પાટણ ઈશરે. વ૦ ॥૨॥ કોપે રાજા ધડ-હડયો, જાણે ઘી પડયું અગ્નિ મોઝાર રે; જૂ મારે

૧ નિજ * ૨ નીર *

કોણ પાપી ઇશ્યો, બાંધી લાવો ઇણીવાર રે. વ૦ ॥૩॥ રાય મોકલીયા નિજ આદમી, બાંધીને લાવ્યા તાસરે; તેહને ધિગ ધિગ રાયે કહ્યો, ઉપજાવી આધકો ત્રાસ રે. વ૦ ॥૪॥ તું પહાણીયો કે વાણીયો, ભિંજ્યો ન દયા જળ માંહી રે; તે મૂરખ બોલ્યો ઇણી પરે, સાંભળ તું શ્રી મહારાય રે. વ૦ ॥૫॥ કરડી ખાય તેહને હણું, ફોગટ રાય ન કરો રીસ રે; કહે રાય તો હું તુજને હણું, મુજ આણ ન ધારી શીષ રે. વ૦ ॥૬॥ તો દોષ નહીં તને મારતાં, તેડાવ્યા તરત તલારરે; એ વણિકને વહેલા હણો, માર્યા વિણ ન લહે સાર રે. વ૦ ॥૭॥ લઈ ચાલ્યા શેઠને મારવા, કહે મંત્રી નૃપને તામ રે; કીડી કુંથવાને નવી હણો, કેમ માણસ મારો આમ રે?. વ૦ ॥૮॥ ભુંઇ પડયું ધન જે નવિ લીએ, પર ચોરી ન કરે તેમ રે; નવયૌવન પરણી પરિહરે, પર રમણી ફરસે કેમ રે?. વ૦ ॥૯॥ એકેંદ્રિય દૂહવે નહીં, પંચેંદ્રિય મારે ઘાય રે; એ વાત વિચારણ સારખી, ઉગારો એ મહારાય રે. વ૦ ॥૧૦॥ જીવતો મુકયો તે વાણીયો, જિનભવન કરાવ્યું સારરે; દમડાં લાગ્યા તિંહા શેઠના, નામ દીધું યૂકાવિહાર રે. વ૦ ॥૧૧॥ કોઇ પાપ કરે નહીં બિહતો, રાજાની આણ પ્રચંડ રે; નવરાત્રી પાતક દિન આવીયા, થયા જીવતણાં ખંડાખંડ રે. વ૦ ॥૧૨॥ દેવી પુજારા આવીયા, કર જોડી કહે સુણ રાય રે; ભોગ માંગે દેવી કંટેસરી, ભેંસા [૧]બકરા દેવરાયરે. વ૦ ॥૧૩॥ સાતમે દિને જોઇએ સાતસે,

---

૧ બાકલાં *

આઠસે આઠમ દિવસ રે; નવસો નવમી દિન માંરવા, તુજ રાજ્ય અખંડ અધીશ રે. વ૦ ॥૧૪॥ રાયે મનમાંહી વિચારીયું, મુજ છાજે નહી એ પાપ રે; દેવીને બળી દઉં બોકડાં, ઉપજાવું કેમ સંતાપ રે. વ૦ ॥૧૫॥ પુજારાને નૃપ એમ કહે, મારૂં નહીં કીડી માત્ર રે; કેમ મારૂં ભેંસા બોકડાં, મને એહ ન કરજો વાત રે. વ૦ ॥૧૬॥ સમજાવો તમે દેવી ભણી, હું પામ્યો શ્રાવક ધર્મ રે; તુજ [1]દેવળ મુકું જીવતાં, પણ ન કરૂં એહ કુકર્મ રે. વ૦ ॥૧૭॥ તે માટે હું તો કરૂં નહીં, એ પાતક વિસવાવિસ રે; જિનહર્ષ બાસઠમી જાણજો, એ ઢાળ રસાળ જગીસ રે. વ૦ ॥૧૮॥

॥ દુહા ॥

મહિષ ન આપે નરપતિ, દેવી ખીજી તામ;
આવી અતિ ઉતાવળી, નૃપ સુતો જે ઠામ. ॥૧॥
દેવી આવી એમ કહે, સાંભળ વાત નરેશ;
મહિષ ન આપે મુજને, તે હું કેમ મુકીશ. ॥૨॥
આગળ બહુ રાજા થયા, કિણહી ન લોપી નીતિ;
તું તેહથી અધિકો થયો, ભાંગે પૂરવ રીત. ॥૩॥
વિનય કરી રાજા કહે, તું સહુની રખવાળ;
જીવ મરાવે એટલા, મોટો એ જંજાળ. ॥૪॥
ભોજન ભક્તિ કરૂં ઘણી, ખીર ખાંડ પકવાન;
લાડુ સેવ સુંહાલીયાં, રૂડાં રૂડે વાન. ॥૫॥
[2]કહે તામ કંટેસરી અમચું ભોજન માંસ;
સિંહ કરે સો લંઘણા, તોહી ન ખાવે ઘાસ. ॥૬॥

૧ દેવલમાં ધરૂં જીવતા * ૨ કહેતા એમ કંટેસરી *

રાયને કહે મુજ નીમ છે, હણવા પરનાં પ્રાણ;
નિયમ ન ભાંગુ માહરો, ન કરીશ ખેંચા તાણ. ॥૭॥

## ॥ ઢાળ ત્રેસઠમી ॥

શાંત સુધારસ કુંડમાં–એ દેશી.

કોપી દેવી રાયશું, પરિસહ પ્રતિકૂળ રે; કીધો તેહને આકરો, શીષે ધર્યો ત્રિશૂળ રે. કો૦ ॥૧॥ તતખીણ રાય કોઢી થયો, અંગે વેદના વાધી રે; રૂપ કુરૂપ કાયા થઈ, જાણે દવની દાધી રે. કો૦ ॥૨॥ વિરાધીં પરૂ લોહી વહે, રીસે અતિ વિકરાળ રે; દેખી કુરૂપ કાયા તણું, ઝાંખો થયો ભૂપાળ રે. કો૦ ॥૩॥ ચિંતા નહીં મુજ દેહની, જિન ધર્મ નિંદાશે રે; જિન શાસનનો લોકમાં, અપયશ બહુ થાશે રે. કો૦ ॥૪॥ મંત્રી ઉદયન તેડીયો, ભૂપ કહે સુણ ભાઇ રે; વેદના થઇ મુજ કોઢની, તેહની ચિંતા ન કાંઈ રે. કો૦ ॥૫॥ [1]ગીલા થાશે ધર્મની, લોકમાં અપવાદો રે; ધર્મ તજ્યો [2]મુજ કુળ તણો, પામ્યો એહ સવાદો રે. કો૦ ॥૬॥ ઉદયન ગુરૂ પાસે ગયો, કહ્યો સકલ વૃત્તાંત રે; હેમસૂરીશ્વર બોલીયા, ન કરો મન ચિંતો રે. કો૦ ॥૭॥ જળ મંત્રી [3]મુહુતા ભણી, આપ્યું મુખમાં મ્હેલો રે; અંગ સયલ વળી છાંટજો, થાશે રોગ ઉવેલો રે. કો૦ ॥૮॥ જળ લાવી નૃપ છાંટીયો, રોગ ગયો તતકાળ રે; કનક વરણ કાયા થઇ, મન હરખ્યો ભૂપાળ રે. કો૦ ॥૯॥ સૈન્ય લેઈ ગુરૂ વાંદવા, આવ્યો નૃપ સુવિચારીરે; વાંદી બેઠો એટલે, રોતી

૧ હેલના * ૨ નિજ* ૩ મંત્રી *

સુણી એક નારી રે. કો૦ ॥૧૦॥ કરૂણ સ્વરે એ કુણ રડે ?, પુછે કોમળ વાણીરે; એ તાહરી કુલ દેવતા, બાંધી મેં ઈંહિા આણી રે. કો૦ ॥૧૧॥ તુમને વેદના જેણે કરી, મુકીયો મસ્તક ઘાયો રે, પાપ તણાં ફળ ભોગવે, કીધાં જે નિજ કાયો રે. કો૦ ॥૧૨॥ નૃપ કહે શ્રીગુરૂ સાંભળો, એહ તો અબળા નારી રે; કીડી ઉપરે કટક શ્યો ?, આપ તો પરઉપગારી રે. કો૦ ॥૧૩॥ કરૂણ આણી એ મુકીયે, કહે નૃપ અવતંસ રે; હેમ કહે તો છોડું એહને, જો મેલે એ માંસો રે. કો૦ ॥૧૪॥ હઠ ન કરે તુજશું વળી, ફિરે દેશ અઢારો રે; કોઈ હણે છાનો જીવને, તેહની વાત કહે સારો રે. કો૦ ॥૧૫॥ કુમર નરેશ્વર ઉઠીયો, પહોંચ્યો દેવીની પાસો રે; ગુરૂ કહે તેમ જો તું કરે, છૂટે તો તુજ પાસો રે. કો૦ ॥૧૬॥ દેવી કહે નૃપ સાંભળો, હવે હું જીવન માગું રે; જીવ હણે તુજ દેશમાં, તેહને મરડી ભાંગુ રે. કો૦ ॥૧૭॥ દેવી પણ દયાવંત થઇ, ન કરે જીવ આહારો રે; હેમ સુગુરૂ સુપસાઉલે, વરત્યો જય જયકારો રે. કો૦ ॥૧૮॥ હેમ કુમરનૃપ સારીખા, નહી કોઇ દયાળો રે; ત્રેસઠમી પુરી થઇ, કહે જિનહર્ષ એ ઢાળો રે. કો૦ ॥૧૯॥

॥ દુહા ॥

ત્રણ લોક જો સોઝીયે, સ્વર્ગ મૃત્યુ પાતાળ;
હેમસૂરિ સરખા યતિ, દુલહા દુષમ કાળ. ॥૧॥
કલિકાળે એ બે હુવા, કુમારપાળ નૃપ હેમ;
એ શ્રાવક એ સુગુરૂ, અવિચળ જેહનો પ્રેમ. ॥૨॥

વનચર વસ્તીમાં ફરે, કોઈ ન કરે આળ;
[1]જેવો રાય પ્રજા તિસી, જીવ તણાં પ્રતિપાળ. ॥૩॥

હેમસૂરિને જીવ સહુ, દે એહવી આશીષ;
મરણ થકી ઉગારીયા, ચીરંજીવ નિશ દિશ ॥૪॥

જગ માંહી હુવા ઘણા, અભયદાન દાતાર;
પણ આ કુમાર નરેશ સમ, કોઈ નહીં સંસાર. ॥૫॥

## ॥ ઢાળ ચોસઠમી ॥

તપ સરીખો જગ કો નહિ...શ્રી યુગમંધરને કહેજો—એ દેશી.

દયા સુધરમ દીપાવીયો, જીવીત દાન દાતાર હો રાજન; ધર્મી લોક કર્યા સહુ, વાસી દેશ અઢાર હો રાજન. દ૦ ॥૧॥ ગુજ્જર સોરઠ માળવો, કર્ણાટક મરૂ દેશ હો રા૦; સિંધુ ભંભેર કોંકણ કરી, જાલંધર સુવિશેષ હો. રા૦ ॥૨॥ લાટ કચ્છ રાષ્ટર વળી, સવાલાખ પર્વત રાજહો રા.; દીપક નીર આભીરશું, વળી મેવાડ મુરાજ હો. રા૦ દ૦ ॥૩॥ એ સહુ દેશ પોતા તણાં, એ માંહે ન મરે જીવ હો રા.; સહુ નર-પતિ શીર સેહરો, ક્ષત્રીય વંશે દીવ હો. રા૦ દ૦ ॥૪॥ કાશીદેશ વાણારસી, દલપંગુલ જયચંદ હો રા.; કરી મિત્રાઈ ભેટણું, દેઈ કુમર નરિંદ હો. રા૦ દ૦ ॥૫॥ સ્વર્ગ નરક ચિત્ર પટ કરી, સમજાવ્યો જયચંદ હો રા.; દયા પળાવી તેહને, ધન ધન કુમ-રનરિંદ હો. રા. દ૦ ॥૬॥ એક દિન નૃપ પોસહ કર્યો, મંકોડો એક આઈ હો રા.; પાયે તે વળગી રહ્યો, ઉખેડયો નવિ જાય હો. રા૦ દ૦ ॥૭॥ કરૂણા નૃપ

૧ જિમ રાજા કરૂણા કરી *

આણુા કરી. ચિંતે મનમાં એમ હો રા.; રખે દુઃખ પામે પ્રાણીયો, કરૂણા ઉપર પ્રેમ હો. રા૦ દ૦ ॥૮॥ કાયા એહ અશાશ્વતી, પંથીનો વિશ્રામ હો રા.; આવે તો સુખીયારથી, મંકાડાને કામ હો. રા૦ દ૦ ॥૯॥ દયા વિચારી એહવી, શસ્ત્રે છેદ્યું માંસ હો રા.; લેઇ અળગો મુકીયો, તેણે ન છોડયો ડંસ હો. રા૦ દ૦ ॥૧૦॥ પહેલું વ્રત એમ પાળીયું, કુમારપાળ ભૂપાળ હો રા.; રાજવીયામાં એહવો, ન હુઓ કોઇ દયાળ હો. રા૦ દ૦ ॥૧૧॥ બીજું વ્રત હવે ઉચ્ચરે, મૃષા-તણો પરિહાર હો રા.; પાંચે કૂડ દૂરે તજું, પાપ તણો ભંડાર હો. રા૦ દ૦ ॥૧૨॥ કન્યાલિ ગૌ ભૂમિનો, સાખ કૂડીનો ભાખ હો રા.; થાપણ મોસો પાંચમો, ટાળું ગુરૂની સાખ હો. રા૦ દ૦ ॥૧૩॥ તજીયે રાજન વેગળા, તેના પાંચ અતિચાર હો રા.; કુડું આળ ન દીજીયે, પરના મર્મ [1]ન વિચાર હો. રા૦ દ૦ ॥૧૪॥ ત્રીજું વળી નવી કીજીયે, સ્વદારા મંત્ર ભેદ હો રા.; મૃષોપદેશ ન દીજીયે, કૂડા લેખો છેદ હો. રા૦ દ૦ ॥૧૫॥ [2]અતિચય પ્રપંચ ટાળવા, બીજું વ્રત રાજાન હો રા.; ત્રીજું વ્રત હિવ હું ધરૂં, થૂળ અદત્તાદાન હો. રા૦ દ૦ ॥૧૬॥ ખાતર પાડી નવિ લહું, ગાંઠ છોડી ન લહું ખાસ હો રા.; ભૂમિ નિધાન પડયું લહું, ધર્મ થાનક કરૂં તાસ હો. રા૦ દ૦ ॥૧૭॥ પાંચ અતિચાર સાંભળો, ચોરી વસ્તુનો ત્યાગ હો. રા.; ભેળસેળ નહિં વસ્તુમાં, ન દીયે ચોર સહાય હો. રા૦ દ૦ ॥૧૮॥ વિરૂદ્ધ ગમન પણ નવિ કરૂં, કૂડા

૧ નિવાર હો * ૨ અતિચાર એ ટાળવા *

તોલા ને માપ હો રા.; એહીજ પાંચે ટાળીયે, એહથી લાગે પાપ હો. રા૦ દ૦ ॥૧૯॥ એમ શુદ્ધ વ્રત નૃપ પાળતો, ન લીયે પરનું ધન્ન હો રા.; રાખ્યો કારણ ઉપને, થીર પોતાનું મન્ન હો. રા૦ દ૦ ॥૨૦॥ પુરૂષ રયણ એ મોટકો, કુમારપાળ ભૂપાળ હો રા.; કહે જિનહર્ષ વિચારીયે, ચોસઠમી એ ઢાળ હો. રા૦ દ૦ ॥૨૧॥

॥ દુહા ॥

ધન દેખી મન નવિ રહે, મોહનગારો ધન્ન;
જે ધન દેખી નવિ ચળે, તે જગમાં ધન ધન. ॥૧॥
જિણ દીઠે મન વિચલે, તરૂણી પસારે હત્થ;
બાળ વૃદ્ધ જુના પુરૂષ, મોહ્યો સહુ ગરત્થ. ॥૨॥
ઘર ફાડે ચોરી કરે, મારે ધનની આશ;
એકણ કોડી કારણે, વીસ કરે વિશ્વાસ. ॥૩॥
પાંચસે વાહન ધન ભર્યાં, મુકયાં કુમર નરેશ;
સાવધાન થઈ સાંભળો, તાસ કથા સુવિશેષ. ॥૪॥

## ॥ ઢાળ પાંસઠમી ॥

દેશ મનોહર માળવો—એ દેશી.

બારહ વ્રત ધારી વસે, પાટણમાં એક શેઠ; સુણજો. કુબેરદત્ત નામે ભલો, ધનવંત જેહને હેઠ. સુણજયો. બા૦ ॥૧॥ ચૌદ કોડી ધન લેઈ કરી, પાંચસે વાહણ માંહ સુ.; રત્નદ્વીપ ભણી ચાલીયો, ધરતો મન ઉત્સાહ. સુ. બા૦ ॥૨॥ સાયર વિચે એક

ડુંગરો, તે વિચ મારગ દીઠ સુ.; વાય કુવાય તેણે વશે, તે વિચે પોતે પઇઠ. સુ. આ૦ ॥૩॥ આગળ વાટ દીસે નહીં, માલિમ થયા સચિંત સુ.; ચલાવ્યા વ્હાણ નવિ ચલે, કીધ ઉપાય અનંત. સુ. આ૦ ॥૪॥ ઇણ અવસર એક હોડીમાં, આવ્યો બેસી પુરૂષ સુ.; કર્યો જુહાર તે શેઠને, વચણ પયંપે મુખ. સુ. આ૦ ॥૫॥ પંચશ્રૃંગ નામે દ્વીપએ, તિંહા સતસાગર રાય સુ.; તેણે સગર્ભા હરણુલી, મારી કીધ અન્યાય. સુ. આ૦ ॥૬॥ એહવું દેખી રાયને, દયા ઉપની તામ સુ.; રાજા મનમાં ચિંતવે, નરક તણું મુજ ઠામ. સુ. આ૦ ॥૭॥ એક જીવને કારણે, મારૂં જીવ અનેક સુ.; જીભ તણો હું સવાદીયો, મુજમાં નહીં વિવેક. સુ. આ૦ ॥૮॥ પરભવથી નૃપ બિહતો, આજ પછી મુજ નીમ સુ.; જીવ ન મારૂં જાણીને, જ્યાં જીવું ત્યાં સીમ. સુ. આ૦ ॥૯॥ વાહણ થંભ્યા તુમ તણાં, રાયે જાણ્યું તેહ સુ.; તુરત મોકલ્યો મુજ ભણી, ઇંહા હું આવ્યો હેવ. સુ. આ૦ ॥૧૦॥ વાહણ આવ્યા પાંચસે, તુમ પહેલાં ઇણ ઠામ સુ.; સહસ વાહણ ભેગા થયાં, ચાલી શકે નહી જામ. સુ. આ૦ ॥૧૧॥ તેહ પુરૂષ કહે સાંભળો, આ ડુંગરને શૃંગ સુ.; દેવ ભવન છે તેહમાં, જોડ નગારા ચંગ. સુ. આ૦ ॥૧૨॥ તિંહા વજાવે જઇ કરી, નિસુણી તાસ અવાજ સુ.; ઉડે ભારંડ પંખીયા, વાયે ચાલે જહાજ. સુ. આ૦ ॥૧૩॥ જે જાયે તે તિંહા રહે, એ મોટો સંતાપ સુ.; એહવો કુણ જાયે તિંહા, મરણ આગમી આપ. સુ. આ૦ ॥૧૪॥ મેં વ્રત બારે ઉચર્યા, ભાખે શેઠ વિશેષ સુ.;

કિણુહીને મુખ માહરે, ન દઉં એહ આદેશ. સુ. બા૦ ॥૧૫॥ શેઠ વારંતા ઉઠીયો, હું જાઈશ એ કામ સુ.; મુજથી એ સહુ ઉગરે, પહોંચ્યો મંદિર ઠામ. સુ. બા૦ ॥૧૬॥ જિન પ્રતિમા પ્રણમી કરી, ચારે શરણ કીધ સુ.; સાગારી અણસણ કરી, ઘાવ નગરે દીધ. સુ. બા૦ ॥૧૭॥ સારો પર્વત ગુંજીયો, પંખી પડયા ભંગાણ સુ.; પંખ વાયે વાહણ ચલ્યાં, જાણે દેવ વિમાન. સુ. ॥૧૮॥ ચલીયા તે પાટણ ભણી, આવ્યા ભરૂઅચ ઠાણ સુ.; છોડી નાલ ભરી કરી, લોક માંહે થઈ જાણ. સુ. બા૦ ॥૧૯॥ વ્યાપારી આવ્યા મળી, શેઠ ન દેખે તામ સુ.; મુનિમને પુછે સહુ, શેઠ કિંહા કિણ ઠામ. સુ. બા૦ ॥૨૦॥ પાછળ આગળ વચ્ચે કહે, આવે છે અમ શેઠ સુ૦; વાત મળે નહી કોઈની, ખોટી ન ચાલે [1]નેટ. સુ. બા૦ ॥૨૧॥ એમ ઉત્તર આપે સહુ, સહુ બોલે મુખ આળ સુ.; કહે જિન-હર્ષ પુરી થઇ, પાંસઠમી એ ઢાળ. સુ. બા૦ ॥૨૨॥

॥ દુહા ॥

વામદેવ મંત્રી કહે, સુણજો સાચી વાત;
વાત વિષમ છે શેઠની, કહેતાં હૈયું ભરાત. ॥૧॥
શેઠ અમંગળ વારતા, પહોંચી પાટણ માંહ;
ચિંતાતુર સહુકો થયા, મનમાં વાધ્યો દાહ. ॥૨॥
રાય પુરૂષ સહુ મળી કરી, વિનવીયો ભૂપાળ;
કુબેરદત્તનાં ધન તણી, સ્વામી કરો સંભાળ. ॥૩॥

૧ વેઠ *

મૂઓ તેહ અપુત્રીયો, સાંભળીયું છે આજ;
ધન આણીજે તેહનું, ઢીલ ન કીજે રાજ. ॥૪॥
એહ વચન રાજા સુણી, વચન પયંપે એમ;
એ ધન મુજ કલ્પે નહીં, માહરે એહનો નેમ. ॥૫॥
જે ધન ખાશે એહનું, થાશે જે સુત બાપ;
ધન લેઈ ઘર મનુષ્યને, કેમ ઉપજાવવું સંતાપ? ॥૬॥

## ॥ ઢાળ છાસઠમી ॥

વાલમ વેલેરા આવજો—એ દેશી.

દુર્જન નર બોલ્યા વળી, સાંભળો શ્રી મહારાય રે; વીસ કોડી સોવન તણી, લેતાં કિશો અન્યાય રે? દુ૦ ॥૧॥ જેહને પાછળ સુત નહી, તેહનું ધન લીયે રાય રે; આગળ જેસંગ નૃપ થયા, તે પણ લેતો આય રે. દુ૦ ॥૨॥ કુમારપાળ બોલ્યા હસી, મુરખ કાં મતિ નાઠી રે?; મુજને એણીપરે શીખવો, અધમ કરણી માઠી રે. દુ૦ ॥૩॥ બાપ થયો દેવાળીયો, તો શું સુત પણ થાય રે?; બાપ હત્યારો જે હુવે, સુત તેણે પંથે જાય રે? દુ૦ ॥૪॥ કાલ શૌકરીક પાતકી, તેહનો સુત થયો ધર્મી રે; લોહખુરો તસ્કર શિરે, રોહિણીયો થયો શરમી રે. દુ૦ ॥૫॥ તીર્થંકર સહુ પરણીયા, નેમે નારી છંડી રે; કીરતિ વાધી કે ઘટી, જુઓ હૈયું ઉઘાડી રે? દુ૦ ॥૬॥ આદરીયે કરણી ભલી, તજીયે માઠી દૂર રે; રાજા થઇ પરધન લીયે, નીતિ માર્ગ તે ચૂરે રે. દુ૦ ॥૭॥ પ્રાણ અભ્યંતર જે હણે, તેહને કહીયે પાપી રે; તેહથી ભારે જે હણે, બાહ્ય પ્રાણ સંતાપી રે. દુ૦ ॥૮॥ તે કારણ ધન નવિ

લહું, ત્રીજું વ્રત કેમ ખંડું રે?; જે વ્રત ગુરૂ મુખ આદર્યું, ધન કારણ કેમ છંડું રે? દૂ ॥૯॥ વળી બોલ્યા મંત્રી તિસે, સ્વામી ધન મ લેશો રે; પણ પાઉ-ધારો તસ ઘરે, દહેરાસર નિરખશો રે. દૂ૦ ॥૧૦॥ એહ વચને નૃપ હરખીયો, ચાલ્યો ધરિયો ઉમાહો રે; આવ્યો વ્યવહારી ઘરે, જિન વંદન ઉચ્છાહો રે. દૂ૦ ॥૧૧॥ ગુણશ્રી નૃપ દેખા કરી, [ઉઠી ચંચલચિત્તો રે; મા બીહીશ તાહરૂં, લેવા નાવ્યો વિત્તો રે. દૂ૦ ॥૧૨॥ ઇમ સાંભલી ગુણશ્રી ઠરી *] કાંઇક લ્યો પગ ભાડો રે; કામ નહી મુજ એહશું, દહેરાસર દેખાડો રે. દૂ૦ ॥૧૩॥ ગુણશ્રી આગળ થઈ કરી, દેરાસર દેખાડયો રે; દેખી હરખીત ચિંતવે, ઇંદ્ર ભુવન નિરધાર્યો રે. દૂ૦ ॥૧૪॥ રત્ન જડિત સોવન તણાં, સુંદર થંભ વિરાજે રે; મણિમય મૂરતિ જિન તણી, જ્યોતી ઝગમગ છાજે રે. દૂ૦ ॥૧૫॥ ચૈત્યવંદન વિધિશું કર્યો, ભાવે ભાવના સાર રે; ધન ખરચ્યું દહેરાસરે, ધન ધન એ વ્યવ-હારી રે. દૂ૦ ॥૧૬॥ આજ કૃતારથ હું થયો, કીધી જાત્રા પ્રમાણ રે; વસે ઇશા વ્યવહારીયા, ધન્ય નગર ગુણખાણ રે. દૂ૦ ॥૧૭॥ ટીપ લખી દીઠી નરપતિ, વાંચી તેહ કુમારે રે; પરિગ્રહનો પરમિત કર્યો, તેહનો લખ્યો વિચારો રે. દૂ૦ ॥૧૮॥ ષટ કોડી કનક નિધા-નમાં, રૂપૈયા આઠ કરોડો રે; જાત્ય રતન મણિ સુંદરૂ, સહસ પંચ દુજોડો રે. દૂ૦ ॥૧૯॥ દોય સહસ કુંભ ઘૃત તણાં, કુંભ ચોસઠ મણ માનો રે; એક ખાંડી સોલે કુંભે, દો સહસ ખાંડી ધાનો રે. દૂ૦ ॥૨૦॥ હસ્તી એક સહસ ભલાં, વાજી સહસ પચાસ રે; આઠ

ગોકુળ સુરભી તણાં, પંચસય ઘર સુપ્રકાસ રે. દૂ૦ ॥૨૧॥ પંચસય હળ મોકળાં, વળી પંચસય મુજ હાટો રે; મોટા વહાણ વળી પાંચસે, જેહ વહે જળ-વાટ રે. દૂ૦ ॥૨૨॥ સકટ પંચસય નિત વહે, એ ધન મુજ પરિમાણો રે; ઢાળ છાસઠમી એ થઈ, કહે જિનહર્ષ સુજાણો રે. દૂ૦ ॥૨૩॥ સર્વગાથા ૧૪૧૯

॥ દુહા ॥

વાંચી ટીપ ઉઠયા જિસે, ગુણશ્રી રોતી દીઠ;
પુત્ર વિરહ દુઃખ ઉલટયા, હૈયા માંહે અંગિઠ. ॥૧॥
શે કારણ તું દુઃખ ધરે, રાય કહે સુણ માય ?;
સ્વામિ ! સુત ગતિ એ થઈ, તે દુઃખ ખમ્યું ન જોય. ॥૨॥
અન્ન પાન મુજ નવિ રૂચે, હવે કરશું આપઘાત;
જગમાં કો ન સહી શકે, મોટાં દુઃખ એ સાત. ॥૩॥
ઉપજતાં ચાલ્યો પિતા, જણતા મુઇ માત;
ત્રીજું દુઃખ નિર્ધનપણું, ચોથો પરવશ થાત. ॥૪॥
પાંચમું દુઃખ બેઠી ઘણી, ઘરમાં ભૂખ અચાલ;
છઠું દુઃખ અતિ દોહીલું, ઘર ભાંગે અધકાળ. ॥૫॥
ગઢપણમાં બેટો મરે, દુઃખ સાતમું કહાય;
એ દુઃખ ઘણ સંસારમાં,. ખીણ ખીણ સાલે રાય ॥૬॥
ગુણશ્રી કહે મેં પુત્રની, વાત સુણી મહારાય;
પ્રાણ હુશ્યે હવે પ્રાહુણા, હૈડે દુઃખ ન માય. ॥૭॥

## ॥ ઢાળ સડસઠમી ॥

વીર મધુરી વાણી ભાખે-એ દેશી.

કારજ વિણ કાંઇ માઈ રોવે, તેહ દાખવે વાત રે; ગુણસીરી કહે રાય સુણજો, પુત્રની સુણી ઘાત રે. કા૦ ॥૧॥ કિણે એ તુજ વાત દાખી, તે ઇહા તેડાય રે; તાસ પૂછી નિરતિ કીજે, ખરી ખોટી થાય રે. કા૦ ॥૨॥ વામદેવને તેડી પુછીયું, નૃપ કહ્યો સયલ વિચાર રે; શેઠ ડુંગર રહ્યા ઉપર, નહીં સંબલ લાર રે. કા૦ ॥૩॥ જીવતાં તિંહા કેમ રહેશે, ઈહાં આવે કેમ રે ?; વાત એહવી સુણી રાજા, ગહગહ્યો કહે એમ રે. કા૦ ॥૪॥ જાસ પુણ્યે [1]ભર્યા વાહણ, કર્યો બહુ ઉપગાર રે; તેહની કાંઇ ચિંત ન કરો, કુશળ છે નિરધાર રે. કા૦ ॥૫॥ તેહ મળશે માય તુજને, માનજો મુજ વાત રે; પ્રાયે ન હુવે વચન ખોટું, સાતનું સુવિખ્યાત રે. કા૦ ॥૬॥ રાય તપસી દેવ બાલક, સુગુરૂ અતિશયવંત રે; સાધુ સજ્જન સાતમો એમ વચન તુરત ફલંત રે. કા૦ ॥૭॥ એટલે આકાશ મારગે, આવ્યું એક વિમાન રે; કુબેરદત્ત સ્ત્રી સાથ [2]માંહે, ભર્યું બહુત નિધાન રે. કા૦ ॥૮॥ રાય પાયે આવી લાગ્યો, મળ્યો માતને ધાય રે; નારી કમળા સહુ સજ્જન, ઘણું હરખિત થાય રે. કા૦ ॥૯॥ રૂદ્ધિ દેખી રાય હરખ્યો, કહો પામી કેમ રે, શેઠ કહે મહારાજ નિસુણો, કહું કથા થઈ જેમ રે. કા૦ ॥૧૦॥ હૃદય અરિહંત ધ્યાન ધરતો, પૂજતો જિનરાય રે; જોવતો વન ફરૂં ડુંગર, એટલે તિણે ઠાય રે. કા૦

૧ તર્યાં * ૨ વિમાનમાંહે *

॥૧૧॥ જળ ભર્યો એક કુપ દીઠો, ઉતર્યો તે માંહી રે; એક દીઠી તિહાં બારી, ચાલ્યો ચિત્ત ઉછાંહી રે. કા૦ ॥૧૨॥ નગર દીઠું એક આગે, માંહી નહીં નર નારી રે; રાજમહેલે સપ્ત ભૂમિ, દીઠી એક કુમારી રે. કા૦ ॥૧૩॥ બોલાવી તે બાલિકાને, પુછયું સચલ સ્વરૂપ રે; તે કહે સુણ પુરૂષ ઉત્તમ, કહું વાત અનૂપ રે. કા૦ ॥૧૪॥ એહ તિલકાપુરી નગરી, પાતાલકેતુ અધીશ રે;કર્મ યોગે સુમતિ નાઠી, માંસાસી નિશ દીશ રે. કા૦ ॥૧૫॥ એક દિન એક જીવ આણ્યો, રસોઇયાને દેય રે; તેહ મારી માંસ પકાવ્યો, માંજારી ગઈ લેય રે. કા૦ ॥૧૬॥ માંસ બીજું કિંહા ન મળ્યું, રાય ભય મન ચિંત રે; મૂઓ બાળક લેઈ આવ્યો, અગ્નિ માંહે પચંત રે. કા ॥૧૭॥ [1]વિધિ યોગે તે નિપાવ્યો, રાય ભોજન કાજ રે; આવી બેઠો થાળ માંહે, તેહ મુકીયો સાજ રે. કા૦ ॥૧૮॥ માંસ ખાતાં સ્વાદ લાગ્યો, ભૂપતિને તેણીવાર રે; આજ કેમ થયો અધિક સુંદર, કહે તામ સૂઆર રે. કા૦ ॥૧૯॥ વાત સાંભળી સ્વાદ લંપટ, થયો તામ ભૂપાળ રે; લેઈ આવે નગરમાંથી. એકેકો નીત્ય બાળ રે. કા૦ ॥૨૦॥ જીભ લંપટ થયો જે નર, તેહ દૂર્ગતિ પાત રે; ઢાળ થઇ જિનહર્ષ પુરી, સાંઠ ઉપર સાત રે. કા૦ ॥૨૧॥

॥ દુહા ॥

બાળક ખાયે નિત પ્રતે, લોક ગયા સહુ નાસ;
નગર એમ સુનું થયું, હું પુત્રી છું તાસ. ॥૧॥

---

૧ વિવિધજોગે તે નીપાયો *

હુમણાં તે ઈંહા આવશે, દેખી હણશે તુજ;
રાખું હું સહી જીવતો, જો તું પરણે મુજ. ॥૨॥
મેં તેહનું માન્યું કથન, ફુલ તણાં ઢગ માંય;
સંતાડી મુજ રાખીયો, આવ્યો રાક્ષસ રાય. ॥૩॥
તેણે પુત્રીને પુછીયું, ઈંહા કોઈ નર ગંધાય;
તુમ આગળ નર કુણ રહે, નાસી દૂરે જાય. ॥૪॥
મુજને પણ વર નવિ મળે, ઇંહા ન આવે કોય;
મને કુંવારી રાખશો, એણી પરે ભાખે રોય. ॥૫॥

## ॥ ઢાળ અડસઠમી ॥

મુજરો દેઇને જાલિમ જાટણી–એ દેશી.

મુખ કરમણું કમળ તણી પરેરાતાં નયણા કીયા રોઇ રે, વર પરણાવો હો મુજને બાપજી. એક સુતા હું તુમને વાલહી, તે પણ પિઉ વિણ દુઃખણી હોઈ. વર૦ ॥૧॥ શા સુખ પ્રીતમ વિણ સંસારનાં, પિયુ વિણ કુણ નારી આધાર વ૦; માત પિતા બંધવ સાજન સગાં, પ્રીતમ વિણ કોઇ ન કરે સાર. વ૦ ॥૨॥ વર પાખે નારી શોભે નહીં, નર વિણ ન લહે આદરમાન. વ૦; મનનાં દુઃખ નર વિણ કેહને કહે, નર પાખે મંદિર સમશાન. વ૦ ॥૩॥ તે કારણ તમને કહું લાજતી, કહેવાનો નહી છે વ્યવહાર વ૦; પણ રોયા વિણ ધવરાવે નહી, બાળકને સુવિચક્ષણ નાર. વ૦ ॥૪॥ રાય કહે બેટી તુજ સારીખો, જોયો પણ ન મળે વરરાજ વ૦; કુમરી કહે તમને વર કોણ મળે, મળે તો ખાવાનું તુમ કામ. વ૦ ॥૫॥ તુજ વરનું

હું ભક્ષણ નવિ કરૂં, જો કોઈ હોય તો મુજ દેખાડ વ૦; સમ ખાધાં તે રાયે આકરા, પ્રગટકર્યો મુજને તતકાળ. વ૦ ॥૬॥ પુત્રી પરણાવી રાયે મુજ ભણી, વર કન્યા મિલાવ્યા હાથ વ૦; [1]કન્યાનો કર મુકું તો સહી, માંસ તજો તમે નર નાથ. વ૦ ॥૭॥ કુંવરી કહે સાંભાળો મુજ તાતજી?, ખાધે જીવને તૃપ્તી થાય વ૦; ખાતાં ખાતાં જનમારો ગયો, ભૂખ્યો એકદિન જો નવિ ખાય. વ૦ ॥૮॥ ચઉગતિ માંહે જીવ ભમંતડે. ભોજન કીધાં અનંત અપાર વ૦; તોહી ભુખ્યો પાપી પ્રાણીયો, એહને તૃપ્તી ન થાય લગાર. વ૦ ॥૯॥ કહીયે એ [2]ઇંદ્રી ધ્રાપે નહીં, જો પોષીજે દિવસ ને રાત વ૦; થોડા દિનનાં સહુકો પ્રાહુણા, જીવ તણી કેમ કીજે ઘાત?. વ૦ ॥૧૦॥ આગે પાપ તમે કીધાં ઘણાં, કરો અગડ વર છોડે હાથ વ૦; પુત્રી વચણ સુણી તતખીણ વળ્યો, માંસ ભક્ષણ છોડયો નરનાથ. વ૦ ॥૧૧॥ પુર જન લોક સહુ આવી વસ્યા, રાજા રાજ કરે સુખદાય વ૦; રૂદ્ધિ સમૃદ્ધિ [3]વિમાન ભરી કરી, દીધું પ્રેમ ધરી તેણે રાય. વ૦ ॥૧૨॥ તેહ વિમાને હું બેસી કરી, આવ્યો પુણ્ય તણે સુપસાય વ૦; તું સોભાગી ભાગ્ય તણો ધણી, તુજથી આપદ સહુ ટળી જાય. વ૦ ॥૧૩॥ એ ધન એ મહિલા પુણ્યે મળી, પુણ્ય તણો તું છે ભંડાર વ૦; તું આવ્યે સહુને આનંદ થયો, કરો કુટુંબ તણી હવે સાર. વ૦ ॥૧૪॥ હું જિન વંદન ઇંહા આવ્યો હતો, ધન ધન તું શ્રાવક ગુણવંત વ૦; કરી પ્રશંસા રાય ઘરે ગયો,

૧ વર કહે કન્યા તો મૂકું સહિ * ૨ જીવ * ૩ વિમાને *

પણ પરધન ન [1]લીયંત. વ૦ ॥૧૫॥ ચોથું વ્રત હવે રાજા ઉચરે, [2]ટાળી શીલ મહાવ્રત દોષ વ૦; વિધવા નારી તેહ ન ભોગવું, પરદારાનો સંતોષ. વ૦ ॥૧૬॥ તિર્યંચ નારી કુમારી કન્યકા, વંછુ નહીં એહનો સંભોગ વ૦; વનિતા મુજને આઠજ મોકળી, અવર તણો ન કરૂં સંયોગ. વ૦ ॥૧૭॥ ચાર મહિના ચોમાસા તણાં, પાળું હું નિરમળ શીલ વ૦; [3]પણ અતિચાર હું ટાળું એહનાં, જેમ પામું અવિચળ સુખ લીલ. વા૦ ॥૧૮॥ હાસ્ય વિનોદ ક્રીડ તે નવિ કરૂં, પોષુ નહિં વાતે શણગાર. વ૦ ન કરે [4]વળી કુચેષ્ટા કેહશું, ઇમ પાળે બ્રહ્મવ્રત સાર. વ૦ ॥૧૯॥ પટ રાણી આઠે રાજા તણી, કર્મ યોગે તે મરણ લહાય; વ૦ રાય ભણી કહે સહુ મંત્ર મળી, પરણો નારી તમે મહારાય. વ૦ ॥૨૦॥ સ્ત્રી વિણુ રાય ન હોવે શાસ્ત્રે કહ્યો, પરણો તે માટે ભૂપાળ વ૦; કહે જિનહર્ષ હવે સહુ સાંભળો, અડસઠમી પુરી થઇ ઢાળ. વ૦ ॥૨૧॥

॥ દુહા ॥

કુમારપાળ કહે સાંભળો, વર પરિહરીયે પ્રાણ;
પ્રાણ ગયા તો જાણ દે, વ્રત કેમ તજીયે જાણ. ॥૧॥
જે વ્રત ગુરૂ મુખ આદર્યા, છંડીજે કિમ તેહ?;
સુપુરૂષ વયણ ન ઉચરે, ઉચ્ચરે તે કરેહ. ॥૨॥
જેહને નહીં કાંઈ આખડી, તે પાપી કહેવાય;
લઈ ભાંગે જે આખડી, તે મહા પાપી થાય. ॥૩॥

૧ લીયો મતિમંત * ૨ ટાળે * ૩ પાંચ * ૪ તેહ *

કાઢયા વયણ જે મુખ થકી, નિરવાહિયે સનૂર;
કામ પડયાં સાહસ ધર્યા, તેહીજ કહીયે સૂર. ॥૪॥
સાધુ સતી અરૂ સુરીમા, જ્ઞાની નર ગજદંત;
ઉલટ અપૂઠાં ન મિટે, જો જગ જાય અનંત. ॥૫॥
ભાત પટોળે જે પડી, લોહે પડી જે લીહ;
ન મટે તેમ ઉત્તમ પુરૂષ, વયણ કહ્યા જે જીહ. ॥૬॥

## ॥ ઢાળ ઓગણસિત્તેરમી ॥

રાય કહે મંત્રી સુણો રે, મ કહો આળપંપાળ; કાયર સૂર હુવે નહીં, સીંહ હુવે ન શીયાળ. ॥૧॥ પાટણ રાજવી રે, વ્રત પાળે નિરદોષ; નારી તણી મમતા નહીં, સમતા ચિત્ત સંતોષ. પા૦ ॥૨॥ ચિત્ત ચૂકે નહી [1]રાજવી રે, શીલ ધર્યું અભિરામ; કરી સોવનની પૂતળી, પટરાણી તસ નીમ. પા૦ ॥૩॥ હવે ધરે વ્રત પાંચમું રે, પરિગ્રહનું પરિમાણ; રાયે કર્યું ગુરૂ મુખે, સુણજો તેહ સુજાણ. પા૦ ॥૪॥ છ કોડી કનક નિધાનમાં રે, રૂપૈયા આઠ કોડ; દસ સહસ તોલા મણી, રિદ્ધિ સહુની જોડ. પા૦ ॥૫॥ પાંચ લાખ તેજી તુરી રે, એક સહસ ગજરાજ; સોળ સહસ રથ રૂઅડાં, ઊંટ સહસ એક સાજ. પા૦ ॥૬॥ દોય સહસ કુંભ ધૃત તેલના રે, દોય સહસ ખાંડી ધાન; હળ હજાર સંખ્યા કરી, પાંચસે હાટ પ્રધાન. પા૦ ॥૭॥ સુંદર મંદિર પાંચસે રે, શકટ પંચ સય માન; વહાણ વળી સવા પાંચસે રે, લાવે જળધિ

૧ રાયનો રે *

નિધાન. પા૦ ॥૮॥ એંસી હજાર ગાય દુઝણી રે, પોતા તણે આયત્ત; સકળ સૈન્ય સંખ્યા કહું, સાંભળજો સહુ સત્ય. પા૦ ॥૯॥ અગ્યાર સહસ ગજ ગાજતારે તુરંગ લાખ અગ્યાર; પચાસ સહસ રથ રૂઅડાં, પાયક લાખ અઢાર. પા૦ ॥૧૦॥ એમ ધનની સંખ્યા કહી રે, અવિરતિ ટાળી રાય; લોભ તજી સમતા ભજી, વ્રત પાળે ચિત્ત લાય. પા૦ ॥૧૧॥ અલ્પ સંસારી જે હુવે રે, અલ્પ લોભ હુવે તાસ; બહુ લોભે બહુ દુખ લહે રે, ગુરૂકહે કથા વિલાસ. પા૦ ॥૧૨॥ ચાર પુરૂષ ધન કારણે રે, ચાલ્યા મળી પરદેશ; વાટે તે તરશ્યાંથયા રે, જોવે નીર નિવેશ. પા૦ ॥૧॥૩ દીઠો વલ્મીક વન વિચે રે, તેહનાં શીખર ચાર;જાણ્યું ઇહાં પાણી સહી રે, હોશે કીધો વિચાર. પા૦ ॥૧૪॥ શિખર એક ફોડયું જિશે રે, પ્રગટયો અમૃત શ્રાવ; પીધાં ઠામ ભરી લીયા રે, બીજા ઉપર દાવ. પા૦ ॥૧૫॥ બીજું શિખર વિદારિયું રે, પ્રગટયું કનક નિધાન; વાધ્યો લોભ ઘણો ઘણો રે, ત્રીજું ભાંગ્યુ નિધાન. પા૦ ॥૧૬॥ રત્નરાશિ તિંહા નિસર્યો રે, લાભથી લોભ અત્યંત; ચોથું શિખર વિદારીયું રે, લહીયે રિદ્ધિ મહંત. પા૦ ॥૧૭॥ એક પુરૂષ કહે સાંભળો રે, કીજે નહી અતિ લોભ; રિદ્ધિ ઘણી પુણ્યે મળી રે, હવે મન રાખો થોભ. પા૦ ॥૧૮॥ ત્રણ જણા તેહને કહે રે, રહે રહે કરતો રૂઢ; જો તું બિહતો ઇહાં થકી રે; જા પરહો તું મૂઢ. પા૦ ॥૧૯॥ રત્ન અમૂલક સંગ્રહી રે, તિંહાથી ચાલ્યો તેહ; કુશળે નિજ ઘર આવીયો રે, વાધ્યો કુટુંબ સનેહ. પા૦

॥૨૦॥ ત્રણે પુરૂષ મળી કરી રે, ભાંગ્યો ચોથો પુંજ; દ્રષ્ટિ વિષ અહિ નિસર્યો રે, વિષ પાવકને ગંજ. પા૦ ॥૨૧॥ બાળી ભસ્મ ત્રણે કર્યા રે, અતિ લોભી નર તેહ; સમતા લોભી જે હતો રે, બે ભવ સુખ લહેહ. પા૦ ॥૨૨॥ તું પણ તે નર સારીખો રે, અલ્પ લોભ વિસ્તાર; સદ્‌ગતિ તણો વિભાગીયો રે, છે તુજ અલ્પ સંસાર. પા૦ ॥૨૩॥ વચન સુણી સદ્‌ગુરૂ તણાં રે, બહુ તજ્યો પરિગ્રહ ભૂપ; ઢાળ થઇ જિનહર્ષ એ રે, ઓગણોતેરમી અનૂપ. પા૦ ॥૨૪॥ સર્વગાથા ૧૫૦૩

॥ દુહા ॥

પરિગ્રહ બહુ છંડયો નરપતિ, અલ્પ પરિગ્રહ ધાર;
વ્રત પાળે ટાળી વળી, પાંચ તાસ અતિચાર. ॥૧॥
હવે છઠ્ઠું વ્રત આદરે, ચિંહુ દિશિનો પરિમાણ;
ઉંચી નીચી ભૂમિકા, જોયણ કોશ સુજાણ. ॥૨॥
સાતમું વ્રત વળી ઉચ્ચરે, ભોગ અને ઉપભોગ;
ચૌદ નિયમ નિત્ય સાચવે, છતે દેહ નિરોગ. ॥૩॥
સચિત્ત એક વલ્લિ પર્ણ, આઠ બીડાંનો નેક;
આઠ દ્રવ્ય લેવા સદા, વિગય ચોમાસે એક. ॥૪॥
સદા કરે એકાસણું, નિશિ સદા ચોવિહાર;
પાન ન લે ચૌમાસમાં, તજી અભક્ષ આહાર. ॥૫॥

## ॥ ઢાળ સિત્તેરમી ॥

દેશી ચોપાઇની.

એક દિવસ નૃપ કરે આહાર, ઘેવર મીઠાં અતિ શ્રીકાર; ઘી ભીનાં સીનાં કરકરાં, માંસ સાંભર્યો તેણે

અવસરાં. ॥૧॥ હા હા વળી કરે પશ્ચાતાપ, ફોગટ એ કેમ બાંધ્યુ પાપ; પાડું પરહા દાંત બત્રીશ, રાય તણે મન આવી રીસ. ॥૨॥ ઉઠી આવ્યો ગુરૂની પાસ, વાત કહી સવી ચિત્ત ઉદાસ; ગુરૂ દે રાય પ્રતિ પ્રતિબોધ, દંત ઉપર શું કરો વિરોધ. ॥૩॥ તુજ મુખમાં છે દાંત બત્રીશ, બત્રીશ ઘડા બંધ ત્રિભુવન ઈશ; તાસ કરાવો અચળ પ્રાસાદ, દંડ કળશ ધ્વજ ઘંટા નાદ. ॥૪॥ વરણ વરણનાં જિન ચોવીશ, થાપો માંહે ધરીય જગીશ; હેમાચારજ લહી ઉપદેશ, બિંબ ભરાવ્યા તુરત નરેશ. ॥૫॥ પાપ ભીરૂ એહવો અધીશ, અનંતકાય મુકયા બત્રીશ; વસ્તુ અનેરી દોષ સહિત, તે પણ મુકી આતમ હીત. ॥૬॥ પાંચ અતિચાર તેહનાં તજે, અચિતકામ સચિત શું ભજે; અચિત વસ્તુ સચિત પ્રતિબદ્ધ, અપકવ દુઃપકવ આહાર નિષિદ્ધ. ॥૭॥ તુચ્છૌષધી તણો આહાર, ધર્મી ન કરે કોઈ વાર; ઓળા ઉંબી પોંક ન ખાય, પાપડી પ્રમુખ ન આવે દાય. ॥૮॥ ઈણી પરે પાળે વ્રત રાજન, ટાળી પંદર કર્માદાન; ઈંટ લિહાળા પકવે બાળ, તેહ કહીજે કર્મ ઈંગાલ. ॥૯॥ વન છેદી છેદાવે વૃક્ષ, તે વનકર્મ કહે પ્રત્યક્ષ; વહેલ ગાડલાં હળ વ્યાપાર, તેહ કરમ સાડી નિરધાર. ॥૧૦॥ ભાડે કરમ બળદ ને ઉંટ, વહેલ ગાડલાં આપે ખૂંટ; સરોવર કુપ ખણાવે ખાણ, ફોડી કરમ તેહનું જાણ. ॥૧૧॥ દંત વાણિજનો સુણો વિચાર, દંત ચર્મ ને નખલા સાર; કસ્તુરી આદિ એ કહ્યાં,

લાખ સાજી સાબુ સદક્ષા. ॥૧૨॥ મીઠું [1]તેલ અરણેટો વળી, લાખ વાણિજ એ સહુ અટકળી; રસ વાણિજ માખણ ઘૃત તેલ, મધુ મદિરાદિક પાતિક ખેલ. ॥૧૩॥ દ્વિપદ ચતુષ્પદ તણો વ્યાપાર, કેશ વાણિજ એ ન કરો કયાર; સોમલ ખાર અમલ વછનાગ, શસ્ત્રાદિક વિષ વાણિજ ત્યાગ. ॥૧૪॥ યંત્ર પીલણ મૂશળ ઉખલી, ઘાણી કોલ્હુ ઘરંટી વળી; પશુઆ કેરા કાપે કાન, ફાડી નાક સમારે વાન. ॥૧૫॥ ન કરે એહ નિર્લાંછન કર્મ, જેણે જાણ્યો હોય શ્રાવક ધર્મ; પુણ્યકાજ વનદવ નવિ દીયે, દયા ધરમ જાણ્યો છે જીયે. ॥૧૬॥ કૂપ વાવ દ્રહ સજળ તળાવ, તે શોષો નહી કિણ પ્રસ્તાવ; વળી તે ન કરે અસતી પોષ, પોપટ શ્વાન માંજાર સદોષ. ॥૧૭॥ એ પન્નર કહ્યાં કર્માદાન, પાપ તણા એ ઠાણ સુજાણ; સિત્તેરમી પુરી થઈ ઢાળ, એ જિનહર્ષ તજ્યાં ભૂપાળ. ॥૧૮॥

॥ દુહા ॥

પાપ કર્મ નૃપ પરિહરે, કરે સુદ્રઢ જિન ધર્મ;
ભરે પુન્ય ભંડાર નિજ, ડરે પૂરવ કૃત કર્મ. ॥૧॥
હવે અષ્ટમ વ્રત આદરે, ટાળે અનરથ દંડ;
ખેલા નાટક પેખણું, નવિ જોવે પાખંડ. ॥૨॥
સેત્રંજ બાજી સોગઠાં, ખેલે નહી નરેશ;
ચારે વિકથા પરિહરે, રાગ ન તીવ્ર ધરેશ. ॥૩॥
હિંડાળે હીંચે નહી, નવિ ઝીલે જળ ઠાણ;
ભેંસા ઘેટા કુકડાં, જેઠીમલ્લ સુજાણ. ॥૪॥

[1] તલ *

એ વઢતાં જોવે નહી, વળી હણુંતા ચોર;
સતી અગ્નિમાં બાળતાં, મન પરિણામ કઠોર. ॥૫॥
માટી બીજ કપાસીયા, નીલ હરી જળ તેમ;
કાજ વિના ચાંપે નહી, પાપ લગાવે કેમ ?. ॥૬॥
દુધ દહીં ઘૃત તેલનાં, નીર તક્રનાં ઠામ;
ઉઘાડાં નવિ મૂકીયે, હિંસા હોય અકામ. ॥૭॥

## ॥ ઢાળ એકોતેરમી ॥

પાંચ અતિચાર હો ટાળી એહનાં, કંદર્પ રાગ [1]કષાય; કાય કુચેષ્ટા હો પાપોપગરણ, [2]ભોગવિષે અભિલાષ. ॥૧॥ એણી પરે પાળે હો, વ્રત નિજ નિર્મળા, ટાળે વ્રત અતિચાર; દોષ લગાડે હો નહિં કોઇ વ્રત ભણી, ધન ધન રાય કુમાર એ. ॥૨॥ એ વ્રત પાળે હો એણી પરે આઠમું; નવમું ધારે રાય; સમતા પરિણામે હો સામાયિક કરે, દહે કરમ સમુદાય. એ૦ ॥૩॥ અતિચાર પાંચે હો એહનાં પરિહરે, ત્રિવિધે દુઃપ્રણિધાન; અણુપડિલેહે હો બેસે આસને, ઉઘાડે મુખે જ્ઞાન. એ૦ ॥૪॥ દૂષણ ટાળી હો સામાયિક તણાં, જેહ કહ્યા બત્રીશ; નરપતિ ચૂકયો હો નવિ [3]કોઇ કારણે, સાંભળજો સુજગીશ. એ૦ ॥૫॥ કિણ ઇક અવસર હો નૃપ સાકંભરી, પૂરણ નામ કહાય; કુમર નરેશ્વર હો ભગિનીનો ધણી, ગજ રથ કમી ન કાંય. એ૦ ॥૬॥ તે નિજ

---

૧ કુભાષ * ૨ ભોગે બહુ અભિલાષ * ૩ કારણુ પડયે *

રાણીશું હો સારી પાસે રમે, સારી દેતો દાણ; 'મારો મુંડા શિર હો ઘાવ બળે કરી, ભાખે એમ અજાણ. એ૦ ॥૭॥ ત્રણ વાર રાયે હો શબ્દ મુખે કહ્યો, રાણી બોલી તામ; કઠિન ન બોલો હો પ્રીતમ બોલડાં, ફોગટ એહવે કામ. એ૦ ॥૮॥ લાજ ન રાખો હો જો તમે માહરી, સાળા સામું જોય; મારી નિવાર્યો હો શબ્દ નૃપતિ જેણે, મુનિ શિર ઘાવ ન હોય. એ૦ ॥૯॥ કહેવું જે હોવે હો તે મુજને કહો, પણ મુનિને ન દીયો ગાળ; મુનિ અવહેલન હો કરતાં પામીયે, દુર્ગતિનાં દુઃખ આળ. એ૦ ॥૧૦॥ રાણી વચને હો ખીજ્યો નરપતિ, પાટું દીધ પ્રહાર; હોંશ ન રાખે હો મૂરખ કામિની, જા નિજ વીર પોકાર. એ૦ ॥૧૧॥ વેગે ચડાવી હો બંધવ લાવજે, દેખાડું મુજ હાથ; ગણી ગણી પડું હો દાંત ચોકા તણાં, નારી કહે સુણો નાથ. એ૦ ॥૧૨॥ કીડી પાંખાળી હો તે મરવા ભણી, તેમ તાહરો અભિમાન; ગર્વ ન કીજે હો કંત શક્તિ વિના, ઘર શૂરા અભિમાન. એ૦ ॥૧૩॥ મારા ભાઈના હો બળ આગળ રહે, તેહવો ન દિસે કોય; ગર્વ ઉતારે હો તે બળીયા તણા, કાઢે વાંક પલોય. એ૦ ॥૧૪॥ નારીનાં સાંભળી હો વયણ ક્રોધે ભર્યો એહને મગવો ભીખ; નારી તે પગની હો કહીયે પાનહી, તે મુજને દે શીખ. એ. ॥૧૫॥ [યતઃ-જસ ઘરમાહિ મંત્રણી, દુર્જનકેરી સીખ; શ્રાવણ વીતી હલ કરે, ત્રિણ્યે માગે ભીખ ॥૧॥ ઢાલ પૂર્વની *] ધિગ ધિગ નારી હો તાહરા

૧ મારૂં *

બોલડાં, ધિગ ધિગ કુમર નરિંદ; ધિગ ધિગ તાહરો હો એ જિન ધર્મને, ધિગ ધિગ હેમસુરિંદ. એ૦ ॥૧૬॥ પ્રીતમ વયણે હો અતિ રાણી તપી, પિયર ચાલી ઉઠ; એહ બોલ્યાનું હો ફળ તમે જોયજ્યો, જીભ કઢાવું પુંઠ. એ૦ ॥૧૭॥ એહવું કહીને હો ચાલી પિયરે, જોશી મળીયો એક; બ્રાહ્મણ જઇને હો પાટણ રાયને, જાણ કરે સુવિવેક. એ૦ ॥૧૮॥ બ્રાહ્મણ ચાલ્યો હો લઇને આગન્યા, પહોંચ્યો પાટણ માંહી; ઢાળ એકોતેરમી હો પણ એ થઈ, જિનહર્ષ ઉચ્છાહ. એ૦ ॥૧૯॥ સર્વગાથા ૧૫૫૧

॥ દુહા ॥

પાટણ લોક સોહામણું, દેખી હરખિત હોય;
વિપ્ર તણું રૂપ વર્ણવું, તે સુણજો સહુકોય. ॥૧॥
દાઢી તો ગાઢી વધી, મુંછ નહી લવલેશ;
કાળો કાજળ સારીખો, ક્ષીણ શરીર વિશેષ. ॥૨॥
મોટું શીર ત્રિખૂણીયું, નાનું જાસ નિલાડ;
વાંકુ વદન વિરાજતું, ગાલે ઉંડી ખાડ. ॥૩॥
હોઠ જેહનાં લડબડે, લાળા મુખ ઝરંત;
ઉંડી આંખો તગતગે, રાસભ સરિખા દંત. ॥૪॥
બેઠે નાકે ચીબડો, વહે લીંટની રેલ;
કોટ ટૂંકી લાંબો નળો, અંગે જાજો મેલ. ॥૫॥
હાથ પગ વાંકા વળ્યાં, સકટ પીંજણી જાણ;
કટિ લંક ઘાણી સારિખો, ચૂંગો બાંધ્યો તાણ. ॥૬॥
પહેર્યું ફાટયું ધોતીયું, તુંબો લીધો હાથ;
મસ્તક ફરકે ચોટલી, લોટ પોટલી સાથ. ॥૭॥

## ॥ ઢાળ બોતેરમી ॥

મને મારા બાપના સમ જો—એ દેશી.

રૂપહીણુ નર વામણો રે, દીસંતો વિકરાળ; અવગુણમાં ગુણ એક છે રે, પંડિત ચતુર વાચાલ. જોશીયડો જોજો રે, જોજો રે ચતુર છંછાલ. જો૦ ॥૧॥ પોળે જઇ ઉભો રહ્યો રે, હિયે વિચારે આમ; પૂછું કિણહીક નર ભણીરે, બ્રાહ્મણ મળીયો તામ. જો૦ ॥૨॥ મસ્તક નામી તેહને રે, પૂછે કહો કૃપાળ; કિણ ઠામે મુજને મળે રે, પાટણનો ભૂપાળ. જો૦ ॥૩॥ કુમારપાળશું વિપ્રને રે, હું તો વૈર સંબંધ; તિહુઅણુ-પાળ સુત જીવતો રે, મુઓ વૈરી અંધ. જો૦ ॥૪॥ કઠણ વયણ એહનાં સુણી રે, દુતે જાણ્યું દુઃખ; સાત પુરાયે નહિં કદારે, સુણ બ્રાહ્મણ મુરખ. જો૦ ॥૫॥ અગ્નિ વિપ્ર યમ રાજવીરે, સાગર ઉદર સુગેહ; પૂરાયે નહિં પૂરતાં રે, નિશ દિન જો પૂરેહ. જો૦ ॥૬॥ ઇશું કહી આગળ ચલ્યો રે, દીઠો એક હડમાર; તે પાસે બ્રાહ્મણ જઈરે, પૂછે ભૂપ સમાચાર. જો૦ ॥૭॥ શ્વાન જેમ થઇ આકળો રે, ખીજી બોલ્યો તામ; તું ભીખારી બામણો રે, રાજાથી શું કામ. જો૦ ॥૮॥ પંડિતે પરખ્યો તતખિણ રે, બીબું તેહવી ભાત; પિરિયો કાંઇ પૂછીયે રે, જીભ જણાવે જાત. જો૦ ॥૯॥ કણ વ્યાપાર મસાણીયો રે, વળી ભુજંગ બિલાડ; વૈદ્ય અને હડમારીયો રે, મહેલા મનનાં ચાડ. જો૦ ॥૧૦॥ જોશી એમ કહી ચાલીયો રે, અર્ચક નર એક દીઠ; રાય ખબર પૂછે જિશ્યો રે, આઘો આભ-

ડસે ધીઠ. જો૦ ॥૧૧॥ દૂત કહે ખીજી કરી રે, બોલે શું પાપીષ્ટ; આભડછેટનાં તુજ કહું રે, થાનક સુણ અનિષ્ટ. જો૦ ॥૧૨॥ મોટી કન્યા કુમારીકા રે, પરનારીશું રંગ; દેવ તણું ધન વિદ્રવી રે, નિતિ પાપી પર સંગ. જો૦ ॥૧૩॥ પેટ ભરે પ્રાણી હણી રે, પરનિંદા કરે જેહ; પર ભોજન આશા કરે રે, પવિત્ર કદિ નહિં એહ. જો૦ ॥૧૪॥ ઇશ્યું કહી ભટ ચાલીયો રે, બ્રાહ્મણ મળીયો તામ; પૂછી નૃપની વારતા રે, અવહીલ્યો તિણે ઠામ. જો૦ ॥૧૫॥ દુત કહે કિણ કારણે રે, બોલે મોટા બોલ; સાત અદેખા એ હુવે રે, સાંભળ વિપ્ર નિટોલ. જો૦ ॥૧૬॥ હાટ પાડોશી નવિ સહે રે, યાચક [1]મીંઢો મલ્લ; પંડિત પાડો કુતરો રે, સાત અદેખાં સલ્લ. જો૦ ॥૧૭॥ ઇશું કહી આગે ચલ્યો રે, મળીયો સામો બાળ; પૂછે રાય મળે કિંહા રે, બોલ્યો આળપંપાળ. જો૦ ॥૧૮॥ દુત થયો મન દુમણો રે, નિર્મળ બુદ્ધિ વિચાર; પર વેદન જાણે કિશું રે, બાળક નર નિરધાર. જો૦ ॥૧૯॥ વિપ્ર અગ્નિ યમ પારધી રે, રાજા બાળક ચોર; પર વેદન જાણે નહીં રે, સાતે પડાવે સોર. જો૦ ॥૨૦॥ જોશી એમ કહી ચાલીયો રે, સૂતો નર એક દીઠ; જઈ જગાડયો તેહને રે, વચન પયંપે મીઠ. જો૦ ॥૨૧॥ પાટણ પતિ મળશે કિંહા રે, જાતિ કબાડી ન્યાય; લેઈ કૂહાડો ઉઠીયો રે, આવ દેખાડું રાય. જો૦ ॥૨૨॥ બ્રાહ્મણ બ્હીતો એમ કહે રે, શ્યો લાગ્યો મુજ પાપ; બોલાવતા તો નિસર્યો રે, ઉંદર દરથી

---

૧ મોટો *

સાપ. જો૦ ॥૨૩॥ તું મૂરખો સૂતો ભલો રે, જાગ્યો કરે વિરામ; શ્વાન સિંહ મૂરખ નરા રે, બાળ જાગ્યો કિણુ કામ. જો૦ ॥૨૪॥ માંજારી નર પાતકી રે, ભૂંડી નજરે ભૂજંગ; એ સાતે સૂતા ભલા રે, જાગ્યાં કરે વિરંગ. જો૦ ॥૨૫॥ બ્રાહ્મણ મનમાં ચિંતવે રે, કેમ મળશે ભૂપાળ; કહે જિનહર્ષ પૂરી થઈ રે, બોંતેરમી એ ઢાળ. જો૦ ॥૨૬॥

॥ દુહા ॥

એમ ચિંતી આગળ ચલ્યો, બેઠો દીઠો એક;
જાતે શુદ્ધ વ્યવહારીયો, ચતુર ઘણો સુવિવેક. ॥૧॥
તસ પાસે જઈ પુછીયું, અહો સુપુરૂષ સુણ ભાષ;
કિંહા મળશે પાટણ ધણી, તે મુજને તું દાખ. ॥૨॥
બોલ્યો તવ વ્યવહારીયો, રાજપંથ સનમુખ;
નરપતિ ઈણ વાટે તને, મળશે જાશે દુઃખ. ॥૩॥
પણ તુજ દેખી મુજને, મનમાં અચરિજ થાય;
ચતુર અને વાચાળ તું, રૂપ કુરૂપ દેખાય. ॥૪॥
શેઠ વચન બ્રાહ્મણ સુણી, ભાખે ઉત્તર તાસ;
સુણ ભાઈ વ્યવહારીયા, તેં મુજ પુછયું તાસ. ॥૫॥
સ્વર મીઠો થાયે નહી, નીચપણું નવિ જાય;
રૂપ રંગ કવિ ચાતુરી, ધન ખરચ્યે ન લહાય. ॥૬॥

## ॥ ઢાળ ત્હોંતેરમી ॥

સાધુજીને તુંબડું–એ દેશી.

એહવું કહીને ભટ ચાલીયો રે, આવ્યો આવ્યો પોળ દુવાર રે; પોળીયા ભણી પૂછયો તિણેરે, કિંહા

મળશે ભૂપ કુમાર રે?. એ૦ ॥૧॥ પોળીયા હસી કરી બોલીયા રે, નૃપશું કિસી કરશો વાત રે; ક્ષીણ કાયા રૂપે હીણતા રે, કેમ મળશો કિસી ધાત રે?. એ૦ ॥૨॥ માંગણ ને મેલે લુગડે રે, વેશ્યા તે [1]જોવણ જાય રે; ઠાકુર ખડગને ઉતરે રે, ત્રણે એ દીસતા દીન રે. એ૦ ॥૩॥ ॥યતઃ॥ પહિલું માણુસ દીસતું, બીજું માણુસ વુણ; ત્રીજું માણુસ બોલણું, ચોથું માણુસ કુણ. ॥૧॥ ચિત્ત ચતુર મન ચિંતવે, અરહું પરહું મ જોઈ; કર ઉપર કર જે કરે, ચોથું માણુસ સોઈ. ॥૨॥ ઢાળ પૂર્વની ॥ બ્રાહ્મણ ભાટ પંડિતતા રે, પરશું પ્રધાન શુક દૂત રે; એહ તીખા મુખે જો હુવે રે, આદર લહે અદભૂત રે. એ૦ ॥૪॥ એહવા વચન ભટનાં સુણી રે, ખુશી થયા દરવાન રે; રાય ભણી જોશી મેળવ્યો રે, વિનતિ નીસુણી રાજનરે. એ૦ ॥૫॥ પૂરણરાય મહારાજજી રે, દેવ ગુરૂ ને જિન ધર્મ રે; નિંદા કરે મુખ ગાળ ઘે રે, કેહની ન રાખે શરમ રે. એ૦ ॥૬॥ બાઈ દેવળદેવી રાયને રે, [2]વિનયથી વાર્યા જામ રે; પાટું પ્રહાર કીધાં તિહાં રે, ભુંઇ પડી મુર્છીત તામ રે. એ૦ ॥૭॥ તેહ રીસાઈ આવી ઈહાં રે, તુમ છતે કરે અન્યાયરે; તાસ શીખામણ દીજીયે રે, જેમ સુકોમળ થાય રે. એ૦ ॥૮॥ છતે મૃગરાજ બોલે બકે રે, હરણ સસલા શીયાળ રે; તેહ મૃગ-રાજને લાજ છે રે, ઉઠો તમે કુમર ભૂપાળ રે. એ૦ ॥૯॥ વાત સુણી ભગીની તણી રે, હય ગય લેઇ પરિવાર રે; રાયે ભેટી જઇ બેનડી રે, પ્રેમશું મળ્યાં

૧ જોબણુ હીન રે * ૨ વિનય કરી વાર્યો જામ રે *

તેણીવારરે. એ૦ ॥૧૦॥ પાટણમાં લેઇ આવીયા રે, બહેનને ઘણો ઉત્સાહ રે; બાંધવ આગળ દુઃખ રોવતી રે; ભઇલા ઓલવ મુજ દાહ રે. એ૦ ॥૧૧॥ એણે રે મુજ નીર ઉતારીયું રે, દીધી ગુરૂજીને ગાળ રે; પણ કરી તિંહાથી હું નીસરી રે, મારૂં વચન હવે પાળ રે. એ૦ ॥૧૨॥ ઝાલી આણો તો જીત્યા સહી રે, નહીં તો થાશે નીજ હાર રે; એમ સુણી રાય ખીજયો ઘણું રે, બહેનડી દુઃખ વિચાર રે. એ૦ ॥૧૩॥ ભંભા વગડાવી પ્રયાણની રે લેઇ દળ લાખ અગ્યાર રે; સહસ અગ્યાર ગજ ઘુમતા રે, પાળા રથનો નહી પાર રે. એ૦ ॥૧૪॥ સબળ આરબ સુર આગળા રે, નાળ ગોળા હથિયાર રે; લેઇને ચાલ્યો રાય ઝીપણ ભણી રે, ધૂરે નિશાણ અપાર રે. એ૦ ॥૧૫॥ આવીયા નયરી સાકંબરી રે, કટક સુભટ તણાં ઘાટ રે; કુમારનૃપે જાણ કરાવીયો રે, આવ્યો છું જોવતાં વાટ રે. એ૦ ॥૨૬॥ પૂરણરાયે લશ્કર સજયો રે, વાંકડા સુભટ સધીર રે; કુમર દળ જોવા પૂરણે રે, મોકલ્યા દૂત વજીર રે. એ૦ ॥૧૭॥ નિહાળે કટક ફરી ફરી રે, પુંજણી દીઠ પલ્હાણ રે; ઢાળ એ તોતેરમી થઇ રે, કહી જિનહર્ષ સુજાણ રે. એ૦ ॥૧૮॥

॥ દુહા ॥

દીઠી પલાણે પુંજણી, પુંજી ધરે પલાણ;
નીર ગળી સહુ વાપરે, હણે નહી પર પ્રાણ. ॥૧॥
દૂતે મસ્તક ધુણીયો, દીઠું કુમર નરેશ;
તેડી પુછયું તેહને, હાસા તણો ઉદેશ. ॥૨॥

દૂત કહે કર જોડીને, સાંભળ રાય સુજાણ;
પુંજી પુંજીને ઠવો, તુરીયાં પુંઠે પલાણ. ॥૩॥
પાળો જીવદયા ઇસી, હણશો કેમ ગયંદ ?;
યુદ્ધ કરશો કેણી પરે, પુછું કુમર નરિંદ. ॥૪॥

## ॥ ઢાળ ચુંમોતેરમી ॥

પિયુ આપો રે. મારો પુત્રરતન, પ્રીતમ સારંગપાણિ રે... એ દેશી.
સાંભળજો મુનિ સંયમ રાગે–એ દેશી.

કુમારપાળ રાજા કહે સાંભળ, ન હણું વિણ અપરાધી રે; કીડી કુંથુ જીવ અનેરા, તે નહીં કોઈ ઉપાધી રે. એમ ભાખે છે રાજા વચણાં, સુણજો દુત સમાધી રે. ॥૧॥ મિત્ર ભણી શીતલ સુખ દાઇ, રિપુને જલણ સરિખો રે; જો તુમ મનમાં સંશય આવે, તો મુજ પરાક્રમ ઇશો રે. એ. ॥૨॥ કુમારપાળ નિજ બળ દેખાડે, દૂત ભણી દૃઢ હોઇ રે; સાત કઢા લોહના અણાવ્યા, સાંગની અણીયે પરોવ્યા રે. એ. ॥૩॥ ઉંચા તે આકાશે ભમાવ્યા, ચમતકાર ચિત્ત પામી રે; પાછો પહોંચ્યો રાય સમીપે, દૂત કહે સુણ સ્વામી રે. એ. ॥૪॥ વૈરી લશ્કર પાર ન લહીયે, બળીયો કુમર નરિંદો રે; પૂરણરાજા મનમાં ચિંતે, રચિયે કોઈક ફંદો રે. એ. ॥૫॥ રાયે સભામાં બીડો ફેરાયો, જે મારે અરિ રાયો રે; સવા લાખ સોનૈયા તેહને, આપું માન સવાયો રે. એ. ॥૬॥ ઇણ અવસર નૃપ સેવક માળી, કર જોડી એમ ભાખે

રે; સ્વામી એહમાં દોહિલું શું છે, તુમ પુન્યે સહુ થાશે રે. એ. ॥૭॥ કરી જુહાર ચલ્યો તે મારણ, છાની રાખી પાળી રે; આવ્યો કુમર કટકમાં ચાલી, છળ બળ જોવે માળી રે. એ. ॥૮॥ અગડ ઈસી છે કુમર નૃપતિને, જો હું વાટે ચાલું રે; વિચે ગામે જિનગૃહ પૂજીને, મુખમાં પાણી ઘાલું રે. એ. ॥૯॥ વાટે આવ્યું દેવળ જિનનું, ચાલ્યો પૂજન રાયો રે; ઘાતક આગળથી જઈ બેઠો, પાછળ રાજા આયો રે. એ. ॥૧૦॥ તાજાં ફુલ લઈ જિન મંદિર, આવ્યા ધરી આણંદો રે; કેસર કસ્તૂરી ઘનસારે, પૂજે કુમર નરિંદો રે. એ. ॥૧૧॥ તે માળી પાળી લેઈને, હણવા આતૂર થાયે રે; કરે ઉપાય રાયને હણવા, ઘાવ ન દીધો જાયે રે. એ. ॥૧૨॥ બ્રાહ્મણ બાંગની વાત ન જાણે, કૃપણ ન સમજે દાને રે; ગાય ગર્દભી અંધ ન જાણે, માળી ઘાવ ન જાણે રે. એ. ॥૧૩॥ થાથા મુંથા કરતો દીઠો, ઉદયન મંત્રીએ તામો રે; બોલાવ્યો માળી મંત્રીએ, ઉભો તું કિણ કામો રે?. એ. ॥૧૪॥ હાકોટયો માળી લહબહીયો, ઉદયન ઘાલી બાથો રે; ખોળી તેહને જોયો તેહવે, પાળી દીઠી હાથો રે. એ. ॥૧૫॥ યષ્ટિ મુષ્ટિએ મંત્રીએ માર્યો, બાંધ્યો અવળી બાંહે રે; મંત્રી પુછે સાચું કહે કોણ તું, હણવા આવ્યો કાહે રે. એ. ॥૧૬॥ તાહરે વૈર કે કિણહે મુકયો, બોલ મ બોલીશ આળો રે; કહે જિનહર્ષ પુરી થઈ એટલે, ચુંમોતેરમી ઢાળો રે. એ. ॥૧૭॥

॥ દુહા ॥

આરામી નામી કહે, મસ્તક બે કર જોડ;
કહે સ્વામી સુણ વિનતી, લોભે આણે ખોડ. ॥૧॥
પૂરણરાયે મુજ મોકલ્યો, કુમર હણેવા કાજ;
કુમતિ એ મુજ ઉપની, તિણે હું આવ્યો રાજ. ॥૨॥
માળી સાચું બોલીયો, બંધન છોડયાં તાસ;
દયા રાયને ઉપની, ધીગ ધીગ લોભ વિલાસ. ॥૩॥
એહને જવા દ્યો તમે, એહ ઉપર શો પ્રાણ?;
સિંહ સુભટને આહણે, કરડે નહીં પાષાણ. ॥૪॥
કરૂણા સાગર કુમર નૃપ, મુકયો માળી તેહ;
દેઈ [1]દમામા નૃપ ચડયો, સાકંભરી વીંદેહ. ॥૫॥
દૂત મોકલી રાયને, કહેવરાવ્યું કર યુદ્ધ;
જો ન કરતો તાહરો, થાશે બોલ વિરૂદ્ધ. ॥૬॥

## ॥ ઢાળ પંચોતેરમી ॥

ચંગ રણ રંગ મંગલ હુઆ–એ દેશી.

એહવા વયણ સુણી રાય સાકંભરી, કોપીયો આપણો સૈન્ય સાજે; એ કિશ્યો કુમર મુજ આગળે બાપડો, સીંહ બળવંત અણબીહ તાજે. ॥૧॥ ધૂરે દમામા રણતૂર વાજે રૂડાં, સૂરમાં ઉલ્લસે સૂર અંગે; લટકતા કટક ભેળા થયા બે દીશે, રાય પૂરણ કુમર ભિડણ જંગે. ॥૨॥ હાકતા તાકતા નાખતા બાણ ઘણ, નાચતા માચતા રણ સનૂરા; ગુરજ [2]ભૂપતી તણા ઘાવ વાહે ઘણાં, વઇરીયાં ઉપરા રોશ પૂરા. ॥૩॥

૧. દદામા * ૨. ગુરુજ ગુપતિ *

નાળ ગોળા ઉડે ધડડ ભૂંઈ ધડહડે, જોર છૂટે વછૂટે અરાબા; ધાર તરવાર ઝુંઝાર માથે પડે, વિકટ સુભટો તણાં હુઇ ખરાબા. ॥૪॥ ચંદ્ર બાણા તણી સોક વાજે ઘણી, આપણી આપણી અણીય સોહે; ટોપ બખ્તર પહેરે જાણે કાળા શીરે, કહી કહી કરતા મહેર નહી માંહે૦ ॥૫॥ સુભટ હાથા તણા ઘાવ લાગે ઘણાં, ઘાવ કે ઠામ રૂધિર ધાર છૂટે; અમલ [1]રાઉ મના ઘૂમતા ઘાવ લે, લુંબતા ઝુઝતા પડીય ખૂટે. ॥૬॥ રાય કુમરેસ પગ સેસ સિર રોપીયો, ભાંગવા નીમ મન માંહી ધરીયો; કટક વૈરી તણો દેખી બિહામણો, રાય પૂરણ સબળ કોપ ભરીયો. ॥૭॥ આફળે ફાફળે દળ બિહું સંમિલે, જોધ ક્રોધે ભર્યા જોર ઝૂઝે; ભાટ ભડ ઉછળે લોહ ખાંડા તણી, થાય અંધાર રજ રવિ ન સુજે. ॥૮॥ રાય પૂરણ તણો સુભટ અર્જુન તણો, તીર મૂકે ન ચૂકે કિવારે; આણ રાજા તણી ભાંગવા મુજ ભણી, ઇમ કહી ધાય અરિ સીસ મારે. ॥૯॥ વઢે વીરમ ગજા શત્રુને દે સજા, ભીમ જાણે ભુજા દંડ બળીયા; વહે તરવાર તિંહા ધાર લોહી વહે, રાય પૂરણ ભટા માણ મળીયા. ॥૧૦॥ વડ વડા વીર રણધીર વિજા સમા, પ્રાણહી છોડે ઝુઝે ઝબંકે; ધાય પડીયા લડે [2]ભટભડ લડથડે, કટકટા જોર થઈ બિહું કટકે. ॥૧૧॥ ઇસરો આવીયો માંહે ઝંપાવીયો, દેહ લાધી તણો લાભ ગણતો; શત્રુ દળ ચૂરતો રણ અરિ ઉરતો, રાય કુમરેસની [3]જીત ભણતો. ॥૧૨॥ આપણા સ્વામીને કામ ઝૂંઝે સુભટ, ઝુંઝતા

૧. આરોગતઃ * ૨. કેઈ ભડ * ૫. જય ભણુંતો *

કેઈ રણ માંહિ રહીયા; સુભટ કેઇ ઉસસે કેઈ પડિયા ધસે, જોગણી પત્ર નદી રૂધિર વહીયા. ॥૧૩॥ ક્ષત્રીયા હાસ ઉલ્લાસ અંગે વધે, કાયરા બૈયરીને સંભારી; નાસતાં ત્રાસતાં ભૂમિ ભારણ પડી, હૈ હૈ જીવશે કેમ નારી. ॥૧૪॥ કેઈ નાસી ગયા કેઈ રણમાં રહ્યા, રાય પૂરણ તણો કટક મૂડયો; રાય હલકારીયાં વીર પુકારીયા, વળીય પૂરણ તણો કટક ભીડયો. ॥૧૫॥ દેખી બળ થરહરે ચિત્ત ચિંતા કરે, જીતવા કરૂંય ઉપાય કોઈ; ઢાળ પંચોતેરમી થઇ એ સહી, કહે જિનહર્ષ સુણજો સહુ કોઇ. ॥૧૬॥

॥ દુહા ॥

બુદ્ધિ ઈસી કાંઇ કેળવું, જેમ નૃપ નાસી જાય;
બળથી છળ અધિકો કહ્યો, છળથી સિદ્ધિ થાય. ॥૧॥

ધન સોવન લેઈ કરી, પૂરણ કપટ કરેહ;
કુમર તણાં સુભટ ભણી, છાનાં આપે તેહ. ॥૨॥

સુભટે ધન લીધું સહુ, ન કર્યો કાંઈ વિચાર;
ધન લેઇ વયરી તણો, વિહ્વીયે ઘણીવાર. ॥૩॥

કુમરનરેશ્વર ચિંતવે, એ શો થયો વિચાર;
મુજથી સૈન્ય સહુ ફર્યો, ફિકર થઇ તેણીવાર. ॥૪॥

નૃપ ચિંતાતુર દેખીને, કહે શામળ [1]મહંત;
ચિંતાતુર કાયર હુવે, સૂરા કાંઇ ન ચિંત. ॥૫॥

## ॥ ઢાળ છોંતેરમી ॥

સ્વામી સીમંધરા વિનંતિ—એ દેશી.

સુભટે બળ બંધાવીયો, કહે કહે એહવા બોલો

૧. સામંત *

રે; અરિ દળ દળશ્યું જૂજૂઆ, તુમ પુણ્યે રંગ રોળો રે. સુ. ॥૧॥ અમે થોડા વયરી ઘણા, કાયર એમ ચિંતેયો રે; એક સૂરજ ઉગ્યા થકાં, તારા કોડ છિપેયો રે. સુ. ॥૨॥ સૂર સુભટ પાંચ જ ભલા, કાયર સો પચાસો રે; વે પંચાહી આગળે, કાયર જાઈ નાસો રે. સુ. ॥૩॥ ॥ યતઃ ॥ સીંહ ન જોવે ચંદ્ર બળ, નવી જોવે ધન રૂદ્ધિ; એકલ્લો સહસાં ભિડે, જિંહા સાહસ તિંહા સિદ્ધિ ॥૧॥ વાજાં વાજે જન મિલો, મિલો તો રાણો રાણ; મુજ દીઠે જો ડગ ભરે, તો જણણી જાયો અપ્રમાણ. ॥૨॥ સીંહ કહે હું વન વસું, મો મુંછા પરમાણ; અવરા ભગ્ગાં હું ધણી, મુજ ભગ્ગાં નહીં ઠાણ ॥૩॥ ઢાળ પૂર્વની ॥ સીંહ તણાં ગુણ લીજીયે, ધરીયે અંગ મઝારોરે; સીંહ સુભટ દળ દેખીને, બિહે નહીં લગારો રે. સુ. ॥૪॥ દેખી નિર્મળ ચંદલો, વાધે સાયર નીરો રે; સબળ સૈન્ય તવ દેખતાં, બળ વાધે બહુ વીરો રે. સુ. ॥૫॥ કાયર નર તે કમકમે, દેખી પડયા ગજ ગાહા રે; ઢોલ દદામાં વાજતાં, સૂરા હોઈ ઉછાહાં રે. સુ. ॥૬॥ ॥ યતઃ ॥ રણ વાગે સરણાઇયાં, પાખરીયા કેકાંણ; સૂરા ઘરે વધામણાં, કાયર પડે પરાણ. ॥૧॥ દેખંતા ડૂંગર જિશ્યાં, કામે કાયર થાય; પડે ઉગમણી બુંબડી, તો આથમણો જાય. ॥૨॥ પ્રીતમ પ્રાણી આપણો, રાખી શકે તો રાખ; પેંકિણ પાણી ઉતરે, વળતો ચઢે ન લાખ. ॥૩॥ ઢાળ પૂર્વની. ॥ [1]સામળ કહે

---

૧ સામંત *

સુણ રાજવી, [1]ધરે સાસ આણંદારે; તાહરો જશ છે ઉજળો, મ કર મ કર તું મંદો રે. સુ. ॥૭॥ ગાજે સીંહ તણી પરે, હૈયો કરો નિજ હાથો રે; આપણને નહીં ભાંજીયો, રાજ દીયો જગનાથો રે. સુ. ॥૮॥ ॥યતઃ॥ કુમારપાળ મમ ચિંત કર, ચિંત્યું કિંપિ ન હોય; જેણે રાજ સમપ્પીયો, ચિંતા કરશે સોય. ॥૧॥ ઢાળ પૂર્વની ॥ અગ્નિ અને ઘૃતશ્યું મિલ્યો, તીક્ષ્ણ ખડગ વિષ ધારો રે; કુમર અને વાકારીયો, વાધ્યો બળ તિણ વારો રે. સુ. ॥૯॥ સુરા તણે અંગે ચડયો, પંચાનન આવાજો રે; સામ અરિ સેના દીસે, હલકાર્યો ગજરાજો રે. સુ. ॥૧૦॥ પૂરણ દીઠો આવતો, કુમર નરેસર જામો રે; મરણ થકી નૃપ બીહતો, પાછો ખસીયો તામો રે. સુ. ॥૧૧॥ જોવે કુમર ચિંહુ દીશે, દીસે નહીં અરિરાયો રે; સંધ્યાકાળ થયો ઇશે, પડિકમણું તિંહા થાયો રે. સુ. ॥૧૨॥ મન વચ કાયા થીર કરી, પરિહરી ચાર કષાયો રે; પડિકમણું રાજા કરે, પુરણ પામ્યો દાયો રે. સુ. ॥૧૩॥ કુમર કટક સામો ધર્યો, માંડયો સબળ સંગ્રામો રે; સોર કરે રણમાં ફરે, કુમર કટક સુંડયો તામો રે. સુ. ॥૧૪॥ દળ સબળ પણ શું કરે, માંહે નહીં ભૂપાળો રે; કહે જિનહર્ષ પૂરી થઇ; છોંતેરમી એ ઢાળો રે. સુ. ॥૧૫॥ સર્વગાથા ૧૬૭૨.

॥ દુહા ॥ સોરઠ

સુભટ હરાવ્યા માહરા, કટક કર્યો હેરાન;
સ્થિર રહ્યો મૂરતિ પરે, પણ નવિ મુકયો ધ્યાન. ॥૧॥

૧. ધરી સાહસ આણંદો રે *

નથી એ દીપ અંધેર, અગ્નિ કનક મળ કેમ રહે;
પવન ડીગે નહીં મેર, કુમર ચળે કેમ વ્રત થકી. ॥૨॥

નિજ મન રાખ્યું ઠામ, લીધો વ્રત[૧] મુકવો નહીં;
પડિકમણાનાં કામ, કરી ઉઠયો યુદ્ધ કારણે. ॥૩॥

હું આવ્યો કુમરેશ, તાહરૂં દળ દળવા ભણી;
કરિ મેલ્યો દરવેશ, ઉભો રહેજે પૂરણા. ॥૪॥

આવ્યું મરણ અકાળ, અડીયો કુમર નરેશશું;
ભય નાણ્યો ભૂપાળ, સૂતો સીંહ જગાડીયો. ॥૫॥

પહેલો મુજને ઘાવ, કર તું પૂરણ ઉરણા;
પાછળ મારો દાવ, શિર છેદું કે બાંધી લ્યું. ॥૬॥

## ॥ ઢાળ સત્યોતેરમી ॥

સોરઠી રાગ—હવે શક્ર સુઘોષા વજાવે—એ દેશી.

બાંધુ કે તુજ શિર છેદું, એકલો તુજ સેના ભેદું; માહરે તાહરે છે દાવો, તો કેમ સુભટ મરાવો. ? ॥૧॥ તુજ મરણ સહી હવે આયો, તેં સૂતો સીંહ જગાયો; દીઠો નૃપ કાળ કૃતાંત, પૂરણે જાણ્યું કરે અંત. ॥૨॥ સેનાની સબળો સાદ, આવી કીધો સીંહ નાદ; તે નાદ સુણી રાય નાઠો, રાય કુમર ચિંતે થયો માઠો. ॥૩॥ નૃપ બુદ્ધિ ધરી નિજ હૈયે, ગજ કાન ભર્યા ઉત્તરીએ; બાપુકાર્યો થાપોટયો, દળ ભંજન કહી કહી પોઢયો. ॥૪॥ તવ હાથી થયો હુંશીયાર, મારંતો સૂંઢ પ્રહાર; વળીયો બળીયો ગજરાજ, આવ્યો જિંહા પૂરણ રાજ. ॥૫॥ ભૂપતિ ભૂપતિ બે મળીયા, પ્રાણ પૂરણનાં ખળભળીયા,

૧. મૂકે *

ગજ ઉપરથી [1]ઉદકંત, સિર પર પડીયો દૂરદંત. ॥૬॥ પૂરણ ગ્રહ્યો કુમર અબીહ, જેમ નિર્બળ હરણને સીંહ; પીંજરમાં બાંધી ઘાલીયો, પાટણ ભણી લેઈ ચાલીયો. ॥૭॥ ત્રણ લાખ હુતા અસવાર, પાંચસે ગય વર સિરદાર; દસ લાખ પાયક દીવાણ, તે કુમરે કર્યા બંધીવાન. ॥૮॥ બાંધ્યો નૃપ અવળી બાંહે, ગુજ્જર સીમા અવગાહે, વેગે આવ્યા પાટણ માંહે, બેઠો નૃપ તખત ઉછાંહે. ॥૯॥ રાય કુમર નરેશ પ્રચારે, લાજ્યો પૂરણ દરબારે; બહુ ક્રોધ ચડયો મન માંહે, કરૂં શું મુજ રાખ્યો સાંહે. ॥૧૦॥ ક્રોધાગ્નિ માંહે તપાવે, મન માંહી બહુ દુઃખ પાવે; પણ દાવ ચલે નહીં કોઇ, ઝૂરે એમ પીંજર હોઈ. ॥૧૧॥ પરવશ દુઃખ વેઠે પ્રાણી, જાણે નરક તણી નિશાની; પણ ન પડે તે કાંઈ લેખે, સુર ભુવન મુક્તિ નવિ દેખે. ॥૧૨॥ પરવશ દુઃખ ખમે અપાર, ઉંટ પોઠી સહે બહુ ભાર; ભૂખ તૃષા સહે ટાઢ તાપ, પણ [2]ક્ષણ ન હુવે તસ પાપ. ॥૧૩॥ પરવશ એમ માણસ પંખી, ભોગવે દુઃખ તેહ અસંખી; મન પાખે કષ્ટ કરીજે, તેહથી શુભ ફળ ન લહીજે. ॥૧૪॥ પરવશ વધ બંધન સહીયે, પરવશ કાયા દુઃખ સહીયે; સઇવસે થોડો ધર્મ, કીજે તો ત્રૂટે કર્મ. ॥૧૫॥ પૂરણ નૃપ પરવશ પડીયો, પોતાના કર્મે નડીયો; ચાલે નહીં કોઇ પ્રાણ, સહે વચન કુમારના બાણ. ॥૧૬॥ બોલાવ્યો પણ નવિ બોલે, હીયડાંની

૧ ઉછલંત * ૨ ક્ષીણ *

ગાંઠ ન ખોલે; અતિ મતિ બુદ્ધિ પરાક્રમ બળીયા, પંચાનન પણ સાંકળીયા. ॥૧૭॥ અજ્ઞાને કર્મ ઉપાવે, તેહનાં ફળ તતક્ષણ પાવે; ઢાળ સત્તોતેરમી ગાઇ, જિનહર્ષ ઇસી બની આઈ. ॥૧૮॥

॥ દુહા ॥

જીભ પૂંઠેથી કાઢવી, એ પાપીની ભ્રાત;
ફરી બોલે નહીં એહવું, બ્હેને કહી એ વાત. ॥૧॥

કહે રાજા સુણ બેનડી, એહવો ન કર અન્યાય;
જીભ ધણીની કાઢતાં, અપજસ જગમાં થાય. ॥૨॥

રોષ દીર્ઘ ન રાખીયે, કીજે કામ વિચાર;
સુણ સુકુલીણી બેનડી, ભૂંડા તોયે ભરતાર. ॥૩॥

ઘણું અમુલક જે હુતો, ગાયે ગળ્યું રતન;
પેટ વિદારે કો નહી, કીજે તાસ જતન. ॥૪॥

ઉત્તમ તે ઉત્તમ હુવે, મધ્યમ કદી ન હોય;
અન્યાયી તોહી આપણો, નિજ કુળ સામું જોય. ॥૫॥

## ॥ ઢાળ અઠયોતેરમી ॥

પરણી રાજકુમારી સોવન તન શણગારી...એ દેશી.

એમ કહી રોશ ઉતાર્યો, વીર વચન ચિત્ત ધાર્યો; ઉત્તમ જે કુલવંત, મુકે રોશ તુરંત. ॥૧॥ મેં કહ્યું વચન જે ભાઈ, તે કિમ નિષ્ફલ થાઇ ?; કાંઈક કરો સહીનાણી, એહનું ઉતારો પાણી. ॥૨॥ ડગલા પુંઠે આકાર, જીભ તણો કીધો તૈયાર; જાણે પતી જીભ કાઢી, હરખી બેનડી ગાઢી. ॥૩॥ પૂરણને રાજ દેઇ, પ્રીતિ માંહો માંહે કરેઈ; પાયે લાગીને ચડીયો, નિજ નગરી દીશે ખડીયો. ॥૪॥ કુશલે

નૃપ ઘરે આયો, પુર જન મળી વધાયો; રાયે નિવારીયો આપ, દેશ સકલ માંહી પાપ. ॥૫॥ શ્રી જિનની વહી આણ, સાધુ નમી તજી માન; શ્રી જિન ધર્મ આરાધી, તિન વર્ગ નિત સાધી. ॥૬॥ ધન ધન કુમર નરેશ, દયા પળાવી [1]દેશ દેશ; સામાયિક વ્રત પાળ્યો, પણ તે માંહે ન ચળ્યો. ॥૭॥ ચિંતવી સામાયિક ચાર, સમકિત ને શ્રુત સાર; દેશવિરતી સર્વ વિરતી, સુગતિ તણી વાટ નિરતી. ॥૮॥ ત્રણ સામાયિક ધારી, પાતક આવંતા વારી; હિયડો સમકિત વિંધ્યો, પૂરણ નૃપ ખુવાર કીધો. ॥૯॥ શ્રુત સામાયિક ખાસ, ગુણ બત્રીશ પ્રકાશ; ગુરૂ કૃત શાસ્ત્ર લખાવે, અક્ષર કનક દીપાવે. ॥૧૦॥ દેશ વિરતી ત્રીજું નામ, સામાયિક શ્રુત કામ; બારહ વ્રત ધરે અંગે, આણ વહે જિન રંગે. ॥૧૧॥ કારણ પડીયાં ન ચૂકે, રણ પડિકમણું ન મૂકે; નિતી પ્રતિ તીન સામાઈ, રાજા કરે સદાઈ. ॥૧૨॥ નવમું વ્રત ઈમ પાળે, દસમું હવે એ સંભાળે; દેશાવગાસિક કહીયે, જેહથી શુભ ફળ લહીયે. ॥૧૩॥ પાળે રાય પવિત્ર, પાંચ અતિચાર તત્ર; [2]નિમિ ભૂઈ નિજ જેહ, વસ્તુ અણાવે ન તેહ. ॥૧૪॥ મોકલે પણ નહીં ઈહાંથી, રૂપ દેખાડે ન કીહાંથી; સાદ કરે નાખી કંકર, થાયે છતો ઈમ જે નર. ॥૧૫॥ તે પડે ભવ-દુઃખ માંહિ, વ્રત ભંગ કરે સંવાહી; દશમું વ્રત શુદ્ધ પાળે, તેહનાં દોષ સહુ ટાળે. ॥૧૬॥ કારણે પણ નવિ ચળીયો, તો દશમો વ્રત ફળીયો; તે

૧ દેશ વિદેશ* ૨ નીસી ભૂઈ*

સુણજ્યો અધિકાર, સફળ હોશે અવતાર. ॥૧૭॥ અગડ ઇશી ગુરૂ પાસે, લીધી અધિક ઉલ્લાસે; કટક ન કરૂં ચોમાસે, કુમર નૃપતિ એમ ભાસે. ॥૧૮॥ ઉત્પત્તિ બહુ જીવ કેરી, વરષા રૂતે અધિકેરી; અઠયોતેરમી એ ઢાળ, કહી જિનહર્ષ રસાળ. ॥૧૯॥ સર્વગાથા ૧૭૨૦

॥ દુહા ॥

ચોમાસે ન કરે કટક, કુમારપાળ રાજન;
વાત ગઈ પરદેશમાં, આવ્યો ગિજની ખાન. ॥૧॥
સબળ સૈન્ય લેઇ મુગલ, આતસબાજી સાથ;
આવ્યો તેહ ઉતાવળો, પાટણ ઘાલી બાથ. ॥૨॥
મુગલ આવ્યા જાણ્યાં જિસે, રાય હુકમ તતકાળ;
દરવાજા [1]તાજા જડયાં; ચિંતાતૂર ભૂપાળ, ॥૩॥
મહાજન લોક ચિંતા કરે, ચિંતા કરે સહુ લોક;
આવી ઇહાં ઇમહી વશ્યાં, પાટણ માંહે ફોક. ॥૪॥
એક કહે પૂર છંડીયે, કીહાં જઇયે કહે એક;
એક કહે રાજા નિઃસત્ત, માંહે નહી વિવેક. ॥૫॥
એક કહે મોટી મુગલ, લેશે જોરે રાજ;
એક કહે નૃપ નાસશે, છાનો છળ કરી આજ. ॥૬॥

## ॥ ઢાળ ઓગણ્યાશીમી ॥

અજિત જિણંદશું પ્રીતડી—એ દેશી.

એક કહે ક્ષત્રી ભણી, નીસરતાં હો નહી કાંઈ લાજ કે; આગે વાસણ નૃપ થયો, રણમાંથી હો તેહ ગયો ભાંજ કે. એક૦ ॥૧॥ પંથી પૂછે તેહને, કાંઇ

૧ (તાળાં)

રાવત હો તું નાઠો જાય કે; દાઢીની શરમ નહી રહે, ક્ષત્રીયનો હો [૧]પુણ્ ઉથાય કે. એક૦ ॥૨॥ હવે કેટલોઇક જીવશો, આખર તો મરવું છે રાય કે; સાહમે ઘાયે ઝૂઝીયે, જો મરીયે હો તોહીજ જસ થાય કે. એ૦ ॥૩॥ વાસણ કહે સહુ સુણજો તમે, નાસંતા હો નહીં કાંઈ ખોડ કે; નાસી પ્રાણ ઉગારીયે, નવી મરીયે હો કોઇની કરી હોડ કે. એક૦ ॥૪॥ દાઢી એહ મોટી થઇ, કાળી ટળી હો એ ધોળી થાય કે; નર નારી સહુ સાંભળો, નાઠાનો હો છે એહ પસાય કે. એ૦ ॥૫॥ લોક મળી સહુ એમ કહે, ઇંધણ જળ હો ન મળે પુર માંહિ કે; શોકાતુર સહુ કો થયા, વિનવીયો થહો રાજાને જાય કે. એ૦ ॥૬॥ કહે નૃપ સુણો પ્રજા સહુ, મેં લીધો હો વઢવાનો નીમ કે; લીધું વ્રત કેમ મૂકીયે, મત બોલો હો ચોમાસા સીમ કે. એ૦ ॥૭॥ ઇશ્યો વચન નૃપતિ કહ્યો, ચિંતાતુર હો મહાજન થયું તામ કે; ઉદયનને જઇ વિનવ્યો, શું કરવું હો આપણે હવે કામ કે.? એ૦ ॥૮॥ ઉદયન કહે નિશ્ચલ રહો, મન માંહે હો કાંઇ ન કરો ચિંત કે; રાજ દીયો પાટણ તણો, તે કરશે હો ચિંતા એકંત કે. એ૦ ॥૯॥ [૨]એમ કહી મંત્રી ચલ્યો, મનમાંહી હો ધરતો ઉલ્લાસ કે; હેમાચારજને જઇ, વિધિ વાંદ્યા હો બેઠા ગુરૂ પાસ કે. એ૦ ॥૧૦॥ કર જોડી ઉદયન કહે, સ્વામી કીજે હો હવે કાંઈ ઉપાય કે; મોગલે પાટણ વિંટીયો, ચોમાસે હો રણ ન કરે રાય કે. એ૦ ॥૧૧॥ લોક થયાં સહુ આકળા,

૧ ઉણિમ થાય કે * ૨ એહવું *

તે માટે હો કરો કૃપા કૃપાળ કે; લાજ સહુ છે તુમ ભણી, તમે કીધા હો એહને ભૂપાળ કે. એ૦ ॥૧૨॥ હાથ ગ્રહ્યાની લાજ છે, મોટાને હો સાંભળ મુનિરાય કે; તુમ સરીખા ગુરૂજી છતાં, જાય પાટણ હો નૃપ હીણો થાય કે. એક૦ ॥૧૩॥ [1]હેમ સુણી હીત આણીયો, રાય ઉપર હો જેહને બહુ પ્રેમ કે; જિન-શાસન શોભા વધે, દેવીને હો આરાધી હેમ કે. એ૦ ॥૧૪॥ આવી તુરત ચક્કેસરી, પાય લાગી હો કહે તેડી કેમ કે ?; સુગુરૂ કહે દેવી સુણો, પાટણમાં હો વરતાવો ખેમ કે. એ૦ ॥૧૫॥ યુદ્ધ અગડ છે રાયને, ગીજનીને હો રજની નૃપ પાસ કે; આણી મુકો એકલો, દેવી ગઈ હો નિશી ડેરે [2]તામ કે. એ૦ ॥૧૬॥ નિંદ્રા માંહે ઢોલીયો, ઉપાડી હો મુકયો નૃપ પાસ કે; પ્રહ ઉગ્યે જાગ્યો જિશે, નવિ દેખે હો દળ દાસી દાસ કે. એ૦ ॥૧૭॥ મુગલ હૈયામાં ચિંતવે, હિંદુકા હો એ તો પરિવાર કે; કહે જિનહર્ષ પૂરી થઇ, ઓગણ્યાસી હો એ ઢાળ વિચાર કે. એ૦ ॥૧૮॥ સર્વગાથા ૧૭૪૪

॥ દુહા ॥

વડા વખતકા ભૂપ એહ, ઇનકી કિસી વાત;
પીર ફીરસ્તા કોઈ હઇ, કિસહીં લખ્યા ન જાત. ॥૧॥
ચશમ વાત દેખી અજબ, આયા મેં કીસ ઠોર;
મેં [3]ચિંતા થા ઔર કુછ, સાંઇ ચિત્યા ઔર. ॥૨॥
જાણ ન પાઉંગા અબે, હીયે કબજ કીયાહ;
મુજકું છોડગા નહી, ઇણ મુજ પકરી લિયાહ. ॥૩॥

---

૧ હેમસૂરિ * ૨ તાસ કે * ૩ મૈં ચિંત્યા *

કયા કહીએ કહતે કછુ, બનત નહીં હઇ બાત;
અબ વૈરીકે વશ[૧] હુઓ, કરે જીવકી ઘાત. ॥૪॥
હિંદુ પકરૂં લ્યું શહેર, ચિંતવી આયા ચલ્લ;
મનકી મનહીમેં રહી, જ્યું ગુંગાકી ગલ્લ. ॥૫॥

## ॥ ઢાળ એંશીમી ॥

ભરતનૃપ ભાવશું એ–દેશી.

ખાન ઇશું ચિંતવે એ, તવ કહે રાય કુમાર; ચિંતા મ કર મુગલ મને એ, હૈડું કરે હુશીયાર. ॥૧॥ તે ન હુવે ચૌલુકવંશી એ, બાંધ્યા મારે જેહ; શસ્ત્ર ગ્રહી સામો હુવે એ, સુભટ હણેવા તેહ. ॥૨॥ વિશ્વાસી જો મારીએ એ, તો ક્ષત્રી ન કહાય; તે ભણી તુજ મારૂં નહીએ, ઇણ અવસર કહે રાય. ॥૩॥ ઇશાં વચન નરવર તણાંએ, સાંભળીયા સુલતાન; તવ મન માંહી ખુશી હુઓ એ, મુકયો આરત ધ્યાન. ॥૪॥ હું આવ્યો ચડી ઉપરે એ, કરવા ઇણશું ઝુઝ; મોટો હિંદુ ગઢપતી એ, હરમત રાખી મુજ. ॥૫॥ કુમારપાલ સુણ મુગલ કહે એ, ભાઇ કહું કે મિત્ર?; મુકયો મુજને જીવતો એ, હાથે આવ્યો શત્રુ. ॥૬॥ માંહો માંહે મૈત્રી થઇ એ, ગીજનીખાન નરેશ; કટક લઇ પાછો વળ્યો એ, આવ્યો આપણે દેશ. ॥૭॥ ઇમ દશમું વ્રત પાળીયું એ, ભાંગ્યું નહીય નરેશ; અગ્યારમું વ્રત આદરે એ, આણી ભાવ વિશેષ. ॥૮॥ પર્વ તિથે પોસહ કરે એ, પચખી ચાર આહાર; રાઇપડિકમણું કરીએ, દિન નિદ્રા પરિહાર.

[૧] પડયો *

॥૯॥ મૌન વ્રતી કારણ પડે એ, ગુરૂશું બોલે રાય; ચારે વિકથા પરિહરે એ, પાંચ પ્રકાર સજ્ઝાય. ॥૧૦॥ પંચાતિચાર પરિહરે એ, સંથારાને ઠામ; સ્થંડિલ ને વળી માતરૂં એ, કરે શુદ્ધ મન વિશ્રામ. ॥૧૧॥ પડિલેહી જયણા કરીએ, પરઠવે વિધિ સુજાણ; અણુજાણહ જસુગહો કહે એ, પાળે જિનવર આણ. ॥૧૨॥ ત્રણ વાર વોસિરે કહે એ, કાળે વાંદે દેવ; [1]સચિત્તનો સંઘટ્ટ નવિ કરીએ, પડિકમણાની ટેવ. ॥૧૩॥ સંથારા પોરસી ભણે એ, પડિકમણું કરે સાર; પડિલેહી ઉપગરણ સહુ એ, પારે વિધિ વ્યવહાર. ॥૧૪॥ ઘરે સાહમીશું સંચરે એ, પૂજી શ્રી જિનરાય; કરે નરેશ્વર પારણું એ, ઉત્તમનો એ ન્યાય. ॥૧૫॥ વ્રત પાળે હવે બારમું એ, આપે મુનિને દાન; પાત્ર પોષી ભોજન કરે એ, રાખે ચોખું ધ્યાન. ॥૧૬॥ ભોજનનાં દ્રવ્ય જેટલા એ, લે મુનિવર નિરાગ; પોતે પણ લીયે તેટલાંએ, પાળે અતિથિ સંવિભાગ. ॥૧૭॥ ઉત્તમ સાધુ ને સાધ્વીએ, શ્રાવક શ્રાવિકા સોય; સંઘ ચતુર્વિધ પોષતાએ, તીર્થંકર પદ હોય. ॥૧૮॥ ધર્મ ઠામ જોઇ કરી એ, આપે દાન નરિંદ; ઢાળ એંશીમી એ થઇએ, કહી જિનહર્ષ મુણિંદ. ॥૧૯॥

॥ દુહા ॥

કુમર નરેસર એક દિન, આવ્યો વંદન કાજ;
દીઠા ખાસર ઓઢીયો, હેમસૂરિ ગચ્છરાજ. ॥૧॥
વિનય સહિત નૃપ બોલીયો, સાંભળ શ્રી ગુરૂરાય;
ખાસર ઓઢયું દેખીને, લાજું છું મનમાંય. ॥૨॥

૧ સંઘટ્ટ ન કરે સચિત્તનો *

હેમસૂરીશ્વર એમ કહે, હું ગૌચરીએ આજ;
ગયો એક દુર્બળ ઘરે, વાંઘા ધરી બહુ લાજ. ॥૩॥

કર જોડી મુજને કહે, પૂજ્ય પધારો આમ;
વહોરો ખાસર સુઝતો, રાખો માહરી મામ. ॥૪॥

મુનિવરને મમતા નથી, શું ખાસર શું ચીર;
ભાવે આપે તે ભલું, ભાવે રાબ સો ખીર. ॥૫॥

તેહનો હરખ વધારવા, વહોર્યો ખાસર એહ;
અછતેહી વિક્રમ નરપતિ, ધન ધન શ્રાવક તેહ. ॥૬॥

## ॥ ઢાળ ઇકયાશીમી ॥

અથ ચૌપાઇઃ રઘુપતિ રાઘવ રાજા રામ—એ દેશી.

સુણ રાજેશ્વર તુજને કહું, જે નર પામ્યા લક્ષ્મી બહુ; સમજ્યા શાસ્ત્ર તણાં સવિ મર્મ, જાણ્યાં જેણે ધર્મ અધર્મ. ॥૧॥ જે નર લક્ષ્મી વ્યય નવી કરે, ધર્મ ઠામ ધન નવી વાપરે; તે શું સમજ્યાં શ્રાવક ધર્મ, ઇમિહી ફોગટ પડીયા ભર્મ. ॥૨॥ આજ તમે શાસન શણગાર, ન કરો સાહમીની કંઈ સાર, ખાસર દેખી લાજ્યા આજ, તો મુજ વચન માનો મહારાજ. ॥૩॥ જે નિર્ધન ઘર શ્રાવક તણાં, તેહને ઘર થાપો ધન ઘણાં; તુમ સરખા જિન શાસન થંભ, સાહમી નિર્ધન એહ અચંભ. ॥૪॥ સાંભળી હેમ તણો ઉપદેશ, લાજ્યો મનમાં કુમર નરેશ; ચરણે લાગ્યો ધરી ઉત્સાહ, ચૂક પડી તુજ સેવક માંહ. ॥૫॥ એમ કહીને કુમારપાળ, વાંદીને ઉઠયો તતકાળ; આવી નિજ ઘર ધન આપીયા, નિર્ધન શ્રાવક દુઃખ

કાપીયા. ॥૬॥ તમે મારા સાહમી સિરદાર, લ્યો લક્ષ્મી ને કરો વ્યાપાર; ગુરૂ વચને કીધો ઉપગાર, સાહમીને આપ્યો આધાર. ॥૭॥ સોવન ટંકા બહોતેર લાખ, શ્રાવક દંડ તજ્યો ગુરૂ સાખ; શ્રી જિન ભક્તિ કરે બહુ પરે, સાહમીવત્સલ નિત્ય પ્રતિ કરે. ॥૮॥ સાતે ક્ષેત્રે વિત્ત વાપરે, ઈણી પરે લક્ષ્મી સફળી કરે; અતીચાર એ વ્રતનાં-પંચટાળોપાળો રૂડોસંચ. ॥૯॥ અણુદેવાની બુદ્ધિ વિચાર, અસુઝતો કીધો આહાર; અસુઝતો હુંતો જે અન્ન, કહે સૂજતો આપે શુભ મન્ન. ॥૧૦॥ વસ્તુ પોતાની હુતી સહી, કૃપણપણે તે [1]પોતાની કહી; પરની ફેડી કહી આપણી, આપે ભાવ ચડયો મુનિ ભણી. ॥૧૧॥ મુનિવર વહોરણ વેળા ટળી, આવી તેડણ તે અટકળી; એહવા ચરિત્ર કરે દાતાર, તેહ ભમે સંસાર અપાર. ॥૧૨॥ હાસમી સાધુ સીદાતો ભાળ, ન કરે તેહની સાર સંભાળ; તેહની લક્ષ્મી કહી અસાર, ન કરે ધર્માધર્મ વિચાર. ॥૧૩॥ દીનોદ્ધાર જેણે નવિ કર્યાં, ઉંડા ધન ધરણીમાં ધર્યાં; તે નર જાશે દૂર્ગતિ મઝાર, ભવભવ દીનદુઃખી ચિત્ત ધાર. ॥૧૪॥ ઈણી પરે વ્રત બારહ આદર્યાં, અતિચાર તેહનાં પરિહર્યાં; સમકિત શુદ્ધ ગુરૂ મુખે ઉચ્ચર્યાં, સફળ કાર્ય પોતાનાં કર્યાં ॥૧૫॥ ભાવે હેમસૂરીશ્વરતણી કીધી ભક્તિ નૃપ અતિ ઘણી; સંઘ ભક્તિ કીધી મન રંગ, ખરચ્યા દ્રવ્ય ઘણે ઉછરંગ. ॥૧૬॥ દીપાવ્યું જિનશાસન ઘણું, મંદ થયું શિવ શાસન તણું; ચૌલુકવંશે કુમર નરિંદ, રાજરૂષિ નામ ધરાવે ચંદ.

૧ પરની *

॥૧૭॥ થયો જૈનધર્મ શણગાર, ધર્મીલોક તણો આધાર; ઇકયાશીમી ઢાળ સુજાણ, કહે જિનહર્ષ થયાં કલ્યાણ. ॥૧૮॥

॥ દુહા ॥

કુમર નરિંદ ઇશ્યું કહે, જૈન ધર્મ જગ સાર;
તેહની જે નિંદા કરે, તે તજીયે પરિવાર. ॥૧॥
તજીયે માતા જેહને, જૈન ધર્મશું વૈર;
જૈન ધર્મ રૂચી નહીં, તે પણ તજીયે [1]વૈર. ॥૨॥
દૂષણ બોલે ધર્મનાં, તજીયે [2]તાત તુરત;
બંધવ તજીયે વેગળો, જે જિન ધર્મ વિરત્ત. ॥૩॥
માયજણી તજીયે બહેન, જિન ગુણ ન [3]ગમે જાસ;
તજીયે સુત પોતાતણો, નહિં જિનધર્મ અભ્યાસ. ॥૪॥
શ્રાવક દેખી ઉલ્લસે, શ્રાવક સંગત ખાસ;
શ્રાવકશું મૈત્રી ભલી, વર શ્રાવક ઘર દાસ. ॥૫॥
કુમર કીયા શ્રાવક સહુ, શ્રાવકશું બહુ પ્રેમ;
શ્રાવક ભક્તિ કરે ઘણી, નમે નિરંતર હેમ. ॥૬॥

## ॥ ઢાળ બ્યાસીમી ॥

ભણે દેવકી કેણીં ભોલવ્યો એ–દેશી.

સોરઠ દેશ સોહામણો, જિંહા તીરથ તીરથ જૈન મહંત રાજિંદા; સમર નરિંદ તિંહા ભોમીયો, મહાબળીયો અતિ મહા દૂરદાંત. રા૦ સો૦ ॥૧॥ સમરે હણ્યો છાનો બોકડો, મનમાં નાણ્યો ભય જાણ્યો મુજ નહિ કોય રા૦; કંટેશ્વરી આવી કહ્યો,

૧ બેર * ૨ તાસ તુરંત * ૩ રૂચે *

એહવો છાનો રાજ ન માનો અનરથ હોય. રા૦ સો૦ ॥૨॥ આણ ન માની માહરી, બહુ ખીજ્યો ઘણું ખીજ્યો કુમર નરેશ રા.; ઉદયનને તેડી કરી, નૃપ આપે રાય રાય ઈમ ઉપદેશ. રા૦ સો૦ ॥૩॥ સોરઠ દેશ જઈ કરી, હણવો પાપી મસ્તક કાપી સમર નરિંદ રા.; મુજને દેઈ મૂકવો, સેના લેઈ મંત્રી ચલેઈ જાણી સમંદ. રા૦ સો૦ ॥૪॥ ત્રંબ નગારા ગડગડે, મદ માતા ધુમતા ગજ અસવાર રા.; પાલીતાણા જઈ કરી, ઉતર્યો તિંહા રહ્યો કટક અપાર. રા૦ સો૦ ॥૫॥ ઉદયન શત્રુંજય ચડયો, જિન દેખી પ્રભુ દેખી હરખ્યો તામ રા.; દેઈ ત્રણ પ્રદક્ષિણા, ભાવે વાંદ્યા [1]હે જઈ વાંદ્યા નિજ શિર નામી. રા૦ સો૦ ॥૬॥ લય લાગી પ્રભુ ધ્યાનશું, ચાલ્યો ઉંદર દીવો તાણી રા૦; દીઠો પૂજારી તિસે, મુકાવ્યો મેલાવ્યો મુખથી જાણી. રા૦ સો૦ ॥૭॥ મંત્રી મનમાં ચિંતવી, સબળો અનરથ મોટો અનરથ હોવત એહ. રા.; દેવાર્ચક જો નાવતો, તો ચૂકત તો મૂકત ધ્યાન સનેહ. રા૦ સો૦ ॥૮॥ જો હું ધ્યાન ન ચૂકતો, તો બળતો હો એ બળતો જિન પ્રાસાદ રા.; તો ધિગ ધિગ મુજને પડો, મેં ગમીયો નીગમીયો જનમ પ્રમાદ. રા૦ સો૦ ॥૯॥ શી લખમી તેહની લહી, જેણે ન કર્યો નવિ ઉધર્યો જિર્ણોદ્ધાર રા.; જિર્ણોદ્ધાર કરાવતાં, પુણ્ય થાયે લાભ થાયે અષ્ટ ગુણો સંસાર. રા૦ સો૦ ॥૧૦॥ [2]ચાર અગડ મંત્રી કરી, બ્રહ્મ પાળું શીલ પાળું એક આહાર રા.; શય્યા પાન ન આદરૂં, ન

---

૧ હેજે * ૨ ચ્યારે *

કરાઉં સમરાઉં જ્યાં ઉદ્ધાર. રા૦ સો૦ ॥૧૧॥ નીમ કર્યો ઉદયન ઈશિયો, નવિ કાંપે સીમ ચાંપે સમરની જાણ રા.; રણુ રણતૂર વાજે ભલા, થાએ ચંગી ઢમક્રી જાંગી ઢોલ નીશાન. રા૦ સો૦ ॥૧૨॥ સમરશું સમરાંગ જુડયો, છૂટે ગોળા તાકી ઓલા કાયર જેહ રા.; ઘાવ વહે તરવારનાં, સૂર કબાણે વાહે તાણે બાણ ભરેહ. રા૦ સો૦ ॥૧૩॥ સનમુખ ઝુઝે સૂરિમા, સામાં પાવા વાગે ઘાવાંરા ઘમસાણ. રા. ઉદયન મંત્રી ઘાયે પડયો, અરિ દળ હાર્યો માઝી માર્યો સમરો રાણ. રા૦ સો૦ ॥૧૪॥ તેડી બેટો તેહનો, રાજ્યે થાપ્યો આણ મનાઈ રા.; કુમર ભણી શીર મોકલ્યો, રાવત રાણા ફેરી આણા સોરઠ માંહી. રા૦ સો૦ ॥૧૫॥ વાંસે બાંધી ફેરીયો, સઘળો દેશે જેહ કરશે છાનું પાપ રા.; એ પરે થાશે તેહની, સહુ નીહાળ્યો રાય દેખાડયો [1]પરતાપ. રા૦ સો૦ ॥૧૬॥ જીત થઈ ઉદયન તણી, પાછો ફરીયો ઘાએ ભરીયો ચિંતાચિત્ત રા.; નીસાસા મૂકે ઘણાં, સાથી પૂછે તમને શું છે દુઃખની રીત. રા૦ સો૦ ॥૧૭॥ ઝુઝયાં રણમાં જસ લીયો, મ કરો ચિંતા બહુ ગુણવંતા મરણ વસેણ રા.; સહુને મરવું છે સહી, ઢાળ ખ્યાસી કહી ઉલાસી જિનહરષેણ. રા૦ સો૦ ॥૧૮॥

॥ દુહા ॥

ઉદયન કહે મરવા તણી, બીક નહીં મુજ કાંઈ;
પણ ખટકે છે અહનિશી, ચાર [2]સૈલ મનમાંહી. ॥૧॥

૧ નિજ પરતાપ * ૨ સાલ *

શત્રુંજય ઉદ્ધાર એ, ગિરનાર તણી વળી પાજ;
દંડનાયક અંબડ હુવે, મુજને નિર્યામણ કાજ. ॥૨॥
ઈંહા મુનિવર કોઈ નહીં, કેમ મુજ દર્શન થાય;
મુનિ આરાધન નવિ સુણે, તો કેમ સદ્‌ગતિ જાય? ॥૩॥
બાળ મરણ સંસારમાં, કીધા અનંતી વાર;
મુનિ દર્શન પામ્યો નહી, ન લહે તે ભવપાર. ॥૪॥
અંતકાળે જો પામીયે, સાધુ તણો સંયોગ;
તો ભાંગે ભવભવ તણાં, જન્મ મરણ ભય શોગ. ॥૫॥
તે કારણ ચિંતા કરૂં, ઝુરૂં હૈયા મઝાર;
ઈણ અવસર મુનિવર નહીં, ભમશું બહુ સંસાર. ॥૬॥

## ॥ ઢાળ ત્ર્યાસીમી ॥

આશાઉરી. શ્રી જગદીશ દયાળુ–એ દેશી.

વાત ઇસી ઉદયન મુખ સાંભળી રે, સુભટ કહે કર જોડ; ચિંતા મ કરો રે મંત્રીશ્વર તમે રે, સફળ હોશે મન કોડ. વા૦ ॥૧॥ પાજ બંધાયે શ્રી ગિરનારની રે, શત્રુંજય ઉદ્ધાર; દંડનાયક અંબડ આદર કરીરે, એ ત્રણ બોલ વિચાર. વા૦ ॥૨॥ બાહડદેને હાથે એ ત્રણે અછે રે, મુનિ ચાહો મંત્રીશ; જિંહા તિહાંથી ખોળી અમે આણશું રે, જાણો વીસવાવીશ. વા૦ ॥૩॥ ફરી ફરી જોયું પણ મુનિ નવિ મળ્યા રે, વંઠ પુરૂષ એક આણ; સાધુ વેશ તેહને પહેરાવીયો રે, જીર્ણ યતિ થયો જાણ. વા૦ ॥૪॥ ઇર્યા ભાષા સમિતિ સૂધી ધરે રે, આણ્યો ઉદયન પાસ; મુનિ દર્શન દીઠું મન ગહગહ્યું રે, હિયડે થયો ઉલ્લાસ. વા૦ ॥૫॥ પાયે લાગ્યો રે બે કર જોડી–

ને રે, તમે ભલે પધાર્યા સાધ; પાપ સંતાપ ગયા સહુ માહરાં રે, ભાગી ભવ આબાધ. વા૦ ॥૬॥ ધર્મ-કથા ઉદયન આગળ કહી રે, મંત્રી આલોવે પાપ; લાખ ચોરાશી રે જીવ ખમાવીયા રે, ત્રિવિધ ત્રિવિધ કરી આપ. વા૦ ॥૭॥ ચઉગતિ માંહે રે ભમતાં જીવડે રે, કીધાં કરમ અનેક; જીવ મરાવ્યા રે માર્યાં વળી હાથે કરી રે, મૂઢપણે અવિવેક. વા૦ ॥૮॥ પાતક કેરારે જે થાનક કહ્યા રે, પ્રગટ અઢારહ દાખ; ત્રિવિધ ત્રિવિધ કરી વોસરે રે, સિદ્ધ સુગુરૂની સાખ. વા૦ ॥૯॥ ક્રોધ ન રાખું રે હું કિણ જીવશું રે, માન માયા ને લોભ; ચારે શરણાં રે દ્યો હવે સાધુજી રે, પામું સદ્દગતિ સોભ. વા૦ ॥૧૦॥ ચારે શરણાં રે સાધુ કરાવીયા રે, હીયડે સમકિત ધાર; કાળ કરીને રે સુરગતિ ઉપન્યો રે, પામ્યા સુખ શ્રીકાર. વા૦ ॥૧૧॥ લંઠ વિમાસેરે મન માંહી હવે રે, વેષનો મહિમા દેખ; ઉદયન સરિખારે મુજ પાએ નમ્યા રે, તો એ મોટો વેશ. વા૦ ॥૧૨॥ હવે હું મુકું રે તો મુજ સારિખો રે, અધમ પુરૂષ નહીં કોય; રાખી ન શકે રયણ ચિંતામણી રે, મૂરખ કહીયે સોય. વા૦ ॥૧૩॥ ધન ધન જગમાંરે વેશ યતિ તણો રે, માને મોટા લોક; તે પામીને રે જો હવે મૂકીયે રે, તો જનમારો ફોક. વા૦ ॥૧૪॥ રમત કરતાંરે જો આવ્યો ઉદેરે, તો એહી જ આધાર; ભાવ ધરીને રે હવે આરાધશું રે, લહીશું ભવનો પાર. વા૦ ॥૧૫॥ ચારિત્ર રાખ્યું રે લંઠે દ્રઢ થઈ રે, જોવો મહિમા વેષ; [1]વેષ સુરીતિ રાખે

૧ શુભ રીતં રે રાખે *

એણીપરે ધર્મને રે, ઉપદેશમાળા દેખ. વા૦ ॥૧૬॥ રાજા રાખેરે લોક અન્યાયે ચાલતાં રે, તેમ એ વેષ નિહાળ; કહે જિનહર્ષ લજ્જાએ વેષ ન મુંકીયો રે, ત્ર્યાશીમી એ ઢાળ. વા૦ ॥૧૭॥

॥ દુહા ॥

વેષ લઈ મુનિવર તણો, શંકે કરતો પાપ;
રખે કોઈ ભૂંડો કહે, વેષ તણો એ વ્યાપ. ॥૧॥
નટુએ રાજાને કહે, આણ્યો મુનિવર વેષ;
વેષે તેહને તારીયો, થયો વેષે અલેખ. ॥૨॥
ઈણ વેશે આગે ઘણાં, તર્યાં બહુ નરનાર;
પરલોકે સુખ પામીયા, સંપ્રતિરાય વિચાર. ॥૩॥

## ॥ ઢાળ ચોર્યાશીમી ॥

આજ હુઓ સુવિહાણ—એ દેશી.

સુણજ્યો તેહ સંબંધ, ભીખારી પૂરવ ભવે એ; ઘર ઘર માંગે ભીખ, તોહી તૃપ્તો નવિ હુવે એ. ॥૧॥ ઈણ અવસર દુર્ભિક્ષ, પડીયો કોઈ ન ઉદ્ધરે એ; ભીખારીને કોણ, આપેરી રાય કરે એ. ॥૨॥ ગળે ગ્રહી નાખે ઠેલ, દેઈ ધક્કા કાઢે પરા એ; હાંકી કાઢે દૂર, જેમ હાંકીજે કુતરા એ. ॥૩॥ શ્રાવક મુનિને તેડ, ભાત પાણી આપે ઘણાં એ; વળી ઝાઝા પકવાન, પોષે પાત્ર સોહામણાં એ. ॥૪॥ એક દિન મુનિ આહાર, વહોરીને પાછા વળે એ; સંપ્રતિ નૃપનો જીવ, રીવ કરે મુનિ આગળે એ. ॥૫॥ ભૂખે ભાંગ્યુ અંગ, સ્વામી હું ન ખમી શકું એ; દ્યો કટકો ગુણવંત,

પ્રાણ રહે એ તુમ થકું એ. ॥૬॥ દુઃખીયો દેખી દયાળ, મુજને આપો કોળીયોએ; તમને થાશે ધર્મ, ઉભો રહેશે ખોળીયો એ. ॥૭॥ ભીખારીની સુણી વાત, સાધુ કહે આપું નહીં એ; નહીં અમચો આચાર, લોક કરે હીલા સહી એ. ॥૮॥ સંગ્રહ કરવું થાય, લેવાની સંખ્યા ટળે એ; ન રહે મુનિવર-ધર્મ, ભિક્ષાચર બહુલા મળે એ. ॥૯॥ ઇશું કહી મુનિ જાય, ભિખારી કેડે થયો એ; પેઠા રૂષિ પોશાળ, બાહિર તે બેસી રહ્યો એ. ॥૧૦॥ ગોચરીયા આલોય, ગુરૂને કહે સ્વામી સુણો એ; ભિક્ષાચર એક બહાર, અન્ન માગે છે આપણો એ. ॥૧૧॥ આણ્યા વિણ ન દેવાય, પણ કરૂણા આવી ઘણી એ; ગુરૂ કહે તેડીમાંહ, લાવો ભિક્ષાચર ભણી એ. ॥૧૨॥ દ્રુમક ભણી તીહાં તેડ, ગુરૂ પુછે કરૂણા કરી એ, શું માગે છે બાળ, ભૂખ પીડે પ્રભુ આકરી એ. ॥૧૩॥ અન્ન વિના રૂષિરાજ, કાય ધ્રુજે લડથડે એ; મુખ બોલ્યું નવિ જાય, આંખે અંધારા પડે એ. ॥૧૪॥ ગુરૂ કહે સાંભળ વાત, અમ સરીખો જો થયે એ; તો તુજને ભરપુર, આહાર પાણી આપીયે એ. ॥૧૫॥ તો કરો કવણ વિચાર, કરવું હોય તે મુજ કરો એ; પણ એ પાપી પેટ, એકવાર ઠાંસી ભરો એ. ॥૧૬॥ માનીશ તુમ ઉપગાર, દીન દયાળ તુમે દેઇએ; ચોરાશીમી ઢાળ, કહે જિનહર્ષ પૂરી થઈએ. ॥૧૭॥ સર્વ-ગાથા ૧૮૫૭

॥ દુહા ॥

વેગે તુમ સરીખો કરો, કરો હવે કિશો શોચ;
ભીક્ષાચરને મસ્તકે, તતખિણ કીધો લોચ. ॥૧॥
સાળ દાળ પકવાન સહુ, આપે તાસ આહાર;
ભોજન સરસ કર્યા પછી, વેદના પેટ અપાર. ॥૨॥
મળ્યા જતિ વ્યવહારીયા, ઔષધ કરે અનેક;
ગળે ગ્રહી જે કાઢતાં, તેહીજ નર સુવિવેક. ॥૩॥
ઉત્તમ તેલ લેઈ કરી, ભેળી માંહે સુંઠ;
ચોળે તે પેટ ભલી પટ, ચોળે વાંસો પુંઠ. ॥૪॥
દેખી ભક્તિ સોહામણી, નવદીક્ષિત અણગાર;
ચિંતે પોતે માહરો, પુન્ય નહીં પ્રાગ્ભાર. ॥૫॥
સાધુ ધર્મ આવ્યો ઉદય, ચિંતામણી સારીખ;
પણ હું પાળી નવિ શકયો, મુક્તિ દાયિની દીકૂખ. ॥૬॥
વારૂં વેષ યતિ તણો, એહવા ફળ ઈહ લોક;
જી જીકાર કરે સહુ, તારે પણ પરલોક. ॥૭॥

## ॥ ઢાળ પંચાશીમી ॥

ધન ધન તે દિન માહરો—એ દેશી.

પુન્ય પ્રબળ પોતે નહીં, પૂરૂં ન લહ્યું આપ; ધર્મ આરાધી નવિ શકયો, એમ કરે પશ્ચાતાપ. પુ૦ ॥૧॥ એહવે શુભ ધ્યાને ચડયો, કર્યો તિહાંથી કાળ; બિંદુસાર નામે થયો, નૃપ જસ તાત કુણાલ. પુ૦ ॥૨॥ સંપ્રતિ નામે બોલાવીયો, જાત માત્ર લહ્યું રાજ; જિનવર બિંબ ભરાવીયા, કોડિ સવા પુન્ય કાજ. પુ૦ ॥૩॥ લાખ સવા જિન દેહરાં, જેણે કરાવ્યા

રાય; ચારિત્રનો મહિમા સહુ, લંક પુરૂષ કહે ન્યાય પુ૦ ॥૪॥ લાજે વેષ ન મુકીયો, શીયાળ થકી થયો સીંહ; ચારિત્ર પરિણામે ભલે, પાળ્યું શુદ્ધ નિરીહ. પુ૦ ॥૫॥ ગુરૂ હાથે દીક્ષા ગ્રહી, સફળ થયો ભવ જેણ; ઉદયનથી તે નર તર્યો, [1]ધન્ય ઉદયન તેણ પુ૦ ॥૬॥ ઉદયન સુર પદવી લહી, કીધો અગ્નિ સંસ્કાર; ચાલ્યા સુભટ તિંહા થકી, આવ્યા પાટણ [2]સાર. પુ૦ ॥૭॥ કુમરનરેશ્વરને નમ્યા, કાજ કર્યું મહારાજ; સમર રહ્યો સમરાંગણે,વાધી તુમચી લાજ. પુ૦ ॥૮॥ પણ ઉદયન મૃત્યુ પામીયા, તેણે મનમાં થયો શોક; શોક કિશો નૃપ કહે જેણે, આરાધ્યો પરલોક. પુ૦ ॥૯॥ મરણ સુધાર્યું પોતાતણું, કીધો સ્વર્ગ નિવાસ; કીર્તિ જેહની જગે રહી, ફૂલ ગયે જેમ વાસ. પુ૦ ॥૧૦॥ તે મુવા ન કહીજીયે, [3]કળે જેહની કીરત્ત; કોઈ ન જાણે જીવતાં, મૂઆ તેહ કુગત્ત. પુ૦ ॥૧૧॥ ધન ઉદયન માતા પિતા, ધન ઉદયન અવતાર; જીવી જાણ્યું જીવતાં, મૂઆ સ્વર્ગ મોઝાર. પુ૦ ॥૧૨॥ શોક નિવારી સહુ મળી, આવ્યા બાહડ પાસ; વાત કહી ઉદયન તણી, માંડીને સહુ તાસ. પુ૦ ॥૧૩॥ ત્રણ અગડ તુમ તાતને, હુંતી લ્યો તુમે તેહ; વિમળાચળ ઉદ્ધારની, રૈવત પાજ કરેહ. પુ૦ ॥૧૪॥ દંડનાયક નિજ તાતને, કરવા ત્રણે કામ; તાત વચન પાળો તમે, [4]ઉરણ થાઓ રાજ. પુ૦ ॥૧૫॥ પુત્ર સપુત્ર તે જાણીયે, જે કુળના અવતંસ; તાત વચન માને જિકે, દીપાવે નિજ વંશ. પુ૦

૧ તર્યા * ૨ બાર * ૩ કલિજુગ જેહની * ૪ પૂરણ *

॥૧૬॥ વચન સુણી સુભટ તણાં, બાહડ થયો ઉલ્લાસ; ઢાળ પંચાશીમી થઈ, એ જિનહર્ષ પ્રકાશ. પુ૦ ॥૧૭॥

॥ દુહા ॥

રાય કહે બાહડ ભણી, ઉદયન કુળે સપુત્ત;
શત્રુંજય જઈ જિનભવન, ઉદ્ધારવો અદ્દભૂત. ॥૧॥
બાહડ મંત્રી હરખીયો, સાંભળી રાય વચન;
ચાલ્યો સુભટ બહુ સાથ લઈ, ગણતો જનમ સુધન્ન. ॥૨॥
શત્રુંજય જઈ પૂજીયા, ભાવે રૂષભ જિણંદ;
પ્રૌઢ પ્રાસાદ મંડાવીયો; હૈડે ધરી આણંદ. ॥૩॥
ચાવી થઈ ઉદ્ધારની, દેશ પ્રદેશે વાત;
આવે બહુ વ્યવહારીયા, પ્રભુની કરવા જાત્ર. ॥૪॥
અંબડ આગળ આવીયા, વયણ કહે મન રંગ;
દેવદ્રવ્ય લ્યો અમ તણું; વાધે [1]અતિ ઉછરંગ. ॥૫॥

## ॥ ઢાળ છયાંસીમી ॥

આજ નિહેજોરે દીસે નાહલો રે—એ દેશી.

વયણ ઈશાં વ્યવહારીનાં સુણી રે, હરખ્યો બાહડ ચિત્ત; કાગળ દોત વેગે અણાવીયા રે, નામ લખે તુરત્ત. વ૦ ॥૧॥ જે આપે તે કાગળમાં લખે રે, ટીમાણાનો રે શાહ; ભીમ કુંડલીયો શ્રાવક આવીયો રે, જિન પૂજન ઉત્સાહ. વ૦ ॥૨॥ દહેરા માંહીરે પેસી નવિ શકે રે, ચંપાતો મંત્રીએ દીઠ; બાહડે બોલાવ્યો તે વાણીયો રે, આવી પાસે બઈઠ. વ૦ ॥૩॥

૧ મન *

પુણ્યના કામે રે દ્રવ્ય સહુ દીયે રે, ભીમાનું મન થાય; જાણે હું પણ કાંઈક ઈહાં દઉં રે, પણ બોલ્યું નવિ જાય. વ૦ ॥૪॥ બાહડે ભીમાનું મન ઓળખ્યું રે, બોલાવ્યો ધરી પ્રીત; તવ કુંડલીયો કહે સ્વામી સુણો રે, કર્મ કથા વિપરીત. વ૦ ॥૫॥ રહું છું ટીમાણે નામે ભીમડો રે, પુન્યહીણ ને દ્રવ્યહીણ; માયા મહારે રે છે ખટ દ્રામનીરે, ઘી વેંચું પણ થીણ. વ૦ ॥૬॥ પેટ ભરાઈ રે હું એણી પરે કરૂં રે, દુઃખ વેઠું નિશદિશ; તે દુઃખ જાણેરે મારો પ્રાણીયો રે, કે જાણે જગદીશ. વ૦ ॥૭॥ એક રૂઆનાંરે ફુલ લેઈ કરી રે, પૂજ્યા શ્રી ભગવંત; વળી પુણ્ય કામે રે આપું તુમ ભણી રે, સાત રૂઆ ગુણવંત. વ૦ ॥૮॥ ભાવ નિહાળીરે મંત્રી ભીમનોરે, હરખ્યો ચિત્ત મઝાર; એહનો ભાવ ઘણો જિન ઉપરે રે, ધન્ય એહનો અવતાર. વ૦ ॥૯॥ એહવો ભાવ ન દીસે કેહનો રે, માયા તો ખટ દ્રામ; પુણ્યને કાજે રે એણે આપીયા રે, કીધું મોટું રે કામ. વ૦ ॥૧૦॥ એહવા શ્રાવક ધર્મી તેહને રે, દૈવે નિરધન કીધ; કૃપણ ન ખરચે પુણ્યને કારણે રે, તાસ ઘરે ધન દીધ. વ૦ ॥૧૧॥ એહની ભક્તિ ઘણી જિન ઉપરે રે, જિનશું અધિક સનેહ; એહને ઘરે લક્ષ્મી હોશ્યે ઘણી રે, સુખીયો થાશે રે એહ. વ૦ ॥૧૨॥ બાહડ-મંત્રીએ એમ વિચારીયું રે, ભીમો બોલ્યો રે તામ; સાત દ્રામ લ્યો સ્વામી માહરા રે, જાઉં જેમ નિજ ગામ. વ૦ ॥૧૩॥ શીષ નમાવ્યું રે બાહડ મંત્રીએ રે, પુછે સહુ કોઈ તામ; શીષ નમાવ્યું તે શા કારણે રે,

મંત્રી કરે ગુણ ગ્રામ. વ૦ ॥૧૪॥ સાંભળજો સઘળા વ્યવહારીયારે, એ સાહમી પુન્યવંત; પુન્ય કાજે સહુ ઘર માયા દીયેરે, તેણે શીર નામ્યોરે તંત વ૦ ॥૧૫॥ ધન ધન એ નર વ્યવહારી કહે રે, મંત્રી પ્રસંશા કીધ; ઢાળ છયાંસીમી એ રીપુ થઇરે, કહે જિનહર્ષ પ્રસિદ્ધ. વ૦ ॥૧૬॥ સર્વગાથા ૧૯૦૨

॥ દુહા ॥

ભીમ ભણી મંત્રી ભણે, તું મુજ સાહમી સાર;
આગળ મૂકી તેહને, પંચસયા દીનાર. ॥૧॥
ભીમ કહે મંત્રી સુણો, મહારે લેવા નીમ;
એમ કહી [1]ત્યાંથી ચલ્યો, આવ્યો નિજ ઘર ભીમ. ॥૨॥
હૈડામાં ચિંતા ઘણી, નારીઅ છે ઉતાર;
વઢતી કો જીપે નહી, તે આગળ નરનાર. ॥૩॥
બહુ બોલી અતિ આકળી, ફેરી દીયે જવાબ;
રહે સદા રીસે ભરી, ઉપજાવે સંતાપ. ॥૪॥
ધસી ભસે જેમ કૂતરી, બોલે ઘણું કજાત;
પ્રાયે બહુ બોલા નહીં, જગમાં રૂડાં સાત. ॥૫॥
નારી સેવક દીકરો, મૂરખ શિષ્ય મુનિરાય;
નિર્ધન માણસ સાત એ, બહુ બોલા ન સુહાય. ॥૬॥

## ॥ ઢાળ સત્યાશીમી ॥

ચતુર સનેહી મોહનાં-એ દેશી.

બહુ બોલી ભીમા તણી, નારી નિપટ કરારીરે; મનમાંહે બીહતો થકો, વઢશે તે હત્યારીરે.

---

૧ તિંહાથી ચાલીઓ *

બ૦ ॥૧॥ પુણ્યકાજે શત્રુંજય જઈ, મેં ખરચ્યા સહુ દ્રામરે; તેહને કહીશ ઘરે જઈ, મુજ નહીં રાખે મામરે. વ૦ ॥૨॥ સ્ત્રીને કહે તે બીહતો, સુણ કુળવંતી નારી રે; શત્રુંજય સ્વામી જુહારીયા, ખરચ્યા દ્રામ [૧]વિચારી રે. વ૦ ॥૩॥ ભીમ તણે પુન્યે કરી, બોલી અમૃત વાણી રે; ઉત્તમ લક્ષ્મી તુમ તણી, ધર્મ ઠામે ખરચાણીરે. વ૦ ॥૪॥ ભીમતણી ચિંતા ટળી, નારીનો ભય ભાગ્યો રે; નારી કુલંઠી થઈ ભલી, રંગ ધરમશું લાગ્યો રે. વ૦ ॥૫॥ એક દિન ખીલો ગાયનો, બાહિર નિસરી પડીયોરે; ભૂમી ખણી બેસારવા, માંહેથી ધન જડીયો રે. વ૦ ॥૬॥ પાંચ હજાર સોવન ભર્યા, કળશ એક નીરખેઇ રે; એ ધન મુજ કલ્પે નહીં, શત્રુંજય ગયો લેઇરે. વ૦ ॥૭॥ બાહડદે પાસે જઈ, મુકયો કળશ વિશાળોરે; પુન્યઠામે એ ધન કરો, મુજ નહીં કામ દયાળોરે. વ૦ ॥૮॥ બાહડ મંત્રી ચિંતવે, એહને અલ્પ સંસારો રે; લાધ્યું ધન રાખે નહી, એ ઉત્તમ નિરધારો રે. વ૦ ॥૯॥ નિર્ધન નર ધન પામીયું, ભુખ્યો ભોજન ભાણો રે; કામી પામ્યો કામીની; ત્યજતાં દુષ્કર જાણોરે. વ૦ ॥૧૦॥ એ નિર્ધન ધન્ય ધન તજી, અવર ન કો ઇણ તોલે રે; મધુરે વચને ભીમને, બાહડ મંત્રી બોલેરે. વ૦ ॥૧૧॥ ભીમ સુણો મુજ વાતડી, એ ધન કાં નવિ રાખો રે; તુજ ભાગ્યે આવી મળ્યું, દુઃખ પામે ધન પાખે રે. વ૦ ॥૧૨॥ ખોડ એ ધન લેતાં નહી, વાર વાર કહેવાયો રે; ઇચ્છા એ

---

૧ બે ચ્ય રિં રે *

બાહડ તણી, જેમ તેમ સુખીયો થાયોરે. વ૦ ॥૧૩॥
ભીમા લવલવ છોડી દે, જા ઘર લેઇ નિધાનોરે;
વચન કહે એમ દુભવી, હિત વાંછક પરધાનો રે.
વ૦ ॥૧૪॥ વૈદ્ય જેહ ઉપકારીયો, કડવા ઔષધ
આપે રે; રોગીને શાતા ભણી, રોગ કાયાનાં કાપે રે.
વ૦ ॥૧૫॥ તેમ કડવું હિત કારણે, પર ઉપગારી રે;
ઢાળ સત્યાશીમી થઈ, કહે જિનહર્ષ વિચારી રે.
વ૦ ॥૧૬॥

॥ દુહા ॥

વૃક્ષમાં કડવો લીંબડો, પણ શીતલ પરિણામ;
રોગ સર્વને અપહરે, આવે સઘળે કામ. ॥૧॥
લીંબ સરીખો વાગભટ, ઉપગારી હિતકાર;
ભીમ ભણી કહે બહુપરે, લે ધન મ કર વિચાર. ॥૨॥
ભીમ ન લ્યે બોલે નહીં, વ્રત ઉપર નિજ ધ્યાન;
માહરે તો પચખાણ છે, લીયણ અદત્તાદાન. ॥૩॥
વ્રત ખંડું નહીં માહરૂં, જિહાં લગી ઘટમાં પ્રાણ;
પ્રગટ થયો સુર તેટલે, કવડયક્ષ કહે વાણ. ॥૪॥
ભીમા એ ધન તાહરૂં, લેતાં નહી વ્રત હાણ;
ખાઓ ખરચો વિલસો, મ કરો તાંણા તાંણ. ॥૫॥

## ॥ ઢાળ અઠયાશીમી ॥

ધન ધન તે દિન માહરો—એ દેશી.

સુર વચને ખુશી થયો, ભીમો ઘણું મન માંહી;
બાહડ મંત્રીને મળી, આવ્યો ઘરે ઉછાંહી. સુ૦ ॥૧॥
સુખીયો ભીમ થયો ઘણો, શ્રી જિન ધર્મ પસાય;

પાળે વ્રત ચિત્ત ઉજાળે, ખરચે દ્રવ્ય સુઠાય. સુ૦ ॥૨॥ ભાવે શત્રુંજય ચડે, જિનવર પૂજે ત્રિકાળ; પોષે ચોકખે ચિત્ત પાત્રને, જીવ દયા પ્રતિપાળ. સુ૦ ॥૩॥ ધન ધન તે નર નારીયાં, ધન લહી પોષે સુપાત્ર; વળી ધન્ય જીવ્યું રે તેહનું, કરે શત્રુંજય જાત્ર. સુ૦ ॥૪॥ શ્રીમુખ જિનવર એમ ભણે, તીરથમાં સિરદાર; સાધુ અનંતા આગે થયા, ઈણ ગિરિ પામ્યા પાર. સુ૦ ॥૫॥ સુરજકુંડ હાથીકુંડમાં, નાહયા નહી નર જેહ; ગીતારથ ગણધર કહે, મેલાં તેહનાં દેહ. સુ૦ ॥૬॥ રિસહેસરત જિનમાં વડો, મંત્ર માંહે નવકાર; સહુ તીરથ માંહે જોવતાં, શત્રુંજય સિરદાર. સુ૦ ॥૭॥ શેત્રુંજે જાત્રા નવિ કરી, નવ કીધો ઉદ્ધાર; નિજ ધન તિંહા ખરચ્યું નહી, તેહ હાર્યો અવતાર. સુ૦ ॥૮॥ જાણી પુણ્ય બાહડ તિંહા, મંડાવ્યો ઉદ્ધાર; ઉંચો અતિ રળીયામણો, વારૂ વળી વિસ્તાર. સુ૦ ॥૯॥ કામ ચલાવી પ્રાસાદનો, પાટણ આવ્યો મંત્રીશ; પૂરૂં ભવન થયું જિશે, આવ્યો વધામણી ઈશ. સુ૦ ॥૧૦॥ હરખ્યો મનણાં મંત્રવી, સોવન જીભ બત્રીશ; આપી વળીય વધામણી, આવી બીજે દીસ. સુ૦ ॥૧૧॥ શ્રી જિન ભવન ઢળી પડયું, હરખ અશાતા મન્ન; દીધી વધામણીયા ભણી, ચોસઠ જીભ સોવન્ન. સુ૦ ॥૧૨॥ દુઃખ તે ભવન કર્યું પડયું, ઢળ્યું જીવતાં સુખ તેહ; હવે કરાઉં ફરી વળી, જિમ ચીરકાળ રહેહ. સુ૦ ॥૧૩॥ મંત્રી ઇશું વિમાસીને, ચાલ્યો ધરીય વિવેક; શ્રી શત્રુંજય આવીયો, તેડાવ્યા

સલાટ અનેક. સુ૦ ॥૧૪॥ [1]મંત્રીએ સલાટને પુછીયું, કેમ પડયું જિન ગૃહ એહ; દેવળ પવન વશે પડયું, મ ધરો મન સંદેહ. સુ૦ ॥૧૫॥ હવે ચઉબારો કરૂં ભલો, મોટો જિન પ્રાસાદ; નિશ્ચલ કહીએ ચલે નહીં, કરે ગગનશું વાદ. સુ૦ ॥૧૬॥ પણ એક દોષ મોટો અછે, પાછળ ન હુવે [2]સંતાપ; ઢાળ અઠયાશીમી એ થઇ, કહી જિનહર્ષ પ્રધાન. સુ૦ ॥૧૭॥

॥ દુહા ॥

સુણો સીલાવટ માહરો, વચન કહું મન રંગ;
ફીકર નહીં મુજ સુત તણી, કર પ્રાસાદ ઉત્તંગ. ॥૧॥

પુત્ર અને પુત્રી ઘણી, જેહની પાછળ હોય;
મરતાં માત પિતા તણે, કેડ ન આવે કોય. ॥૨॥

જો તે હોય કુલક્ષણો, તો કુળખંપણ કહેવાય;
બોળે નામ પિતા તણું, જેહથી ઉજ્જડ થાય. ॥૩॥

[3]સીરીએ માર્યો બાપને, કોણીક પિતા વિનાશ;
કંસે પિતાને દુઃખ દીયો, પુત્ર નહીં એ પાસ. ॥૪॥

માત તાત બેટા બહુ, ભાઈ બહેન કુટુંબ;
સગા સનેહી વાલહા, એ સહુ જગત વિટંબ ॥૫॥

પુણ્ય પાપ લેઈ કરી, જીવડો જાશે ઉઠ;
સહુકો બેઠા જોયશે, કેઈ ન જાસે પુંઠ. ॥૬॥

સ્વાર્થ સુધી સહુકો સગા, સ્વારથ [4]સુધી સ્નેહ;
જો સ્વારથ પહોંચે નહીં, તરત દેખાવે છેહ. ॥૭॥

---

૧ પૂછ્યા મંત્રી સલાવટા * ૨ સંતાન * ૩ સરીએ * ૪ લગે સ્નેહ *

## ।। ઢાળ નેવાશીમી ।।

મહાવિદેહક્ષેત્ર સોહામણું જગ જીવન જગ વાલહો—એ દેશી.

[1]તે કારણ તમે કીજીયે, ચઉ બારો પ્રાસાદ લાલરે; રૂડો ને રળીયામણો, દીઠે મન આલ્હાદ લાલરે. તિ૦ ।।૧।। તરત નિપાવ્યો દેહરો, દીપે તેજે દિણંદ લાલરે; [2]ઇગીયારશ શનિવાસરે, બેઠા રૂષભ જિણંદ લાલરે. તે૦ ।।૨।। દંડ કળશ ધ્વજ જળહળે, ઈંદ્ર-ભવન આકાર લાલરે; હેમસૂરીશ પ્રતિષ્ઠીયો, ઓછવ કરીય અપાર લાલરે. તે૦ ।।૩।। ચોવીશ ગામ પૂજા ભણી, ખરચાયે તિંહા દામ લાલરે, ગામ વસાવ્યું તલેટીએ, બાહડપુર ઇણ નામ લાલરે. તે૦ ।।૪।। તિંહા એક કરાવીયો, ત્રિભુવનપાળવિહાર લાલરે; પાસ જિનેશ્વર થાપીયા, [3]વરત્યો જય જયકાર લાલરે. તે૦ ।।૫।। ધન ધન બાહડમંત્રવી, સફળ કર્યો અવતાર લાલરે; તિહાંથી ચોંપે ચાલીયો, આવ્યો ગઢ ગિરનાર લાલરે. તે૦ ।।૬।। આરાધી અઠમ કરી, અંબાદેવી તામ લાલરે; આવી બાહડને કહે, મુજ સમરી કીણ કામ? લાલરે. તે૦ ।।૭।। પાય લાગી મંત્રી કહે, ઇચ્છા કરવા પાજ લાલરે; દેવી કહે તું તિંહા કરે, ચોખા નાખું આજ લાલરે. તે૦ ।।૮।। દેવી વચન કહ્યું જેટલે, સાળિ તણી થઇ વૃષ્ટિ લાલરે; શુભ મુરત લેઇ કરી, પાજ કરાવે સૃષ્ટ લાલરે. તે૦ ।।૯।। બે કોડી લાખ સત્તાણવે, સોવન ટકા માન લાલરે; તિહાં લગાવ્યું એટલું, ધન બાહડ પરધાન લાલરે; તે૦

૧ તિણે * ૨ બાર અગ્યાર * ૩ વરતાવ્યો * અંબડ *

॥૧૦॥ બાહડદે ઉદયન તણો, ઉતાર્યો શિર ભાર લાલરે; પુત્ર જણ્યો પરમાણુ તે, બાપ ન લોપે કાર લાલરે; તે૦ ॥૧૧॥ આવ્યો પાટણ ગહગહી, લેઇ સુજસ અપાર લાલરે; કુમારપાળ ભુપાળને, આવી કીધો જુહાર લાલરે. તે૦ ॥૧૨॥ કુળ દિપાવ્યું આપણું, રાખ્યું ઉદયન નામ લાલરે; દંડનાયક અંબડ કીયો, કીધાં ત્રણ્યે કામ લાલરે. તે૦ ॥૧૩॥ [1]બાહડ નૃપને પુછીને, જાય ભરૂઅચ માંહી લાલરે; શ્રી મુનિસુવ્રત દેહરે, આવ્યો અધિક ઉછાંહ લાલરે. તે૦ ॥૧૪॥ જિન મંદિર રળીયામણો, સમળીયા વિહાર લાલરે; નામ ઇશો કિણ કારણે, સુણજો તેહ વિચાર લાલરે. તે૦ ॥૧૫॥ સમળી એક ઇણ થાનકે બેઠી તરૂઅર ડાળ લાલરે; આહેડી સર સાંધીયો, વીંધી તે તતકાળ લાલરે. તે૦ ॥૧૬॥ [2]પડી સમળીને મુનિવરે, સંભળાવ્યો નવકાર લાલરે; તેહ મરી થઇ કન્યકા, શુક-નૃપ ઘર અવતાર લાલરે. તે૦ ॥૧૭॥ પંચ પરમેષ્ટિ સુણી લહ્યો, જાતિ સમરણ સાર લાલરે; તેણે કરાવ્યું દેહરૂં, નામે સમળી વિહાર લાલરે. તે૦ ॥૧૮॥ અંબડ દેખી દેહરો, પામ્યો હરખ વિશાળ લાલરે; કહે જિનહર્ષ પૂરી થઇ, નેવ્યાશીમી ઢાળ લાલરે. તે૦ ॥૧૯॥

॥ દુહા ॥

પણ જિનમંદિર જાજરૂં, અંબડ નયન નિહાળ;
ફરી નવું કરાવવા, તુરત થયો ઉજમાળ. ॥૧॥
તેડયા ચતુર સિલાવટા, માંડી રાંગ વિશાળ;
કોપી દેવી નરબદા, ચાંપ્યા પુરૂષ પાયાળ. ॥૨॥

---

૧ અંબડ* ૨ કિણેક શ્રાવકે તેહને*

બોલી બાંધી [1]બાકરી ભાખે વયણ કસૂર;
દેવળ જેહ કરાવશે, મારી કરૂં ચકચૂર. ॥૩॥
મંત્રી મન બીહનો નહીં, ચલતો કીધો કામ;
સાહસ દેખી નરબદા, વયણ પયંપે તામ. ॥૪॥
અંબડ તું ઉત્તમ પુરૂષ, સાહસીક સતવંત;
કર જિનભુવન સોહામણો, હું તૂઠી બળવંત. ॥૫॥

## ॥ ઢાળ નેવુમી ॥

નાભિ અને મરૂદેવા હીયડલિ હરખ અપાર...એ દેશી
ભવ સત્તાવીશ સ્થૂલ માંહિ એ દેશી,

બળિબાકુળ ઉછાળે લગ્ન શુભ મુહૂર્ત્ત વાર, શ્રી જિનભવન કરાવીયો ઉંચો હાથ અઢાર; સંવત બાર વીસોતરે કીધો સમળી વિહાર, શ્રી મુનીસુવ્રત થાપીયા આપીયા દ્રવ્ય અપાર. ॥૧॥ સંઘ ઘણા આવે મન ભાવે ધરીય આણંદ, કુમરનરેશ્વર આવીયા આવીયા હેમસૂરીંદ; બિંબ પ્રતિષ્ટા તિંહા કરી બહુ પરે ખરચીયા દામ, થાપી મૂરતિ સુરતિ સુંદર મુગતિને કામ. ॥૨॥ મંત્રી ઉતારી આરતિ શુભ મતિ કુમર નરિંદ, ચામર વિંજે [2]દેખી જિનમુખ ચંદ; અંબડ હરસિ વરસે દાને જેમ જળધાર, આરતિ વેળા લાખ બત્રીશ સોવન દીધા સાર. ॥૩॥ અંબડ દેવળ શ્રૃંગે ચડીયો હર્ષ ધરંત, દંડ ધજા તળે આવીયો ભાવીયો નૃત્ય કરંત; નાચે ઉઘાડે મસ્તકે છળીયો મંત્રીશ, કોપી દેવી સીંધવા ભરૂઅચ્ચ કેરી અધીશ. ॥૪॥ જાણ્યું હેમસૂરીસર ઇસિર દેવી વિરતંત દેવી

૧ આકરી * ૨ રંજે દેખી *

દેવળ આવી ઠાવી કાઉસગ્ગ કરંત; તોહી દેવી કોપ ન મેલે [1]ચેલણો તામ, ઉખલ ચાવલ ખાંડતા ધ્રૂજે દેવળ ઠામ. ॥૫॥ તોહી ન માને સીંધવા માર્યો ખીલો [2]એ ઘાય, થરહરી દેવી મૂરતિ તોહી કોપ ન જાય; મંત્રનો જાપ સંભારીયો માર્યો તીસરો ઘાય, આવી ચોસઠ જોગણી લાગી શ્રી ગુરૂ પાય. ॥૬॥ [1]તારા [2]ત્રિપુરા [3]તોતલા [4]તુલજા [5]મહીપલા [6]તારણ, [7]હીંગોલી [8]હરસિદ્ધિ [9]હીમાલી [10]દુઃખ વારણ; [11]ચામુંડા [12]ચંડી ને [13]ચંડીકા [14]ખપરાઇ [15]દેવી, સિંહવાહિની [16]દુરગા [17]ખોજાઇ [18]નરસેવી॥૭॥[19]ખોડીયાર [20]વારાહી [21]વાગેશ્વરી [22]મહામાઇ, [23]અંબા [24]મહાકાળી [25]કંકાલી [26]અંબાઇ આઇ; [27]સિંધવા ને [28]સચીયાઇ [29]સાંકળી [30]માત્ર [31]માતંગી, [32]કામાક્ષા [33]જગદંબાવદણ [34]સુરંગી. ॥૮॥ [35]ધનુષધરી [36]જવાળામુખી [37]સર્વભખી [38]સુરસેવી, [39]માતભવાની [40]ભદ્રીકા [41]ગૌરી [42]અંબિકાદેવી, [43]મઘભરી વળીય [44]વરૂચી [45]ગહીલી ને [46]બહીરી, [47]આશાપુરી [48]પદ્માવતી [49]કાલીકા [50]બ્રહ્માણી પહિરી. ॥૯॥[51]વિજયાને [52]ગિરજા [53]ચોરવાડી [54]ભૈરવી [55]બાળા, [56]લીલાવતી [57]ઉર્વશી [58]કાલિંગી કરે બહુ ચાળા; [59]હરિસિદ્ધિ ગોરજ્યા [60]ઉમીયા [61]વીરસિદ્ધિ [62]ઉસંડી નર્મદા [63]ગિરીદેવી સરવાણી [64]મહાદેવી મુંડી. ॥૧૦॥ બાંધી ચોસઠ જોગણી ભોગણી કરે પોકાર, છોડો તોડો બંધન સૂરી કરી અમ સાર; દીન વચન ભાખે મુખે દેવી પાયે નમેવી, તું જગ જીવ તણો પ્રતિપાળ તુમ પાય સેવી. ॥૧૧॥ હેમસૂરી કહે

૧ ચલણો * ૨ એક થાય * ૩ અવભખી *

સીંધવા અંબડ મંત્રી કાં છળીયો, સુકૃત કામ કરંતડાં કીધો વિઘન બળીયો; દેવી તામ કહે હું કિંકર અંબડ કેરી, એ માહરો અપરાધ વિરાધી કરૂં નહીં ફેરી. ॥૧૨॥ છોડી તામ કૃપા કરી દેવી મુનિ પાયે લાગી, હેમ પ્રસંશ્યો ધન ધન મુનિવર તું વડભાગી; વિઘ્ન નિવાર્યાં અંબડ કેરાં હેમ પસાય, પુષ્પ વૃષ્ટિ કરી દેવી નિજ ઘર સઘળી જાય. ॥૧૩॥ આવ્યા અંબડ કુમર સૂરીશ્વર પાટણ માંહી, ગુરૂવ્યાખ્યાન સુણે નર નૃપ અધિક ઉચ્છાંહી; સુગુરૂ કહે સુણો કુમર નરેસર એક ચિત્ત હોય, સોળ સસા બહુ પુન્યે લહીયે સાંભળો સોય. ॥૧૪॥ સુગુરૂ સેવા ને સુકુળ જનમ સંઘ ભક્તિ સદ્દહણા, સુદ્રવ્ય શેત્રુંજય જાત્ર સુપાત્ર મુનિસર લહિણા; સાત ક્ષેત્ર સત્ય વચન સુમતિ સમાધાન શરીર, સમકિત શીલ સિદ્ધાંત સાહસ ગુણ સંઘપતિ ધીર. ॥૧૫॥ સોળ સસામાં સંઘપતિ અધિકો જિનવર ભાખે, શ્રી શત્રુંજય સંઘ કઢાવી નામના રાખે; ઇન્દ્રમાળ પહેરીને સંઘવી નામ ધરાવે, કહે જિનહર્ષ ઢાળ થઇ નેવુમી ગુણીયલ ગાવે. ॥૧૬॥ સર્વગાથા ૧૯૯૩

॥ દુહા ॥

વ્રતધર શ્રાવકમાં વડા, તે મુનિ પાયે પડંત;
મુનિ આચારજને નમે, આચારજ અરિહંત ॥૧॥
અરિહંત સંઘ ભણી નમે, સંઘમાં સંઘવી સાર;
સંઘવીપદ પુન્યે હુવે, શત્રુંજય યાત્રા ઉદાર. ॥૨॥
અન્ય તીરથ ષટ માસ લગે, સેવ્યાં પુણ્ય પ્રકાશ;
શત્રુંજય એક ક્ષણ રહે, તેહથી અધિકું તાસ ॥૩॥

નંદીશ્વર યાત્રા કરે, યુગમ ગુણું ફળ હોય;
કુંડલદ્વીપ જુહારતાં, ભ્રાંતિ ન ધરજો કોય. ॥૪॥
રૂચકદ્વીપ ત્રિગુણું હોવે, પુણ્યે જુહાર્યા દેવ;
ચઉગુણું પુન્ય તેહથી, ગજદંતાની સેવ. ॥૫॥
તેહથી બમણું પુન્ય હુવે, જંબૂ વૃક્ષે જાય;
છ ગણું દેવ જુહારતાં, ધાતકી ખંડે થાય. ॥૬॥
પુણ્ય હુવે બાવીશ ગુણું, પ્રણુમ્યાં પુષ્કરદ્વીપ;
સાત ગુણું કનકાચલે, સદ્દગતિ હોય સમીપ. ॥૭॥
સહસ ગુણું પુન્ય તે લહે, સમેતશિખરગિરિ ભાખ;
લાખગુણું અંજનગિરિ, અષ્ટાપદ દસ લાખ. ॥૮॥
કોડી ગુણું પુન્ય તેહથી, શત્રુંજે કરતાં જાત્ર;
દેવ યુગાદિ જુહારતા, પવિત્ર હુવે નિજ ગાત્ર. ॥૯॥

## ઢાળ એકાણુંમી

શ્રી વિમલાચલ સિર તિલો—એ દેશી.

સકલ તીરથ સિર સેહરો, શત્રુંજય અભિરામ; પાપ પૂરવલા સહુ ખપે, જપતાં તીરથ નામ. સ૦ ॥૧॥ ચાલે છ હરી પાળતાં, નિર્મળ સમકિત શીલ; ભેટે તીરથ ભાવશું, તે નર પામે લીલ. સ૦ ॥૨॥ સૂરજકુંડ ભીમકુંડમાં, નાહી નિરમલ નીર; પૂજો જિનવર પ્રેમશું, પાવન હોવે શરીર. સ૦ ॥૩॥ સાત છઠ અઠમ વળી [1] ઉપરે સહુ ચોવિહાર; વિકથા આરંભ પરિહરી, લાખ ગણે નવકાર. સ૦ ॥૪॥ બે ગતિ છેદે મૂળથી, બે ગતિમાં અવતાર; પશુ પંખી જે જીવડાં, શત્રુંજય ગતિ સાર સાર. સ૦ ॥૫॥ [2] ચાર ભરત પાંચ ઐરવતે, પંચ વિદેહ મઝાર; તીરથ શત્રુંજય

૧ ઉપવાસ * ૨ પાંચ *

સારીખો, નહીં કોઇ હૈડે વિચાર. સ૦ ॥૬॥ પહેલાં ઇણગિરિ આવીયા, સંઘવી સંઘ અભિરામ; [1]જીર્ણોદ્ધાર કરાવીયા, તેહનાં સુણજો નામ. સ૦ ॥૭॥ ૠષભ વચને ભરતે કર્યો, સોવનમય પ્રાસાદ; પ્રથમ ભરત સંઘવી થયા, મુંકી સહુ વિખવાદ. સ૦ ॥૮॥ ભરત પરે સંઘપતિ થયા, કોડિ નવ્વાણું રાય; લાખ [2]નવ્વાણું ઉપરે, સહસ ચોરાશી થાય. સ૦ ॥૯॥ ભરત પાટે આદિત્યયશા, મહાયશા બળવંત; અતિબળ પાટે તીસરી, મહાબળ ચોથો હુંત. સ૦ ॥૧૦॥ બળવીર્ય પાટે પાંચમી, કીર્તિવીર્ય જલવીર્ય; એ સાતે નૃપ સારીખા, સબળો જેહનો ધૈર્ય. સ૦ ॥૧૧॥ ભરત અને સાતે વચે, વીત્યાં પૂરવ કોડ; દંડવીર્ય પાટે આઠમે, કીધો ઉદ્ધાર સજોડ. સ૦ ॥૧૨॥ ભરત પરે સંઘવી થયો, જગમાંહે જસ લીધ; ઈન્દ્રે પ્રશંસ્યો જેહને, નિર્મળ નિજ કુળ કીધ. સ૦ ॥૧૩॥ ૠષભ તણાં આઠ પાટવી, ભુવન આરિસા માંહિ; ભરત તણી પરે કેવળી, એ થયાં પરમ ઉછાંહ. સ૦ ॥૧૪॥ તેહ પછી ત્રીજો કર્યો, ઈશાનઇન્દ્રે ઉદ્ધાર; ચોથો ઉદ્ધાર કરાવીયો, ઇન્દ્ર મહેન્દ્ર ઉદાર. સ૦ ॥૧૫॥ કર્યો ઉદ્ધાર તે પાંચમો, બ્રહ્મેંદ્ર પાંચમો જેહ; છઠો ચમરેન્દ્રે કરાવીયો, સગર સાતમો તેહ. સ૦ ॥૧૬॥ કોડી પચાસ થયા ભલા, વળી પંચાણું લાખ; સહસ પંચોતેર સંઘવી, સગર વારે એ ભાખ. સ૦ ॥૧૭॥ દસ લાખ ક્રોડ સોહામણા, ત્રીશ લાખ

૧ જિન ઉદ્ધાર * ૨ નેવ્યાસી *

થયા ઉદ્ધાર; સગર વારે બીંબ થાપીયા, રતન કનક મય સાર. સ૦ ॥૧૮॥ વ્યંતરઇન્દ્રે આઠમું, ભવન કરાવ્યું સાર; ચંદ્રયશા નૃપતિ થયો, નવમો તાસ ઉદ્ધાર. સ૦ ॥૧૯॥ દસમો ચક્રધર રાયનો, રામ અગ્યારમો જાણ; કહે જિનહર્ષ પૂરી થઇ, એકાણું ઢાળ વખાણ. સ૦ ॥૨૦॥

॥ દુહા ॥

પાંડવ સંઘ લઇ ગયા, શત્રુંજય શિરદાર;
તેણે કરાવ્યો ઉમહી, દ્વાદશમો ઉદ્ધાર. ॥૧॥
બિંબ કરાવ્યું કાષ્ટમાં, લેપ મય પ્રતિમા કીધ;
દીક્ષા ગ્રહી કેવળ લહી; થયા શત્રુંજય સિદ્ધ. ॥૨॥
પાંડવ વીર વચ્ચે વરસ, સહસ ચોરાશી જાય;
વીર પછી વિક્રમ વડો, ચારસે સિત્તેર થાય. ॥૩॥
એકસો આઠ સંવત્સરે, વિક્રમથી સુવિચાર;
જાવડ શાહે કરાવીયો, તેરમો એ ઉદ્ધાર ॥૪॥
પાંડવ જાવડ વચ્ચે થયા, સંઘવી પચીસ કોડ;
લાખ પંચાણું સહસ વળી, પંચોતેર સુજોડ. ॥૫॥

## ॥ ઢાળ બાણુમી ॥

( ભલે પધાર્યા તમે સાધુજીરે-એ દેશી )

સંવત બાર ચૌદોત્તરે રે, મંત્રી બાહડદે સુવિચાર રે, શ્રી શત્રુંજય શોભતો રે, કીધો ચૌદમો જેણે ઉદ્ધાર રે. ॥૧॥ ધન ધન તે નર જાણીયે રે, જેણે કીધા તીર્થ ઉદ્ધાર રે; માનવ ભવ લાહો લીયો રે, છેદ્યાં પૂરવ કર્મ અપારરે. ધન૦ ॥૨॥ સંવત બાર [1]બ્યાસીએ રે, હોશે સંઘવી વસ્તુપાળ રે; સંઘ કાઢશે શત્રુંજય

૧ છયાંસીએ *

તણો રે, વિસ્તરશે કીર્ત્તિ વિશાળ રે. ધન૦ ॥૩॥ કોડ અઢાર વિત્ત વાવરે રે, ઉપર લાખ ઓગણચાલીશ રે; હેમ ટકા જેણે તીરથે રે, રૂડાં ખરચે આધક જગીશ રે. ધન૦ ॥૪॥ એકત્રીશ કોડી સોવન ભલા રે, ઉપર અધિકા લાખ છત્રીશ રે; આબુ ગિરનારે ખરચીયા રે, સહુ જાણે વીસવાવીસ રે. ધન૦ ॥૫॥ લાખ સવા જિનવર તણાં રે, [1]બિંબ ભરાવ્યા વસ્તુપાળ રે; સંવત તેર ઇકોત્તરે રે, શાહ સમરો થાશે તેણે કાળ રે. ધન૦ ॥૬॥ તે કરશે ઉદ્ધાર પન્નરમોરે, જાવડ સમરા વિચે સંઘપતિ રે, ત્રણ લાખ સહસ ચોરાસીયાં રે, રૂડું પાળે જે સમકિત રે. ધન૦ ॥૭॥ સત્તર સહસ સોભાગીયા રે, વારૂ સંઘ થયા ભાવસાર રે; સોળ સહસ ક્ષત્રી થયા રે, વળી બ્રાહ્મણ પન્નર હજાર રે. ધન૦ ॥૮॥ બાર સહસ કૌટંબીકારે, લેઉઆં કણબી થયા નવ સહસ રે; પાંચ સહસ પીસતાલીશશું રે, સંઘવી જાતે કંસારા જસ્સ રે. ધન૦ ॥૯॥ સંવત પન્નર સત્યાશીયે રે, હોશે કરમાશાહ સિરદાર રે; ધન ખરચી ઉલટ ઘણો રે, કરશે સોળમો ઉદ્ધાર રે. ધન૦ ॥૧૦॥ જે પુન્યવંત નર હોયશે રે, જાશે શેત્રુંજા કેરી જાત્ર રે; [2]જેહે સુક્ષેત્રે વિત્ત વાવરશે રે, ન હુવે તેહને દુર્ગતિ પાતરે. ધન૦ ॥૧૧॥ દાન ન દીધું શેત્રુંજે જઇ રે, પાળ્યું શીલ ન પોષ્યા પાત્ર રે; તાસ જનમ એળે ગયો રે, નવી કીધી શત્રુંજયની જાત્ર રે. ધન૦ ॥૧૨॥ જિન પ્રતિમા જિન દેહરૂં રે, ન કર્યા જેણે દીનોદ્ધાર રે; શત્રુંજયગિરી ચડીયા

૧ રૂડાં બિંબ * ૨ તે પ્રાણી તરશે સહી રે *

નહી રે, અફળ તેનો અવતાર રે. ધન૦ ાા૧૩ાા સિદ્ધ અનંતા ઇહાં થયા રે, વળી થાશે આગે અનંત રે; શત્રુંજય મહિમા ઘણો રે, એમ ભાખે શ્રી ભગવંત રે. ધન૦ ાા૧૪ાા એ ગિરિનાં ગુણ ગાવતાં રે, કોઇ પામી ન શકે પાર રે; બાણું ઢાળ થઇ એટલે, જિનહર્ષ ભલે અધિકાર રે. ધન૦ ાા૧૫ાા સર્વગાથા ૨૦૪૨

ાા દુહા ાા

શ્રી શત્રુંજય ગુણ ઘણા, કહેતા નવિ કહેવાય;
ઈન્દ્ર સરિખા દેવતા, તે પણ પાર ન પાય. ાા૧ાા
રૂષભ જિણંદ સમોસર્યા, પૂર્વ નવાણું વાર;
તેણે એ તીરથ મોટકું, સહુ તીરથમાં સાર. ાા૨ાા

## ાા ઢાળ તાણુંમી ાા

( બાલપણે આપણ સસનેહી-એ દેશી. )

શત્રુંજે ભેટો ભાવે ભવિ પ્રાણી, ભવનાં પાતિક નાસે; મુક્તિ તણાં સુખ હેલે લહીયે, શ્રી જિનવર એમ ભાખે. શે૦ ાા૧ાા ગણધર શ્રી પુંડરિક પ્રથમ જિન, ચૈત્રી પૂનમ દિવસે; પાંચ કોડીશું મુગતિ સિધાવ્યા, સૂત્ર સિદ્ધાંતે દીસે. શે૦ ાા૨ાા કાર્તિક માસતણી પૂનમ દિન, દ્રાવિડને વારિખિલ્લ; મુક્તિ ગયા દસ કોડી મુનિશું, મૂકી માયાશલ્લ. શે૦ ાા૩ાા નમિ વિનમિ દોય કોડી મુનિશુ કીધો શિવપુર વાસ; ફાગણ શુદિ દશમી સિદ્ધાચલ, પૂગી મનની આશ. શે૦ ાા૪ાા પાટ અસંખ્યાતા રિસહેસર, સહુ શત્રુંજય ચડીયા; સર્વારથ સિદ્ધ સિદ્ધે પહોંચ્યા, કર્મ શત્રુશું લડીયા. શે૦ ાા૫ાા રામ ભરત

દશરથનાં બેટા, લેઇ સંયમ ભાર; ત્રણ કોડીશું શેત્રુંજે સિધ્યા, ટાળ્યો ફરી અવતાર. શે૦ ॥૬॥ લાખ એકાણું નારદમુનિ ચડીયા શત્રુંજય શ્રૃંગ; મુકતે ગયા મુનિવર પાય પ્રણમું, નિજ મન કેરે રંગ. શે૦ ॥૭॥ શાંબ પ્રદ્યુમન કુંવર કેશવનાં, સંયમ કેવલ વરીયા; સાડી આઠ કોડી મુનિશું શિવ શત્રુંજય સંચરીયા. શે૦ ॥૮॥ વીશ કોડીશું પાંડવ પાંચે, મુક્તિ-પુરી ગઢ લીધો; શ્રી વિમલાચલ અણસણ કરીને, કર્મ તણો અંત કીધો. શે૦ ॥૯॥ થાવચ્ચામુનિ સહસ સંઘાતે, આવી અણસણ લીધો; કર્મ ખપાવી કેવલ પામી, શ્રી શત્રુંજય સિદ્ધો. શે૦ ॥૧૦॥ શુક તાપસ મુનિ સહસ યતીશું, શેત્રુંજે લહ્યો ભવ પાર; સેલગ પંચ સયાશું પામ્યા, મુક્તિ તણાં સુખ સાર. શે૦ ॥૧૧॥ એમ અનેક મુનિ મુકતે પહોંચ્યા, કહેતાં પાર ન લહીયે; વળી અનાગત કાળે જાશે, ગિરિ દેખી ગહ-ગહીયે. શે૦ ॥૧૨॥ તીર્થ ઘણાંય છે જગ માંહે, કોઇ નહીં ઇણ તોલે; મુક્તિ તણું એ સ્થાનક કહીયે, સીમં-ધર એમ બોલે. શે૦ ॥૧૩॥ સિદ્ધાચલ જે જાત્રા જાયે, ધન ધન તે નર નારી; ઢાળ થઇ એ ત્રાણું પૂરી, કહે જિનહર્ષ વિચારી. શે૦ ॥૧૪॥

॥ દુહા ॥

વિમલાચલ મહિમા કહ્યો, મુનિવર હેમસૂરીંદ;
સાંભળી મન હરખીત થયો, તતખિણ કુમર નરીંદ. ॥૧॥

તન ધન જોબન કારમું, જાત ન લાગે વાર;
[1]વહિ તે વાર વિમલગિરિ, જાત્રા કરૂં શિરદાર. ॥૨॥

---

૧ વહતિ વારે *

ધન ખરચ્યું શેત્રુંજે જઈ, પૂજું આદિ જિણંદ;
તે દિન ધન સફળ ઘડી, ચિંતે કુમર નરિંદ ॥૩॥
એટલા દિન એળે ગયા, ન લહ્યો તીરથ ભેદ;
હેમસૂરિ સુપસાઉલે, જાગ્યો મુજ ઉમેદ. ॥૪॥

## ॥ ઢાળ ચોરાણુમી ॥

( ભરત નૃપ ભાવશું એ—એ દેશી. )

કરે સજાઈ નૃપ હવે એ, ભેટવા તીરથ રાય; કુમરનૃપ સંચરે એ. જાણે જઈયે ઉતાવળાએ, ઢીલ ન ખમણી જાય. કુ૦ ॥૧॥ ભેટું ભેટું રૂષભના પાય. કુ. હૈડે હરખ ન માય. કુ...એ આંકણી. ગજ પુંઠે દેવળ ઠવ્યાએ, માંહે જિનવર બિંબ. કુ૦; મન વંછિત સુચ પુરવા એ, જાણે સુરતરૂ ઝંબ કુ૦ ॥૨॥ બાહડદે સરીખા ભલાએ, બુદ્ધિવંત મંત્રી ચોવીસ કુ૦ અઢાર સહસ વ્યવહારીયાએ, સાથે થયા જગીશ. કુ૦ ॥૩॥ નગરશેઠનો દીકરો એ, આભડદે ઈણનામ. કુ૦ સોનૈયાની લાણી કરેએ, શ્રાવક ઘર જિણે ગામ. કુ૦ ॥૪॥ ગામ નગરવાસી નરા એ, સાથે થાય અનેક. કુ. ભોજન ભુખ્યા દુબળા એ, આપે આણી વિવેક. કુ૦ ॥૫॥ ખટ દર્શની સાથે ચલેએ, સહુની લીએ નૃપ સાર. કુ૦; હેમાચાર જહરખશુંએ, સાથે કરે વિહાર. કુ. ॥૬॥ નાળ વછૂટે અતિ ઘણીએ, અરિ ઘર પડે ભંગાણ. કુ૦, સોળ સહસ જાંગી ધૂરેએ; નિહસ પડે નીશાન. કુ. ॥૭॥ હું હું ભેરી કરે વિચેએ, પંચ શબ્દ કર નાળ. કુ૦; નગારા નોબત ગડે એ, વીણા ભુંગલ તાલ. કુ૦ ॥૮॥ મેઘ તણી પરે ગાજતાએ,

મદ ઝરતા ગજરાજ. કુ૦; અગ્યારસે અતિ શોભતાએ, શણગાર્યાં ભલે સાજ. કુ૦ ॥૯॥ રતન જડીત કંચન ભણીએ, અંબાડી શોભંત. કુ૦; કાને ચામર વીંજતા એ, ચાલે ગતિ મલપંત. કુ૦ ॥૧૦॥ હેષારવ કરતા ભલાએ, હયવર લાખ અગ્યાર કુ૦; ચંચળ ચપળ ગતિ ભલાએ, સોવન સાંકળ સાર. કુ૦ ॥૧૧॥ લાખ અઢાર પાયક પુલેએ, રથ પચાસ હજાર. કુ૦; સોવન સીંગે બળદીયાએ, પાએ નેઉર ઝમકાર. કુ૦ ॥૧૨॥ નાથ કનક રતને જડીએ, કોટે ઘુઘરમાળ. કુ૦; ધમ ધમ ચાલે ઉતાવળાએ, મૃગ જેમ ભરતા ફાળ. કું૦ ॥૧૩॥ અલંબ ધજા નૃપ આગળે એ, આઠ સહસ ચાલંત. કુ૦; કેઈ નર બેઠા પાલખીએ, મતવાળા મહાલંત. કુ૦ ॥૧૪॥ સંઘ તણી શોભા બનીએ, પાર નહીં નર નાર. કુ૦; વ્યાપારી માંહે ઘણાએ નિજ નિજ કરે વ્યાપાર. કુ૦ ॥૧૫॥ પટરાણી રાજા તણી એ, ભોપલદે વડીનાર. કુ૦; કાયા કંચન સારીખીએ, સોળ સજ્યા શણગાર. કુ૦ ॥૧૬॥ ચંદ્રમુખી મૃગ લોયણીએ, વેણી શ્યામ ભુજંગ. કુ૦; ડિંભુલંકી સુંદરીએ, સુઘટ અંગ સુરંગ. કુ૦ ॥૧૭॥ આભરણે અતિ ઓપતીએ, ઈન્દ્ર તણી જાણે નાર. કુ૦; શોભતા વેશ બનાવીયાએ, નખ શીખ અવલ આકાર. કુ૦ ॥૧૮॥ રાણી બેઠી પાલખીએ, ચાવે મુખ તંબોળ. કુ૦; ઢાળ ચોરાણું એ થઈએ, [1]કરે જિનહર્ષ કલ્લોલ. કુ૦ ॥૧૯॥

---

૧ કહે *

॥ દુહા ॥

બહોતેર સામંત રાયને, કેડે સુંદર નાર;
રૂપે રંભા સારિખી, પહેર્યા સવિ શણગાર. ॥૧॥
પહેર્યા સુંદર શોભતા, કિણઈક રાતા ચીર;
કિણઈક પીળા પાતળા, ઝળકે માંહિ શરીર. ॥૨॥
કિણઇક ધવળા પહેરીયા, ઝીણા બુટ્ટીદાર;
સુરજ કિરણ ઝગમગે, મોંઘા મૂલ અપાર. ॥૩॥
લીલા વસ્ત્ર વિરાજતાં, પહેર્યા કિણઈક નાર;
ઓપે જાણે અપચ્છરા, નહીં એહવી સંસાર. ॥૪॥
શ્યામ વસ્ત્ર પહેર્યા અવલ, ગોરી ઘણે ઉછાંહ;
જાણે ચમકે વીજળી, કાળા વાદળ માંહ. ॥૫॥

## ॥ ઢાળ પંચાણુંમી ॥

( ચોપાઇની દેશી. રાગ કાહલરો પરજીઓ )

સુંદર નારી કર્યા શણગાર, રૂપ તણો જે કરે અહંકાર; શામલડીને ગોરી હસે, શું શણગાર કરી ઉલ્લસે. ॥૧॥ કાળી સાંભળ ગોરી કહે, તું આદર કિંહા નવી લહે; કર્મે તુજ કાળી થઈ દેહ, ફોગટ ગર્વ કરે શું એહ. ॥૨॥ જો કરે તું શણગાર, અનંત તોહી વ્હાલી ન હુવે કંત; ઉભી રહે તું જિહાં જિહાં જાય, તિહાં ઝબક અંધારૂં થાય. ॥૩॥ સાંભળ ગોરી બોલ વિચાર, ફોગટ મદ કાં કરે અપાર; કાળા [1]પાણી આદર લહે ઘણું, હાંસુ ન કરીય કાળા તણું. ॥૪॥ કાળા ગજ ગાજે દરબાર, દોડે દેખણ સહુ સંસાર; શ્યામ [2]ઘટાએ વરસે મેહ, સહુને વહાલો લાગે તેહ.

૧ પણ્ * ૨ ઘટા કરી *

॥૬॥ કાળો માથે વેણી દંડ, તે વિણુ શોભા નહીં અખંડ; કસ્તુરી પણ કાળી હોય, મોંઘી આદર દે સહુ કોય. ॥૭॥ કાળી કોયલ મધુરો ચવે, શબ્દ સુણી હરખીત સહુ હુવે; કાળા કાન્હ નેમીસર ખાસ, દર્શન દીઠે પરમ ઉલ્લાસ. ॥૮॥ કાળી દેખી મ હસી ગમાર, માંહે ગુણ જોઇજે સાર; ગોરા જો ગુણહીણા હોય, તેહને માન ન આપે કોય. ॥૯॥ ગોરા બગલા બગલી ભમે, પણ કોઇને દીઠાં નવિ ગમે; ગોરા ભૂતિ માણુસ હોય, તેહની ઠીક કરે સહુ કોય. ॥૧૦॥ ધોળા જન હુવે રોગીયાં, પૂરવ પાપે થયા સોગીયા; ગોરા માથે દેખી વાળ, વર કામિની ભાગે તતકાળ ॥૧૧॥ ઇણ વચને ગોરી ધડહડી, રહે કાળી નિજ ઠામે પડી; લીહાળા સરખો તુજ વાન, રૂપ વિના શું કરે અભિમાન. ॥૧૨॥ ગોરા તે [1]પરમેશ્વર કીયા, ગોરામાં સહુ ગુણ આવીયા; સોનાનું જે પંજર હોય, માંહિ કાગ ન ઘાલે કોય. ॥૧૩॥ કિંહા ચાંદરણો કિંહા અંધેર, ગોરી કાળી એવડો ફેર; કાળા વાયસ [2]ન ગમે અપાર, ગોરા હંસ અલ્પ સંસાર. ॥૧૪॥ ઉજવળ ગંગા કેરૂં નીર, જેહથી થાય પવિત્ર શરીર; ઉજ્વલ ગયણ વિરાજે ચંદ, ફેડી તિમિર કરે આણંદ. ॥૧૫॥ ગોરો ઇંદ્ર તણો ગજરાજ, [3]તે વાહન કરે આવાજ; ગોરો ચુડો સ્ત્રીને હાથ, કેલ કરે નિજ પ્રીતમ સાથ. ॥૧૬॥ ઉજ્વલ મોતી મોંઘા મૂલ, પુષ્પ કપુર નહીં કિણે તોલ; રૂપું ચંદન ને ઘનસાર, દૂધ

૧ પ્રેમે સરસીયા * ૨ ભમે * ૩ સુરપતિવાહન *

દહીં ઘૃત ઉજ્વલ સાર. ॥૧૭॥ ગોરી કાળી કીધો વાદ, પણ એહમાં કો નહી સવાદ; ઢાળ થઇ પંચાણું સાર, હવે જિનહર્ષ સુણો અધિકાર. ॥૧૮॥ સર્વગાથા ૨૧૦૪

॥ દુહા ॥

વારે ગરઢી શ્રાવિકા, નામ સરૂપદે જાસ;
નારી વાદ નિવારવા, ભાખે મધુરી ભાસ. ॥૧॥

ગોરી કાલી સાંભળો, મ કરો વાદવિવાદ;
કલહો વાધે વાદથી, તેહમાં કીસ્યો સવાદ. ॥૨॥

પુન્ય કરે તીરથ જઇ, ખરચે દ્રવ્ય અપાર;
પોષે ઉત્તમ પાત્રને, રૂપવતી તે નાર. ॥૩॥

દાન દીયે કર દાહીણે, કહે મુખ નોકાર;
પર ઉપગાર સદા કરે, સખર તાસ શણગાર. ॥૪॥

સાત દદા અંગે ધરે, તેહનું રૂપ પ્રમાણ;
દયા દાન ઇન્દ્રિય દમન, દુઃખ ભાંગે સુજાણ. ॥૫॥

દીન વચન નવિ દાખવે, દુર્જન ન ગણે કોય;
દોલત હસ્તે જે હુવે, સહુમાં અધિકી સોય. ॥૬॥

રીસ ન કરશો બેનડી, તમે સામણ સિરદાર;
રૂપ તમારૂં શોભશે, પુન્ય થકી નિરધાર. ॥૭॥

## ॥ ઢાળ છન્નુંમી ॥

ઉઠી કલાલણ ભરે ઘડો હે નયણાં નિરદ નિવાર—એ દેશી.

ઇણ વચને હરખીત થઇ હે, હૈડા માંહે વિચારી; માંહો માંહે ખમાવીયો હે, બે ગુણવંતી નાર. બાઇ

સાંભળો હે, બેની સાંભળો હે, સહીયર સાંભળો હે. ॥૧॥ ખમજો મુજ અપરાધ, ગોરી વિનવે હે; લળી લળી પાય નમે હે, ખમજો મુજ અપરાધ. ॥૨॥ કેઇક કામિની કંતશું હે, ચાલે ચડિ ચકડોળ; કોઈ ગજ-રથ પાલખી હે, બેઠી કરે રંગરોળ. બાઇ૦ ॥૩॥ કમળ મુખી મધુરે સ્વરે હે, ગાવે ગિરિવર ગીત; હિયડું હેજે ઉલસે હે, ચાલે રૂડી રીત. બાઇ૦ ॥૪॥ સંઘ જઈ જિહાં ઉતરે હે, તુરત કુમાર રાજન; ભોજન કરાવે અતિ ભલા હે, વિધ વિધના પકવાન. બાઇ૦ ॥૫॥ નામ કહીશું દાખવું હે, જાણે સહુ સંસાર; સંઘ જમાડે ભાવશું હે, મન વંછિત આહાર. બાઇ૦ ॥૬॥ ઉપર આપે અતિ ઘણા હે, લવિંગ સોપારી પાન; ભકિત કરે એમ સંઘની હે, કુમાર-પાળ રાજન. બા૦ ॥૭॥ વિગતાળા વ્યવહારીયા હે, ફાંદાળા ફાવંત; વહેલ સુખાસન પાલખી હે, એમ બેઠા ચાલંત. બા૦ ॥૮॥ માંહે બાઈ ભલી ભલી હે, સુકુલીણી સિરદાર; હાથ બછોહા વાપરે હે, લ્યે લાહો એણીવાર. બા૦ ॥૯॥ કેઈક પદચારી ચલે હે, કેઈક સચિત્ત પરિહાર; ચૌદ નિયમ કેઇ ધરે હે, કેઇક ધરે વ્રત બાર. બા૦ ॥૧૦॥ એહવા સંઘ માંહે ઘણા હે, ધરમી નર ને નાર; મજલ કરે ગાઉ પાંચની હે, રાતે ચલણ નિવાર. બા૦ ॥૧૧॥ જયણા કરતો જીવની હે, ચાલે સંઘ સમાજ; પંથે ફળ ચૂંટે નહીં હે, ભેટયા વિણ ગિરિરાજ. બા૦ ॥૧૨॥ જયણા કરતા જાઈયે હે, તજીયે સહુ આરંભ; ભાવે તીરથ ભેટીયે હે, લહીયે મુગતિ સુલભ. બા૦ ॥૧૩॥ જયણાશું સંઘ ચાલતો હે,

આવ્યો ધંધુકા ગામ; નયરમાં લ્હાણી કરેએ, સોનૈયા-ની તામ. બા૦ ॥૧૪॥ તિહાંથી [1]વાલય ચમારડી હે, ઉતરીયો સંઘ આય; બે પર્વત મોટા તિહાં હે, બે જિનભુવન કરાય. બા૦ ॥૧૫॥ એક રૂષભ જિનવર તણો હે, બીજો પાસ જિણંદ; તિહાંથી ચાલી આવી-યા હે, શેત્રુંજે આણંદ. બા૦ ॥૧૬॥ નયણે શેત્રુંજો નિરખીયો હે, હિયડે હરખીત થાય; અંજલી ભરી વધાવીયો હે, સોવન ફુલે રાય. બા૦ ॥૧૭॥ ગિરિવર ચડીયા ગહગહી હે, નયણે દીઠા સ્વામી; થાળ ભરી મુકતાફળે હે, રૂષભ વધાવ્યા તામ. બા૦ ॥૧૮॥ દેઈ ત્રણ પ્રદક્ષિણા હે, પ્રણમ્યા તીરથ રાય; નાહ્યા સૂરજ કુંડમાંહે, પ્રભુ ચરણ ચિત્ત લાય. બા૦ ॥૧૯॥ કેસર ચંદન કુંકુમે હે, કસ્તૂરી ઘનસાર; પૂજે નૃપ જિન-વર ભણી હે, અગર ઉવેખે સાર. બા૦ ॥૨૦॥ કમળ સુગંધી કેતકી હે, જાઈ જુઈ મચકુંદ, ફુલતણી આંગી રચે હે, સ્વ હત્થે કુમર નરિંદ. બા૦ ॥૨૧॥ સત્તરભેદે પૂજા કરી હે, ભાવ ધરી સુવિશાળ; કહે જિનહર્ષ સોહામણી હે. થઇ એ છન્નુ ઢાળ. બાઇ૦ ॥૨૨॥

॥ દુહા ॥

કીધી દીપક આરતી, ચૈત્યવંદન ચિત્ત લાય;
કરે જિનેશ્વર આગળે, ગીત સ્તવન [2]ગુણ ગાય. ॥૧॥
હેમ સૂરીશ્વર ભક્તિશું. કરે પ્રણામ પંચાંગ;
ચતુર ચૈત્યવંદન કરે, મધુર સ્વરે મનરંગ. ॥૨॥

૧ વેલેય * (વળાય?) ૨ ચિત લાય *

ગણે ધનપાળ પંચાશિકા, શ્રવણે સુણે નરિંદ;
કર જોડી રાજા કહે, નિસુણો હેમસૂરીંદ. ॥૩॥
કવિ ધનપાળ પંડિત થયો, કીધી જિન સ્તુતિ એહ;
તુમે પણ કોઈ સ્તુતિ કરો, જેમ ઉપજે સનેહ. ॥૪॥
હેમ કહે સુણ કુમરનૃપ, ભકિત રાગ ઈણ માંહ;
પોષ્યો તેણે કવિ એહવો, મેં પોષ્યો નવિ જાય. ॥૫॥
કિંહાં આંબો કિંહાં આકડો, કિહાં ચંદન કિહાં કાઠ;
કિહા રાજા ચાકર કિહાં, કિહાં ખીર કિહાં ઘાટ ?. ॥૬॥
કિહાં મૃગલો મૃગપતિ કિહાં ખજૂઓ કિહાં સૂર;
ધનપતિ આગળ માહરો, રતિ ન વાધે નૂર. ॥૭॥

## ॥ ઢાળ સત્તાણુંમી ॥

નિંદ્રડી વેરણ હુઇ રહી—એ દેશી.

[1]સુણ નૃપ કુમર નરેશ્વરૂ, જિન ઉપર હો એહનો બહુ રાગ કે; કહે હેમસૂરિ કુમર નરિંદને. જંબુને હેત જેમ મુગતિશું, ગૌતમને હો વહાલા વીતરાગ કે. કહે૦ ॥૧॥ મોટો મોટો હો જગમાં સોભાગ્યકે, ક૦ જેણે મેળવ્યો હો શિવપુરનો માર્ગ કે, ક૦ જેમ માનસરોવર હંસને, કોયલને હો વ્હાલો સહકાર કે; ક૦ નિર્ધનને ધન વાલહો, બાળકને હો માતાશું પ્યાર કે. કહે૦ ॥૨॥ ધનપાલ મહા કવિયણ ભણી, તેમ વાલો હો શ્રીરૂષભ જિણંદ કે; એહની ન થાય બરાબરી, એ આગળ હો માહરી મતિ મંદ કે. કહે૦ ॥૩॥ [2]કુમર કહે પરગુણ ગ્રહે, તે ગિરૂઆ હો ગુણવંત ગંભીર કે;

૧ સાંભલી * ૨ રાય કુમર *

નિજ ગુણ હીણુ કરી દાખવે, જાણીજે હો તે ઉત્તમ ધીર કે. કહે૦ ॥૪॥ મુજ નયણે તુમ સરિખો યતિ, કોઈ નાવે હો જોતાં મુનિરાય કે; તુજમાં કો દોષ દેખું નહીં, દૂધ માંહે હો પૂરા નવિ થાય કે. કહે૦ ॥૫॥ સુણ ભૂપ એ તીરથ વડો, કરો સ્તવનાં હો એહની ચિત્ત લાય કે; ઈહાં પૂર્વ નવ્વાણું રૂષભજી, આવી આવી હો ફરશ્યો ગિરિરાજ કે. કહે૦ ॥૬॥ રાયણ તળે આવી સમોસર્યા, તે કારણ હો એહને ઘો માનકે; [1]અઠમ કરો ઇણ સ્થાનકે વૃક્ષ રાયણકો પૂજો ધરી ધ્યાન કે. કહે૦ ॥૭॥ રાયે રાયણની પૂજા કરી, કર્યો અઠમ હો ફરશ્યો ગિરિરાજ કે; ત્રિહું પાસ દીધી પ્રદક્ષિણા, આવી પૂજ્યા હો પ્રભુ શીવપુર કાજ કે. કહે૦ ॥૮॥ [2]નવ અંગે નવ રતન ધર્યા, સોવનમય હો વર ધ્વજ એકવીશ કે; [3]છ છત્ર ચામર મોતીનાં કર્યા, જિનવરને હો શિર ધર્યા જગીશ કે. કહે૦ ॥૯॥ કંચન મણી થાળા ભરી. મુકતાફળ હો જિન આગળ મેલ્હી કે; ગુણ ગીત ગાવે આગળ રહી, દુર્ગતિને હો એમ નાખે ઠેલી કે ક૦ ॥૧૦॥ નૃપ ઉભો જિન ભકિત કરે, એક ચારણ હો બોલ્યો તેણી વાર કે; એક પુલે જે જિનવર પૂજે, તે પામે હો નર શિવ સુખ સાર કે. કહે હેમ૦ ॥૧૧॥ દેખો જિનવરની બોલિમાં, પુલ સાટે હો આપે શિવરાજ કે; જિનવર દાતા મોટો એહવો, તજી બીજા હો સેવો કિણ કાજ કે.? કહે૦ ॥૧૨॥ રૂડો વિમલાચલ રાજિયો, જે

---

૧ અઠમ એક ઇણ સ્થાને કરો * ૨ નવ રતન નવ અંગે ધરે * ૩ મોતીના છત્ર ચામર કર્યા *

આપે હો નિજ અવિચળ થાન કે; પૂજીયે આદીશ્વર ભણી, રૂડો વળી હો તે કુમર રાજન કે. કહે૦ ॥૧૩॥ એક આદીશ્વર અરિહંતને, બીજો રાજા હો પાટણનો જેહ કે; જો યાચો તો એ યાચજો, જેમ ભાંજે હો દારીદ્રનો ગેહ કે. કહે૦ ॥૧૪॥ આજ કઠણ કર્મ સહુ નિરદળ્યાં, આજ દીઠા હો રિસહેસ નરેશ કે; પુણ્યોદય આજ થયો સહી, મનવંછિત હો આજ લાભ લહેશ કે. ક૦ ॥૧૫॥ હવે ચારણ કુમર નરિંદ-ની, કરે કીર્ત્તિ હો ગુણ ગાવે જાસ કે; જિનહર્ષ ઢાળ પૂરી થઇ, સત્તાણું હો મનને ઉલ્લાસ. કહે૦ ॥૧૬॥ સર્વગાથા ૨૧૫૫

॥ દુહા ॥

કુમર નરેશ્વર તાહરો, પુહવી પ્રગટ પ્રતાપ;
[1]હીમતણી પરે અરિયણાં, ઉપજાવે સંતાપ. ॥૧॥

પ્રજાપાળ ભૂપાળ તું, જીવે કોડિ વરિસ;
તું ઉપગારી સહુ તણો, જગત્રય દીયે આશીષ. ॥૨॥

સૂરા તો દાતા નહીં, દાતા તો નહીં સૂર;
દાતાં ને સૂરાપણું, તુજ ગુણ બે ભરપૂર. ॥૩॥

કુમર રાય દીઠા પછી, બીજા નાવે દાય;
ઝીલ્યાં ગંગા નીરમાં, વાહલીયા ન સુહાય. ॥૪॥

માનસરોવર હંસલો, રાચે સૂર સંગ્રામ;
કવિયણ રાચે કુમરશું, દાન માન અભિરામ. ॥૫॥

બીજા નર યાચું નહીં, યાચું તો જગદીશ;
કે યાચું કુમર નરેશને, પૂરે આશ જગીશ. ॥૬॥

૧ ભીમ *

તું કુળદીપક દિન મણી, તું સાયર ગંભીર;
કલ્પદ્રુમ યાચી કરી, યાચું કેમ કરીર? ॥૭॥
પર મંદિર સેવા કરે, કુમર ન ભેટયો જ્યાંહ;
કુમર નરિંદ ભેટયા પછી, હાથ ન ઓડે કયાંહ. ॥૮॥

## ॥ ઢાળ અઠાણુમી ॥

શ્રેણીકરાય હું રે અનાથી નિર્ગ્રંથ...એ દેશી.

એહવાં વચન ચારણે કહ્યાં, નૃપ સાંભળી નિજ કાન; નવ લાખ તસ સોવન ટકા, દીધા રાયે રે ચારણને દાન. કુમરરાય તું મોટો દાતાર, તુજ સરીખો રે નહીં કો સંસાર. કુ૦ ॥૧॥ ચારણ કહે કર જોડીને સાંભળો અવની નાથ; મુજ અયાચી તેં કીયો. નવિ ઓડું રે કિણ આગળ હાથ. કુમર૦ ॥૨॥ આશીષ દેઇ ચારણ ચલ્યો, પહેરવા અવસર માળ; બહુ મળયાં નર વ્યવહારીયા, વાગભટ બોલ્યો રે વયણ રસાળ. કુ૦ ॥૩॥ લાખ ચાર સોવન હું દીઉં, આઠ લાખ કહે ભૂપાળ, બાહડ કહે સોળ લાખ ઘું, મુજ આપો રે રાજન ઇન્દ્રમાળ. કુ૦ ॥૪॥ રાજા કહે હું આપશું, રૂડા સોવન લાખ બત્રીશ; શ્રાવક એક તિહાં બોલીયો, કર જોડી રે કહે સાંભળ ઇશ. કુ૦ ॥૫॥ સવા ક્રોડ સોવન હું દીઉં, રાય તેડયો તે શેઠ; આગળ આવી ઉભો રહ્યો, રાય હરખ્યો રે દેખી તે દ્રષ્ઠ. કુ૦ ॥૬॥ રહેવાસી મહુવા તણો, હાંસ પિતા ધારૂં માય; તસ સુત નામે જગડુઓ, રાજાને રે તે આવ્યો દાય. કુ૦ ॥૭॥ સાહમી શ્રાવક જાણીને, નૃપે તસ દીધી માળ;

માતા તણે ઘાલી ગળે, એ શું કીધું રે કહે ભૂપાળ. કુ૦ ॥૮॥ માત સમુ તીરથ નહીં, ત્રિહું લોક માંહી કોય; જેણે માય માની આપણી, ઘર બેઠા રે તીરથ ફળ હોય. કુ૦ ॥૯॥ જે માયે ઉદરે ધારીયો, મળ મૂત્ર જેણે ધોય; પૂજે ચરણ માતા તણાં, પણ તોહી રે ઓસીંગણ ન હોય. કુ૦ ॥૧૦॥ સોના બરાબર માયને, જો ત્રાજવે તોળે કોય; તીરથ કરાવે લેઇ ખભે, ગુણ તોહી રે પૂરણ ન હોય. કુ૦ ॥૧૧॥ પ્રહ ઉઠી માય ચરણ નમે, પાણી પીવે પગ ધોય; ઇન્દ્રમાળ પહેરાવે ગળે, ગુણ તોહી રે ઊરણ ન હોય. કુ૦ ॥૧૨॥ તેણે કારણ શાહ જગડુએ, માળ ઠવી માય કોટ; એહવો અવસર કિહાં મળે, નવિ કીજે રે ઇહાં મનની ખોટ. કુ૦ ॥૧૩॥ એક રતન કોડ સવા તણો, આપીયો શેઠે છોડ; હરખીયો રાય દેખી કરી, કોઈ બીજો રે નાવે એહની જોડ. કુ૦ ॥૧૪॥ એ જૈન ધર્મી સાહમી, જિન ધરમનો પ્રતિપાળ; જિન ભકિત એહને ચિત્ત વસી, પાય પ્રણમું રે કહે એમ ભૂપાળ. કુ૦ ॥૧૫॥ ગુણ સ્તવ્યા નૃપ જગડુ તણાં, નૃપનાં સ્તવે ગુણ હેમ; ધન ધન કુમર નરિંદ તું, જિન પૂજ્યા રે આણી બહુ પ્રેમ. કુ૦ ॥૧૬॥ તવ એક ચારણ બોલીયો, સાંભળ નૃપ કહું વાત; એ ઢાળ અઠાણું થઇ, જિનહર્ષે રે ગાઈ સુવિખ્યાત. કુ૦ ॥૧૭॥

॥ દુહા ॥

એક અચંબો જગતમાં, રૂપ ધરે ઘનશ્યામ;
આપે ઉજ્વળ જળ પ્રબળ, વધારે મામ. ॥૧॥
ગાય ચરે સુકાં તૃણાં, પીવે ડહોળું નીર;
જુવો એહ પટંતરો, શ્રવે અમૃત ખીર. ॥૨॥
ઉત્પત્તિ મૃગ નાભિમાં, નાભિ તણો મળ જેહ;
કસ્તુરી પરિમલ બહુ, વહાલી સહુને તેહ. ॥૩॥
મોટાં મોંઘા ઉપજે, મુક્તાફળ ગજ શીસ;
નર નારી નૃપ આદરે, દેખી ધરે જગીશ. ॥૪॥
નામે કહીયે તંતૂઓ, રહે સદા જળ માંહિ;
સાંકળની પરે સાંકળી, રાખે કુંજર સાંહિ. ॥૫॥
તેમ હેમાચારજ પ્રતે, નીચા નમીયા જેહ;
પામે તે ઉંચી ગતિ, મુજ મન અચરિજ તેહ. ॥૬॥

## ॥ ઢાળ નવ્વાણુંમી ॥

અષાઢાભૂતિ ચિત ચિંતવે-એ દેશી.

હેમ તમારા ગુણ ઘણાં, મુજ મુખ રસના એક; હું મૂરખ કિણી પરે કહું, મુજ નહિ તેહવો વિવેક. હે૦ ॥ ૧ ॥ પવન તણી પરે હું ફર્યો, સહુ મેલ્યોરે જોય; હેમસૂરીશ્વર સારિખો, મેં દીઠો નહિં કોય, હે૦ ॥૨॥ વિદ્યા ક્રિયા ગુણ સાધુના, શીલે જે નિકલંક; અંગે અવગુણ જોવતાં, કોઇ ન દીસે વંક. હે૦ ॥૩॥ એકેકી જગ જોવતાં, સહુ માંહે છે ખોડ; ખોડ નહીં હેમસૂરિમાં, કોણ કરે તસ હોડ ? હે૦ ॥૪॥ હેમ સમો મુનિવર નહીં,

પ્રતિબોધ્યો જેણે રાય; જીવદયા પાલક સહી, પ્રણમું લળી લળી પાય. હે૦ ॥૫॥ ચારણ કહે મુનિ હેમનો, મેં દીઠો દેદાર; પાપ ગયા મુજ પરિહરી, નિધ પામ્યો સિરદાર. હે૦ ॥૬॥ દારિદ્ર ગયું હવે માહરૂં, વળીયા સારા દીસ; હેમતણું મુખ દેખતાં, તુઠયો મુજ જગદીશ. હે૦ ॥૭॥ ચારણ વચન સુણી કરી, હરખ્યું કુમરનું મન્ન; હેમ શીષ કરી લુંછણા, નવ લાખ દીધા સોવન્ન. હે૦ ॥૮॥ વિમળાચળથી ઉતર્યો, ગણતો જનમ પ્રમાણ; પગ પગ સોવન નાખતો, ધરતો જિનવર આણ. હે૦ ॥૯॥ પહેરાવ્યાં ચીર તલહટી, જમાડયો સહુ સંઘ; શુભ ક્ષેત્રે વિત્ત વાપર્યો, પાપ તણો કર્યો અંત. હે૦ ॥૧૦॥ શત્રુંજય ટૂંક પાંચમી, ગિરૂઓ ગઢ ગિરનાર; ચાલ્યો સંઘ જુહારવા, માણસનો નહીં પાર. હે૦ ॥૧૧॥ વાટે જિનવર પૂજતો ચાલ્યો કુમર સુજાણ; આવી દીધા ગિરિ તલહટી, જુનાગઢ મેલાણ. હે૦ ॥૧૨॥ થાળ ભરી ગજ મોતીયાં, લુંછણડાં કરે રાય; સંઘ ચડયો ગિરિ ઉપરે, હિયડે [1]હરખીત થાય. હે૦ ॥૧૩॥ દેઈ ત્રણ પ્રદક્ષિણા, પ્રણમ્યા નેમિ જિણંદ; જા પૂજીધી નવ લખી, દેખી હરખે વૃંદ. હે૦ ॥૧૪॥ અગર સુગંધ ઉવેખીયા, કીધી આરતી રાય; પૂજે સહુ સંઘ જિન ભણી, ગુણ ગાવે ચિત્ત લાય. હે૦ ॥૧૫॥ હેમ કહે નૃપ સાંભળો, લખમી તાસ પ્રમાણ; જેહ ધરાવે તીરથે, સંઘપતિ તિલક [2]પ્રમાણ હે૦ ॥૧૬॥ શેત્રુંજે પુણ્ય જેટલું, તેટલું રૈવત હોય; શત્રુંજય ટૂંક પાંચમી, પંચમગતિ

૧ હરખ ન માય * ૨ સુજાણ *

હે સોય. હે૦ ॥૧૭॥ પહેલે આરે એ ગિરિ તણું, નામ હતું કૈલાસ; બીજે નામ ઉજ્જંત ભલું, ત્રીજે રૈવત ભાસ. હે૦ ॥૧૮॥ નામ સરણ ચોથે આરે, પંચમ આરે ગિરનાર; નામ હોશે છઠે આરે, મંદભદ્ર સુવિચાર. હે૦ ॥૧૯॥ ષડવીસ તે પહેલે આરે, બીજે વીસ તે જાણ; ષોડશ વળી ત્રીજે આરે, ચોથે દસ સુપ્રમાણ. હે૦ ॥૨૦॥ ઉંચો જોયણ પાંચમે, હોય ધનુષ શત માન, ત્રણ કલ્યાણક જિન તણાં, થયા અનંત પ્રધાન. હે૦ ॥૨૧॥ પદ્મનાભાદિક સીઝશે, ઈહાં બાવીશ જિણંદ; એ તીરથ મહિમા નિલો, ભેટયાં પરમ આનંદ. હે૦ ॥૨૨॥ એહનાં ગુણ કહું કેટલા, એહનાં ગુણ સુવિશાળ; કહે જિનહર્ષ પૂરી થઈ, એહ નવાણુંમી ઢાળ. હે૦ ॥૨૩॥

॥ દુહા ॥

વચન ઈશ્યાં ગુરૂનાં સુણી, રાય કહે સસનેહ;
સ્વામી પ્રતિમા વજ્રમય, કવણ કરાવી એહ. ॥૧॥
કહે અતીત ચોવીસીયે, સાગર તૃતીય જિણંદ;
ઉજ્જેણી નયરી તણો, નરવાહન મણુસિંદ. ॥૨॥
સમવસર્યા સાગર તિહાં, રાજા વંદન જાય;
જીનવર દીધી દેશના, સુણી સહુ ચિત્ત લાય. ॥૩॥
કર જોડી નૃપ પુછીયું, મુજ કહિ કેવળનાણ;
સાગર જિન કહે, સાંભળ તું રાજન. ॥૪॥
નેમિ હોશે બાવીશમાં, તુજને મુક્તિ તે વાર;
નરવાહન વૈરાગ્ય ધરી, લીધો સંજમ ભાર. ॥૫॥

## ॥ ઢાળ એકસોમી

( સકલ સમતા સુરલતાનો એ–દેશી )

શુદ્ધ સંયમ રાય પાળી, લહી સુર ગતિ સારરે; પાંચમે દેવલોક ઇંદ્ર સાગર, આયુ દસ વિસ્તાર રે. ધન ધન એહ શ્રી ગિરનાર, જિહાં ચડયા નેમિકુમાર રે૦ ॥૧॥ અવધિ જ્ઞાને ભવ સંભારી, નેમિ પ્રતિમા, તામ રે; દેહરાસર તે નિત્ય પૂજે, ભાવ ધરી અભિ-રામ રે. ધ૦ ॥૨॥ કાળ બહુ તિહાં ઈન્દ્ર પૂજ્યા, આયુ પૂરૂં થાય રે; તે ઠવી ગિરનાર પ્રતિમા, કાળ એમ બહુ જાય રે. ધ૦ ॥૩॥ નેમિ જિનવર થયા પરગટ, તેટલે ઈન્દ્ર જીવ રે; મહાપલી ક્ષિતિસાર નગરી, સુખી લોક અતીવ રે. ધ૦ ॥૪॥ નામે નૃપ પુણ્યસાર હુઓ, નેમિ યાદવ રાય રે; તે નયર આવી સમોસર્યા પ્રભુ, રાય વંદન જાય રે. ધ૦ ॥૫॥ કર જોડી રાજા સુણે, જિન દેશના સુરસાળ રે; મિથ્યાત્વ છોડી થયો શ્રાવક, બાર વ્રત પ્રતિપાળ રે. ધ૦ ॥૬॥ નેમિ પૂરવ ભવ કહ્યા તવ, નૃપ ગયો ગિરનાર રે; [1]ભાવ ભક્તે દેવ પૂજ્યા, લહ્યો હરખ અપાર રે. ધ૦ ॥૭॥ આવ્યો પાછો નયર રાજા, ભવ તણાં દુઃખ જાણી રે; સુતને નિજ રાજ દેઈ, ચિત્ત સંયમ આણી રે. ધ૦ ॥૮॥ લેઇ દીક્ષા સ્વામી શીક્ષા, વિકટ કર્મ ખપાય રે; શુભ ધ્યાન ચડીયો ક્ષપકશ્રેણે, મુક્તિ પહોંચ્યો રાય રે. ધ૦ ॥૯॥ મુક્તિ ગયા પુણ્યસાર કેડે, લેપ બિંબ ઉલ્લાસરે; શ્રી નેમિનું

૧ બહુ ભાવભકતે *

ગિરનાર સ્થાપ્યું, નમે સુર નર તાસ રે. ધ० ॥૧૦॥ નેમિ મુગતિ ગયા કેડે, નવ સયા નવ વાસ રે; દેશ કાશ્મીર કેરો વાસી, રતન શ્રાવક ખાસરે. ધ० ॥૧૧॥ ગિરનાર યાત્રા કરણ આવ્યો, કરે બિંબ પખાળ રે; તતક્ષણ પાણી પ્રવાહે જિન, બિંબ થયું વિસરાળરે. ધ० ॥૧૨॥ ચિત્ત ચિંતા ખેદ પામ્યો, કરે તિહાં ઉપવાસ રે; દેવી પ્રત્યક્ષ થઇ અંબિકા, કહે કોમળ ભાસ રે. ધ० ॥૧૩॥ કંચન બલાણે ટૂંક પ્રતિમા, તિહાં જઈ તું આણ રે; ન કર ચિંતા શેઠ મનમાં, ભક્તિશું બેસાડ રે. ધ० ॥૧૪॥ રતન દેવીતણે વચને, બિંબ થાપ્યું એહ રે; ઘણો મહિમા જિન બિંબ કેરો, તરે પૂજે તેહ રે. ધ० ॥૧૫॥ હેમ વચણે કુમર હરખ્યો, પૂજિયા પ્રભુ નેમરે; ઇંદ્રમાળ લઇ રાય ઉભો, લીયો કોઇ કહે એમરે. ધ० ॥૧૬॥ સવા કોડિ દેઇ સોવન, લીયે જગડુ માળ રે; તું માય કૂંખે ભલો આવ્યો, એમ ભણે ભૂપાળ રે. ધ० ॥૧૭॥ છત્ર ચામર ધજા તોરણ, કરે ભૂપ કુમાર રે; જિન ભક્તિ કરી નિજ પાપ ધોયાં, પુણ્યનો વિસ્તાર રે. ધ० ॥૧૮॥ અશ્વ ગજ રથ આપીયા બહું, દીધા કંચન કોડ રે; ઢાળ એકસો કહી રૂડી, શ્રી જિનહર્ષ જોડ રે. ધ० ॥૧૯॥ સર્વગાથા ૨૨૩૦

॥ દુહા ॥

સંઘ ભક્તિ કરી તિહાં થકી, ચાલ્યો ચૌલુક રાય;
દેવકીપાટણ આવીયો, અષ્ટમ જિહાં જિનરાય. ॥૧॥
જિનવર પૂજી નૃપ દીયે, જગડુને ઇન્દ્રમાળ;
રત્ન દઈ સવા ક્રોડનું, ગ્રહી માળ તતકાળ. ॥૨॥

નૃપ પૂછે જગડુ ભણી, તું દીસે મસકીન;
તુજ કિહાંથી ધન એટલું, રતન દીધા તે તીન. ॥૩॥
કહે જગડુ સુણ નરપતિ, મુજ પિતા હંસરાજ;
રતન પાંચ તેહને હતાં, ત્રણ તીરથને કાજ. ॥૪॥
તેતો સંચ મળ્યો નહીં, મુજને દીધાં તેહ;
મેં ખરચ્યા તેહ-ાં છતાં, દોય રહ્યા મુજ એહ. ॥૫॥
રતન યુગલ તમને દીયું, એ લ્યો તમે મહારાજ;
ઉપગારી તુમ સારીખા, કોઈ ન દીઠો આજ. ॥૬॥
આદર કરી નૃપને દીયાં, રાયે લીધા એહ;
અઢી ક્રોડ ધન દેઇ કરી, અધિકો ધરી સસનેહ. ॥૭॥
જગડુ ધન્ય અવતાર તુજ, રાયે પ્રશંસ્યો તાસ;
આવ્યા સહ તીરથ કરી; પાટણ નયર ઉલ્લાસ. ॥૮॥

## ॥ ઢાળ એકસો એકમી ॥

( દેશી કાચબાની )

આવ્યો પાટણ રાય હે સખી, નયર સલૂણો સહુ શણગારીયો; ઓછાડયા બજાર હે સખી એ. શોભા દેખી પુર સુરપુર હારીયો. ॥૧॥ ધ્વજ તોરણ ચોસાલ હે સખી, ધ. બાંધ્યા કંચન થાળ સોહામણા; ગલીયે ગલીયે ફૂલ હે સખી ગ૦, ઉજ્વલ પરિમલ વિખેર્યા ઘણાં. ॥૨॥ [1]વાજા ભૂંગળ ભેરી હે સખી વા૦ ઢોલ નીશાન દમામાં વાગીયાં; શણગાર્યા ગજરાજ સખી હે શ૦, મદ ઝરતા જળધર જેમ ગાજીયાં. ॥૩॥ મોત્તીય જડિત પલાણ હે સખી મો૦, સોવન સાંકળ

૧ વાજ્યાં *

ભલી શણગારીયા; હણહણતા હયવર હે સખી હે૦, જાણે સુરજરથથી ઉત્તર્યા. ॥૪॥ લેઈ અનોપમ ભેટ હે સખી; લ૦, મહેતા મંત્રી સાહમાં સંચર્યા; આડં-બરશું રાય હે સખી આ૦, [1]આવે સહુનાં દેખી લોચન ઠર્યાં. ॥૫॥ [2]વિધુલ થઇ પુરનાર હે સખી વિ૦, નૃપને જોવા દોડી સહુ મળી; ઉલટ પલટ શણગાર હે સખી ઉ૦, કાને કાજળ [3]આંજ્યુ ઉતાવળે. ॥૬॥ પાયે પહેર્યા હાર હે સખી પા૦, બાંહે પહેર્યા ઝાંઝર નેવરા; કર કંચુક સંબાહિ હે સખી ક૦, હાથે આરિસો ગ્રહી કેઈ સંચર્યા. કેઈ ઉઘાડે શીશ હે સખી કે૦, કેઇ હીંડી કડે બાંધી સાડલો; તિલક બનાયો ગાલ હે સખી તિ૦, નાક ઉપર ચોડયો ચાંડલો. ॥૮॥ કંચૂક વિણ શરીર હે સખી ક૦, કિણહી ચણીયો [4]નહી ન લાજીયો; રોતો મુકી બાળ હે સખી, રો૦, કેઈક દોડી જોવા રાજીયો. ॥૯॥ કેઈક નારીયો જાય હે સખી કે૦, અધવચ ઉઠી ભોજન જીમતી; પ્રિતમ ભાણે બેસારી હે સખી પ્રી૦ કેઈક દોડી ધાન પીરસતી. ॥૧૦॥ કેઈ લેઇ રોતો બાળ હે સખી કે૦, દોડી હાથે જાલીને પહેરણો; દેખણ કુમર નરિંદ હે સખી દે૦, કેઈ દોડી મૂકી રાંધણો ॥૧૧॥ વિકળ થઈ એમ નાર હે સખી વિ૦, ટોળે ટોળે ઉભી આવી કરી; મળીયાં પુરૂષ અનેક હે સખી મ૦, કુમર નરેશ પ્રવેશ કીયો પુરી. ॥૧૨॥ કરે સોળહ શણગાર હે સખી ક૦, કોકીલ કંઠે ગાવે

---

૧ આવ્યા દેખી સહુનાં લોચન ઠર્યા * ૨ વિકલ * ૩ આંજ્યું * ૪ નહિ ચરણો પહેરીયો રે *

સોહલો, મોતીયડે ભરી થાળ હે સખી, મો૦ નારી વધાવે કરી મન મોકળો. ॥૧૩॥ પ્રજા દીયે આશીષ હે સખી, પ્ર૦ રાજા આપે સન્માન સહુ ભણી; પૂછે છે તુમ ખેમ હે સખી, પૂ૦ સહુ સુખીયા પ્રભુ સુનજર તુમ તણી. ॥૧૪॥ આવ્યા કુમર નરિંદ્ર હે સખી, આ૦ જય જયકાર થયો પાટણ પુરે; એકસો એક એ ઢાળ હે સખી, એ૦ કહે જિનહર્ષ ગાઓ મીઠે સૂરે. ॥૧૫॥

॥ દુહા ॥

કુમર નરિંદ ઘરે આવીયો, સુખ વિલસે નિશ દિશ;
અઠાઇ દિન આવીયા, ઓછવ અધિક જગીશ. ॥૧॥
ચૈતર શુદિના આઠ દિન, આસો આઠ દિવસ;
ઇણ દિન સુર ઓછવ કરે, નંદીશ્વર અવશ્ય. ॥૨॥
કુમારપાળ પણ આવીયા, જિન તિહુઅણ પ્રસાદ;
બહુત્તર સામંત સંઘશું, ધુરે નિશાણ ને નાદ. ॥૩॥
સત્તર ભેદી પૂજા કરે, ગાવે વાવે રાય;
ઓછવ કરતાં બહુ પરે, આઠ દિવસ એમ જાય. ॥૪॥
તદનંતર કનકરથ, ધ્વજ તોરણ ને છત્ર;
કનક કળશ ચામર યુગલ, કીધા રાય પવિત્ર. ॥૫॥
શ્રી જિનવર ત્રેવીશમા, પ્રતિમા થાપી તાસ;
ચૈતર શુદિ આઠમ દિને, પહોર પાછલે ખાસ. ॥૬॥

## ॥ ઢાળ એકસો બે મી ॥

(મન મોહન સુંદર મેળા રે–એ રાગ)

વાજિંત્ર ઘણાં તિહાં વાજે રે, તેણે નાદે અંબર ગાજે રે; સહુ સંઘમંત્રી નૃપ મળીયા રે,

જિન ભવન થકી નીકળીયા રે. ॥૧॥ પુષ્પ વૃષ્ટિ કરે નર નારી રે, ગજ રથ હયવર શણુગારી રે; આવ્યા નૃપતિ દરબાર રે, પૂજી નૃપ હરખ વધારે રે. ॥૨॥ દુહોઃ—હરખી નૃપ નાટક કરે, વહાણે સીંહ દુવાર; મંડપ તળે રથ રાખીયો, પૂજે પાસકુમાર. ॥૩॥ ઢાળ :- પૂજા આરતિ ઉતારે રે, તિહાંથી રથ ચાલ્યો ત્યારે રે; નાટકીયા ગાવે [1]સાચે રે, દેખીને સહુ મન રાચે રે. ॥૪॥ ચહુટે મંડપ રથ રાખે રે, ગુણીજન જિનવર ગુણ ભાખે રે; ચોરાશી ચહુટે ફરીયો રે, સહુ નગર પવિત્ર જેણે કરીયો રે. ॥૫॥ દુહો :- કર્યો નગર સુર પુર જિસ્યો, રથયાત્રા જિહાં થાય; કરતાં ઓછવ જિન તણો, એણિ પરે વાસર જાય. ॥૬॥ ઢાળ ॥ વાસર પુન્યનાં એ કહીયે રે, ત્રણ યાત્રા પુન્યે લહીયે રે; અઠાઇ તીરથ યાત્રા રે, રથ-યાત્રા શિવ સુખ યાત્રા રે. ॥૭॥ રાજાએ તે ત્રણ કીધી રે, સહુ મનની આશા સીધી રે; નિત્ય ગુરૂની સેવા સારી રે, વ્યાખ્યાન સદા અવધારી રે. ॥૮॥ દુહા ॥ ધારે વીર ચરિત્ર નૃપ, વાંચે હેમસૂરીંદ; ચેઇ*નો અધિકાર તિહાં, ભાખે વીર જિણંદ. ॥૯॥ ઢાળ ॥ વીર જિન ભાખે અધિકારો રે; પૂછે તવ અભયકુમારો રે; જીવીતસ્વામી મૂરતીરે, કેતી એક પૂજા સ્થિતી રે. ॥૧૦॥ શ્રી વીર ઇશ્યું તવ ભાસે રે, ઘણો કાળ એહ પૂજાશે રે; આગળ થાશે ભૂપાળ રે; નામે તે કુમરપાળ રે. ॥૧૧॥ દુહા -ઃ કુમાર-પાળ નિત્ય પૂજશે, એમ કહ્યું વીર જિણંદ; હેમ

---

૧ નાચેરે *

તણે મુખ સાંભળી, હરખ્યો કુમર નરિંદ. ॥૧૨॥
ઢાળ ॥ હરખ્યો નૃપ કુમર નરિંદોરે, મુજ કીધી સાર જિણંદો રે; જિનવર જીભે હું ચડીયો રે, ભવ ભવનો પાતક [1]ઝડીયો રે. ॥૧૩॥ ભૂપ પૂછે કહે ગુરૂરાય રે, તે પ્રતિમા છે કિણ ઠાય રે; વીતભયપાટણ ઇણ નામ રે, તે પ્રતિમા છે તિણ ઠામે રે. ॥૧૪॥ દુહા ॥ તિણ ઠામે પ્રતિમા રહે, ભંડારી ભુંઇ માંહી જીવિત-સ્વામી જૂહારવા, ચાલ્યો ધણે ઉછાંહ. ॥ ૧૫ ॥
ઢાળ ॥ ઉછાંહ ધરી તિહાં પહોત્તો રે, મન માંહી નૃપ ગહગહતો રે; પૂજા કીધી હિત જાણી રે, તે પ્રતિમા પાટણ આણી રે. ॥૧૬॥ દહેરાસર મૂરતી થાપી રે, પૂજી ભવ પીડા કાપી રે; ભલાં બાર હજાર તે ગામો રે, દીધાં પૂજાને કામો રે. ॥૧૭॥ દુહા ॥ કામ રાયને નવિ ગમે, પ્રતિમા ઉપર પ્રીત; પૂજે કેસર ચંદને, રાય શ્રેણીકની રીત. ॥૧૮॥ ઢાળ ॥ રીત દેખી હરખે સ્વામી રે, દાલિદ્રી જેમ નિધિ પામી રે; જિન પ્રતિમા જિનવર સરખી રે, રાય કુમર નરેશ્વર નિરખી રે. ॥૧૯॥ હસ્તી ખંધે ચડીયો રાય રે, તિહુઅણ પ્રાસાદે જાય રે; જિનહર્ષ પૂજે ત્રણ કાળ રે, એકસો બીજી એ ઢાળ રે. ॥૨૦॥

॥ દુહા ॥

એક દિન કુમર નરેસરૂ, પૂજેવા શ્રી વીર;
પટ્ટકુલ વિણ વાપર્યો, માંગે સાહસ ધીર. ॥૧॥
નવો [2]પટ્ટકુલ ચર કહે, ન મળે ઇહાં મહારાય;
બબેરા પાટણ ધણી, પહેર્યાં દશ દિશિ જાય. ॥૨॥

---

૧ દડીયો રે * ૨ પટોલો *

દૂત પઠાવ્યો કુમર નૃપ, પટ્ટકુલને કામ;
ભેટ ભલી લેઇ કરી, વેગે પહોંચ્યો તામ. ॥૩॥

દૂતે જઈ નૃપ વિનવ્યો, કુમારપાળ ભૂપાળ;
તુમ પાસે મુજ મોકલ્યો, મૂકી એહ રસાળ. ॥૪॥

પટ્ટકુલ અણુ વાપર્યો, એક આપો મહારાજ;
પાટણ રાયે મંગાવીયો, જિન પૂજાને કાજ. ॥૫॥

રીસ કરી રાજા કહે, તુજ રાજા શિર ધૂળ;
મંગાવે અણુ વાપર્યો, મુજ પાસે પટકુળ. ॥૬॥

ઇહાં તું ઉભો રહીશમાં, જો હીયડે હોય સાન;
ભ્રષ્ટ કરી કાઢીયો, દેઈ બહુ અપમાન. ॥૭॥

દાણી કવિતા ડાંડીયો, [1]ચાડરથી નૃપ દાસ;
દૂરવાણી ને દૂતને, દૂહાવીયાં વિનાશ. ॥૮॥

## ॥ ઢાળ એકસો ત્રણુ મી ॥

( અજિત જિણંદશું પ્રિતડી–એ )

દૂત અપમાન્યો પાછો વળીયો, બળીયો રીસે ભરીયો રે; આવીયો નિજ નૃપ પાસે, કળકળતો થઇ રાતડો રે, દૂત સુણાવેરે રાયને, અવગુણ તાસ. ॥૧॥ તે રાજા મહા કોઢીયો, અભિમાની રે રૂઠો જાણે કાળ; તૃણ સમ તુમને લેખવે, ત્રટકી બોલ્યો રે રાજન તુમને ગાળ. દૂત૦ ॥૨॥ કાન ભર્યા તેણે રાયના, અધિકા ઓછા રે વચન કહે તેણિવાર; મદનભ્રમ નૃપ ઉપરે, કોપ ધરીને ખીજ્યો રાય કુમાર. દૂત૦ ॥૩॥ બાહડદે તેડી કહે, તુમે જઈ લાવો રે મદન-ભ્રમને બાંધી, કટક લઇ યુદ્ધ કારણે, સુભટ ચાલ્યા

૧ ચારડથી *

રે આવ્યા તેહની સંધિ. દૂ૦ ॥૪॥ કોટ વીંટી રહ્યો પાખળે, લશ્કર જોરે રે ભેળ્યો પૂર પ્રાકાર; ઝાલી બાંધ્યો રાયને, કોડિ સોવનરે સય વાજી અગ્યાર. દૂ૦ ॥૫॥ સાત સહસ ઘર સાળવી, વણે પટોળાં રે કબજે કીયા મંત્રીશ; ગજ ચડિ કુમર નરિંદની, આણ ફેરી રે બાહડદે ધરી રીસ. દૂ૦ ॥૬॥ ગધેડે બેસારી ચલ્યો, બાહડ મંત્રી રે મદનભ્રમ નર નાહ; આણી પાયે લગાડીયો, બળીયો મંત્રી રે કુમર તણે ઉછાંહ. દૂ૦ ॥૭॥ કુમર નરેશને દૂહવ્યો, ચરણે લાગ્યો રે ઉતર્યો મન રોષ; દેશ સવાલક્ષ દેઈ, કહે, સુણ નરપતીરે [1]જિનનો ઉપદેશ. દૂ૦ ॥૮॥ જીવ તણી રક્ષા કરો. અકર નિવારી રે [2]કરે મત અન્યાય; પ્રજા પાળે છોરૂ પરે, ભલપણ લેજે રે લોકો માંય. દૂ૦ ॥૯॥ જિનવર પૂજા કારણે, દૂત મોકલી રે મંગાવ્યા પટકુલ; દૂત [3]હીલ્યો તેં માહરો, થઈ અભિમાની રે મુજ શિર ઘાલી ધૂળ. દૂ૦ ॥૧૦॥ મદન ભ્રમ નૃપ લાજીયો, નીચું જોવે રે હું મૂરખ મહારાજ; કર્યો જિસ્યો પામ્યો તિસ્યો, હવે શું બોલુ રે મનમાં આવે લાજ. દૂ૦ ॥૧૧॥ તમે મોટા છો રાજવી, મુજ કરણી રે જોશો નહિ મતિવંત; અવગુણ ઉપર ગુણ કરે, તે વિરલા રે તુજ સરિખા સંત. દૂ૦ ॥૧૨॥ દાવ લહી દુર્જન હણે, પણ ગિરૂઆ રે ન કરે પરનો વિનાશ; મે કીધું તેમ તું કરે, સાહિબ મોરા રે હવે હું તારો દાસ. દૂ૦ ॥૧૩॥ છતી શકતે જે નર ખમે,

---

૧ જીભતણો નહી દોષ * ૨ કરજે * ૩ અપમાન્યો *
૪ નિત્ય નિત્ય નમીયે પાય *

પાય તેહનાં રે [૪]નીત્ય નમીયે રાય; તેહનાં ગુણ ન વિસારીયે, તસ કાજે રે કલ્પીજે નિજ કાય. દૂ૦ ॥૧૪॥ હું ઓશીંગલ કેમ થશું, તુમ સાથે રે કરૂણા-વંત કૃપાળ; દયા પળાવું દેશમાં, હવે ન કરૂં રે કોઈ આળપંપાળ. દૂ૦ ॥૧૫॥ કુમર તણે ચરણે નમી, નૃપ ચાલ્યો રે મદનભ્રમ નિજ દેશ; દેશ ઢંઢેરો ફેરીયો, મત કોઇ હણજો રે જીવ વિશેષ. દૂ૦ ॥૧૬॥ દયા પળાવી બહુ પરે, ટાળ્યાં વળી રે અકરાકર અન્યાય; કહે જિનહર્ષ ન્યાચી થયો, ઢાળ એકશો ઉપર ત્રણ થાય. દૂ૦ ॥૧૭॥ સર્વગાથા ૨૩૦૩

॥ દુહા ॥

કુપારપાળ તસ દેશમાં, દયા પળાવી એમ;
ધન્ય ધન્ય ચૌલુક્વંશ નૃપ, જેહનાં ગુરૂ શ્રી હેમ. ॥૧॥
બબેરાથી સાળવી, આણ્યા સાત હજાર;
છત્ર હેઠ નવરાવીયા, પવિત્ર કર્યા સુવિચાર. ॥૨॥
નાત સાળવી તેહની, થાપી રાય તેવાર;
પાટણ માંહે વસાવીયા, વણે પટોળા સાર. ॥૩॥
તે પહેરી પૂજા કરે, વિધિશું કુમર નરિંદ;
જનમ સફળ પોતા તણો, કરે ધરી આણંદ. ॥૪॥
એક દિવસ નરવર કુમર બેઠો સભા મોઝાર;
બેઠા પંડિત બ્રાહ્મણો, પૂછે તામ કુમાર. ॥૫॥
આજ કહો ગુરૂ તિથિ કીસી, બોલ્યા સહસાકાર;
હતી અમાવસિ પણ કહી, પુનમ તિથિ તેણીવાર. ॥૬॥

## ॥ ઢાળ એકસો ચાર મી. ॥

( સાત સોપારી બીડલો હાથ–એ દેશી )

બ્રાહ્મણ હસિ હસિ બોલ્યા તેણી વાર, ગરઢા થયા ગુરૂ મતિ ગઇજી; આજ અમાવસિ જાણે સહુ સંસાર, તેહની કહોને પૂનમ કેમ થઇજી ? ॥૧॥ કાગ કાળાને ઉજ્વળ કહે એહ, મૂરખ માને તેહનો કહ્યોજી; કુમર તણે મન ઉપન્યો સંદેહ, રાય વિચારી મનમાં રહ્યોજી. ॥૨॥ ભલું રે ભલું હેમ એ તમ જ્ઞાન, પૂનમ કહી અમાવસિ ભણીજી; શા માટે માનો તમે કુમર રાજન, બુદ્ધિ નિહાળી હાલી ગુરૂ તણીજી. ॥૩॥ હા કીધી ત્યારે હેમસૂરિંદ, રહો રહો મૂરખ વાદ કરો વૃથાજી; જો આજ ઉગે પૂનમ પૂરો ચંદ, નહીંતો અમાવસિ જાણજો તથાજી. ॥૪॥ રાજા પ્રજા બ્રાહ્મણ કીધ પ્રમાણ, હેમ વિચારે મન માંહી ઇશુંજી; મારા શાસનની હીલા કરશે અજાણ, કહેતાં કેવરાણું હવે કરીયે કીશુંજી ?. ॥૫॥ તેડી દેવી ને ભાખે હેમ-સૂરિંદ, આજ પૂર્ણિમા કીધી જોઇયેજી; દેવી પયંપે મનમાં [2]ધર્યો આણંદ, ચિંતા ન કરશો એમ ધીરજ દીયેજી. ॥૬॥ ચાંદ્રણી રાતે કરૂં ગચ્છરાજ, બ્રાહ્મણનું જેમ પાણી ઉતરેજી, વાધે શાસન કેરી અધિકી લાજ, સહુ નર નારી જય જય ઉચ્ચરેજી. ॥૭॥ રાતે આવીને કુંડલ મુકયું આકાશ, પ્રત્યક્ષ ગયણે ચંદ્ર વિરાજીયોજી; બાર જોયણ સૂધી થયો પ્રકાશ, હરખિત થયો મન માંહી રાજીયોજી. ॥૮॥ બ્રાહ્મણ કેરા મુખ

૧ પાતક * ૨ ધરો *

હુવા શ્યામ, શ્રી જિન શાસન એમ દીપાવીયોજી; જગ માંહે સાચા હેમસૂરિંદ, સાચો શ્રી જિનવર ધર્મ કહાવીયોજી. ॥૯॥ રાત વીતી ને થયો પ્રભાત, હેમ ખમાવે સંઘ આગળ સહુજી; પૂનમ ન હતી કીધી અછતિ વાત, તે મુજ દૂષણ લાગ્યું છે બહુજી. ॥૧૦॥ પણ જિન [1]શાસન રાખવા લાજ, જુઠું બોલ્યો મુજ મિચ્છામિ દુક્કડંજી; સહુ સંઘ સાખે ખામું છું આજ, જેમ દુર્ગતિ દુઃખમાં નવિ પડુંજી. ॥૧૧॥ આણ ન ખંડે શ્રી જિનવરની હેમ, પાપભીરૂ થઈ ધર્મ દીપાવીયોજી; દયા શાસન ઉપર બહુ પ્રેમ, અસત્ય વચનનો દોષ ન આવીયોજી. ॥૧૨॥ પાપ કરતા શંકે પુરૂષ જેહ, પાપ કરીને પ્રગટ દાખવેજી; પાપ કરતાં ધ્રુજે જેહની દેહ તે નર સદ્ગતિનાં સુખ અનુભવેજી. ॥૧૩॥ દોષ આલોવીને હુવા નિષ્કલંક, શ્રી જિન શાસન કારણ એમ કર્યોજી; પાતક ઠામે રાખી મનમાંહે શંક, ચારિત્ર પાળે નિર્મળ ગુણ ભર્યોજી. ॥૧૪॥ પાયે નમી ગુરૂને કુમર ભૂપાળ, કહેણી કરણી સારિખી તાહરીજી; થઇ એકસો ચાર એ ઢાળ, કહી જિનહર્ષે સહુને હિત કરીજી. ॥૧૫॥

॥ દુહા ॥

કુમર કહે કર જોડીને, સાંભળ શ્રી ગુરૂરાય;
તું મોટો જગ સાપુરૂષ, તુજ ગુણ કહ્યા ન જાય. ॥૧॥
તુજ સરિખો જોવતાં, બીજો ન મળે કોય;
જૈન ઉપર કહો શૈવનો, દ્વેષ ઘણો કેમ હોય.? ॥૨॥

---

૧ શાસન કેરી *

## ॥ ઢાળ એકસો પાંચમી ॥

( સાહિબા રંગીલા હમારા -એ )

હેમ કહે સુણ કુમર નરેશ, નયરી અયોધ્યા રૂષભ જિનેશ; રાયજી મુજ વચન સુણોને. વચન સુણો પાટણનાં રાજા, વચન સુણો તુજ બહુત દિવાજા; સમવસર્યા વનમાંહી આઇ, વનપાલકે જઈ દીધી વધાઇ. રા૦ ॥૧॥ હરખ્યો ભરત નૃપતિ મનમાંહી, બાર કોડિ ધન દીધ ઉમાહી. રા૦; સકટ પંચ સય મોદક ભરીયા, પરિવાર લેઇ સંચરીયા. રા૦ ॥૨॥ વાંદે જઇ જિનવરને ભાવે, પંચાભિગમ ચિત્ત રહાવે. રા૦; વસ્તુ સચિત્ત કરે પરિહાર, મન રાખે એકાંત વિચાર. રા૦ ॥૩॥ એક સાટી ઉત્તરાસણ [1]ઉડે, જિનવર દેખી બે કર જોડે. રા૦; છત્ર ખડગ ચામર સહુ મુકે, ત્રણ પ્રદક્ષિણા રાય ન ચૂકે. રા૦ ॥૪॥ એણિપરે ભાવ ભક્તિશું વાંદી, પાસે જઈ બેઠો આણંદી. રા૦; રૂષભજિનેશ્વર ધર્મ પ્રકાસે, દાન શીયલ તપ ભાવ ઉલ્લાસે. રા૦ ॥૫॥ [2]અધિક દાન કહ્યો જગ માંહિ, દાને ધર્મ વધે ઉછાહિ. રા.; દાને તપ જપ ક્રિયા થાય, દાને પાતક દૂર પલાય. રા૦ ॥૬॥ દાન આપે તે જગમાં મોટો, દાન વિના સઘળોહિ ખોટો. રા.; દાતાની આશા સહુ રાખે, દુરભિક્ષ જગડો લે તે પાખે. રા૦ ॥૭॥ રૂષભ કહે સાંભળ ભરતેસેર, વસુધાભરણ પુરૂષ અલવેસર. રા.; ધન આભરણ કહ્યો



૧ ઓઢી * ૨ અધિકો *

નર કેરો, દીસે જેહથી પુરૂષ ભલેરો. રા૦ ॥૮॥ ધનનો આભરણુ દાન કહીજે, દાનાભરણુ સુપાત્રે દીજે. રા.; દાન સુપાત્ર થકી બહુ તરીયા, મુક્તિ તણાં સુખ અવિચળ વરિયા. રા૦ ॥૯॥ ભરત કહે સુણી વચન પિતારો મુજ ઘર સ્વામી વેગે પધારો. રા.; અન્ન પાન દઉં સહુ મુનિવરને, ભક્તિ ભાવ બહુ પરે આદરીને. રા૦ ॥૧૦॥ ભરત નરિંદ સુણો કહું તમને, રાજપિંડ કલ્પે નહીં અમને રા.; થયો દિલગીર સુણી ભરતેસ, તામ પયંપે વચન સુરેસર. રા. ॥૧૧॥ પોષ્યાં લાભ ઘણો સાહમીનો, ભક્તિ કરી ભરો પુન્ય ખજાનો. રા.; ઇન્દ્ર વચન સાંભળી નૃપ હરખ્યો, પુન્ય ક્ષેત્ર સાચો કરી પરખ્યો. રા૦ ॥૧૨॥ [1]મોકલ્યા નોતરાં ગામો ગામે,આવ્યા શ્રાવકો ઠામો ઠામે. રા.; શ્રાવકમાં બીજા પણ [2]ભળીયા, ભોજન કાજે સહુ હળફળીયા. રા૦ ॥૧૩॥ ખાવાની લાલચ સહુકોને, બાળ વૃદ્ધ [3]નરતોને મોને. રા.; ઝડપી લે પાટલા આખલીયા, [4]થાળી ખેંચે કેઇક બળીયા. રા૦ ॥૧૪॥ સુધા શ્રાવક હોય તે લાજે, ભઠ પડો એ ભોજન કાજે. રા.; એ માંહે જમતાં લાજ મરીજે, લાખા દેખી શ્રાવક ખીજે. રા૦ ॥૧૫॥ એ ભોજન પાખેહી સરશે, ભોજન લાલચીયા મન હરખે. રા.; ઢાળ ભલી જિનહર્ષે વખાણી, એકસો પાંચ તણી નીશાની. રા૦ ॥૧૬॥

---

૧ ગયા * ૨ ભલીયા * ૩ નર તે ન માનિં * ૪ થાલી પણુ લે કેઇક-ચલીયા *

॥ દુહા ॥

કેઈ માંગી ઝુંટી લીયે, છડી લીયે કોઈ અન્ન;
[૧]પ્રેત કિમે ધ્રાપે નહીં, એહવા લોક અસન્ન. ॥૧॥
દિન દિન વાધે અતિ ઘણા, પામે સરસ આહાર;
મધમાંખી જેમ લાલચે, લાગી રહ્યા એકાર. ॥૨॥
ચારે ઇંદ્રિય સોહીલી, જેમ તેમ એ જિપાય;
ભોજન ભાષણ બે વિષે, જીભ ન જીતી જાય. ॥૩॥
સખર સરસ ભોજન તણો, ચસકો લાગે જાંહ;
રહે નહીં કામહી કિયાં, દાંતા પાડંતાહ. ॥૪॥
ઉત્તમ જો પામે અવલ, હરખે નહીં મનમાંહિ;
સરસો નિરસો જિમતાં, ન ધરે અરતિ ઉછાંહ. ॥૫॥
આદર કરી નોહુંતરી, તો [૨]ત્રિજે તેડી જાય;
નીર [૩]તોલયે મુકે નહી, અણભાવતો ન ખાય. ॥૬॥

## ॥ ઢાળ એકસો છ મી ॥

(ચોપાઇની દેશી.)

સંતોષી નર એહવા હોય, જેહને મન નહી લાલચ કોય; સુણ કુમર નરિંદ તને કહું. વાત [૪]બારે શ્રાવક જગ શણગાર, પર દૂષણ કહે ન લગાર. સુ૦ ॥૧॥ પોષે પાત્ર જાણી ભરતેશ, પણ ન કરે કાંઈ વિગત નરેશ; સુ૦; રાંધણીયા રાંધે આહાર, પુરૂં ન પડે મનુષ્ય અપાર. સુ૦ ॥૨॥ [૫]આવી નૃપને કહે તેવાર, સ્વામી આવે પુરૂષ

૧ પ્રીસે * ૨ ત્રીજિં * ૩ તોલે * ૪ એહવા * ૫ આવી નૃપ વિનવ્યો તે વાર, સ્વામી મીલીયા પુરૂષ અપાર *

અપાર સુ૦; શ્રાવક ભેળા જમે અનેક, એમ જમતાં નથી રહેતો વિવેક. સુ૦ ॥૩॥ નીતિ કરો કાંઇક મહારાય, શ્રાવક-મિથ્યાત્વી ઓળખાય સુ૦; વચન ખરૂં માન્યું મન માંહી, શ્રાવક વ્રતધર રાખો ત્યાંહિ. સુ૦ ॥૪॥ શ્રાવક ઓળખવાને કામ, રતન કાંકણી લીધું તામ. સુ૦; સમકિતધારી શ્રાવક ખાસ, ત્રણ રેખા કરે હૈડે તાસ. સુ૦ ॥૫॥ અવર સહુને દીધી શીખ, ઘર જાજો કે માંગો ભીખ સુ૦; સાહમીની કરે ભક્તિ અપાર, જિમાવે ગમતાં આહાર. સુ૦ ॥૬॥ ચીવર ભૂષણ દીયે વિશેષ, પુન્ય કરે એમ ભરત નરેશ. સુ૦; કાળે ભરત ગયા પરલોક, આદિત્ય-યશા થયા પુન્ય સંયોગ. સુ૦ ॥૭॥ તે પણ ભક્તિ કરે સુવિચાર, કંઠે નાખ્યા સોવન તાર. સુ૦; [1]સાત પાટ લગે ચાલ્યો માર્ગ, પછી ઠવ્યા કંઠે સૂત્રના તાગ. સુ૦ ॥૮॥ કાળે જિનવર વિરહો થયો, મુનિ જિન કેવળજ્ઞાન સહુ ગયો સુ૦; કાળે શ્રાવક શીથીલ હોય, સમકિત વ્રત વિણ થયા સહુ કોય. સુ૦ ॥૯॥ રાતે પણ તે કરે આહાર, દોષ ગણે નહી મૂઢ ગમાર સુ૦; સ્નાન શ્રાદ્ધ સંવત્સરી કરે, કન્યા ગો હલ દાન ઉચ્ચરે. સુ૦ ॥૧૦॥ શ્રાવક [2]બેઠા કાળ સંયોગ, તેહને ગુરૂ કરી માને લોક સુ૦; ઘણો કાળ એમ ચાલ્યો જાય પ્રગટ થયા શ્રેયાંસજિનરાય. સુ૦ ॥૧૧॥ સૂધો ધર્મ પ્રકાશ્યો તેણ, સાધુ શ્રાવક કહ્યા વિવરી જેણ સુ૦; મિથ્યા મારગ કીધો દૂર, તિમિર

---

૧ આઠ * ૨ વિણુઠા *

રહે કેમ ઉગે સૂર.? સુ૦ ॥૧૨॥ મિથ્યાત્વીનો કીધો છેદ, તેણે મુનિ ઉપર બ્રાહ્મણ ખેદ; એકસો છઠી ઢાળ વિચાર, કહી જિનહર્ષ સુણો નર નાર. સુ૦ ॥૧૩॥

॥ દુહા ॥

જે જે પૂછે કુમર નૃપ, આપે તાસ જવાબ;
રાજા મનમા ચિંતવે, ભાખ્યું હેમહ સાચ. ॥૧॥
તું ગુરૂ જ્ઞાની નૃપ કહે, તું ગિરૂઓ ગુણવંત;
ભાખે વચણ સોહામણાં, જિમ ભાખે ભગવંત. ॥૨॥
એક સમે વ્યાખ્યાનમાં, ગુરૂ કહે મુખ હાય હાય;
ભેળાં કરી કર બે ઘસે, શું થયું પૂછે રાય.? ॥૩॥
ગુરૂ કહે પાટણ દેવકી, ચંદ્રપ્રભુ જિન ગેહ;
ઉંદર વાટ લેઇ ગયો, ચંદરવામાં તેહ. ॥૪॥
ચંદરવો સળગી રહ્યો, દેખી એ અનરથ;
તે કારણ મેં કર ઘસ્યા, રાયે સુણ્યો અનરત્થ. ॥૫॥
સુગુરૂ પરીક્ષા કારણે, ખબર કરાવી ત્યાંહ;
ખરી વાત જાણી કરી, હરખ્યો નૃપ મન માંહી. ॥૬॥

## ॥ ઢાળ એકસો સાત મી ॥

(થેં તો ઉભા રહીને અરજ અમારી સાંભળો સાધુજી—એ)

જ્ઞાનવંત શ્રી હેમ! દયાસાગર તમે વૈરાગી, મુજને ઉપકાર કર્યા કેઈ લાખ ગમે વૈરાગી; એક કરો ઉપકાર વળી સેવક ભણી વૈ., આપો સુવર્ણ સિદ્ધિ પૃથ્વી કરૂં ઉરણી. વૈ૦ ॥૧॥ તુમને થાશે લાભ ઇહાં પુન્ય ઠામ છે વૈ., તમે તો છો નિર્ગ્રંથ અમારે

કામ છે. વૈ.; જિનશાસન દીપાયે થાયે ઉજળો. વૈ., વાધે તુમ જસ વાસ જગતમાં નિર્મળો. વૈ૦ ॥૨॥ હેમ કહે સુણ રાય ઉપાય કહું ખરો૦, રાજાજી, મારા ગુરૂ દેવચંદ સેવા તેહની કરો, રા૦; તેહ પાસે છે સિદ્ધિ સોવનની જાણ એ રા., મુનિ વચને ગુરૂ તેડી પાટણમાં આણીયા. રા૦ ॥૩॥ વાંધા ત્રણ પ્રદક્ષિણા દેઈ સુગુરૂ ભણી રા૦, જગમાં સહુને મીઠી આરતી આપણી. રા૦; બેઠો જોડી હાથ નૃપતિ ગુરૂ આગળે રા., શ્લોક કહે દેવચંદમુનિ સહુ સાંભળે. રા૦ ॥૪॥ ઉઠી ગયા દેશન સુણી નૃપ કર જોડીને, રા૦, માંગે સોવન સિદ્ધિ પાએ સિર ઓડીને રા૦; હેમસૂરીશ કહે ગુરૂ પાસ આઇને વૈ૦, મહેર કરી દ્યો પૂજ્ય કનકસિદ્ધિ રાયને. વૈ૦ ॥૫॥ હેમ વયણ સુણી એહ સુગુરૂ ખીજ્યા ઘણું વૈ૦, એટલોહી આચાર ન જાણે મુનિતણો. વૈ.; વિદ્યા અનરથ મૂળ ધૂળ સંયમ કરે વૈ૦, જાણે તોપણ નૈવ વિદ્યા સમાચરે. વૈ૦ ॥૬॥ સંયમ પાળે શુદ્ધ ચારિત્રનો જે ધણી વૈ૦, સાવદ્ય ન કહે વાત તેહ થોડી ઘણી. વૈ.; મંત્ર યંત્ર નિમિત્ત સાધુ ભાખે નહીં વૈ૦, અવિચાર્યું સાવદ્ય કહ્યા દૂષણ સહી વૈ૦, ॥૭॥ સાવદ્ય ઉપર વાત કહું સુણ નરપતિ વૈ., રાજગૃહી પુરવાસી ભીમ ક્ષત્રી મતી વૈ૦; રાય સાથે તે ભીમ ક્ષત્રી કટકે ગયો વૈ., બાર વરસ થયાં નારી ચિંતે શું થયો? વૈ૦ ॥૮॥ પાછો નાઠ્યો ભીમ ખરચી વિણ કેમ સરે? વૈ૦, જેમ તેમ કરી કુળવંતી દિન દોહિલા ભરે. વૈ૦; ઇણ અવસર મુનિ એક સુવેશ સોહામણે વૈ૦,

ધર્મલાભ દેઇ આવી ઉભા આંગણે. ગૌ૦, ॥૯॥ નાખી નિસાસો ઉઠી નારી ઉતાવળી ગૌ૦, નયણે વરસે નીર જાણે જળ વાદળી. ગૌ. આગળ અબળા આવી કહે સ્વામી સુણો ગૌ૦, [1]કંત વિના દુઃખણી મને દુઃખ છે અતિ ઘણો. ગૌ૦ ॥૧૦॥ કદિ મળશે મુજ નાહ ઉછાહ ધરી કરી ગૌ૦, કરૂણાવંત કૃપાળ કૃપા મનમાં ધરી. ગૌ૦; જ્ઞાની પ્રભુજી તાસ વચણ એહવું કહે ગૌ., વાહણે તાહરો કંત મળે તું સુખ લહે. ગૌ૦ ॥૧૧॥ હરખી અબળા વયણ સુણી મુનિવર તણો ગૌ૦, વાહાણેં આવ્યો નાથ લહ્યો સુખ અતિ ઘણો. રા૦; [2]ઉનાળે દવ જેમ [3]બુઝે જળધર કરી. રા૦, આલિંગ્યો ભરતાર હૈયા માંહી ઠરી. રા૦ ॥૧૨॥ આવ્યા મુનિવર દેખી આવો આવો ભણે રા., લળી લળી લાગે પાય તે આદરશું ઘણે રા.; અન્નપાન પકવાન્ન દીયે મુનિવર ભણી રા; ક્રોધે ભર્યો ભરપૂર હૈયે તેહનો ધણી. રા૦ ॥૧૩॥ સાચું કહે હું મારીશ તુજને ઇણ ઘડી રા., [4]એ મુનિવરશું તુજ કીસી છે પ્રીતડી? રા; નારી કહે તુમ નાહ નિમિત્ત કહ્યો ઇણે રા૦; તે કારણ અન્ન પાન દઉં ઉલટ ઘણે રા૦ ॥૧૪॥ એ મુનિવર ગુણવંત કીયા ચરણ ધણી, રા., લાગું એહને પાય આવીને તે ભણી. રા.; ઢાળ થઇ જિનહર્ષ એકસો સાતમી. રા., સાધુ નિમિત્ત પ્રકાશે નહિં જે સંયમી. રા૦ ॥૧૫॥ સર્વગાથા ૨૩૭૧

---

૧ હું દુઃખણી વિણુ કંત મને દુઃખ છે ઘણો * ૨ ઓલાઈ * ૩ બઝમી * ૪ ઈણી *

॥ દુહા ॥

ભીમ કહે મુજ પુછીયો, જો કહેશે મુને એહ;
તો હું સાચું માનશું, મુજ ટળશે સંદેહ. ॥૧॥
આ ઘોડી છે ગાભણી, તેમાં નર કે નાર;
લક્ષણ હોશે કેહવા, કહો તમે અણગાર. ॥૨॥
એ ઘોડી જણશે સહી, અવલ વછેરો અંગ;
પંચ તિલક તેહને હશે, સુંદર અંગ સુરંગ. ॥૩॥
ભીમ ઢીલ ન ખમી શકયો, પેટ વિદાર્યું તાસ;
વચન મળ્યું મુનિવર તણું, ક્ષત્રી થયો ઉદાસ. ॥૪॥
કર્મ કર્યું ચંડાલનું, મુજને પડો ધિક્કાર,
એહવો પાપી કો નહીં, મુજ સરખો સંસાર. ॥૫॥

## ॥ ઢાળ એકસો આઠમી ॥

(વણજારાની દેશી અજિત જિણંદશું પ્રીતડી-એ રાગ)

સુણ રાજા હો અનરથ જોઈ નાર કે, બે હત્યા થઈ મુજવતી; સુણ રાજા હો કંઠે ઠવી તરવાર કે, આતમ ઘાત કરી સતી. ॥૧॥ સુ૦ અબળાનું જોઈ કૃત્ય કે, હા હા હું થયો પાતકી; સુ. ઘોડી બાળ અનુપ કે, વળી ઘરણીનો ઘાતકી. ॥૨॥ સુ૦ ઘરણી વિણ ઘર શુન્ય કે ઘરણી મંડણ ઘર તણું; સુ૦ ઘરણી ઘરનું પુન્ય કે ઘરણી પુરૂષ સોહામણું. ॥૩॥ સુ૦ ઘરણી ઘર આચાર કે ઘરણી લજ્જા ઘર તણી; સુ૦ ઘરણી ઘર શણગાર કે, ઘરણી ઘર કેરો ધણી. ॥૪॥ સુ૦ ઘરણી વિણ ઘરબાર કે, આવે પહી ન પ્રાહુણો; સુ૦ ઘરણી વિણ સંસાર કે, દીસે પુરૂષ

દયામણો૦ ॥૫॥ સુ. તે પહોંચી પરલોક કે, ઘરણી પાખે કળકળે; સુ. હૈડામાંહી શોક કે, દાવાનળ જેમ પરજળે૦ ॥૬॥ સુ. મરે બચપણ માય કે, જોબન વય નારી મરે; સુ. ઘડપણમાં ન ખમાય કે, પુત્ર મરણ ત્રણે સિરે૦ ॥૭॥ સુ. જીવ્યા માંહી સવાદ કે, કાંઇ નહીં ભીમો કહે; સુ. વાગે ઘર ઘર નાદ કે, મરીયે તો લજ્જા રહે૦ ॥૮॥ સુ. [1]પાણી તણે વિછોહ કે, ધરતીહી ફાટી [2]પડે; સુ. ખોટો મારો મોહ કે, સાથ ન [3]પરાણીશું કીયો૦ ॥૯॥ સુ. એમ કહી મસ્તક છેદ કે, ભીમે પણ કીધો તિહાંજી; સુ. મુનિ પણ પામ્યો ખેદ કે, અનરથ [4]મહોટો હુવો ઇહાં૦ ॥૧૦॥ સુ. મરી ગયા જીવ ચાર કે, મુજ વચને રૂષિ ચિંતવે; સુ. જીવિત પડો ધિક્કાર કે, દુઃખ ફળ પામીશ પર-ભવે૦ ॥૧૧॥ સુ. પચખી ચાર આહાર કે, ચારે શરણા ઉચ્ચરી; સુ. અણસણ કરી અણગાર કે, જીવિત ઘાત પોતે કરી૦ ॥૧૨॥ સુ. પંચ જીવની ઘાત કે, સાવદ્ય વચન થકી થઇ; સુ. હુઆ દુર્ગતિ પાત કે, સાવદ્ય વચન થકી કેઇ૦ ॥૧૩॥ સુ. પાળો જે આચાર કે, તે આરંભ ન ઉપદિશે; સુ. જીવ તણા દાતાર કે, કરૂણા મન માંહે વસી૦ ॥૧૪॥ સુ૦ [5]મુનિ જેહ દયાળ કે, સાવદ્ય તે ભાખે નહીં; સુ. એકસો આઠમી ઢાળ કે, એ જિનહર્ષ ભલી કહી૦ ॥૧૫॥

૧ પ્રાણીતિણિં (પ્રિયતમા) * ૨ કીયોજી * ૩ ઈણીશું * ૪ એહ થયો ઘણો
૫ મુનિવર *

॥ દુહા ॥

આત્મ ગવેષી જે હુવે, ન કરે ગૃહસ્થ પ્રસંગ;
અતિ પરિચય [1]આદર નહી, થાયે સંયમ ભંગ. ॥૧॥

ગૃહસ્થ સદાઇ મોકળા, આરંભનો વ્યાપાર;
તેહશું પરિચય સાધુને, કરવો નહિં કેવાર. ॥૨॥

સકળ રૂદ્ધિ પુન્યે લહી, નહીં [2]ઘર કુમણા કાય;
સોવનસિદ્ધિથી તાહરે, શું ઓછું છે રાય.? ॥૩॥

દેવચંદના વયણા સુણી, મનમાં હરખ્યો રાય;
દોષ ખમાવી આપણા, વંદે મુનિનાં પાય. ॥૪॥

હેમસૂરિ દેશના દીયે, બેસી સભા મઝાર;
યોગશાસ્ત્ર ઈમ વાંચતા, આવ્યો એ અધિકાર. ॥૫॥

જલધિ નીર કોઇક [3]મવિ, વેળુ નદી ગણાય;
મેરૂ તોળાયે ત્રાજવે, નારી ચરિત્ર ન લખાય. ॥૬॥

## ॥ ઢાળ એકસો નવમી ॥

(મન પંખીયા મ પડીશ પિંખરે સંસાર માયાજાલ રે ...એ દેશી.
સકલ સમતાસુરલતાનો—એ દેશી.)

સાંભળો શ્રી કુમર નરવર, નારી ચરિત્ર વિચારરે; [4]વસે વર સીહપુર શ્રીધર, નાગીલા તસ નાર રે. [5]હેમ ભાખે સુણ રાજન, સુજાણ વાણી વખાણ રે. સુ૦ ॥૧॥ [6]તેહને ઘર પુત્ર સુંદર, પરણાવ્યો સુજગીશ રે; શ્રીદેવી નામે શીલવંતી, સુખે રહે નીશદીશ રે. સુ૦ ॥૨॥ સાસુ વહુ બાઝે નહી પણ, નિખર સાસુ

૧ આદરે * ૨ ઘરકો મણા * ૩ ૠમવે (ઉલેચે) * ૪ સીંહપુરવર શ્રીધર-વસે * ૫ સુણ રાણીયા! ભાખી એ હેમ સુજાણ વાણી વખાણ રે * ૬ ઘરણુપુત્ર તેહને સુંદર *

નાર રે; કલહ કંદલ કરે અહનિશ, વહુશું બે વાર રે. સુ૦ ॥૩॥ સાપિણી જેમ કરે ફૂં ફૂં, ડાકણી સારીખ રે; પાપણી નવિ રહે વરજી, [1]ડસે દેતા શીખરે સુ૦॥૪॥ એક દિન નિજ કંત કેરી, પડી વીંટી કયાંહ રે; જડી વહુને લેઇ મૂકી, તેણે તકતા માંહી રે. સુ૦ ॥૫॥ મૂદ્રડી તવ ખોળે સસરો, વહુ કહે તેણીવાર રે; મુદ્રડી મને જડી સ્વામી, લ્યો એ કહે સાર રે સુ૦ ॥૬॥ દીધી વહુએ વીંટી જ્યારે, નાગીલા તેણીવાર રે, કહે ઘરનાં ચોર માણસ, કરૂં કયાં પોકાર રે સુ૦, ॥૭॥ ચોરનો ઘર માંહે વાસો, શા હુવે ભલીવાર રે?; વહુ સાથે વઢે ડાકણ. દીએ ગાળ અપાર રે. સુ૦ દીકરાને ક્રોધ ચડીયો, કરે ક્રોધ વિનાશ રે; લેઇ ભોગળ નારી મારી, શીશ ફૂટયું તાસ રે. સુ૦ ॥૯॥ પડી ભૂઈ મૂરછિત થઈ, પીયર ગયા ઉપાડી રે; કહે પુત્રી માય તાયને, કો ન દેસો રાડી રે. સુ૦ ॥૧૦॥ ગાળથી બહુ વેઢિ વાધે, વેઢથી ગુણ જાય રે; દોષ સાસુ તણો ન કેહનો, લખ્યું સુખ દુઃખ થાય રે. સુ૦ ॥૧૧॥ કરમ કીધા કોઇ ન છૂટે; કર્મ ન ગણે શરમ રે; મુંજ નળ હરિચંદ્ર રાવણ, રોળવ્યા સહુ કરમરે. સુ૦ ॥૧૨॥ બાપને સમજાવીયો ઇમ, મરણ પામી તેહ રે; ભાવ રૂડી લહી સદ્ગતિ, આરાધ્યો ભવ જેણ રે. સુ૦ ॥૧૩॥ લોક માંહે થઈ ફટ ફટ, નાગીલા શીર ધૂળ રે, સહુ નાખે એમ ભાખે, કીયો અનરથ મૂળ રે. સુ૦ ॥૧૪॥ પુત્રની પણ થઇ હીલા, લોકનો અપવાદ રે; તાસ કન્યા કો ન આપે, ગઇ લાજ

1 ઘસે *

મર્યાદ રે. સુ૦ ॥૧૫॥ પિતા પરદેશે જઇને, કર્યો તાસ વિવાહ રે; નારી ઉમયા ઘરણી પરણી, આવીયો ઉછાંહ રે. સુ૦ ॥૧૬॥ તારી ઉમયા તે સંવાને, ભોગવે સુખ સાર રે; ઢાળ થઇ જિનહર્ષ એકસો, ઉપર નવ શ્રીકાર રે. ॥૧૭॥

॥ દુહા ॥

ઉમયા કેહને નવિ ગમે, સાસુને ઘે ગાળ;
ઠાકર ટોળાશું રમે, સાસુ તણે કપાળ. ॥૧॥
ખાંડે દળે ન જળ ગળે, ન કરે ઘરનું કાજ;
વાઘણ જેમ સામી ધસે, લોક તણી નહીં લાજ ॥૨॥
જૂઠી રૂઠી રાક્ષસી, વેઢિ કરપ વાચાળ;
વઢતી સાસુને શીરે, આપે અછતી આળ. ॥૩॥
સાસુ બિહે વહુ થકી, હુંતી જે વિકરાળ;
વાઘણ સરખી વહુઅરે, સાસુ કરી શીયાળ. ॥૪॥

## ॥ ઢાળ એકસો દશમી. ॥

(કરમ પરીક્ષા કરણ કુંવર ચાલ્યો રે—એ દેશી.)

વાતડી સુણજો નારીચરિત્રની રે, એમ કરતાં દિન જાય; સાસુ ને સસરો દોય મરી ગયા રે, ઉમયા હરખીત થાય. વા૦ ॥૧॥ ભક્તિ કરે રે નિજ ભરતારની રે, મન રીઝવી ભરતાર; સ્વેચ્છાએ રમતી પર પુરૂષશું રે, દુસ્સીલણી તે નાર. વા૦ ॥૨॥ સોમદેવ નામે એક શ્રાવક વસે રે, તેહશું ધરણને પ્રીત; નારી વખાણે ગુણ મિત્ર આગળે રે, સાંભળ સગુણા રે મિત્ર. વા૦ ॥૩॥ શીલ સુરંગી ગુણવંતી ગોરડીરે, મુજશું

૧ ગણે *

રાતી રે તેહ; સોમદેવ કહે સાંભળ મિત્ર તું રે, નારીનો કિશ્યો રે નેહ ?. વા૦ ॥૪॥ નારીનો કીજે નહિં વિસાસડો રે, ચંચળ નારીની જાત; તારી નારીનો રંગ પતંગનો રે, હયે મુખે જુદી વાત. વા૦ ॥૫॥ નારી કયારીરે બહુ અવગુણ તણી રે, કરવો નહિ રે વિશ્વાસ; જો તું માને નહી રે તો ઘર જાઇને રે, ઇણી પરે કહેજે રે તાસ. વા૦ ॥૬॥ કિણ ઇક ગામે રે જઉ છું કામીની રે, તું રહેજે નીજ ગેહ; તીમહીજ કીધું રે મિત્ર તણું કહ્યું રે, નારી કહે ધરી નેહ. વા૦ ॥૭॥ તુજ વિણ કંતારે હું કેણીપરે રહું રે, એકલડી ઘર માંહ; અબળા નારી રે જો રહું એકલી રે, સહુકો લાગું રે થાય. વા૦ ॥૮॥ હું કુળવંતી રે ગુણવંતી સતી રે, ન કરૂં કેહનો પ્રસંગ પણ ગોળ દુખી રે દાઢ સહુની ગળે રે, એહવું નારીનું અંગ. વા૦ ॥૯॥ તુજ વિના સૂના રે મંદિર માળીયા રે, તુજ વિણ સુની રે સેજ; તુજ વિના કેવારે સુખ સંસારનાં રે, તુજ પાખે શો હેજ વા૦ ॥૧૦॥ તુજ વિણ કંતા રે ન્હાવણ ધોવણારે, પાન ફુલનો પરિહાર; વસ્ત્ર ન પહેરૂં રે કંતા શોભતારે, હું ન કરૂ શણગાર. વા૦ ॥૧૧॥ કુશળે વ્હાલા રે વેલા આવજોરે, ધરજો પિઉડા પ્રેમ; આવ્યો [1]છાનોરે ઘરમાં છિપી રહ્યો રે, નારી ન જાણે રે તેમ. વા૦ ॥૧૨॥ એક નર આવ્યો રે એટલે નિસી સમે રે, લઇ ગઇ મહેલ મઝાર; સેજ સમારીરે ફૂલ બિછાવીયારે, સોળ સજ્યા શણગાર. વા૦ ॥૧૩॥ તાજા [2]જમાડયારે

૧ વળીને રે * ૩ કરાવ્યા *

ભોજન જારને રે, દીધાં ફોફળ પાન; દીપક જ્યોતે મહેલ દીપાવીયોરે, કર્યો સુર ભુવન સમાન. વા૦ ॥૧૪॥ લુબ્ધી નારી રે તે પર પુરૂષશું રે, કરતી વિષય વિલાસ; ચરિત્ર નિહાળ્યાં રે સહુ નિજ નારીનાં રે, ધિગ ધિગ એ ઘરવાસ. વા૦ ॥૧૫॥ નજરે દેખીરે નર ક્રોધે ભર્યો રે, કરૂ નર નારી ઘાત; વળી વિચાર્યું રે નારી મરતાં રે, વિસ્તરશે જગ વાત વા૦ ॥૧૬॥ જાણ્યું ઉંઘ્યા રે નરનારી બેઉરે, જાર હણ્યો તતકાળ; એટલે થઇ એકસો દસમી ભલીરે, કહે જિનહર્ષ એ ઢાળ. વા૦ ॥૧૭॥ સર્વ-ગાથા ૨૪૩૪

॥ દુહા ॥

પરનારીશું પ્રાણીયા, કીજે નહી સનેહ;
સુખ થોડું ને દુઃખ ઘણું, પ્રત્યક્ષ વિષફળ એહ. ॥૧॥
પરનારીશું પ્રીતડી, મત જોડે જગદીશ;
જીવે તો અપજસ હુવે [1]નહી તો ખોવે શીશ. ॥૨॥
જે નર બળ બુદ્ધિ આગળા, મારી ન શકે કોય;
તે પર નારી સંગતે, મરણ લહે પરલોય. ॥૩॥
ઉમયાશું કરી પ્રીતડી, મૂઓ નર મૂરખ,
અવસરે જાગી નાર તે, જોવે જાર નિરખ. ॥૪॥
પાસે કો દિસે નહી, માર્યો દીસે જાર;
તવ ઉપાડી નિસરી, નાખ્યો કુપ મઝાર. ॥૫॥
રવિ શશી તારા ગ્રહ તણો, લહીએ તાસ વિચાર;
પણ નારીના ચરિત્રનો, કોઇ ન પામે પાર. ॥૬॥

---

૧ નહિતર *

## ॥ ઢાળ એકસો અગ્યારમી ॥

(રહો રહો રહો રહો વાલહા ॥ જગ જીવન જગ વાલહો—એ દેશી.)

નારી ચરિત્ર તમે સાંભળો, ઉમયા તણા ઉપાય રાય રે; ખીર ખાંડ ઘૃત બાકળા, થાળ ભરીને જાય રાય રે. ના૦ ॥૧॥ કેડે પતિ તેહનો થયો, ગઈ સમશાન મઝાર રાય રે; ભૂત પ્રેત જિહાં શાકિની, બીહે નહી તે નાર. રા. ના૦ ॥૨॥ ઉભરાણી ડુંગર ચડી, પેઠી ગુફા મઝાર.; બેઠી ચોસઠ જોગણી, ક્રીડા કરે અપાર. રા. ના૦ ॥૩॥ ઉમયા પાયે લાગીને, આગળ મુંકયો થાળ રા.; નિરખી હરખી જોગણી, બોલાવી તતકાળ. રા. ના૦ ॥૪॥ તુજ કારજ ઉમયા થયું, કહે તે ન સયું માય. રા.; મરણ થયું મુજ જારનું, તે દુઃખ હૈયે ન માય. રા. ના૦ ॥૫॥ કૃપા કરી મુજ ઉપર, વિદ્યા આપો માય. રા.; હું બેસું વૃક્ષ ઉપરે, તે વૃક્ષ ચાલ્યું જાય. રા. ના૦ ॥૬॥ બહુ નરશું સુખ ભોગવું, કદિ ન હોય વિખવાદ. રા.; મારી કેહની નવિ મરૂં, નરનાં ઉતારૂં નાદ. રા. ના૦ ॥૭॥ સુણ ઉમયા દેવી કહે, મહાબળી દે ઈણ વાર. રા.; ઉમયા કહે હું આપશું, [1]બળી દાન મુજ ભરતાર. રા. ના૦ ॥૮॥ અંજન આપો મુજ ભણી, જિમ માટી વશ થાય. રા.; કામ સરે જેમ માહરૂં, તમને બલિ દેવરાય. રા. ના૦ ॥૯॥ વિદ્યા અંજન આપીયો, ચાલી બેસી વૃક્ષ. રા.; માટી પણ કેડે ચલ્યો, દીઠાં ચરિત્ર

૧ મહાબળી *

પ્રત્યક્ષ. રા. ના૦ ॥૧૦॥ ઉમયા આવી નિજ ઘરે, ધરણ ગયો મિત્ર પાસ. રા.; નારી ચરિત્ર નીહાળીયાં, સહુ સંભળાવ્યા તાસ. રા. ના૦ ॥૧૧॥ હવે ઘર માંહી નવિ રહું, સાંભળ મિત્ર સુજાણ. રા.; કરૂં વિશ્વાસ નારી તણો, તો ખોઉં નિજ પ્રાણ. રા. ॥૧૨॥ સોમ કહે મિત્ર સાંભળો, ધન મુકી મત જાય; રા.; ચંચળ નારી એકલી, ધનથી અવગુણ થાય. રા. ના૦ ॥૧૩॥ [1]ડાકણ ને ઘર ખીંચડી, વેલો ને વળી વાડ. રા.; વાનરને વીછીં વઢયો, વળતો કહેને પાટ. રા. ના૦ ॥૧૪॥ તાહરે પણ ધન જોઈયે, ધન વિણ ન સરે કાજ. રા.; તિણ કારણ ધન લેઇ ચાલો, વાધે સુખ ને લાજ. રા. ના૦ ॥૧૫॥ મિત્ર વચન માની કરી, ધન લીધું કરી બુદ્ધ. રા.; ધરણ તરત પંથે પડયો, આગે મળીયો સિદ્ધ. રા. ના૦ ॥૧૬॥ ચરણે લાગીને કહે, કરમ કીધાં મેં કોડ. રા.; કરમ કથા મુજ શી કહું, [2]નર હત્યાથી છોડ. રા. ના૦ ॥૧૭॥ સિદ્ધ પુરૂષ તવ બોલીયો, ચિંતા છે મુજ એક. રા. સોવન પુરુષનો મંત્ર છે, ધન વિણ ન ફળે છેક. રા. ના૦ ॥૧૮॥ તે ધન મુજ પાસે નથી, ધન વિણ આળ પંપાળ. રા.; કહે જિનહર્ષ પુરી થઇ, એકસો અગ્યારમી ઢાળ. રા. ના૦ ॥૧૯॥

॥ દુહા ॥

ધરણ કહે ધન લ્યો પ્રભુ, કરો સફળ નિજ કાજ;
સિદ્ધ પુરૂષ હરખ્યો ઘણું, વચન સુણી અભિરામ. ॥૧॥

૧ ડાકણુ નજરે ચડી * ૨ બે *

ધન લીધું નહી ધરણનું, દીધું વિદ્યા દાન,
જેહ થકી જાણીજીયે, ત્રણ કાળનું જ્ઞાન. ॥૨॥

ધરણ ચરણ પ્રણમી ચલ્યો, ભમતો મહાવન માંહ;
વૃક્ષ તળે બેઠા મુનિ, દેખી થયો ઉછાંહ. ॥૩॥

મુનિવર કેરા પય નમી, કર જોડી કહે એમ;
એ હત્યા મુજ શિર ચડી, તેહથી છૂટું કેમ ?. ॥૪॥

જૈન ધરમ આરાધ તું, મુનિ કહે જપ નવકાર;
શત્રુંજય તીરથ જઈ, નિજ પાતક ઉતાર. ॥૫॥

## ॥ ઢાળ એકસો બારમી ॥

( નમો રે નમો શ્રીશત્રુંજયગિરિ...એ દેશી. )

વચન હૈયે મુનિવરનો સુણીયો, ધરણે ધ્યાન લગાઇ રે; જઇ શત્રુંજય તીરથ ફરશો, પાપ મહાવન લણીયો રે. વ૦ ॥૧॥ શ્રી જિનભાષિત ધર્મ આરાધે, જપે નવકાર સદાઇ રે; નિજ નારીથી રહે ડરતો, મંદિર ધરણ ન જાઇરે. વ૦ ॥૨॥ નારી મારે જો ઘર જઇએ, નારી વિષની કયારી રે; રાય પ્રદેશી મુંજ સરીખા, માર્યા એણે ધૂતારી રે. વ૦ ॥૩॥ મનમાં ધરણ વિચારી એહવું, સ્ત્રી ઘર મુકયું તાજા રે; નારી ચરીત્રનો પાર ન લહીયે, હેમ કહે સુણ રાજા રે. વ૦ ॥૪॥ વાત ન બેસે એ મુજ મનમાં, હેમ સુણો સસનેહા રે; કેમ ગળે કુંજરને કીડી, મુજ મન એહ સંદેહા રે. વા૦ ॥૫॥ ઈણ અવસર એક પાટણ માંહે, મરણ લહે વ્યવહારી રે; પ્રીત [1]થકી

૧ ધરી *

પ્રીતમને કેડે, સતી હુવે તસ નારી રે. વ૦ ॥૬॥ રાય ભણી આવી વિનવીયો, નૃપ કહે હવે થઈ સંધ્યા રે; બાળશો નહી અબળા હું પણ, આવીશ પ્રાત અવંધ્યા રે. વ૦ ॥૭॥ મધ્ય નિશા જબ થાયે રાજા, હાથે ખડગ સંવાહે રે; સતી બેઠી જિહાં બળવા ઠામે, મહા સમશાન માંહે રે. વ૦ ॥૮॥ નાદ સુણ્યો અવસર શ્રવણે, કિન્નર જાણે આલાપે રે; નાદે સુરનર નારી મોહે, દુઃખીયાનાં દુઃખ કાપે રે. વ૦ ॥૯॥ [નાદ સુણીને સતી ઉજ્જણે, મોહી નાદ શુ રંગે; ઇશ્વરનો દેહરો તિહાં છે આવી, અંગે અધિકો ઉછરંગ. વ૦ ॥૧૦॥*] પંગુ પુરૂષ તિહાં બેઠો ગાવે, જેણે નાદે રવિ થંભે રે; તસ પાસે જઈ બેઠી નારી, સાંભળે થઈ અચંભે રે. વ૦ ॥૧૦॥ નાદ [1]સુણીને થઇ કામાતુર, પંગુ ભણી કહે સ્વામી રે; મુજશું ભોગવો ભોગ સુરંગા; કહુ તુજને શીરનામી રે. વ૦ ॥૧૧॥ [તે કહે સાંભલ કુલવંતી, તું તો અપચ્છર સાચી; રૂપહીણ કાયા મુઝ ખીણી, શ્યું દેખીને રાચી? વ૦ ॥૧૩॥*] મુજને ન કહીશ કામ ન મારૂં, દીન સતી મુખ ભાખે રે; હું આવી તુજ આશ કરીને, [2]કાં અવહેલી નાખે રે.? વ૦ ॥૧૨॥ સતી [3]વયણ સહી શકયો નહી, પંગુ તણું ચિત્ત ચળીયું રે; તે વેળા તે ઠામ તતક્ષણ, તેહ નારી શું મળીયો રે. વ૦ ॥૧૩॥ કરી કુકર્મ સતી તિહાં આવી, વાત સયલ નૃપ જાણી રે; થયો પ્રભાત રાજા પણ આવ્યો, સતી ભણી કહે વાણી રે; વ૦ ॥૧૪॥ કાં પેસે તું પાવક

૧ સુણુંતા * ૨ સાંભળ પંગુ! મન રાખી * ૩ વયણ શર *

માંહે, કાંઈ બળે તું બાઇ રે!; કહે જિનહર્ષ એકસો બારમી, ઢાળ થઈ સુખદાઈ રે. ૧૦ ॥૧૫॥ સર્વ-ગાથા ૨૪૮૧

॥ દુહા ॥

ચરણે લાગું નૃપ કહે, બહેન વચન મુજ માન;
આપઘાત કરતાં હુવે, દુઃખીયો જીવ નિદાન. ॥૧॥
સતી કહે નૃપ સાંભલો, પીયુશું અધિકો પ્રેમ;
તેહને મળવું માહરે, ઈહાં [1]રહો કહો કેમ.? ॥૨॥
કુમર કહે સાંભળ સતી, કિહાં મળશે ભરતાર;
કીધ કમાઇ જૂજૂઈ, મિલવું નહીં સંસાર. ॥૩॥
લખ ચોરાશીમાં ભમે, કેહને ન મળે કોઇ;
જીવ જાયે ગતિ જૂજૂઈ, હીયડે વિચારી જોય. ॥૪॥
સતી કહે ખોટી [2]કરો નહી, મારે બળવું આજ;
પ્રીતમ સાથ બળું નહી, તો કેમ વાધે લાજ.? ॥૫॥

## ॥ ઢાળ એકસો તેરમી ॥

(કરી શણગાર વૃંદાવન ચાલી, રાધા રમવા ચાલીરે મારી સખીરે સહેલી એ દેશી સ્વામી શાતામાં રહેજો—એ દેશી.)

સતીય ભણી બોલાવી નેડી, એકાંતે નૃપ તેડીરે; કહે નૃપ ઉપગારી. કાં [3]ચૂકે છે આ ભવ લીલા, ધન ભોગવ કરી લીલા રે. કહે૦ ॥૧॥ સીલ જાણું છું હું સહુ તારૂં, માન કહ્યું તું મારૂં રે. ક૦; વાત ગઇ વિસરી રયણીની, કાયા મૂકી ધણીની રે ક૦ ॥૨॥ જઈ પંગુથી સંગમ કીધો, અમૃત તજી વિષ પીધો રે. ક૦; એહવા

૧ રહું * ૨ મકર * ૩ મૂકે છે *

વચન સુણીને રૂઠી, બુંબ પાડીને ઉઠી રે. ક. ॥૩॥ જોવો રે લોકો સુવિચારી, શશીથી વરસે અંગારી રે, ક., પાણી માંહેથી ઉઠી ઝાળા, દૂધ મટી થયો હાલા રે. ક. ॥૪॥ જે કહેવાય રાજા ન્યાયી, તે કરે નીચ કમાઇ રે, ક.; મુજને કહે તું થા મુજ નારી, સુખ ભોગવ સંસારી રે. ક. ॥૫॥ નિયમ કર્યો રાજા અવિચાર્યો, નારી મરી સુખ હાર્યો રે. ક., નૃપને ન સરે રાણી પાખે, તિણે મુજને એમ ભાખે રે. ક૦ ॥૬॥ રાય તણી ઈમ હીલા કરાવી, પાવક નારી ઝંપાવી રે.; રાય થયો દિલગીર સયાણો, લોક માંહી લજવાણો રે. ક૦ ॥૭॥ ઉતરીયો રાજાનો પાણી, વાત સહુ જગે જાણી રે. ક.; લાજ્યો નૃપ દરબારે નાવે, હેમ કુમરને તેડાવે રે. ક૦ ॥૮॥ આવી ગુરૂને પાયે લાગ્યો, કાં મન સંશય ભાંગ્યો રે? ક.; વયણ જેહ ભાખ્યા ગુરૂરાયે, તે કેમ ખોટા થાયે રે? ક૦ ॥૯॥ મેં મૂરખ મન શંકા આણી, સત્ય તમારી વાણી રે. ક.; તુમ વયણે [1]મેં શંકા ધારી, લાજ ગઇ મુજ સારી રે. ક૦ ॥૧૦॥ નારી ચરીત્ર લખ્યું નહી કોઇ, તે મેં મૂકી જોઇ રે. ક; તું નકલંક અછે વ્રતધારી, વાત કહી નૃપ સારી રે. ક૦ ॥૧૧॥ હવે તુજ શીશ કલંક ઉતારૂં, લોક કહે સહુ સારૂં રે. ક.; લોક સહુ રાજાએ તેડાવ્યા, હેમ સમીપે આવ્યા રે. ક૦ ॥૧૨॥ પંગુ નરને ઇહાં બોલાવો, વહેલા વાર મ લાવો રે ક.; પંગુ પુરૂષને તેડી લાવે, હેમસૂરિ બોલાવે રે. ક૦ ॥૧૩॥ કીધાં પાપ પૂરવ કુવાટે, થયો તે

---

૧ જો *

માટે રે; ક' આ ભવ જો તું જૂઠું બોલીશ, તો આગે દુઃખ પામીશ રે. ક૦ ॥૧૪॥ સતી તણું તુજ દુષણ લાગ્યું, તે તેહનું વ્રત ભાંગ્યું રે ક.; પરાણે સીલ સતીએ ટાળ્યું, પરવશે અંગ વટલાવ્યું રે. ક૦ ॥૧૫॥ ના ના કરતાં દોષ લગાયો, કુસતી સીલ ભંગાયો રે; ક. એકસોને તેરમી ઢાળે, નૃપ જિનહર્ષ ઉજાળેરે. ક૦ ॥૧૬॥

॥ દુહા ॥

પંગુ વયણ શ્રવણે સુણ્યા, સહુની ભાંગી શંક;
કરે પ્રસંશા રાયની, એ જગમાં નિકલંક. ॥૧॥
જ્ઞાની હેમ ગુરૂ ભણી, પૂછે, એમ નૃપત્ત;
પૂરવ ભવ હું કોણ હતો, આગળ કિહાં ઉત્પત્તિ? ॥૨॥
વયર કેમ જેસંગશું,? મંત્રી ઉદયન હેમ;
મહેર ધરી મુજ ઉપરે, કહોને સ્વામી કેમ. ॥૩॥
પાંચ બોલ પુછયા કુમર, હેમ કહે સુણ રાય;
ચોસઠ વરસે વીરથી, જંબૂ મુગતે જાય. ॥૪॥
પ્રબળ જ્ઞાન તે લેઈ ગયા, અલ્પ જ્ઞાન છે આજ;
તે જે પૂછયું તે ભણી, કરવું તારૂં કાજ. ॥૫॥

## ॥ ઢાળ એકસો ચૌદમી ॥

(રહયો રે આવાસ દુવાર-એ દેશી.)

આવીયા હેમસૂરિ સિદ્ધપુરગામ, સરિતા તીરે સરસ્વતી રહીજી; વિધિશું આરાધે તિહાં સૂરિમંત્ર, અઠમતપ કરી ગહગહીજી. ॥૧॥ ત્રિભુવનસ્વામી શાસન સૂરી

તામ, આવીને હેમને કહે સહુજી; પૂર્વ ભાષિત તણો સાંભળી ભેદ, સાંભળો નૃપ તમને કહુંજી૦ ॥૨॥ દેશ મેવાડ ઠાઉં જયપુર દ્રંગ, રાય જયકેસી તિહાં ભલોજી; વીર નામે થયો તેહને પુત્ર, વ્યસન સાત તણો તે નિલોજી૦ ॥૩॥ દેશવટો દીયો તેહને ભૂપાળ, મેવાડ સંધિ જઈ રહ્યોજી; પલ્લીપતિ કેરો થયો રાજન, દેશ લૂંટે ન છૂટે ગ્રહ્યોજી૦ ॥૪॥ એક દીન માલવ સારથવાહ, બહુ રૂદ્ધિ લેઇ જાતો હતોજી; લુંટી લીધો વીર પલ્લિપતિ [1]સાથ, પાડ તેહનો મૂકયો જીવતોજી૦ ॥૫॥ દ્વેષ ભર્યો આવ્યો માળવા માંહિ, રાજાનું કટક લેઇ આવીયોજી; વાણીયે વીરની વીંટીરે પાળ, ચોરપતિ વીર પુલાવીયોજી૦ ॥૬॥ ગર્ભવતી નારી ચડી તસ હાથ, ઘાય માર્યો તેહને વાણીયેજી; સિર ચડી દોય હત્યા સમકાળ, સ્ત્રી બાળ બે મૂઆ જાણીયેજી૦ ॥૭॥ ગામ બાળી હણી નારી પાપ, કટક લેઈ આવ્યો માળવેજી; રાય આગળ કહી વાત સહુ તેણ, નગરનો નાથ ખીજી ચવેજી૦ ॥૮॥ ફિટ ફિટ પાપી તેં પાપ બહુ કીધ, દુર્ગતિ ગામી તુજ પ્રાણીયોજી; તાહરૂં મુખ હવે મુજ ન દેખાડ, દેશ બાહિર કાઢયો વાણીયોજી૦ ॥૯॥ લોક હીલે નિંદે દીયે ફીટકાર, આવ્યો વૈરાગ તાપસ થયોજી; કષ્ટ કરે રહે વનહ મઝાર, કાળે મૃત્યુ તે તાપસ લહ્યોજી૦ ॥૧૦॥ તપ બળ થયો જેસંગદે રાય, હત્યા કરી તેથી વાંઝીયેજી; જૂં લીખ માંકડ મારે નર જેહ, તેહને પુત્ર ન સિર તાજીયોજી૦ ॥૧૧॥ પશુ પંખી

૧ સાહ, પણ તેહને મૂકયો જીવતોજી *

માણુસ નાનડાં બાળ, મારે વિયોગ કરે માયનોજી; તેહને પેટે છોરૂં નવિ થાય, થાયે તો જીવે નહી તેહનોજી૦ ॥૧૨॥ હવે કહું વીર પલ્લીપતી વાત, વાટે મુનિવર મળ્યાં તેહનેજી; નામ છે તેહનું યશોભદ્રસૂરિ, જ્ઞાન અક્ષયનિધિ જેહનેજી૦ ॥૧૩॥ વાંદીને બેઠો ગુરૂ પાસ, ધરમ કથા કહે તેહ ભણીજી; નિરખી ઉત્તમ નર સુગુરૂ સધીર, વાણી સુણાવે સોહામણીજી૦ ॥૧૪॥ ધર્મ કરો પ્રાણી આણી વિવેક, દાન દયા દમ ઉપશમ ધરોજી; શીલ પાળો ટાળો વચનનાં દોષ, પાપ [1]અઢાર પરિહરોજી૦ ॥૧૫॥ વીર કહે ગુરૂ સાંભળો વાત, પશુ જેમ મેં ભવ નીગમ્યોજી; દાન શીલ તપ ભાવ્યો નહી ભાવ, ધરમ પાખે ભવ એ [2]ગમ્યોજી૦ ॥૧૬॥ પાંચે મેં સેવીયાં આશ્રવ દ્વાર, પાપ કરી મેં પોતો ભર્યોજી; સુગુરૂ મળ્યાં હવે મુજને તારો, દુર્ગતિનાં દુઃખથી ખરો ડર્યોજી૦ ॥૧૭॥ પ્રવહણ સરખો તું ગુરુરાય, લોહ સરીખો હું સહીજી; એકસો ચાદમી ઢાળ, કવિ જિનહર્ષ ભલી કહીજી૦ ॥૧૮॥ સર્વગાથા ૨૫૨૫

॥ દુહા ॥

ભારે લોહા સારખો, તું ગુરૂ પ્રવહણ તાર;
ભવસાગરમાં બુડતાં, મુજને પાર ઉતાર. ॥૧॥
યશોભદ્ર મુનિવર કહે, યથા શકિત કરી ધર્મ;
સુખ પામીશ સહુ ધર્મથી ધર્મથી, નાસે કર્મ. ॥૨॥
ન કરૂં ઘાત હવે જીવની, વ્યસન ન સેવું તાસ;

૧ અઢાર દૂરે * ૨ આથડયોજી *

ગુરૂ મુખ અડગ કરી ચલ્યો, વીર વીર સાક્ષાત. ॥૩॥
તિલંગદેશ તિહાં અવલ, નવ લખ તેહનાં ગામ;
એકસિલા નગરી તિહાં, આઢર વણિક સુનામ. ॥૪॥
પુન્યવંત વ્યવહારીયો, જસ ઘર દાન અપલ્લ;
અન્ન ઉદક પામે સહુ, ઉત્તમ ઘરની ચલ્લ. ॥૫॥

## ॥ ઢાળ એકસો પંદરમી ॥

(સોનાની ગેડી ને રૂપાનો દડુલો–એ દેશી.)

હોજી આઢરને ઘરે આવ્યો વીર, ભૂખ્યો માંગણ લાજતો રે; હોજી મોટાને માંગવું મરણ સમાન, વીર વિચારે આવતો રે૦ ॥૧॥ હોજી શેઠ તણી હું સારું સેવા, કામ કરી ભોજન કરૂં રે; હોજી તો ક્ષત્રીનો રહે વ્યવહાર, એમ કરી પેટ સુખે ભરૂં રે૦ ॥૨ હોજી આવીને શેઠને કર્યો જુહાર, ગળગળા સાદે બોલીયો રે; હોજી મુજને ચાકર રાખોને શેઠ, કામ કરીશ સહુ તુમ દીયો રે૦ ॥૩॥ હોજી ઉત્તમ [1]માણસ જાણીને શેઠે, આદરશું બોલાવીયો રે; હોજી કોણ નામ કોણ તાહરી જાત, કહે કિહાંથી તું આવીયો રે ?૦ ॥૪॥ હોજી નામ ઠામ સહુ દાખ્યા વીરે, આઢરે રાખ્યો તેહને રે; હોજી ભોજન દેઈશ કરે તું કામ, વસ્ત્ર દેઈશ તુજ દેહને રે૦ ॥૫॥ હોજી કામ કરે ઘરનાં સહુ વીર, એણી પરે રહે સુખશું સદા રે; હોજી આવ્યા તેહવે પજુસણ પર્વ, ધરમી આરાધે મુદારે૦ ॥૬॥ હોજી આઢરના સુત સુંદર ચાર, નિજ સુત નારી

૧ નર દેખી શેઠ *

સહુ મળી રે; હોજી પચખીને બેઠા ઉપવાસ, [1]પૌષધ-શાળાએ મન રળી રે. ॥૭॥ હોજી વીર કરે છે ઘરનું કામ, ઘરમાં કોઇ દીસે નહી રે; હોજી પૌષધશાળાયે ગયો તામ, બેઠા સહુ દીઠા સહી રે. ॥૮॥ હોજી વહુ-અર સામું જોવે તામ, બડબડતી બોલી તિસે રે; હોજી હાલીને ખાધાનું કામ, પુન્ય પાપ મન નવિ વસે રે. ॥૯॥ ઉત્તમ પર્વ પજુસણ આજ, લઘુ વૃદ્ધ ઉપવાસી સહુરે; હોજી તાહરે તો પેટ ભર્યાનું કામ, ઇશ્યું વચણ બોલી વહુ રે. ॥૧૦॥ હોજી [2]સાંભળો વીર કહે મોરી માય, શા માટે ખીજો તમે રે ?; હોજી હું પણ આજ કરીશ ઉપવાસ, આજ આહાર ન લહું અમે રે. ॥૧૧॥ હોજી શેઠાણી કહે સાંભળ દાસ, જોરે અમે ન કરાવીયે રે; હોજી વાત જાણે તો રીસાયે શેઠ, ઓલંભો અમને દીયે રે. ॥૧૨॥ હોજી વીર કહે હું કરૂં ઉપવાસ, માતા માહરી મન રળી રે; હોજી તુમ ઉપર ખીજે નહી કોઈ, કરો ધર્મ કારજ મળી રે૦ ॥૧૩॥ હોજી તુમ સાથે આવી પચ્ચકૂખાણ, ગુરૂ મુખે કરૂં ઉપવાસનો રે; હોજી પૌષધીની સભા મોઝાર, આવી ઉભો આસનો રે. ॥૧૪॥ હોજી વીરને શેઠે બોલાવ્યો તામ, શે કારણ તું આવીયો રે; હોજી વિનય કરી [3]વીર કહે તામ, પોસહ કરવા ઉમાહીયો. ॥૧૫॥ હોજી વીર દુષ્કર થાશે ઉપવાસ, ન કરીશ શેઠે વારીયો રે; હોજી દેખી તેહનો ભાવ

૧ ધર્મશાળાએ * ૨ વીર કહે સુણો મોરી માય * ૩ કહે સ્વામ !, આજ પોસહકરણુ ઉમાહીયો *

અપાર, ગુરૂએ પચખાણ કરાવીયો રે. ॥૧૬॥ હોજી કરી ઉપવાસ સુણે વ્યાખ્યાન, શેઠે નિશિ પોસહ ગ્રહ્યો રે; હોજી આઢરશેઠ સમીપે તામ, વીરદાસ બેસી રહ્યો રે. ॥૧૭॥ હોજી પોસહ પારી શેઠ પ્રભાતે, વીર સહીત આવ્યા ઘરે રે; હોજી ઢાળ પન્નર એકસો થઇ એહ, કહે જિનહર્ષ ભલી પરે રે. ॥૧૮॥

॥ દુહા ॥

વીર! વેગે કર પારણું, શેઠ કહે તેણીવાર;
દાતણ ન કરો શેઠજી, તમે કહો કિશે પ્રકાર.? ॥૧॥
વીર સાંભળ આઢર કહે, હું પૂજી જિનરાય;
તેહ પછી કરૂં પારણું જમી અવેલો થાય. ॥૨॥
વીર કહે કરજોડીને, સ્વામી પહેલાં દાસ;
જમતાં કેમ શોભા લહે, કેમ પામે સાબાશ.? ॥૩॥
તેથી તુમ જમ્યા પછી, કરીશ હું આહાર;
મુજને પણ જિન પૂજવા, હૈડે હરખ અપાર. ॥૪॥
[1]શેઠ તેહને સાથે લઈ, આવ્યા જિન ગૃહ દ્વાર;
નિસિહી કહી માંહે ગયા, બીજી મધ્ય ગભાર. ॥૫॥
દેઈ ત્રણ પ્રદક્ષિણા, ચૈત્યવંદનને ઠામ;
ત્રીજી નિસિહી તિહાં કહે, ત્રણ અવસ્થા તામ. ॥૬॥

## ॥ ઢાળ એકસો સોળમી ॥

(આઈસડાના ગીતની–દેશી.)

શેઠ કહેરે વીર પૂજો શ્રી જિનરાય, કેસર ચંદન

૧ શેઠ તાસ સાથે કરી *

ઘનસારશું રે; ભલા અગર ઉખેવોરે ફુલ ચડાય, જિનરાજ પૂજે ભલે ભાવશું રે. ॥૧॥ હવે વીર સધીર વિચારે મનમાંહે ઈશું રે, પરદ્રવ્યે પૂજા કરતા પૂન્ય ન હોય; થોડું પણ જો હોય પોતાતણું. રે, જિન આગે લાગ્યા નાવે પાતક ધોઇ જિન૦ ॥૨॥ એહવું વીર વિમાસી આતમ કોડી પાંચની રે, લીધાં માલણ પાસે કુસુમ અઢાર; લેઇ જિનને હરખે ચડાવીયાં રે, નિજ ઉલટ ભાવે હિયડે હરખ અપાર. જિન૦ ॥૩॥ મન રંગે આઢરશેઠ સેવક પૂજા કરીરે, આવ્યાં પોતાને મંદિર સુંદર ગુણ માળ; ભોજન કાજે બેઠો ગૃહપતિ રે, વીરને બેસારી આપ્યો મોટો થાળ. જિન૦ ॥૪॥ પહેલાં દૂધ સાકર કેરા રે લીધા ઘૂંટડા રે, તાજી સુખડી મંગાવે શેઠ સુજાણ; લાવ્યા જલેબી રે સાઉ ઉજળી રે, પાપડ પેંડા સાકરના રે [1]આણ. જિન૦ ॥ ૫ ॥ નવ નવિ જાતી તણાં રે ઝાઝા લાડવા રે, ઉપર ખીર ઝાઝી ખાંડ ઘૃત પરિગલ પરનાળ; પાતળી પોળી ઘીએ ચોપડી રે, જમી રહ્યા કેડે સુંદર સાળ ને દાળ. જિન૦ ॥૬॥ [2]સુંદર દહીંશું વળી જમ્યા કૂર સોહામણાં રે, ચળું કીધાં દીધાં ફોફળ પાન લવીંગ; વીરની શેઠે ભક્તિ ભલી કરી રે, જિનધર્મ ઉપર વાધ્યો ઉછરંગ. જિન૦ ॥૭॥ મુનિને વહોરાવી રે શેઠે કીધું પારણું રે, આરોગે ઉપર બીડાં પાન સુરંગ; ઉપગારી કરે ઉપગારડો રે, શેઠ ખરચે નિજ દ્રવ્ય ધરી મનરંગ. જિન૦ ॥૮॥ સહુ લોક કહે જગમાં [3]જસ ધન ધન,

૧ પ્રીસ્યા આણુ * ૨ સથરા * ૩ જસ વિસ્તર્યો રે *

દેઇને જમે તે જગમાં ધન્ય; તેહનું જમ્યું પણ કહીયે ખરૂં રે, ઓબચેં કહીયે દીધા વિણ જમે અન્ન. જિન૦ ॥૯॥ દુહા ચોલા બરટી તેલ, શાક પાખે નિતિ સારી; પીરશે ભૂંડી નાર, પેટ કહો કેણી પરે ઠરે. ઉપર ઢીલી ઘેંશ છાશ તો, [1]માંહે પાણી ન મળે લૂંણ કીસી કહું કર્મ કહાણી; આહાર અઢી શેરનો, શેર સવા દોહીલો લહે, વિણ દાન કહીજે ઓબચેં, ભોજન એહને કુણ કહે. ॥૧॥ ઢાળ॥ હવે ભોજન તાજા સરસાં રે વીરે ઘણાં કર્યાં રે, થઇ વેદન ચૂંથાયે જીવ શરીર; શેઠની પાસે વીરે જઇ કહ્યું રે; કરે ઔષધ ઉપચાર થઇ દીલગીર. જિન૦ ॥૧૦॥ બહુ તેલ મંગાવ્યા તતખિણ શેઠે ચોળવા રે, પોતે ચોળે ચોળે શેઠ વીર શરીર ને પાય; ડાહ્યા બહુ વૈદ તેડાવીયા રે, [2]કીધાં તતખિણ ઔષધ દાય ઉપાય. જિન૦ ॥૧૧॥ તે અવસર વીર વિચારે મનમાં એહવું રે, ધન જિનશાસન ધન જિનધર્મ રસાળ; એક પૂજા મેં કીધી જિનતણી રે, એક જ કીધો મેં ઉપવાસ જઇ પોશાળ. જિન૦ ॥૧૨॥ તેથી એ સઘળાં મારી સેવા કરે રે, એ તો શ્રી જિનવરનાં ધર્મતણો સુપસાય; મુજ પોતાનું રે પુણ્ય કિહાં થકી રે, ? આરાધું જિનધર્મ પૂજું પ્રભુનાં પાય. જિન૦ ॥૧૩॥ ધર્મધ્યાન વશ્યું વીરનાં હૈડામાં ઇશ્યું રે, જિન વચન સુણ્યાં રે કાને સાર; ચારે શરણાં તેહને દીયાં રે, વીર પ્રાણ તજ્યાં શુભ ધ્યાન લહી તેણી વાર. જિન૦ ॥૧૪॥ ઉત્તમ જનની સંગતે સહુ સારૂં હુવે રે,

૧ બાણું પાણી માંહિ ન મળે * ૨ વૈદે ઘણાં કીધા *

જેમ આઢર [1]શેઠની સંગતે વીરદાસ; જિનહર્ષ કહે સુખ પામીયારે, એકસો સોળમી ઢાળ કહી એ ખાસ. ।।૧૫।।

।। દુહા ।।

ગિરૂઆ ગુજ્જર દેશમાં, વસે દહીથળી ગામ;
તિહુઅણપાળ તસ ભારજા, કાશ્મીરા ઈણ નામ. ॥૧॥
તસ કુંખે તું ઉપન્યો, હૂઓ કુંઅર નરેશ;
ફૂલ અઢારે પૂજીને, લહ્યા અઢારે દેશ. ॥૨॥
આઢર તે ઉદયન થયો, યશોભદ્ર તે હેમ;
આગળ વ્યંતર ગતિ હુશે, કહે હેમ ગુરૂ એમ. ॥૩॥
તિહાંથી ચવી આ ભરતમાં, ભદ્દિલપુર વર ગામ;
શતાનંદ રાજા તિંહા, સ્રી ધારણી અભિરામ. ॥૪॥
તાસ સુત શતબળ બળી, ભોગવી રાજ ભંડાર;
પદ્મનાભ જિનવર તણો, થાઇશ તું ગણધાર. ॥૫॥
અક્ષય અચળ અનંત સુખ, નહી જ્યાં આપ જંજાળ;
થોડે કાળે મુકિત પદ, તું પામીશ ભૂપાળ. ॥૬॥

## ।। ઢાળ એકસો સત્તરમી ।।

પહિલો વધાવો મારે સુસરાઈ હોઈજે બીજો હો વધાવો મ્હારા બાપ રે. એ–દેશી.

ગુરૂનાં વચન પરિક્ષા કારણ, એક સિલાહો (૨) નગરી છે જિહાંજી; નિજ સેવક રાયે તિહાં મૂકયો, આઢર હો (૨) ઘરે આવ્યો તિહાંજી. ।।૧।। દાસી

૧ શેઠ તણી વીરદાસ *

એક રહે ઘર માંહિ, વૈદેહી હો (૨) નામ છે તે તણોજી; વાત સઘળી નરે તેહને પૂછી, દાસી હો (૨) કહે દુઃખ આપણોજી૦ ॥૨॥ આઢર શેઠ મોટો વ્યવહારી, ચ્યારે હો (૨) પુત્ર સુલક્ષણાજી; જૈન ધરમને રંગે રાતા, બહુ ધનહો (૨) વિલસે સુખ ઘણાંજી૦ ॥૩॥ વીર એવે નામે એક સેવક, પૂજા હો (૨) એક જિનની કરીજી; એક કર્યો ઉપવાસ, પજૂસણુ હો (૨) પારણે તેહ ગયો મરીજી૦ ॥૪॥ શેઠ શેઠાણી ગયા પરલોક, વહુઅર હો (૨) પુત્ર ચાલ્યા સહુજી; હું જીવું છું દુઃખની દાધી રે, દુઃખની હો (૨) દુઃખની વાત કહું બહુજી૦ ॥૫॥ ઉત્તમ જાયે અલ્પ આઉખે, પાપી હો (૨) ચિરંજીવી હવેજી; વાત સુણી સેવક નૃપ પાસે, આવી હો (૨) સઘળીહી ચવેજી૦ ॥૬॥ [વાત કહી જેટલી રે હેમસૂરે, તેમાં હો (૨) રંચ ત્રુટી નહીજી; હરખી આઇ નિજ ગુરૂને પ્રશંસે, સર્વજ્ઞ હો (૨) તું કલજુગે સહીજી*] ॥૭॥ જ્ઞાન અધિક તુમ માંહિ મુનિવર, ટાળ્યો હો (૨) સંશય ઇણ ઘડીજી; કોણ ઉંઘતા કોણ જાગતાં કહીએ, વાવે હો (૨) સંસાર કુણ વેલડીજી૦ ॥૭॥ વિષ અમૃતને ગહન નરકશું, ભાખો હો (૨) ભેદ સોહામણાજી; મુરખને નિત્ય ઉંઘતો કહીએ, [1]જાગેહો (૨) જેહ વિચક્ષણાજી૦ ॥૮॥ જેહને બહુ તૃષ્ણા તે વાવે, વેલી હો (૨) સંસારની આસવાજી; પરનિંદા તે વિષ હલાહલ, પંડિતહો (૨) વાણી અમૃત લવેજી૦ ॥૯॥ નારી ચરિત્ર તે ગહન કહીયે, પરવશ હો (૨) તેહ નરક

૧ જાગતો હો *

ગણોજી; હરખ્યો નૃપ એ અરથ સુણીને, ભાખો હો (૨) ભેદ વળી એહ તણોજી૦ ।।૧૦।। કુણ અંધો કુણ સુર સુભટ નર, ગુરૂતાહો (૨) પણું કેહને કહ્યોજી; લધુતા દિન મિત્ર કુણ બહેરો, એહનો હો (૨) અરથ તુમથી લહયોજી૦ ।।૧૧।। કામી નર તે અંધ કહીજે, સુરો હો (૨) નારી વશ નવિ પડયોજી; ગુરૂતા પણું જે હાથ ન ઉંડે, લધુતા હો (૨) માંગણ નર ઘડયોજી૦ ।।૧૨।। ધર્મ વિના તે દિન દોહીલો, ધર્મ જ હો (૨) [1]પમાડે મિત્ર તે જી; શ્રી જિન વચન સુણે નહીં શ્રવણે, બહેરો હો (૨) કહીયે પુરૂષ તેહને જી૦ ।।૧૩।। કુણ અધમ કુણ મુંગો ચંચળ, જીત્યો હો (૨) જગ કેણે વશ કર્યોજી; કુણ પ્રસંશો સાર કિશો કહે, અધમજ હો (૨) લેઇ વ્રત પરિહર્યોજી૦ ।।૧૪।। જિન ગુણ ગાઇ ન જાણે મુંગો, ચંચળ હો (૨) દુર્જન પ્રીતડીજી; ક્ષમતા સમતા તેણે જગ જીત્યો, થાયે હો (૨) વશ પ્રિય વચ જીભડીજી૦ ।।૧૫।। અલ્પ બુદ્ધિ દાતાર પ્રસંશે, દેઈ હો (૨) મીઠો ઉચ્ચરેજી; સારમાં સાર કહીજે તે નર, ગુરુની હો (૨) પ્રસંશા નૃપ કરેજી૦ ।।૧૬।। તું જ્ઞાની મુજને મળ્યો, તારકહો (૨) તું જગ જીવનોજી; સો જિનહર્ષ સત્તરમી ઢાળે, ધન્ય ધન્ય હો ધન જેણે કુળ તું ઉપન્યોજી૦ ।।૧૭।। સર્વગાથા ૨૫૮૩

।। દુહા ।।

કુમર કહે ઉપકાર તેં, મુજ કીધા ગચ્છરાજ;
ધર્મ કથા કહો મુજ ભણી, જીવ મુકિત કેમ જાય. ? ।।૧।।

---

૧ ધર્મ પમાડે *

જિન પૂજે જિનવર નમે, જિનની ન ખંડે આણ;
જિન વયણે રાતો રહે, તે પામે નિરવાણ. ॥૨॥
મુનિવર વંદે ભકિતશું, આપે મુનિને દાન;
મુનિવરની સેવા કરે, પામે કેવળ જ્ઞાન. ॥૩॥
સમકિતશું રંગે રમે, સુણે સદા સિદ્ધાંત;
જ્ઞાન આરાધે નિરમળું, લહે મુકિત એકાંત ॥૪॥
હીયડા માંહી રાખીયે ચતુર ભાવના ચાર,
મૈત્રી દ્વિતીય પ્રમોદ ગણુ, કરૂણા માધ્યસ્થ સાર. ॥૫॥

## ॥ ઢાળ એકસો અઢારમી ॥

બોલો બેનો એકડે એક—એ દેશી.

ભાવના કહી તુમે નામે નિરધાર, એહથી પામે રે રૂડું મુકિત દુવાર; મારા માનીતા હો પૂજ્ય અરથ સુણાય. સહુ જીવ સાથે રાખે પ્રેમ પરિણામ, પેલી એ કહી મૈત્રી ભાવનાં નામ. મારા૦ ॥૧॥ ગુણવંતના ગુણ ગ્રહી ચિત્ત લાય, બીજી પ્રમોદ ભાવના કહેવાય; મારા૦ દીન દુઃખી દેખી દયા મન માંહી, એ કહી કરૂણા ભાવ ઉછાંહી. મા૦ ॥૨॥ ક્રૂર કરમ કરે જે નર નાર, દેવ ગુરૂ નિંદે નિન્હવ અપાર; મારા૦ રાગ દ્વેષ નાણે ચિત્ત મઝાર, માધ્યસ્થ ભાવના એહ વિચાર. મા૦ ॥૩॥ એમ આરાધે સાધે જિન ધર્મ, મૂળથી ઉખાડે આઠે કૃત કર્મ; મારા૦ કુમર નરિંદ સુણી હરખ્યો અપાર, વિવિધ રીતે કરે પુણ્ય સિરદાર. મા૦ ॥૪॥ સાત ક્ષેત્ર શ્રાવકનાં કહ્યા જિનરાય, નિજ વિત્ત વાવે નૃપ તિહાં શુભ ભાવ; મારા૦

કરાવ્યા ચૌદ સહસ જિન પ્રાસાદ, [1]દીઠાં ભાંગે સહુ મન વિખવાદ. મા૦ ॥૫॥ જન્મ દીક્ષા ને જિન જ્ઞાન નિરવાણુ, તિહાં જિન ભુવન કરાવ્યા નૃપ જાણુ; મારા૦ સોળ સહસ કર્યા જીર્ણ ઉદ્ધાર, સંપ્રતિ નરિંદ પરે કરે વિસ્તાર. મા૦ ॥૬॥ ઉંચો પચીશ ધનુષ બહુ પ્રેમ, ભુવન કરાવી થાપ્યા શ્રી નેમ; મારા૦ નીલ રતનમય બિંબ પ્રધાન, બહોંતેર જિનાલું તિહુઅણુપાળ અભિધાન. મા૦ ॥૭॥ તારંગાનો જિહાં પર્વત વિશાળ, એક પ્રાસાદ કરાવ્યો ભૂપાળ; મારા૦ ગગન પ્રમાણે ઉંચો હાથ ચોવીસ, બિંબ એકસો આંગળ એક જગીશ. મા૦ ॥૮॥ અજિત જિણંદ થાપ્યા ભગવંત, મુખડું દેખીને લહીયે સુખ અનંત; મારા૦ આવ્યો ભૂપ ત્રંબાવતી નયરી મોઝાર, હેમસૂરિની જિહાં દીક્ષા શ્રીકાર. મારા૦ ॥૯॥ આલિંગ વસહી વીર સુપ્રસાદ, બિંબ રતન મય કરાવ્યું આલ્હાદ; મારા૦ પાદુકા કરાવી ગુરૂ હેમની નરિંદ, પુસ્તક ભંડાર કરાવ્યો આણંદ. મા૦ ॥૧૦॥ ત્રેસઠ શલાકા પુરૂષ પવિત્ર, હેમસૂરિએ કીધાં તેહનાં ચરિત્ર; મારા૦ ગ્રંથ તણી સંખ્યા સહસ [2]છત્રીશ, સોવન અક્ષરે લખાવી અધીશ. મા૦ ॥૧૧॥ તે પોથી લઈ ઠવી ગયવર ખંધ, સંઘ ચતુર્વિધ ધર્મ સંબંધ; મારા૦ લાવીને આપી ગુરૂ હેમસૂરિ હાથ, સાંભળે નિરંતર ગ્રંથ નરનાથ. મા૦ ॥૧૨॥ અંગ અગીયાર ને બાર ઉપાંગ, સોવન અક્ષર

૧ જિણે દીઠે ભાંગે * ૨ બત્રીશ *

લખાવે નૃપ સુરંગ; મારા૦ યોગશાસ્ત્રનાં બારે પ્રકાશ, વીશ વીતરાગ કેરા સ્તવ વિલાસ. મા૦ ॥૧૩॥ બત્રીશ પ્રકાસ એ સોને લખાય, પોથી હાથે લઈ નિત્ય ગણે રાય; એકસો અઢારમી થઈ એ રસાળ, કહે જિનહર્ષ ઝિલાવો રૂડી ઢાળ. ॥૧૪॥ સર્વગાથા ૨૬૦૨

॥ દુહા ॥

વરસ વરસ ગિરિરાજની, યાત્રા કરે નરેશ;
સમકિતધર શ્રાવક તણી, ભકિત કરે સુવિશેષ. ॥૧॥
ચિંતા કરે દુર્બળ તણી, મંડાવ્યા સત્રાકાર;
આપે પવન છત્રીશ નઈ, ગૃહસ્થ તણો આચાર. ॥૨॥
પાખી આઠમ પારણાં, સાહમીને સુમહુત;
રાય કરાવે ભાવશું, આદર આપી બહુત. ॥૩॥
દાન માનશું આપીયે, તો ફળ હોય અપાર;
આદર માન વિવેક હીણ, ન વધે સોહ લગાર. ॥૪॥
શ્રેયાંસ ધન નયસાર અને, સંગમ ચંદનબાળ;
દાન દીધું બહુ વિનયશું, લહી મુકિત તતકાળ. ॥૫॥
અજ્ઞાની આપે પ્રબળ, ન કરે કાંઇ વિચાર;
પાત્ર કુપાત્ર ન ઓળખે, તેહનું દાન અસાર. ॥૬॥
કુમર વિનય બહુ સાચવે, આપે સહુને દાન;
લાભાચાર વિચારણા, કરે કુમર રાજન. ॥૭॥

## ॥ ઢાળ એકસો ઓગણીસમી ॥

ઘેર આવો હો રાય જાદિરા ઢોલા–એ દેશી.

ઇણી પરે ધર્મ આરાધતાં, કરતાં ઉત્તમ કામ, રાજા; જગ માંહી જસ જેહનો, થયું રાજરૂષિ જસ

નામ. રાજા ॥૧॥ ઇમ પૂછે હો મન મોહન રાજા, હેમસૂરિ ભણી; શિર નામી રાજા, કર જોડી પાટણ સ્વામી. રાજા. એ આંકણી. મુજ કર્મે સુત નવિ થયો, તેણે ચિંતા મુજને આજ. રા.; મહેર કરી મુજને કહો, કુણ ભોગવશે એ રાજ.? રા૦ ॥૨॥ સૂરિ કહે રાજા સુણો, તુજ પુત્રીનો સુત જેહ. રા.; પ્રતાપ-મલ્લ નામ જેહનું, રાજ્ય યોગ્ય દીસે છે એહ. રા૦ ॥૩॥ બાલચંદ્રે વાત સાંભળી, કીધી અજપાળને જાય. રા૦; ભત્રીજો નૃપ કુમારનો, તેણે મનમાં ધરીય કષાય. રા૦ ॥૪॥ બાલચંદ્ર વયરી થયો, છળ જોતો રહે નિશ દિશ. રા.; ગુરૂનું ભુંડું ચિંતવે, કડવું બોલે મન રીસ. રા૦ ॥૫॥ ગુરૂ [1]ચેલે અબણિત થઈ, મન ભાંગ્યા આવી રાય. રા.; નયણે નયણ મળે નહીં, એક એકને ન સુહાય. રા૦ ॥૬॥ માંહો માંહે ચડભડે, શિષ્ય ફીટી થયો કુશિષ્ય. રા.; આંબો જાણી ઉછે-રીયો, નિવડયો ધત્તુર વૃક્ષ. રા૦ ॥૭॥ જેમ ગર્ગા-ચારય તણા, દુઃખદાઈ થયા શિષ્ય વર્ગ. રા.; ગોશાળે જેમ વીરને, પ્રતિકૂળ કર્યા ઉપસર્ગ. રા૦ ॥૮॥ બાળ-ચંદ્ર તેહવો થયો, નિજ પૂરવ પાપ પસાય. રા૦; અગક્યાની બોલે નહી, પણ તાકે દાય ઉપાય. રા૦ ॥૯॥ ઇણ અવસર નરપતિ કહે, તેડી ગુરૂ હેમસૂ-રીશ. રા૦; મુજ શકિત પુણ્ય મેં કર્યા, રહી મનમાં એક જગીશ. રા૦ ॥૧૦॥ રૂપ્ય કનક મણી રતનનાં, જિન બિંબ ભરાવું ભૂર. રા; પીત્તળ કાષ્ટ પાષાણુમાં,

૧ ચેલાને અબિણુત થઈ *

નિજ માન પ્રમાણુ સંપૂર્ણ. રા૦ ॥૧૧॥ સફળ ઇચ્છા કરો ગુરૂ કહે, રાયે ન કર્યો ઘડીય વિલંબ. રા.; માન પ્રમાણે કરાવીયા, સુંદર જિનરાજનાં બિંબ. રા૦ ॥૧૨॥ મૂહૂર્ત્ત સાર લઇ કરી, ઓચ્છવ માંડયો પુર માંહી. રા.; ધર્મ કાજે ધન વ્યય કરે, સંઘ ભક્તિ કરે ઉછાંહી. રા૦ ॥૧૩॥ અંજન મુહૂર્ત્ત અવસરે, આચારજ બેઠા અઢાર. રા૦ ઘડીયાળા ઉપર [1]ઠવ્યો, બાલચંદ્ર કુશિષ્ય તેવાર. રા૦ ॥૧૪॥ અજયપાલ આવી કહે, બાલચંદ્ર બેઠો ઈહાં કેમ ?. રા૦; શિષ્ય કહે મૂહુરત જોઉં, જેમ થાયે સહુને ખેમ. રા૦ ॥૧૫॥ જો ભંગ હુવે મુહુર્ત્ત તણો, તો થાયે પ્રતિમા ભંગ; રા૦; હેમસૂરીંદ જીવે નહીં, દુઃખ લહે નૃપ નહીં ઉછરંગ. રા૦ ॥૧૬॥ વચન સુણી બાલચંદ્રનું કહે તવ એમ અજયપાળ. રા૦; એકસો ને ઓગણીશમી, જિનહર્ષ થઇ એ ઢાળ. રા૦ ॥૧૭॥

॥ દુહા ॥

અજયપાળ કહે એહશું, બાળચંદ સુણ વાત;
ટાહી મૂહુર્ત રાયને, જેમ થાયે વ્યાઘાત. ॥૧॥
મૂહુર્ત ભંગ કર્યે મરે, કુમારપાળ રાજન;
[2]રાજા થઈ તુજને કરૂં, હેમસૂરીંદ સમાન. ॥૨॥
વચન સુણી ગુરૂથી ફર્યો, લોભે લક્ષણ જાય;
હવે મુરત વેળા થઈ, વહેલા હુઈ ગુરૂરાય. ॥૩॥
હેમ તામ અંજન કરે, કરી પ્રતિષ્ઠા સાર;
ભીમ વણિક આવ્યો તિસે, બિંબ લઈ તેણીવાર. ॥૪॥

---

૧ બિઠયો * ૨ રાજ લેઇ *

પુજ્ય પ્રતિષ્ઠો બિંબ એ, થાયે જેમ આણંદ;
તુરત વેળા [1]વહી ગઈ, ભાખે હેમસૂરીંદ. ॥૫॥

## ॥ ઢાળ એકસો વીશમી ॥

નયણાંરા હે મુજરો દે રામા બાંભણી એ–દેશી.

વચન ઈશાં ગુરૂનાં સુણી, મુખ ઝાંખુ ઢીલ માંહિ દિન; માનવ ભવ એળે ગયો, ધિગ ધિગ હું માનવ પુન્યહિણ. મન માંહિં દિલગીર થયો ભીમ વાણીયો. ॥૧॥ મન ઈચ્છા મનમાં રહી, પુન્ય પાખે કેમ [2]થાય; સારા મનોરથ સહુ કરે, પુન્ય વિના તે ઇમહી જાય. મ૦ ॥૨॥ કૂવા કેરી છાંય જ્યું, મનમાંહે રહી મનની વાત; કરીને મનોરથ આવીયો, મુજ પોતે નહીં પુન્ય સંઘાત. મ૦ ॥૩॥ હોંશ કરે પ્રાણી ઘણી, જાણે લેઉં ત્રિભુવન રાજ; પુન્ય નહીં પોતા તણું, કેમ થાય સફળ મન કાજ? મ૦ ॥૪॥ સુકૃત કાંઇ કીધું નહીં, મેં ભરીયો [3]પશુ જેમ પેટ; જોબન ખોયું માયનું, ભૂઇં મારી મેં ભારી નેટ. મ૦ ॥૫॥ પ્રતિમા પીતળ કાષ્ટની નાની તો અંગુષ્ટ પ્રમાણ; મુનિવર ભાખ્યું એહવું, કહીયે તે શુદ્ધ શ્રાવક સુજાણ મ૦ ॥૬॥ બિંબ ભરાવ્યું તે સુણી, ઇહાં આવ્યો અંજનને કાજ; તે પણ કાજ થયું નહી, મુજ થાશે શી ગતિ મહારાજ.? મ૦ ॥૭॥ દુઃખ ભર ઈણિ પરે ઝૂરતો, દેખીને કરૂણા ધરી હેમ; રાગ દેખી શ્રાવક તણો, મન માંહિ તવ આવ્યો પ્રેમ. મ૦ ॥૮॥ હેમસૂરીશ્વરે પૂછીયું, કાંઈ મૂહુર્ત છાયા છે શિષ્ય ?; મુહૂર્ત

૧ ટલી * ૨ સફલી થાય * ૩ પશુઆં *

હમણાં છે ખરૂં, પહેલા હું ચૂકયો પ્રત્યક્ષ મ૦ ॥૯॥ ઉઠી હેમ જુવે જિસે, ભદ્રામુખે મુરત પડયું તામ; હાથ ઘસે મુખ નિઃસસે, વિણસાડયું દુશ્મને સહુ કામ. મ૦ ॥૧૦॥ અગ્નિ સાપ જળ કામિની, રાજેશ્વર તસ્કર હથીયાર; દુશ્મનથી બીવે નહીં, નિશ્ચય તે લહે દુઃખ અપાર. મ૦ ॥૧૧॥ ચેલો મુજ દુશ્મન થયો, વૈરીનો મેં કર્યો વિશ્વાસ; પાપી મુજને છેતર્યો, એણે પાડયો મૃગ જેમ મુજ પાસ. મ૦ ॥૧૨॥ દુધ ભળાવ્યું માંજારને, વાનરને આપ્યો આરામ; દુશ્મનને કામ ભળાવીયું, નિશ્ચય તે વિણસે કામ. મ૦ ॥૧૩॥ ભાવી ન ટળે કેહથી, શ્યો કરવો મનમાં ખેદ ?; અંતર જ્ઞાન વિચારીને, મન ચિંતા ગુરૂ નાખી છેદ. મ૦ ॥૧૪॥ શુભ મુરત અંજન કરી, ભીમ હાથે આપ્યું જિન બિંબ; તુજ ઘરે રૂદ્ધિ ભરાયશે, પુન્ય કાર્ય કરજે અવિલંબ. મ૦ ॥૧૫॥ કુમર તેડી ગુરૂ એમ કહે, જિન પ્રતિમા ભંગ; છઠે [1]અંગે થાઇશે વળી, પડશે તુજ અંગ સુરંગ. મ૦ ॥૧૬॥ માહરે પણ છે ઢુંકડું, મરવાનું ટાણું મહારાય, તે તો ચિંતા મુજ નહીં, પણ તાહરૂં મને દુઃખ થાય. મ૦ ॥૧૭॥ તુજ સરિખો ધરમાતમા, કોઇ ન હુઓ ન હોશે ભૂપાળ; એકસોને વીસમી, જિનહર્ષે કહી રૂડી ઢાળ. મ૦ ॥૧૮॥

॥ દુહા ॥

કુણ કરશે પશુ જીવની, ભુખ્યાં તરસ્યાં સાર;
દુઃખીયા દોહીલા માણસો, કોણ કરશે ઉપગાર. ? ॥૧॥

૧ માસે *

સાહમીને કુણ પોસશે, કુણ દેશે આધાર;
કહો કેણિ પરે થાયશે, મુનિવરનો વિહાર? ॥૨॥
જિન મંદિર જિન બિંબની, કુણ કરશે હવે સાર;
તુજ પાખે ભરશે કવણ, પુન્ય તણો ભંડાર? ॥૩॥
સંઘ સિદાશે તુજ વિના, સિદાશે જિનધર્મ;
તુજ વિણ કોઈ ન જાણશે, જૈન વચનનાં મર્મ. ॥૪॥
તુજ પાખે સિદાઈશે, પુન્ય તણાં સહુ ઠામ;
તિણે મુજને દુઃખ ઉપજે, હેમસૂરિ કહે આમ. ॥૫॥

## ॥ ઢાળ એકસો એકવીશમી ॥

(અવધુ એસો જ્ઞાન વિચારી–એ દેશી.)

વચન ઇશાં સુણી કુમર નરેશ્વર, શુભ ધ્યાન કરે તેણી વાર; કરે આરાધના પાપ આલોવે, ટાળે વ્રત અતિચાર; ભવ ભવ કીધાં, પાપ આલોવે રાય, આશ્રવ છંડે દુર્ગતિ દાયક, સદ્‌ગતિ કરે ઉપાય. ભવ૦ ॥૧॥ કરે ખામણાં સહુ સહુ સંઘાતે, મુકે પાપ અઢાર; પાપે ભરાયે જેહથી પ્રાણી, તેહનો સુણો વિચાર. ભ૦ ॥૨॥ જીવ તણી હિંસા નવિ કીજે, વચન અલીક નિવારે; પરધન ચોરી કિમહિ ન કીજે, દુર તજી પરનાર. ભ૦ ॥૩॥ ધન ઉપર અતિ મૂર્ચ્છા ન ધરે, મુંકી મનથી ક્રોધ; માન માયા લોભ દૂર નિવારે, જિમ હુએ આતમ શોધ. ભ૦ ॥૪॥ રાગ દ્વેષ બે બંધન તોડી, કલહ ન દીજે કલંક; પરની ચાડી કરતાં પ્રાણી, મનમાં આણો શંક. ભ૦ ॥૫॥ રતિ અરતિ ન ધરીયે પરનાં, ન કહો અવર્ણવાદ;

માયા મૃષા વચન ન બોલો, તજો મિથ્યાત્વ પ્રમાદ. ભ૦ ॥૬॥ પાપ અઢાર આલોયાં ઈણિ પરે, મિચ્છામિ દુક્કડં દેઈ; પાપ થકી બીહે ઉત્તમ નર શરણાં ચાર કરેઈ. ભ૦ ॥૭॥ પહેલું શરણું શ્રી અરિહંતનું, દોષ અઢાર રહિત; સમવસરણમાં ધર્મ પ્રકાસે, અતિશય સુગુણ સહિત. ભ૦ ॥૮॥ બીજુ શરણું સિદ્ધ નિરંજન, સુખ બળ વીર્ય અનંત; જ્ઞાન અનંત અચળ અક્ષય પદ, કીધો ભવનો અંત. ભ૦ ॥૯॥ સાધુ તણું શરણું હવે ત્રીજું, ગુણ ધરે સત્તાવીશ; સમિતિ ગુપ્તિ ચારિત્ર જે પાળે જ્ઞાન ક્રિયા નિશ દિશ. ભ૦ ॥૧૦॥ ધર્મ શરણ ચોથું ચિત્ત ધારે, જિનવર ભાખ્યો જેહ; દયા મૂળ અનુકૂળ મુકિતશું, ઉત્તમ શરણાં એહ. ભ૦ ॥૧૧॥ લાખ ચોરાશી જીવ [1]ખમાવે, પુઢવી પાણી તેઉ; વાઉ સાત સાત લાખ સહુની, મિચ્છામિ દુક્કડં દેઉં. ભ૦ ॥૧૨॥ દસ લાખ પ્રત્યેકવનસ્પતિ, ચૌદ લાખ સાધાર; બિ તિ ચઉરિંદ્રિય જીવ તણી ગતિ, બે બે લાખ વિચાર. ભ૦ ॥૧૩॥ ચાર ચાર દેવ નારકી તિર્યંચ, ચૌદ લાખ મનુષ્ય; આ ભવ પરભવ જેહ વિરાધ્યાં, તેહ ખમાવું પ્રત્યક્ષ. ભ૦ ॥૧૪॥ પન્નર કર્માદાન તણાં જે, મુજને લાગ્યા પાપ; તે આલોઉં નિંદું ગરહું, નિઃશલ્ય થઈને આપ. ભ૦ ॥૧૫॥ દુષ્કૃત નિંદા સુકૃત અનુમોદન, ઇહભવ પર ભવ પાપ, જાણ અજાણપણે જે કીધાં, આલોઉં આપ. ભ૦ ॥૧૬॥ સામાયિક પોસહવ્રત ભાંગ્યા,

૧ ખમાઉં *

લાગ્યાં દોષ અનેક; અરિહંતાદિ આશાતના કરતાં, નાણ્યો તિહાં વિવેક. ભ૦ ॥૧૭॥ માહરો જીવ એકેન્દ્રિય માંહી, ઉપન્યો [1]તસ અર લોહ; થઈ હથીયાર હણ્યાં જીવ બહુલાં, પાપોપકરણ [2]એહ. ભ૦ ॥૧૮॥ તે વોસિરાવું ઉપગરણ ઇણ ભવે, તરુઅર સૂળી કીધ, વાહણ યંત્ર ઘાણી હળ મુસળ, તે વોસિરાવી દીધ. ભ૦ ॥૧૯॥ [3]વણકર (વણ)જાતિમાં હું ઉપન્યો, સૂત્ર કંતાણો તાસ; તેહનાં ગુથ્યા જીવ હણેવા, વોસરાઉં જાળ પાસ. ભ૦ ॥૨૦॥ ભમતાં દેવ તણી ગતિ ઉપન્યો, કીધાંભોગ અપાર; વ્યંતરભવે બહુ જીવ છળ્યાં મેં, આલોઉં ઇણ વાર. ભ૦ ॥ ૨૧ ॥ પરમાધામીદેવ અધર્મી થયો બહુ પાપ સંયોગ; માર્યા વીંધ્યાં બાળ્યાં નારક, શેકયાં અગ્નિ પ્રયોગ. ભ૦ ॥૨૨॥ નારકી [4]જીવ માંહે હું આવ્યો, વેઢ કરી ધરી ક્રોધ; શસ્ત્ર વિકુર્વી નારક છેદ્યાં, કીધો સબળ વિરોધ. ભ૦ ॥૨૩॥ ભમતાં માનવ ગતિ મેં પામી, નીચ કુળે અવતાર; તિહાં બહુ જીવ, તણાં વધ કીધાં, ભક્ષણ કીધા અપાર. ભ૦ ॥૨૪॥ તિર્યંચની ગતિમાંહે આવ્યો, થયો હું હિંસક જીવ; જીવ હણ્યાં મેં તે ભવે પાપી, કીધાં પાપ સદીવ. ભ૦ ॥૨૫॥ ઇમ ભવ ભમતાં દુષ્કૃત કીધાં, આલોવે ભૂપાળ; કહે જિનહર્ષ સુકૃત અનુમોદે, એકસો એકવીસમી ઢાળ. ભ૦ ॥૨૬॥ સર્વગાથા ૨૬૮૦

---

૧ તરૂ * ૨ મોહ * ૩ વેંખ્રિ જાતિમાં * ૪ ભવમાંહે *

॥ દુહા ॥

દાન શીયલ તપ ભાવના, શ્રી જિનવરની ભક્તિ;
સેવા કીધી સાધુની, ધર્મ કર્યો નિજ શકિત. ॥૧॥
તે અનુમોદું હું વળી, જિનનાં કરાવ્યા બિંબ;
જિન પ્રતિમા ભકિત સાહમી, અનુમોદું અવિલંબ. ॥૨॥
પુસ્તક જેહ લખાવીયાં, બિંબ પ્રતિષ્ઠા જેહ;
યાત્રા કરી તીરથ તણી, હું અનુમોદું તેહ. ॥૩॥
જિનવાણી શ્રવણે સુણી, ટાળ્યાં અક્કર અન્યાય;
અનુકંપા આણી હૈયે, તે અનુમોદે રાય. ॥૪॥
બાર ગુણ અરિહંતનાં, આઠ સિદ્ધ જગદીશ;
આચારજ છત્રીશ નમું, ઉવજ્ઝાય પચવીશ. ॥૫॥
ઉત્તમ ગુણ મુનિવર તણાં, દાખ્યાં સત્તાવીસ;
બારહ વ્રત શ્રાવક તણાં, અનુમોદું નિશદિશ. ॥૬॥
જિનવર વચને અવરમાં, ઉત્તમ જે ગુણ હોય;
તે પણ અનુમોદું સહી, નાખું પાતિક ધોય. ॥૭॥

## ॥ ઢાળ એકસો બાવીશમી ॥

( ચેતો રે ચિત્ત પ્રાણી મુજશું અવિહડ નેહ બાંધ્યો રે એ–દેશી.)

સુકૃતની અનુમોદનારે, કરે કુમાર ભૂપાળ; પાપ સહુ આલોઇયા, થાયે તેહથી રે હળુવો તતકાળ કે ॥૧॥ ભાખે રે ભવ્ય પ્રાણી રે શ્રીકુમર નરેશ કે; ભા. જેણે ટાળ્યો રે નિજ પાપ કલેશ કે. ભા. એ અંચલી. હેમસૂરીંદના પાય નમી રે, કરજોડી કહે રાય; બોધિ બીજ તેં મુજ દીયો, ઇહ પર ભવ રે સેવું તુમ પાય કે. ભા૦ ॥૨॥ શ્રાવક હું તુમથી

થયોરે તુમથી પામ્યો ધર્મ; તુમથી સહુ સુખ પામીયાં, મિથ્યામતિ રે મુજ ભાંગ્યો ભર્મ કે. ભા૦ ॥૩॥ હેમ કહે રાજા સુણો રે, તેં શુદ્ધ પાળ્યો ધર્મ; જિન શાસન દીપાવીયું, તુજ પોતે રે હળવાં કર્યાં કર્મ કે. ભા૦ ॥૪॥ [1]હેમ ઇશું નૃપને કહે રે, મત દેજો મુજ પાટ; ઉવેખી બાલચંદ્રને રે, રામચંદ્રને થાપો ગહગાટ કે. ભા૦ ॥૫॥ તેણે અવસર સુણજો હવે રે, વાત થઇ વિપરીત; માંથે મણિ છે હેમને, તે જોગીએ રે, દીઠી થઇ પ્રીત કે. ભા૦ ॥૬॥ યોગી બહુ બુદ્ધિ કેળવી રે મણિ લેવાને કાજ; પણ તે હાથ નવિ ચડે, તવ આવ્યો રે જોગીડો વાજ કે. ભા૦ ॥૭॥ વહોરી મુનિવર આવતાં રે, દીઠો તેણે નગન્ન; આવી પાસે ઉભો રહ્યો, કહે વહોરી રે શું લાવ્યા અન્ન કે. ભા૦ ॥૮॥ ઇમ કહી ઝોળી મહીં રે, યોગીએ ઘાલ્યો હાથ; નખમાં વિષ રાખ્યું હતું, તે પ્રસર્યું રે મોદકની સાથ કે. ભા૦ ॥૯॥ પોશાળે મુનિવર આવીયા રે, આલોઈ સહુ ભાત; ઝોળી ગુરૂ આગળ ધરી, ગુરૂ આપે રે વહેંચીને તિલ માત્ર કે, ભા૦ ॥૧૦॥ તે લાડુ પોતે લીયો રે, કીધો તસ આહાર; કાયા લાગી ધ્રૂજવા, જીવ થાયે રે વ્યાકુળ તેણી વારકે. ભા૦ ॥૧૧॥ તેડી તતખીણ હીંડીયોરે, પૂછે હેમ સૂરીંદ; કેહના ઘરથી લાડવો, તેં વહોર્યો તે ભાખે મુણીંદકે. ભા૦ ॥૧૨॥ વહોર્યો શ્રાવકનાં ઘરે રે, પણ સુણો વિચાર; વાટે એક યોગી મળ્યો, તે ફરશીરે ગયો એ આહાર કે. ભા૦ ॥૧૩॥ [2]બેઠી વાત હવે

૧ હેમસૂરિ * ૨ વિણઠી વાત *

સહી રે, યોગીએ ઘાલી ઘાત; વિષ મિશ્રિત મોદક ભખ્યો, જીવવાની રે હવે કેહી વાત કે.[1] ભા૦ ॥૧૪॥ વિષ પ્રસર્યું મુનિવર ભણી રે, સાતે ધાતે જોર; ચેલાને તેડી કહે, કહ્યું કરજો રે મત કરજો શોર કે. ભા૦ ॥૧૫॥ દેવાંગત થાઉં જિસે રે, ચેહ કરજો ઇણ ઠામ; દૂધ પાત્ર ભરી મૂકજો, તે માંહિ રે પડશે મણિ તામ કે. ભા૦ ॥૧૬॥ તે મણિ સંગ્રહજો તમે રે, શિખામણ ગુરૂ દીધ; એકસો બાવીસમી ઢાળ એ, જિનહર્ષે રે સંપૂરણ કીધ કે. ભા૦ ॥૧૭॥

॥ દુહા ॥

હેમ હવે અણુસણ કરે, ધરે હૃદય અરિહંત;
[2]આતમ સાખ આરાધના, રૂષિ પતિ તેમ કરંત. ॥૧॥
ચઉગતિમાં ભમતાં થકાં, જે મેં કીધાં પાપ;
ત્રિવિધ ત્રિવિધ કરી વોસરૂં, ન કરૂં એહશું વ્યાપ. ॥૨॥
લાખ ચોરાશી જીવશું, માહરે સમતા ભાવ;
ઈહ ભવ પરભવ દૂહવ્યાં ખામું ઈણ પ્રસ્તાવ. ॥૩॥
ચતુર ચાર શરણાં કર્યાં, આલોયા અતિચાર;
દશમે દ્વારે હેમનો, પ્રાણ ગયો તેણિવાર. ॥૪॥
ભુવનપતિ સુર ઉપન્યા, જિહાં બહુ સુખ સમૃદ્ધ;
દેવ તણા સુખ ભોગવે, પુન્યે પામ્યા રિદ્ધ. ॥૫॥
જનમ થયો શ્રી હેમનો, ઈગ્યારે પિસ્તાળ;
કાર્તિક શુદિ પુનમ દિને, ઘર ઘર મંગળ માળ. ॥૬॥
[3]ઈગ્યાર ને ચોપને, જેણે દીક્ષા લીધ;
સાલ ઈગ્યાર ને બાસઠે, આચારજ પદ દીધ. ॥૭॥

---

૧ મુનિવરતણીરે *૨રાગદ્વેષ પરહરી, રાખી નિરમલચિત્ત * ૩ ઈગ્યારશે ચોપને*

સંવત બાર ઓગણત્રીસે, પહોંચ્યા મુનિ પરલોક;
વરસ ચોરાશી આઉખું, કીરતિ જાસ ત્રિલોક. ॥૮॥

## ॥ ઢાળ એકસો તેવીસમી ॥

મેરી બહેની! કહે કાંઈ અચરિજવાત બાલપણે આપણ સસનેહી—એ દેશી.

સુરલોક પહોંચ્યા મુનિ જ્યારે, નૃપ કુમારપાળ તે વાર; સુંદર ચૂઆ ચંદન અગરશું, કરે કાયા સંસ્કાર. ॥૧॥ મોરા સદ્‌ગુરૂ તું મુજ ગુરૂ સિરદાર, ધર્મ તણાં દાતાર મો૦; તુજ વિણ સુનો સંસાર. મો, તું જગ જીવ આધાર મો૦ ॥૨॥ ધરમ મારગ તે દીયો મુજને, તે કર્યો મુજ ઉપકાર; પશુ થકી તમે માણસ કીધો, ન લહું તુજ ગુણ પાર. મો૦ ॥૩॥ સુખદુઃખ [1]હું તુજને કહેતો, જેમ મા આગળ બાળ; ગુપ્ત વાત હું ન રાખતો કાંઈ, પ્રીતિતણો પ્રતિપાળ. મો૦ ॥૪॥ તું જ્ઞાનનો દરીયો હું તો, સહુ જ્ઞાન તુજ આધાર;હવે રહેશે જ્ઞાન કિહાં જાઈ, તુજ પાખે નિરધાર. મો૦ ॥૫॥ સંશય સહુનાં ટાળતાં તમે, દેશના અમૃત ધાર; કળિયુગનાં કેવળી હુતાં, મોટા તમે અણગાર. મો૦ ॥૬॥ તુજ વિના સૂનો [2]દેશડો, તુજ વિના સૂનું રાજ; તુજ વિના સૂનો હું થયો, કાંઇ ન સૂઝે કાજ. મો૦ ॥૭॥ [ શું કરૂં હવે જાઉં કિંહા, કીણને કરૂં દુઃખ વાત!; દુઃખ જાણતો તું માહરો, તે તો થઇ એ વાત. મો૦ ॥૮॥*] રાત દિવસ મુજ [3]સુખ સાલશે, અવલોકી અહિઠાણ; ઈહાં બેસતાં

૧ કહેતો તુજ ભણી * ૨ દંગડો ૩ દુઃખ

ગુરૂ માહરા, ઇહાં ગુરૂ કરતાં વખાણ. મો૦ ॥૮॥ વિરહ વેદના દેઇ ગયા મુજ, લઇ ગયા સઘળાં સુખ; જેમ પિંજરમાં પોપટ પડીયો, દિલમાં માને બહુ દુઃખ. મો૦ ॥૯॥ [1]હવે હૈડામાંથી અજ્ઞાન, કુણ કાઢશે એ સલ્લ; મનની હોંશ રહી મનમાંહી, જિમ [2]ગુંગાની ગલ્લ. મો૦ ॥૧૦॥ વસ્ત્ર પોતાનાં ફાડી નાખ્યાં, મોહે કર્યો અજ્ઞાન; લોટે આલોટે રેતીમાં, વિકલ થયો રાજન. મો૦ ॥૧૧॥ [3]ક્ષણમાં રોતાં પડે ભૂપ ભૂંઇ, હેમ હેમ મુખે ઝપંત; પાઉસ રૂતે જેમ બપીયડો, પિયુ પિયુ પિયુ રટંત. મો૦ ॥૧૨॥ સમશાનની ભસ્મ લઇને, અંગે લગાવે રાય; આંસુડાએ ભીંજવે ધરતી, મોહે નૃપ મુંઝાય. મો૦ ॥૧૩॥ મોહરાયનાં બંધન બાંધ્યા, ત્રૂટે નહીં તે પાસ; ગુરૂ વિરહે દુઃખમાં પડીયો, પાર ન પામે તાસ. મો૦ ॥૧૪॥ મોહે મુંઝાણા જે માણસ, જોવે ન વાટ કુવાટ; મુખ થકી જેમ તેમ ઉચરે, સબળો મોહ ઉચાટ. મો. ॥૧૫॥ એમ મોહનીને વશ પડીયો, દુઃખ ધરે બહુ ભૂપાળ; કહે જિનહર્ષ એ પૂરી થઇ, એકસો ત્રેવીસમી ઢાળ. મો૦ ॥૧૬॥ સર્વ-ગાથા ૨૭૨૯

॥ દુહા ॥

મંત્રીશ્વર પ્રધાન સહુ, સમજાવે ભૂપાળ;
રાજન મોહ નિવારીએ, જગત ગતિ સંભાળ. ॥૧॥
નિશ્ચલ કોઈ રહ્યું નહીં, જિન ચક્રી હલધાર;
જાયો તે જાવા ભણી, અથિર સહુ સંસાર. ॥૨॥

૧ અજ્ઞાન હિયડાંથી હવે * ૨ મુંગાની * ૩ રોવે રડે ખીણ ભૂંઇ પડે *

જે ઉગે તે આથમે ફૂલે તે કરમાય;
જે ચણીયે તે ઢળી પડે, જન્મ્યો તે મરી જાય. ॥૩॥

જે શિર છત્ર ધરાવતાં, ગણતાં જગ તૃણ માત્ર;
તે પણ પહોંચ્યા યમ ઘરે, અવર તણી શી વાત? ॥૪॥

રામચંદ્ર રાવણ કિહાં, કિંહા રાજા હરિચંદ;
પાંડવ કૌરવ સહુ ગયા, ઇન્દ્ર ચંદ્ર ગોવિંદ ॥૫॥

ઈમ દૃષ્ટાંત દેઈ ઘણાં, ટાળે નૃપનો શોગ;
ગુરૂ ગુણ ભૂપ હૈયે વસ્યા, જિમ યોગીશ્વર યોગ. ॥૬॥

## ॥ ઢાળ એકસો ચોવીશમી ॥

(વાલો વસે વિમળાચલે રે—એ દેશી.)

ગુણ સમરે નિજ ગુરૂતણાં રે, જિમ ચાતક જળધાર; ગજ સમરે વિંધ્યાટવીરે, જિમ કોયલ સહકાર. ॥૧॥ કિણહીશું નેહડોરે, કરશો નહિં રે કોય; ઇષ્ટ વિયોગ થયે થકે રે, માણસ ઘેલો હોય. કિ૦ ॥૨॥ નયન ગુમાવે રોઈ રોઈ રે, તજી દિયે ખાન પાન; રાત દિવસ જાયે દોહીલા રે, કાયા કરે કુરબાન. કિ૦ ॥૩॥ કુમર નરેશ્વર ઝૂરતો રે, વિસરે નહિં ગુરૂ હેમ; સમજાવ્યો સમજે નહીં રે, ચોલ મજીઠનો પ્રેમ કિ૦ ॥૪॥ નિર્ધન સમરે ધન ભણી રે, બાળક સમરે માય; ચકવી ચાહે સૂરને રે, વછ સમરે જેમ ગાય. કિ૦ ॥૫॥ ઘર સમરે પરદેશીયારે, માનસરોવર હંસ; એમ નેહ લાગ્યો હેમશું રે, નૃપને જેમ નખ માંસ. કિ૦ ॥૬॥ ખાવા પીવાં સહુ તજ્યાં રે, તજયાં સહુ સુખ દેહ; ઝૂરિ ઝૂરિ પંજર થયો રે, એહવો પાપી નેહ. કિ૦ ॥૭॥ અરણિક માય ઘેલી થઇ રે, મરૂ-

દેવી થયા અંધ; વીર વિના ગોયમ જૂર્યા રે, મોહ સબળ પ્રતિબંધ. કિ૦ ॥૮॥ ચિંતા ન કરે રાજનીરે, બેસે નહીં દરબાર; હેમ હેમ મુખ ઉચ્ચરે રે, હેમ તજ્યો કહો કેમ? કિ૦ ॥૯॥ હેમ વચન હૈડે ધરે રે, હેમ વચનશું પ્રીત; રાગ તજ્યાં સંસારનાં રે, ધરમ ધર્યો નિજ ચિત્ત. કિ૦ ॥૧૦॥ ભણે ગણે કિરિયા કરે રે, સેવે નહીં પરમાદ; આતમ ઉપશમ રસ ભર્યો રે, સકળ તજ્યો વિખવાદ. કિ૦ ॥૧૧॥ વૈરાગે મન વાળીયું રે, મોહની બળ ગઈ છાક; સુખ જાણ્યાં સંસારનાં રે, જેહવાં ફળ કિંપાક. કિ૦ ॥૧૨॥ કાઠિ જેમ ગુજરાતમાં રે, પાપી પાડે વાટ; તેમ એ તેરહ કાઠીયારે, રોકે શિવપુર વાટ. કિ૦ ॥૧૩॥ ધર્મ સંચ્યો બહુ દિવસનો રે, જે ધન લેતાં લૂંટિ; કાયા પાટણ માંહેથી રે, કાઢયા કાઠી કૂટિ. કિ૦ ॥૧૪॥ નિજ લય લાગી ધર્મશું રે, ધર્મે રંગાણી દેહ; સાચો સ્નેહજ ધર્મથી રે, જે અવર અથીર તજી નેહ. કિ૦ ॥૧૫॥ સાતે ક્ષેત્ર ધન વાવરે રે, ધન નહી આવે સાથ; સાથે તેહી જ આવશે રે, દીધું જમણે હાથ. કિ૦ ॥૧૬॥ નેહ લગાવો ધર્મશું રે, જેહ ઉતારે પાર; નેહ લગાવી કારમો રે, પ્રાણી થાય ખૂઆર. કિ૦ ॥૧૭॥ કાયા માયા કારમી રે, જાણી કુમાર ભૂપાળ; તજ્યો જિનહર્ષ સ્નેહલો રે, એકસો ચોવીસમી ઢાળ. કિ૦ ॥૧૮॥

॥ દુહા ॥

કુમર નરેશ્વર આપણો, જાણી આસન્ન કાળ;
બાંધી ચતુર વિચારીને, પાણી પહેલી પાળ. ॥૧॥

ચતુર નર ચૂકે નહીં, સાધે આતમ કાજ;
ભવ સાયર તરવા ભણી, બેસી ધર્મ જહાજ. ॥૨॥
કાલે કોણે દીઠો દિવસ, ખબર ન લહીએ આજ;
કરવું તે કરી લીજીયે, તુરત ધરમનું કાજ. ॥૩॥
કરશું કરશું જે કહે, જરા પહુતી આય;
મંદિર લાગ્યો [1]દ્વારથી, કિમહી ન કાઢ્યો જાય. ॥૪॥
કુણ જાણે કિમ હોયશે, અંતકાળ એ જીવ;
પહેલે ધર્મ કરંતલાં, આળસ મ કરે કલીલા. ॥૫॥
નિજ આતમ શીખવે, કુમર રાય તેણીવાર;
પ્રતાપમલ્લ તેડી કરી, કીધો તિલક વિચાર. ॥૬॥

## ॥ ઢાળ એકસો પચ્ચીસમી ॥

( નગરી અયોધ્યા અતિ ભલી-એ દેશી. )

સાજન હો સાજન ॥ અજયપાળ ચિંતે સુણી, રાજ આવે મુજ હાથ. મોરા સાજન; દાય ઉપાય કોઇ કરી, જો મારૂં નરનાથ. મો. ॥૧॥ ધિગ ધિગ પાપી રાજને, રાજ્યે મરાવ્યો રાજ. મો૦; લાજ ગમાવે લોભીયો, લોભી કરે અકાજ. મો. ધિ૦ ॥૨॥ રાય ભણી વિષ આપીયું, વ્યાકુળ થયું શરીર. મો૦; સીપ મંગાવી તતખીણે, વિષ જાય તેહને નીર. મો. ધિ૦ ॥૩॥ સીપ કોઇ આપે નહીં, અજયપાળની શીખ. મો.; જો કોઇ જઇ આપશે, તાસ મંગાવીશ ભીખ. મો. ધિ૦ ॥૪॥ સાર ન કીધી નૃપ તણી, કિણહી ન પૂછી વાત. મો૦; આથમતો વાંદે નહીં, ઉગમતાની

1 પારધી *

જાત. મો. ધિ૦ ॥૫॥ પ્રાણ તજ્યા પાટણ ધણી, શુભ પરિણામ તે વાર મો; વ્યંતર ગતિમાં ઉપન્યા, પામ્યા સુખ શ્રીકાર. મો. ધિ૦ ॥૬॥ કુમર સરિખો રાજવી, મુઓ ઝેર પ્રયોગ મો; બીજાનો શો આશરો, પામે વિપત્તિ વિયોગ. મો. ધિ૦ ॥૭॥ વિષ પ્રયોગે નૃપ [1]ગયો, વિષ પ્રયોગે હેમ. મો; કોઈ ન કહેશો એહવું, હૈયે વિચારો એમ. મો. ધિ૦ ॥૮॥ ક્ષાયિક સમકિત-નો ધણી, ગુરૂ જેહનાં શ્રી વીર. મો.; તે શ્રેણીક કઠ પંજરે, છંડયા પ્રાણ શરીર. મો. ધિ૦ ॥૯॥ ચેડા શ્રાવક વીરનો જિનશું પ્રેમ અપાર. મો.; કોણીક આગળ હારીયો, મૂઓ ગુફા દુવાર. મો. ધિ૦ ॥૧૦॥ કૃષ્ણ મૂઓ વનવાસમાં, પાયે લાગ્યો તીર. મો.; પણ પદ લહેશે જિન તણું, ઉત્તમ પુરૂષ સધીર. મો. ધિ૦ ॥૧૧॥ સગર તણાં સુત સામટા, સાઠ સહસ સિરદાર. મો.; તીરથ રક્ષા કારણે, બળિ મૂઆ તેણી વાર. મો. ધિ ॥૧૨॥ પહેલાં બાંધ્યું આઉખું, તે ભોગવવું અવશ્ય. મો; આ ભવ પુન્ય કીધું હુવે, જાયે નહીં ફળ તાસ. મો. ધિ૦ ॥૧૩॥ રાવણ જેમ નરકે ગયો, કરમ તણે પસાય. મો૦; પણ તે આગળ થાયશે; [2]જગ બંધવ જિનરાય. મો. ધિ૦ ॥૧૪॥ મરવું તો સહુ પ્રાણીને પામે સાર અસાર; મો.; પણ ઉત્તમ નર તેહને, ચિંતા નહિં લગાર; મો. ધિ. ॥૧૫॥ ઉંચો ચડયો ગ્રૈવેયકે, ક્રિયા બળે અભવ્ય. મો૦; તો શું થયો વ્યવ-હારીયો, વળી [3]પડી ભવિતવ્ય. મો. ધિ૦ ॥૧૬॥

૧ મૂઓ * ૨ જગવંદન * ૩ પડશે ભવિતવ્ય *

મધ્યમ ઉત્તમ ગતિ લહે, તો શું થયો સોભાગ. મો.; ઉંચો બેઠો મંદિરે, ગરૂડ ન થાયે કાગ. મો. ધિ૦ ॥૧૭॥ કુમર મરણ ¹વિષમ થયું, વ્યંતર ગતિ ઉતપન્ન. મો.; પણ એક જ ભવ અંતરે, લહેશે મુકિત સુપ્રન્ન. મો. ધિ૦ ॥૧૮॥ રાજ્ય ભોગવીયું એટલું, ત્રીશ વરસ દસ માસ મો.; ઉપર બાર દિવસ વળી, કીધા લીલ વિલાસ, મો. ધિ૦ ॥૧૯॥ સંવત બાર ને ત્રીશમાં, મરણ થયું ભૂપાળ. મો.; કહે જિનહર્ષ પૂરી થઈ, એકહો પચીશમી ઢાળ. મો. ધિ૦ ॥૨૦॥

॥ દુહા ॥

કુમર મરણ હુઓ જિસે, અજપાળ થયો રાય;
દ્વેષી કુમર નરિંદનો, કરે અનરથ અન્યાય. ॥૧॥
દેવળ પાડે જિનતણાં, ભાંગે બિંબ વિશાળ;
ધર્મઠામ સહુ પાડીયા, પાડયાં પૌષધશાળ. ॥૨॥
પાટણમાં પાડી કરી, જિન ગૃહ બિંબ અછેહ;
ચાલ્યો તારંગા ભણી, પાડેવા જિન ગેહ. ॥૩॥
પાટણનાં વ્યવહારીયા, સહુ મળી કરે વિચાર;
ગજ પાટે બેઠો ગદ્ધો, તેજી પાટે ટાર. ॥૪॥
હંસ કુળે થયો કાગડો, ઉગ્રસેન કુળ કંસ;
શ્રેણીકને કોણીક થયો, કર્યો પિતા વિધ્વંસ. ॥૫॥
અજયપાળ તેહવો થયો, કીધું કુળ સકલંક;
ખોયું નામ કુમારનું, કર્યાં અકૃત્ય નિશંક. ॥૬॥
કેહનું કાંઈ ચલે નહીં, ભાંજે ઘડી અનેક;
એક કહે મણુઓ ઈહાં, છે તે માંહિ ત્રિવેક. ॥૭॥

૧ વિષમાં *

# ॥ ઢાળ એકસો છવ્વીસમી ॥

( ગજરાનાં ગીતની એ દેશી )

તતખિણ તિહાં તેડાવીયો રે, આવી ઉભો તામ; સહુ ઉઠી ઉભા થયાં રે, સહુને મીઠા નિજ કામ. ॥૧॥ ભલાઇ હ્યું કરો અમ કામકોરે, અરે મણુઆ બુદ્ધિવંત, ભ. અરે બહુ વિદ્યાવંત; ભ. અરે સપુરિસ ગુણવંતા; ભ. અરે ઉપગારી સંતા ભ० ॥૨॥ વાત કહી સહુ તે ભણી રે, લંઠક બોલ્યો તામ; રાય ભણી સમજાવશું રે, લેશું મુહ માગ્યાં દામ. ભ० ॥૩॥ જે માંગીશ તે આપશું રે, રાજાને સમજાય; જિન મંદિર ઉગાર તું રે, તાહરા પૂજશું પાય. ભ० ॥૪॥ વચન સુણી તિહાંથી ચલ્યો રે, બેટો સાથે લીધ; વેષ કર્યો રાજા તણો રે, આડંબર બહુ કીધ. ભ० ॥૫॥ આગળ મહેલ ઘણા ચણ્યા રે, પાડયા લંઠ કુપુત્ર; મણુઓ તવ ખીજી કહે રે, ભલાં બોળ્યા તેં ઘરસુત્ર. ભ० ॥૬॥ પુત્ર જણ્યા સુખ કારણે રે, વયરી હુઆ તેહ; લંઠ લજાવે તાતને રે, કરે કલંકિત દેહ. ભ० ॥૭॥ તે જાયા જાયા ભલારે, રાખે બાપનું નામ; નામ ગુમાવે બાપનું રે, તે જાયા કહો કુણ કામ? ભ० ॥૮॥ તે જાયા શા કામનાં રે, પૂજે ન માયના પાય; સુખકારી નહી બાપને રે, તે અછતામાં ગણાય. ભ० ॥૯॥ એક જાયો કુળ ઉદ્ધરે રે, એક કુળખંપણ હોય; સાયર સુત વિષ ચંદ્રમા રે, તું એહ પટંતર જોય. ભ० ॥૧૦॥ જે રચના તાતે કરી રે, પાડે તેહ કુપુત્ર; તે

સરખો પાપી ન કો રે, તેહને મુખે વિષ્ટા મુત્ર. ભ૦ ॥૧૧॥ ઈશા વચન મણુઆ તણાં રે, પુત્ર સુણી કહે એમ; રાય તણી નિતે ચલું રે, મુજ પર ખીજો કેમ.? ભ૦ ॥૧૨॥ જિસ્યો રાજા પ્રજા તિસીરે, જુઓ તાત વિમાસ; કુમરે કામ ઉત્તમ કર્યા રે, નૃપ નામ ગમાવે તાસ. ભ૦ ॥૧૩॥ જિન મંદિર સુંદર કર્યાં રે, દીઠાં ભાંગે ભૂખ; અજયપાળે પાડીયાંરે, તમને ઘરનું શું દુઃખ.? ભ૦ ॥૧૪॥ સંગત લાગી રાયનીરે, મંદિર ટાળું બાપ બગડે સાધુ કુસંગથી રે, લાગે સંગતથી પાપ. ભ૦ ॥૧૫॥ [1]આંછાની સંગત થકી રે, [2]વાંસ ફડાવ્યો ગાત્ર; હંસ કાગની સંગતે રે, તતખિણ પામ્યો ઘાત. ભ૦ ॥૧૬॥ નીચ સંગતથી ગુણ ગળે રે, ઉચ્ચ સંગત ગુણ થાય; મુજ સંગત થઈ રાયની રે, તેણે કર્યો એહ અન્યાય. ભ૦ ॥૧૭॥ પાળીને મોટો કર્યો રે, પરણાવી બહુ નાર; કુમારપાળ ભત્રીજડો રે, તેહનાં તું કામ વિચાર. ભ૦ ॥૧૮॥ એ તેહનો જો નવિ થયો રે, તો મુજ વાંક ન ભાળ; નૃપ જિનહર્ષ સુણાવીયો રે, એકસો છવીશમી ઢાળ. ભ૦ ॥૧૯॥

॥ દુહા ॥

લંઠ કહે સુણ પુત્ર ! તું, એહવું બોલ ન ધીઠ;
કાને ઝાલ્યા હાથીયા, રહ્યા ન કિણહી દીઠ. ॥૧॥
કુણ વારે રાજા ભણી, રાય કરે તે ન્યાય;
સાયર જલધર નરપતિ, કિણહી કળ્યા ન જાય. ॥૨॥

---

૧ માંઠાની * ૨ વાયસ *

સીયાં તીયા પાલીયાં, ચોથો રાય વિચાર;
નીચી ગતિ એ ચારની, એહની વાત નિવાર. ॥૩॥
લોકપાળ એ પાંચમો, પ્રજા તણો રખવાળ;
કુણ સીખવશે એહને, એ મોટો ભૂપાળ. ॥૪॥
ત્રિભુવન કુળ એ ઉપન્યો, એ પરમેશ્વર ઠામ;
માઠું ન હુવે એહથી, સોનું ન હુવે શ્યામ. ॥૫॥
કરણ ભીમ આગે થયા, કીધાં ઉત્તમ કામ;
અજયપાળ પણ એહવો, કિમ ગમશ્યે નિજ નામ.? ॥૬॥

## ॥ ઢાળ એકસો સત્યાવીસમી ॥

(વિમલજિન માહરે તુમશું પ્રીત—એ દેશી.)

વચન ઇશ્યાં નૃપ સાંભળીજી, મનમાં આવી લાજ; હા હા હું કુળખંપણ થયોજી, કીધાં બહુત અકાજ. નૃપતિ મન માની સાચી વાત, કુળમાં અંગારો હું થયોજી; કીધી નૃપની ઘાત. નૃપ૦ ॥૧॥ ક્રોધ રાયનો ઉતર્યોજી,હૈયો ઠરીયો [1]હીમ; ધર્મ ઠામ હવે પાડવાજી, રાય કહે મુજ નીમ. નૃ૦ ॥૨॥ આચારજ રામચંદ્રનેજી, તેડાવ્યા તેણી વાર; આપો પદ બાલચંદ્રનેજી, વીનતી કરૂં વાર વાર નૃ૦ ॥૩॥ રામચંદ્ર કહે નૃપ સુણોજી, તુમે કહો તે ન્યાય; પણ નહી આજ્ઞા ગુરૂ તણીજી, કહો કેમ પદ [2]દેવરાય.? નૃ૦ ॥૪॥ રાય કહે મુજ આગન્યાજી, દ્યો પદવી મુનિરાય; કહ્યું ન માનશો માહરૂંજી, દુઃખ પામીશ

૧ હેમ * ૨ દેવાય *

નિજ કાય. નૃ૦ ॥૫॥ રામ કહે રાજા સુણોજી, ગુરૂનું વચન પ્રમાણ; મેં કરવું નવિ લોપવુંજી, જબ લગ ઘટમાં પ્રાણ. નૃ૦ ॥૬॥ દસમ દુવાલસ તપ કરીજી, માને નહીં ગુરૂ આણ; અનંત સંસારી તે હુવેજી, તપ કીધો અપ્રમાણ. નૃ૦ ॥૭॥ મ કર યતિ ડહાપણ ઘણુંજી, મુજ વચને દે પાટ; થોડાથી અનરથ ઘણોજી; ઉપાવે શ્યા માટ, ? નૃ૦ ॥૮॥ ગુરૂ લોપી મહા પાતકી-જી, સાંભળ ગુણવંત ભૂપ; દેખી પેખીને કહોજી, કેમ પડું ભવ કૂપ. ? નૃ૦ ॥૯॥ અજયપાળ કોપ્યો ઘણુંજી, ભાખે થઈ જમ અઇન; અય શીલા તાતી ઉપરેજી, દે પદ કે કર સયન નૃ૦ ॥૧૦॥ રૂષિવર કહે સુણ રાજવીજી, લોપું નહી ગુરૂ આણ; તાતી લોહ શીલા તણોજી, મુજને મરણ પ્રમાણ. નૃ૦ ॥૧૧॥ મરણ કર્યા આગે ઘણાંજી, અનંત અનંતી વાર; ગુરૂ કાજે કાયા તજુંજી, તો પામું ભવ પાર. નૃ૦ ॥૧૨॥ આગે પણ મુનિવર થયાજી, સહ્યા પરિસહ ઘોર; ખંધકસૂરિ શિષ્ય પાંચસેજી, ઘાણી ઘાલ્યાં જોર. નૃ૦ ॥૧૩॥ મુનિવર ગજસુકુમાળનુંજી, સોમિલે બાળ્યું શિશ; ધ્યાન થકી ચૂકયા નહીંજી, પય પ્રણમું નિશદિશ. નૃ૦ ॥૧૪॥ મેતારજ મુનિવર તણેજી, વાધર વીંટી લેઈ શિશ; સોનીએ ઉપસર્ગ કર્યોજી, નાણી મનમાં રીસ. નૃ૦ ॥૧૫॥ કાયા કીધી ચાલણીજી, [1]સહુ છંછોલ્યો શરીર; અઢી દિવસ કીડી તણીજી, વેદના સહિ થઇ ધીર. નૃ૦ ॥૧૬॥ ઘરણી પહેલા ભવ તણીજી, જંબુકી અતિ વિકરાળ; વયર વશે કાયા

૧ ફોલી ખાધું શરીર *

ભણીજી, અયવંતી સુકુમાળ. નૃ૦ ॥૧૭॥ વૈર ભવાંતરને વશેજી, ખંધક રૂષિની ખાલ; ઉતારી પણ કોપ્યો નહીંજી, તતખિણ થયો ન્યાલ. નૃ૦ ॥૧૮॥ બહુ મુનિવર આગે થયાજી, હું પણ તેહનો બાળ; કહે જિનહર્ષ બિહું નહીંજી, એકસો સત્તાવીસમી ઢાળ. નૃ૦ ॥૧૯॥

॥ દુહા ॥

મરણ તણો ભય મુજ ભણી, શું દેખાડે રાય?;
લોપું નહિં ગુરૂ આગન્યા, કર જેમ આવે દાય. ॥૧॥
એ પાપી મુજ મારશે, ચિત્ત વિમાસ્યું રામ;
તો પંડિત મરણે મરૂં, કરે આરાધન તામ. ॥૨॥
પાપ આલોવે આપણાં, યોનિ ચોરાશી લાખ;
પાપ લાગ્યાં ભમતા થકા, આલોયા નિજ સાખ. ॥૩॥
જે મેં જીવ વિરાધીયાં, કીધાં કાજ અકાજ;
ત્રિવિધ ત્રિવિધે પાય નમી, તેહ ખમાવું આજ. ॥૪॥
સહુ મિત્ર છે માહરા, શત્રુ ન કો સંસાર;
સમતા ભાવ હૈયે ધરી, શરણાં કીધાં ચાર ॥૫॥
શિલા ઉપર સૂતો રૂષિ, શ્વાસ તણી પરે દેહ;
બળ્યો ચળ્યો મુનિવર નહીં, પહોંચ્યો સુરગતિ તેહ. ॥૬॥

## ॥ ઢાળ એકસો અઠ્ઠાવીસમી ॥

(અમ્મા મોરી પરણાય હે—એ દેશી.)

અમ્મા મોરી ધન રામચંદ્ર હે, અમ્મા મોરી હેમ સુગુરૂનો વચન ન લોપીયો હે હાંજી; અ. અજયપાળ નરિંદ હે, અ. પદવી માટે તેહશું કોપીયો હે હાંજી; ॥૧॥ અગનિ પરજાળ્યાં પ્રાણ હે, અ. બીક

બીક ન આણી મનમાં રાયની હે હાંજી; અ૦ પાળી ગુરૂની આણહે, અ૦ જતન ન કીધું જેણે કાયનું હે હાંજી ॥૨॥ પાય નમીજે તાસ હે, અ૦ જીભડીયે તેહનાં ગુણ ગાઇયે હે હાંજી; અ૦ રાખ્યો જેણે જસવાદ હે, અ૦ તેહ તણાં નામે બળી જાઇયે હે હાંજી૦ ॥૩॥ સહ્યો પરિસહ જોર હે, અ૦ આણ ન ખંડી હેમસૂરીશની હે હાંજી; અ. કીધાં કરમ કઠોર હે, અ. શી ગતિ થાશે એ અવનીશની? હે હાંજી૦ ॥૪॥ ભંડાણો બાલચંદ્ર હે, અ. લોક કહે ધિગ એ રાયને હે હાંજી; પાપીએ હણ્યો મુનીન્દ્ર હે., અ. અધમતણું મુખ દેખે કુણ જાયને હે? હાંજી૦ ॥૫॥ ગૌ બ્રાહ્મણ સ્ત્રી બાળ હે, અ. પાતક મોટાં એ જગ જાણીયે હે હાંજી; એ અધિક કહેવાય હે, અ. રૂષિહત્યાનું પાપ જિનવાણીયે હે હાંજી૦ ॥૬॥ મુનિવર માંહે પ્રધાન હે, અ. આચારજ અરિહંત બરોબરી હે હાંજી; નિર્મળ શ્રુત જસ જ્ઞાન હે૦, અ. તેહની હત્યા એણે પાપીએ કરી હે હાંજી ॥૭॥ ભમશે ઘણો સંસાર હે, અ. રૂષિ ઘાતિએ દુઃખ લહેશ્યે ઘણો હે હાંજી; નરક નિગોદ મઝાર હે, અ૦ પીલાશે પ્રાણી પાપી તણો હે હાંજી૦ ॥૮॥ બાળચંદ્ર તણો અપવાદ હે, અ. થયો પુર માંહિ ફિટકિટ સહુ કરે હે હાંજી; કલંક ચડયું નિસંદેહ હે, અ. કલંક ચડયું તે કિમહી ન ઉતરે હે હાંજી૦ ॥૯॥ લોક માંહે ફજેત થયો હે અ૦ બાલચંદ્ર ઘણું ઘણું હે હાજી; નૃપશું ભાંગ્યું ચિત્ત હે, અ. એહની સંગતે થયો લજામણો હે હાંજી. ॥૧૦॥

ખોઇ કુળની લાજ હે., અ૦ કાળુ' ટીલુ' ભાલે ચડા-વીયુ' હે હાંજી; અ. કીધુ' અધમ કાજ હે., અ. રૂષિ ઘાત વિષ કુમર ભણી દીયો હે હાંજી૦ ॥૧૧॥ હું થયો ગુરૂ દ્રોહીયો રે હે, અ. એ પાપી નૃપનું કહ્યું મેં કર્યું હે હાંજી; થયો સહ વાતે ખુવાર હે, એ. હત્યારો મારો મનમાં ધર્યો હે હાંજી૦ ॥૧૨॥ અ. બહુ પરે કીધી સેવ હે, અ. બાલચંદ્ર ચિત્ત લગાયને હે હાંજી; અ. આવ્યો સર્વાનુભૂતિ દેવ હે, અ૦ ભાખે ઈણિ પરે હણુ જઇ રાયને હે હાંજી૦ ॥૧૩॥ કીધું વચન પ્રમાણ હે, અ૦ દેવ હણેવા નૃપ પાસે ગયો હે હાંજી; રયવાડી રાજન હે, અ. રમવા કાજ અસવાર થયો હે હાંજી૦ ॥૧૪॥ ઉભો તરૂવર છાંહ હે, અ. સુરવર પેઠો વાજીમાં જઇ હે હાંજી; ઉપાડી ભૂંઇ હેઠ હે, અ. નાખ્યો નૃપને વાત ઇસી થઈ હે હાંજી૦ ॥૧૫॥ અજયપાળનાં પ્રાણ હે, અ. નિકળતાં કેણે દીઠાં નહી હે હાંજી; અ. કહે જિનહર્ષ સુજાણ હે, અ. એકસો અઠાવીશ ઢાળ પૂરી થઇ હે હાંજી ॥૧૬॥ સર્વગાથા ૨૮૫૨

॥ દુહા ॥

જક્ષે નૃપને મારીયો, ખુશી થયા સહુ કોય;
નૃપ મરી દુર્ગતિ ગયો, પાપ તણાં ફળ જોય. ॥૧॥
અતિ લોભી નર જે હુવે, પાપ કરે નિરભીક;
લાજ [1]ગમે લક્ષણ ગમે, દુરગતિ તાસ નજીક. ॥૨॥

---

૧ ગમાવે *

જે નર થાયે લોભીયા, ન કરે તત્વ વિચાર;
થોડા સુખને કારણે, ઘણો લીયે સિર ભાર. ॥૩॥
લોભે જીત્યો જગ સહુ, લોભ ન જીત્યો જાય;
ભરત બાહુબળી બે લડયા, ન ગણ્યું સગપણ ભાય. ॥૪॥
લોભે કાકો મારીયો, [1]રૂષિપતિ હત્યા કીધ;
અજયપાળ દુઃખ પામીયો, દુર્ગતિનાં ફળ લીધ. ॥૫॥
બાલચંદ્ર દુઃખીયો થયો, જો કીધો ગુરૂ દ્રોહ;
પરભવ દુર્ગતિમાં પડયો, આ ભવ ન લહી સોહ. ॥૬॥
દુખીયો થયો બહુ પાપથી, બાલચંદ્ર અજયપાળ;
ઈમ જાણી પાતક તજો, સુખ પામો સુવિશાળ. ॥૭॥

## ॥ ઢાળ એકસો ઓગણત્રીશમી ॥

એહ ચરિત્ર નિજ હીયડે ધારી, લોભ તજો નરનારી હો; સોભાગી ભવિયણ ધર્મશ્યું ચિત્ત લાઈ લે. પાપ તજો રે દુર્ગતિ દાતારી, ધર્મ કરો સુવિચારી હો. સો૦ ॥૧॥ સદ્દગુરૂ વાણી મીઠી અમીય સમાણી, સાંભળ ઉલટ આણી હો સો૦; બુઝો રે તમે ઉત્તમ પ્રાણી, પામો મુકિત પટરાણી હો. સો૦ ॥૨॥ દાન શીયલ તપ ભાવના ભાવો, સમતા જીવ રહાવો હો સો૦; શ્રી જિનવરને ચરણે ચિત્ત લગાવો, મન વંછિત ફળ પાવો હો. સો૦ ॥૩॥ હિંસા મૃષા અદત્ત નિવારો, ચોથું બ્રહ્મવ્રત ધારો રે. સો૦; પરિગ્રહ રાત્રિભોજન વારો, ઈમ નિજ આતમ તારો હો. સો૦ ॥૪॥ ચાર કષાય તજો દુઃખ દાતા, રહો

---

૧ ઋષિહત્યા પણ કીધ *

સમતાશું રાતા હો સો૦; જ્ઞાનામૃત ભોજનશું રાતા, જિમ પામો સુખ શાતા હો. સો૦ ।।૫।। શ્રી જિન ભકિત કરો મન ભાવે, દુર્ગતિ નેડિ નાવે હો સો૦; પાંચ કોડીનાં પુલ પ્રભાવે, કુમારપાળ રાજ પાવે હો. સો૦ ।।૬।। દેશ અઢારમાં આણ મનાવી, સઘળે દયા પળાવી હો સો૦; એહવી રાજ લીલા જે પાવે, તે જિન ભકિત પ્રભાવે હો. સો૦ ।।૭।। જીવદયા પાલક થયો રાજા, હજી વાગે [1]તસ વાજા હો સો૦; આગળ સુખ લહશે વળી તાજા, જ્ઞાનાદિક જિહાં ઝાઝા હો. સો૦ ।।૮।। [ હેમાચાર્ય ગુરૂ ધર્મ પમાડયો, મિથ્યાકંદ ઉપાડયો હો. સો *] જીવદયાનું ફળ દેખાડયું, પાપ કુપંથ પછાડયો રે સુ૦ ।।૯।। સમકિતશું બારહ વ્રત પાળ્યાં, દુષણ તેહનાં ટાળ્યાં હો. સો૦ ।।૯।। ગુરૂ હેમાચારજ સરિખો, શ્રાવક કુમાર પણ ઇશોરે સો૦; જગમાં અવિચળ નામ [2]રહ્યું, જિનશાસન દિપાયો હો. સો૦ ।।૧૦।। ઉત્તમ નરનાં ચરિત્ર સુણીજે, ભાવે ચરિત્ર ભણીજે હો. સો૦; કર્મ પ્રબળ તુરત હણીજે પાતક ઘાસ લણીજે હો. સો૦ ।।૧૧।। રૂષભ કિયો મેં રાસ નિહાળી, વિસ્તરમાંથી ટાળી હો સો૦; રાસ રચ્યો નિજ મતિ સંભાળી, રસના પવિત્ર પખાળી હો. સો૦ ।।૧૨।। સંવત સત્તર બેંતાલીશે. આસો સુદિ સુજગીશે હો, સો૦; વિજય દસમી દિન [3]તાપસ નદીસે નયર પાટણ મન હીસે હો સો૦ ।।૧૩।। અધિક ઓછું કહેવાણું હોય, મુજને દોષ ન કોઈ હો સો૦; રાસ

૧ જસ * ૨ રહ્યો * ૩ ત્રાપનદાસ

કીધો પૂરવ રાસ જોઈ, સાંભળજો સહુ કોઇ હો. સો૦ ॥૧૪॥ ખરતરગચ્છ માંહિ બિરાજે, શ્રી જિનચંદ્રસૂરિ છાજે હો સો૦ વાચક શાંતિહર્ષ ગણિ ગાજે, એમ શાખા માંહિ રાજે હો. સો૦; ॥૧૫॥ તાસ ચરણ પંકજ રસ રાતો, ભ્રમર તણી પરે માતો હો સો૦; કહે જિનહર્ષ હરખભર [1]માતો, રાસ સહુને સોહાતો હો. સો૦; ॥૧૬॥ અઠાવીસસો ગાથાનો દાવો, ઉપર છોંતેર ઠાવો હો; સો૦ રાસ રૂડી પરે એહ મલાવો, એકસો ઓગણત્રીસ ઢાળ ગાવો હો. સો૦ ॥૧૭॥

સર્વગાથા ૨૮૭૬ ગ્રંથાગ્રસંખ્યા ૪૧૬૦

---

૧ ગાતો *

॥ ઇતિ શ્રી કુમારપાળ રાજાનો રાસ સમાપ્ત ॥

